ignou
THE PEOPLE'S
UNIVERSITY
Indira Gandhi National Open University
School of Humanities

# BGULA-135
# MODERN INDIAN LANGUAGE – GUJARATI
# આધુનિક ભારતીય ભાષા - ગુજરાતી



# એકમ : ૧ ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ

**પ્રકરણની રૂપરેખા**


૧.૦ હેતુઓ

૧.૧ પ્રસ્તાવના

૧.૨ ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ

૧.૨.૧ ભારત-યુરોપીય ભાષાકુળોનો પરિચય

૧.૨.૨ ભારતીય-આર્યની ત્રણ ભૂમિકા

૧.૨.૩ ગુજરાતીભાષાના ઉદ્‌ભવ વિશે અભ્યાસીઓના મત

* (તમારી પ્રગતિ ચકાસો - ૧, ૨, ૩, ૪)

૧.૨.૪ ગુજરાતીભાષાના ઉદ્‌ભવ સમયની ભાષાભૂમિકાનાં મુખ્ય ધ્વનિગત લક્ષણો

* (તમારી પ્રગતિ ચકાસો - ૫)

૧.૨.૫ ગુજરાતીભાષાના ઉદ્‌ભવ સમયની ભાષાભૂમિકાનાં મુખ્ય વ્યાકરણગત લક્ષણો

૧.૨.૬ ગુજરાતીભાષાના ઉદ્‌ભવ સમયની ભાષાભૂમિકાનું શબ્દભંડોળ

* (તમારી પ્રગતિ ચકાસો - ૬)

૧.૩ સારાંશ

૧.૪ ચાવીરૂપ શબ્દો

૧.૫ કેટલાંક ઉપયોગી પુસ્તકો

૧.૬ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

૧.૭ સ્વાધ્યાય


## ૧.૦ હેતુઓ

આપણે જે ભાષા રોજબરોજ પ્રયોજીએ, એ ગુજરાતી ભાષાના ઐતિહાસિક અભ્યાસ નિમિત્તે

- ભારત-યુરોપીય ભાષાકુળો વિશે માહિતગાર થશો.
- ભારતીય આર્યકુળમાંથી ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ કેવી રીતે થયો એ વિશે વિગતે જાણશો. ગુજરાતીભાષાના વિકાસ તબક્કાઓ વિશે વિવિધ અભ્યાસીઓના મતથી પરિચિત થશો.
- ગુજરાતી ભાષાને અન્ય ભાષાથી અલગ પાડતાં ધ્વનિગત લક્ષણો (એટલે કે ઉચ્ચારણ વિષયક) વિશે જાણકારી પ્રાપ્ત કરશો.
- ગુજરાતીના ઉદ્‌ભવ સમયે વ્યાકરણગત લક્ષણોથી પરિચિત થશો.
- ગુજરાતીના ઉદ્‌ભવ સમયે કેવા પ્રકારનું શબ્દભંડોળ હતું. એની માહિતી પ્રાપ્ત કરશો.

## ૧.૧ પ્રસ્તાવના

ભાષાઓ સતત પરિવર્તનશીલ છે. બોલાતી ભાષાનું સ્વરૂપ ક્રમેક્રમે સૂક્ષ્મ રીતે, અભાનપણે અવિરત બદલાતું રહે છે. ભાષાનાં વર્ણો, રૂપો, વાક્યો, શબ્દભંડોળ, અર્થસંકેતો – એ બધું રૂપાંતરિત થતું જ રહે છે. આમ, સમય સાથે ભાષામાં બદલાવ થાય છે, તેમ જ સ્થળ અને સમાજબંધારણને અનુસરીને પણ ભાષાસ્વરૂપમાં બદલાવ આવે છે. અમુક પ્રદેશમાં એકરૂપે

બોલાતી ભાષાની એકરૂપતા ઝાઝો સમય ભાગ્યે જ ટકી રહે છે. જો એ પ્રદેશના જુદાજુદા વિભાગો અને જૂથો વચ્ચેના સંબંધ તથા વ્યવહાર ઐતિહાસિક, આર્થિક કે સામાજિક કારણોને લીધે ઓછા થતાં, તે તે વિભાગના લોકોની બોલીમાં આગવી વિશિષ્ટતાઓ વિકસે છે, એટલે કે એકરૂપે બોલાતી ભાષામાંથી બોલીઓ ઉદ્ભવે છે. ઐતિહાસિક બળોને લીધે આ બોલીઓ સ્વતંત્ર વ્યક્તિત્વવાળી ભાષાઓ બની રહે છે. ગુજરાતી ભાષા આવી રીતે સ્વતંત્ર રીતે વિકસેલી એક ભારતીય ભાષા છે. ગુજરાતી ભાષાનો ઉદ્ભવ કેવી રીતે થયો એનો આછો આલેખ આપવાનો અહીં પ્રયાસ છે.

'ગુજરાતી ભાષા' એમ કહીએ છીએ ત્યારે – અન્ય ભારતીય ભાષાઓ – સંસ્કૃત, હિંદી, મરાઠી, બંગાળી, પંજાબી કરતાં જુદી જ આગવી ભાષા એમ સમજાય છે. તો ઉપરોક્ત ભારતીય ભાષાઓની સરખામણીએ ગુજરાતી ભાષા કઈ રીતે જુદી પડે છે ? કયા સમયગાળાથી એ જુદી પડવા લાગી ? એની પહેલાં કઈ કઈ ભાષાઓ અસ્તિત્વ ધરાવતી હતી એ વિશે કેટલીક પાયાની માહિતી આપવાનો આશય છે. તથા એનું નામકરણ કઈ રીતે થયું ? વિદ્વાનોના મતો શા છે ? કોણે સૌ પ્રથમ વાર 'ગુજરાતી' એવો પ્રયોગ કર્યો ? ને, એવાં તો કયાં પ્રાથમિક લક્ષણો છે કે જે તેને અપભ્રંશ ભાષાથી અલગ કરવામાં મહત્ત્વનાં બની રહે છે – એનો અભ્યાસ આ એકમમાં કરવાનો આશય છે.

આ એકમની માહિતી તમને સાંપ્રત ગુજરાતીના સ્વરૂપનો અભ્યાસ કરવામાં ઉપયોગી થશે.

## ૧.૨ ગુજરાતીનો ભાષાનો ઉદ્ભવ


માનવસમાજમાં ભાષાનું આગવું મહત્ત્વ છે. ભાષા વડે માનવસમાજમાં પ્રત્યાયન થાય છે – વ્યવહાર થાય છે. ભાષાનું અસ્તિત્વ – માનવસમાજના અસ્તિત્વ જેટલું પ્રાચીન છે. મનુષ્યે જાત અને જગતની જિજ્ઞાસાથી ભાષાનો વિનિયોગ કર્યો હશે. માનવસમાજમાં વિકાસ થયો એમાં ભાષાની ભૂમિકા ઘણી મહત્ત્વપૂર્ણ છે. આ ભાષાનો અભ્યાસ રસપ્રદ બની રહે છે.

ભાષા એ સામાજિક પ્રવૃત્તિ છે. વળી ભાષા એ માનવ-મગજની નીપજ છે, એ કુદરતી નથી, પણ માનવે એના મગજનો ઉપયોગ કરીને શીખેલી છે – મનુષ્યનું મગજ અન્ય પ્રાણીઓની સરખામણીમાં વધારે વિકસિત છે. તેથી મનુષ્ય જેવું ભાષાસામર્થ્ય બીજાં પ્રાણીઓમાં નથી. ભાષા આ રીતે માનવનિર્મિત – એવી સામાજિક પ્રવૃત્તિ છે. તો, કહી શકાય કે જેટલા સમાજ એટલી ભાષાઓ. એમ કેટલીક ભાષાઓ જગતમાં અસ્તિત્વ ધરાવે છે. જગતભરની ભાષાઓને એના

સરખાપણાને ધ્યાનમાં રાખીને કેટલીક રીતે વર્ગીકૃત કરી શકાય. ભાષાનો આ રીતે અભ્યાસ 'ભાષાકુળો'ના પારસ્પરિક સંબંધો દ્વારા થયો છે.


### ૧.૨.૧ ભારત-યુરોપીય ભાષાકુળોનો પરિચય

ગુજરાતી ભાષા ભારતીય–યુરોપીય ભાષા (ઇન્ડો-આર્યન યુરોપિઅન) પરિવારની ભારતીય – આર્ય શાખાની ભાષા છે. આદિમ ભારત – યુરોપીય પ્રજા ઈશુનાં ત્રણેક હજાર વર્ષ પૂર્વે દક્ષિણ રશિયાના પ્રદેશોમાં વસતી હતી એવો એક મત છે. આ પ્રજાએ સ્થળાંતર કરવા માંડ્યું. એનાં જુદાંજુદાં જૂથો જુદાજુદા સમયે મૂળ પ્રદેશમાંથી બહાર નીકળી જુદીજુદી દિશાઓમાં આગળ વધતાં ગયાં તે સાથે એની ભાષાઓમાં સ્વાભાવિક રીતે જ પરિવર્તનો આવતાં ગયાં અને ભારત-યુરોપીય પરિવારની અનેક શાખાઓ અસ્તિત્વમાં આવતી ગઈ, જે એ ભાષાકુળનાં ઉપકુળ તરીકે ઓળખાઈ. એ ઉપકુળો ૧૦ જેટલાં છે. (૧) હિટાઈટ, (૨) ભારત-ઈરાની (૩) તૉખારિઅન, (૪) ગ્રીક (ઍટિક, વ.) (૫) ઍલ્બેનિઅન (૬) ઈટૅલિક (૭) બાલ્ટો-સ્લાવૉનિક (૮) જર્મૅનિક (૯) કેલ્ટિક (૧૦) આર્મીનિઅન. જે જૂથ મૂળ નિવાસસ્થાનમાંથી બહાર નીકળી ભારત અને ઈરાનને માર્ગે આગળ વધ્યું તે ભારત-ઈરાની જૂથ અને એની ભાષા તે ભારત-ઈરાની ભાષા કહેવાય છે. એ જૂથ બે દિશામાં ફંટાતાં એક સમૂહ ઈરાનમાં અને બીજો ભારતમાં પહોંચ્યો ને તેમાંથી ઈરાની તથા ભારતીય-આર્ય શાખાઓ અસ્તિત્વમાં આવી. આ વિકાસને આ રીતે દર્શાવી શકાય.




ભારતીય-આર્યમાંથી આનુવંશિક રીતે ગુજરાતી ભાષાનો વિકાસ થયો હોવાથી આપણે ભારતીય-આર્યની ત્રણ ભૂમિકાઓનો સંક્ષેપમાં પરિચય મેળવીએ.

ભારતીય-આર્યની ત્રણ ભૂમિકાને આ રીતે દર્શાવી શકાય.




ignou THE PEOPLE'S UNIVERSITY

## ૧.૨.૨ ભારતીય આર્યની ત્રણ ભૂમિકા

આર્યોનું એક જૂથ ભારતમાં સ્થિર થયા પછી જે ભાષા વિકસી તે ભારતીય – આર્યભાષા તરીકે ઓળખાઈ એ ભારતીય–આર્ય ભાષાને, એના વિકાસને ત્રણ તબક્કામાં વિભાજિત કરી શકાય. (૧) પ્રાચીન ભૂમિકા (૨) મધ્યમ ભૂમિકા (૩) અર્વાચીન ભૂમિકા

(૧) પ્રાચીન ભૂમિકા : ઈ.સ. પૂર્વે ૧૫૦૦થી ઈ.સ. પૂર્વે ૫૦૦ સુધીના સમયની ભારતીય આર્ય ભાષાને પ્રાચીન ભૂમિકા કહેવાય છે. જેના સમય અનુસાર મુખ્ય બે વિભાગ પડે છે.

(૧) ઈ.સ. પૂર્વે ૧૫૦૦થી ઈ.સ. પૂર્વે ૮૦૦નો સમયગાળો જેમાં વૈદિક સંસ્કૃત સાહિત્યની રચના થઈ. તેથી, આ સમયગાળો 'વૈદિક' ભાષા નામે ઓળખાય છે.

(૨) ઈ.સ. પૂર્વે ૮૦૦થી ઈ.સ. પૂ. ૪૦૦નો સમયગાળો જેમાં પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યની રચના થઈ. તેથી, આ સમયગાળો 'પ્રશિષ્ટ' નામે ઓળખાય છે.

(૨) મધ્યમ ભૂમિકા : ઈ.સ. પૂર્વે ૫૦૦થી ઈ.સ. ૧૦૦૦ સુધીનો સમય ભારતીય-આર્ય ભાષાની મધ્યમ ભૂમિકા કહેવાય છે. આ સમયગાળામાં પ્રાચીન ભૂમિકાની બોલચાલની ભાષાઓનો વિકાસ થયો અને તે સાહિત્યિક ભાષાઓ બની. મહાવીર અને બુદ્ધે લોકોને સંસ્કૃતમાં નહિ પણ લોકબોલીમાં ઉપદેશ આપ્યો. આ લોકબોલી જ કાળક્રમે સાહિત્યની ભાષા બની જે અનુક્રમે પાલિ, પ્રાકૃત અને અપભ્રંશ નામે પ્રચલિત થઈ.

(૩) અર્વાચીન ભૂમિકા : ઈ.સ. ૧૦૦૦થી આજ સુધીનો સમય ભારતીય આર્યભાષાની અર્વાચીન ભૂમિકા કહેવાય છે. આ ભાષાભૂમિકામાં – ગુજરાતી, મરાઠી, બંગાળી, હિંદી, પંજાબી વગેરે ભારતીય ભાષાઓનો સમાવેશ થાય છે.

ઈ.સ. ૧૦૦૦ના અરસામાં જુદીજુદી પ્રાકૃત અને અપભ્રંશ ભાષા બોલાતી ઓછી થઈ અથવા બંધ થઈ અને સ્થાનિક બોલીઓ આગળ આવવા લાગી. એનાં રાજકીય કારણો જેવાં કે મુસ્લિમ શાસકોનું આગમન અને શાસન તેમજ સંસ્કૃત-પ્રાકૃતને રાજ્યાશ્રય મળતો હતો તે જતો રહ્યો અને સાહિત્યને લોકાશ્રય શોધવો પડ્યો એ હોય. સ્થાનિક બોલીઓનો ઉદ્‌ભવ એકસાથે થયો નથી, પણ એ પ્રક્રિયા લાંબા સમયગાળા સુધી – લગભગ ઈ.સ. ૮૦૦થી ઈ.સ. ૧૨૦૦ સુધી ચાલી છે. નર્મદાની ઉત્તરમાં સિંધ, પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્રને આવરી

લેતા – શૌરસેની પ્રાકૃતના ભાષાપ્રદેશમાં ઈ.સ. ૬૦૦ પછી અપભ્રંશે સ્થાન લીધું હતું તેમાંથી ઈ.સ. ૮૦૦-૧૦૦૦ના ગાળામાં રાજસ્થાની – ગુજરાતી જૂથ જુદું પડે છે.

આજની ગુજરાતી સાથે સંબંધ ધરાવતાં અપભ્રંશ પછીની ભૂમિકાનાં મહત્ત્વનાં લક્ષણો જેમાં સ્પષ્ટપણે વ્યક્ત થતાં હોય એવી સાહિત્યરચનાઓ બારમી-તેરમી સદીમાં મળે છે. આવી કૃતિઓ છે.

વ્રજસેનકૃત 'ભરતેશ્વર–બાહુબલિ-ઘોર' (ઈ.સ. ૧૧૬૯ આસપાસ)

શાલિભદ્રકૃત 'ભરતેશ્વર–બાહુબલિ-રાસ' (ઈ.સ. ૧૧૮૫ આસપાસ)

ધર્મકૃત 'જંબુસામિચરિય' (ઈ.સ. ૧૨૧૦),

વિજયસેનસૂરિકૃત 'રેવંતગિરિરાસુ' (ઈ.સ. ૧૨૩૦ આસપાસ) વગેરે.

અહીં જ એ સ્પષ્ટ કરી લઈએ કે સાહિત્યરચનાઓમાં આવેલાં ભાષાનાં લક્ષણો પહેલાં તો બોલચાલમાં ઘણાં વહેલાં આવી ગયાંના નિર્દેશો પણ આપણને મળે છે. જેમ કે, હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહૈમ શબ્દાનુશાસન' (બારમી સદી)ના અપભ્રંશ વ્યાકરણવિભાગમાં ઉદાહરણ રૂપે મુકાયેલા દુહાઓમાં અપભ્રંશ પછીની ભૂમિકાનાં ભાષાલક્ષણો ડોકાય છે, તે લક્ષણો ત્યારના વખતની બોલીમાંથી આવેલાં છે જેમ કે,

પુત્તે જાયે કવણુ ગુણુ અવગુણુ કવણુ મુએણ
જા બપ્પાકી ભુંહડી ચંપિજ્જઈ અવરેણ

(પૂત જન્મવાથી કોણ ગુણ (લાભ) ને કોણ અવગુણ (ગેરલાભ) મરવાથી ? જો બાપની ભૂમિને બીજાઓ પગ નીચે ચાંપે ?)

આ દુહામાં પુત્ત, બાપીકી જેવા એક જ વર્ગના સંયુક્ત વ્યંજનો મળે છે તે 'અપભ્રંશ' ભાષાભૂમિકાનું અગત્યનું લક્ષણ છે. બારમી સદીની ગુજરાતી ગણાતી સાહિત્યકૃતિઓમાં પૂત, બાપ એવા શબ્દો મળે છે. 'કવણુ' એ સર્વનામ – 'કુણ' એ સર્વનામ મળે છે. પણ કવણુ, ગુણુ, અવગુણુ જેવા શબ્દોમાં મળતો, છેલ્લો ઉચ્ચારાતો હ્રસ્વ્ 'ઉ' ગુજરાતીના ઉદ્ભવની ભાષાભૂમિકામાં ઉચ્ચારાતો કે લખાતો જણાતો નથી.

[તે ગુજરાતીના ઉદ્ભવ સમયની ભૂમિકા છે.]

### ૧.૨.૩ ગુજરાતી ભાષાના ઉદ્ભવ વિશે અભ્યાસીઓના મત

ગુજરાતી આ ભાષાભૂમિકાને ગુજરાતીના ઉદ્ભવ સમયની ભૂમિકા ગણવા છતાં – એના નામકરણ અંગે વિદ્વાનોના જુદાજુદા મત છે. આ ભાષા 'પ્રાચીન', 'ગૌર્જર', 'જૂની–ગુજરાતી' એવા નામે ઓળખાતી રહી – ત્યારે એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે, આ અપભ્રંશ પછીની ભૂમિકા – આજના ગુજરાત – રાજસ્થાન – મધ્યપ્રદેશની ભાષા. જેને તેસ્સિત્તોરી નામના આ ભાષાના અભ્યાસી 'જૂની પશ્ચિમી રાજસ્થાની' તરીકે ઓળખાવે છે. તો નરસિંહરાવ દિવેટિયા તેને 'અંતિમ અપભ્રંશ' કે 'ગુર્જર અપભ્રંશ' તરીકે ઓળખાવે છે. તેને ઉમાશંકર જોશી 'મારુ ગુર્જર' તરીકે ઓળખાવે છે.

તો, ઉપર નોંધી છે એ ચાર સાહિત્યકૃતિઓની ભાષાની વિશેષતાઓને ધ્યાનમાં રાખીને કેશવ હર્ષદ ધ્રુવ – આ ભાષાભૂમિકાને 'પ્રાચીન ગુજરાતી' તરીકે અને કે. કા. શાસ્ત્રી 'ગુર્જર કે જૂની ગુજરાતી' તરીકે ઓળખાવે છે.

તો, આ સાહિત્યકૃતિઓની ભાષામાં થયેલાં પરિવર્તનોને જોતાં હરિવલ્લભ ભાયાણી, પ્રબોધ પંડિત અને ડૉ. ટી. એન. દવે – આ જ કારણે ગુજરાતીના ઉદ્ભવનો સમય બારમી સદી પહેલાંનો મૂકી આપે છે અને તેને ગુજરાતીની પ્રથમ અથવા પ્રાચીન ભૂમિકા તરીકે ઓળખાવે છે. એ નોંધવું રહ્યું કે આ ભાષાભૂમિકાને તત્કાલીન સાહિત્યકારે 'ગુજરાતી' એમ કહીને ઓળખાવી નથી. પણ ત્યાર પછી છેક ઈ.સ. ૧૫૨૫માં ભાલણે 'નલાખ્યાન' નામના આખ્યાનમાં 'ગૂર્જર ભાષાએ નલરાજાના ગુણ મનોહર ગાઉં' એમ કહે છે; ત્યાં 'ગુર્જર ભાષા' શબ્દ પ્રયોજાયો છે, ત્યાર પછી પ્રેમાનંદ 'રુદે ઊપન્યો માટે અભિલાષ, બાંધું નાગદમણ ગુજરાતી ભાખા'માં 'ગુજરાતી ભાષા' એમ નામ આપે છે. તો પણ એ વાત હવે તો સ્પષ્ટ છે કે, ગુજરાતી ભાષાનો ઉદ્ભવ અગિયારમી સદીમાં થઈ ગયો હતો. નામ ભલે પછી અપાયું હોય.

*** તમારી પ્રગતિ ચકાસો-૧**

**ખાલી જગ્યા પૂરો.**

૧. ગુજરાતી ભાષા .................... ભાષા પરિવારની ....... શાખાની ભાષા છે.

૨. ભારત-યુરોપીય ભાષાકુળનાં ......... જેટલાં ઉપકુળો છે.

૩. ભારતીય-આર્યકુળ ................ ભાષાકુળ સાથે સંબંધ કરાવે છે.

૪. ભારતીય-આર્યની .................. ભૂમિકા અનુક્રમે ............, .......... અને .......... નામે ઓળખાય છે.

૫. ભારતીય-આર્યની પ્રાચીન ભૂમિકાનો સમય ..........થી ............ સુધીનો છે.

૬. ભારતીય આર્યની પ્રાચીન ભૂમિકામાં .......... અને ....... સાહિત્ય રચાયું.

૭. ભારતીય આર્યની મધ્યમ ભૂમિકાનો સમય .......... થી ......... સુધીનો છે.

૮. ભારતીય-આર્યની મધ્યમ ભૂમિકામાં ......... અને .......... એ લોકબોલીમાં ઉપદેશ આપ્યો.

૯. ભારતીય-આર્યની મધ્યમ ભૂમિકામાં ..........., .............. અને............. ભાષા સાહિત્યની ભાષા બની.

૧૦. ભારતીય-આર્યની ત્રીજી ભૂમિકા ........ નામે ઓળખાય છે.

*** તમારી પ્રગતિ ચકાસો-૨**

**નીચે આપેલી કૃતિઓને એના સમય અનુસાર કાળાનુક્રમે ક્રમમાં ગોઠવો.**

જંબુસામિચરિય, ભરતેશ્વર–બાહુબલિ-ઘોર,

રેવંતગિરિરાસુ, ભરતેશ્વર–બાહુબલિ-રાસ

*** તમારી પ્રગતિ ચકાસો-૩**

**જોડકાં જોડો**

| | અ | બ |
|---|---|---|
| ૧. | વજ્રસેન | – (અ) ભરતેશ્વર–બાહુબલિ-રાસ |
| ૨. | શાલિભદ્રસૂરિ | – (બ) જંબુસામિચરિય |
| ૩. | ધર્મ | – (ક) રેવંતગિરિરાસુ |
| ૪. | વિજયસેનસૂરિ | – (ડ) ભરતેશ્વર–બાહુબલિ-ઘોર |

*** તમારી પ્રગતિ ચકાસો-૪**

નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો, જો વિધાન ખોટાં હોય તો – તેનું કારણ જણાવો.

૧. 'સિદ્ધહૈમ–શબ્દાનુશાસન' – હેમચંદ્રાચાર્યએ આપેલા દુહાઓમાં અપભ્રંશ પછીની ભૂમિકાનાં ભાષાલક્ષણો છે.

૨. ગુજરાતી ભાષાના ઉદ્ભવની – ભાષાભૂમિકાનાં નામ અંગે વિદ્વાનોનો એકમત છે.

૩. નરસિંહરાવ દિવેટિયાએ ગુજરાતી ઉદ્ભવની ભાષાભૂમિકાને 'મારુ-ગુર્જર' તરીકે ઓળખાવી છે.

૪. કે. કા. શાસ્ત્રીએ ગુજરાતી ઉદ્ભવની ભાષાભૂમિકાને 'ગૂર્જર કે જૂની ગુજરાતી' તરીકે ઓળખાવી છે.

૫. ડૉ. ટી. એન. દવેએ સાહિત્યકૃતિઓની ભાષામાં કરેલાં પરિવર્તનોને ધ્યાનમાં રાખીને તેને ગુજરાતીની પ્રથમ કે પ્રાચીન ભૂમિકા તરીકે ઓળખાવી છે.

૬. 'ગુજરાતી ભાષા' એવો પ્રયોગ સૌપ્રથમ ભાલણે કર્યો છે.

### ૧.૨.૪ ગુજરાતી ઉદ્ભવ સમયની ભાષાભૂમિકાનાં મુખ્ય ધ્વનિગતલક્ષણો

એક ભાષા – બીજી ભાષા કરતાં જુદી પડે છે એના ઉચ્ચારણની રીતે એ મહત્ત્વનું ભેદક લક્ષણ હોય છે. અપભ્રંશથી ભાષાભૂમિકામાં આવેલાં પરિવર્તનમાંથી સૌથી પહેલું પરિવર્તન ધ્વનિને લગતું ધ્યાન ખેંચે છે. ગુજરાતી ઉદ્ભવ સમયે મુખ્ય ધ્વનિલક્ષણો આ મુજબનાં છે.

૧. અપભ્રંશના સંયુક્ત વ્યંજન એકવડા બને છે, પાછળ રહેલો વ્યંજન રહે છે અને એ પહેલાંનો સ્વર દીર્ઘ બને છે. દા. ત. સંસ્કૃત 'કર્મ'નું પ્રાકૃત અપભ્રંશમાં 'કમ્મ'નું ગુજરાતીમાં 'કામ' બને છે અને સંસ્કૃત હસ્ત – પ્રાકૃત – અપભ્રંશમાં 'હત્થ'નું ગુજરાતીમાં 'હાથ' વગેરે.

૨. સંયુક્ત વ્યંજનોમાં પૂર્વવ્યંજન જ્યારે અનુનાસિક હોય ત્યારે એ લુપ્ત થાય છે અને દીર્ઘ થયેલો પૂર્વસ્વર સાનુનાસિક બને છે. દા. ત. સંસ્કૃત પઞ્ચ, પ્રાકૃત-અપભ્રંશ – 'પંચ' ગુજરાતીમાં 'પાંચ'.

આમ, આનુનાસિક સ્વરોની શ્રેણીનો ધ્વનિતંત્રમાં ઉમેરો થાય છે.

૩. અંત્ય 'ઉ'કારનો 'અ' થાય છે. દા. ત. સંસ્કૃત – કુમ્ભકાર, અપભ્રંશ – 'કુમ્ભઆરુ'માંથી ગુજરાતીમાં – 'કુંભાર', સંસ્કૃત – 'સૂત્રધાર' અપભ્રંશ – 'સુતઆરુ'માંથી ગુજરાતીમાં – સુતાર વગેરે.

૪. અમુક શબ્દોમાંથી 'હ' અને 'વ' ઉચ્ચારવાનું બંધ થાય છે. જેમ કે અપભ્રંશ – બારહ, ગુજરાતી – બાર; અપભ્રંશ – તેરહ – ગુજરાતી – તેર, તો કેટલાક શબ્દોમાં 'વ' ઉચ્ચારવાનું બંધ થાય છે. અપભ્રંશ 'દેવ' ગુજરાતીમાં 'દે' (જેમ કે, 'રામદેવ'નું 'રામદે', 'વીરમદેવ'નું 'વીરમદે' વગેરે.

૫. કેટલા શબ્દોમાં આરંભે આવતો 'અ' – ઉચ્ચારાતો બંધ થઈ જાય છે. સંસ્કૃત : 'આક્ષેતિ' – પ્રાકૃત-અપભ્રંશમાં – 'અચ્છઇ' ગુજરાતીમાં 'છઇ'ને પછી 'છે' જેવા શબ્દો મળે છે. સંસ્કૃતમાં – અન્યદપિ, પ્રાકૃત-અપભ્રંશમાં – અન્નઈ ગુજરાતીમાં 'નઇ' ને પછી 'ને'

*** તમારી પ્રગતિ ચકાસો-૫**

**૧. ખાલી જગ્યા પૂરો**

(૧) 'હાથ' શબ્દ સંસ્કૃતના ........ શબ્દ ઉપરથી આવ્યો છે.

(૨) 'કામ' શબ્દ સંસ્કૃતના .......... શબ્દ ઉપરથી આવ્યો છે.

(૩) 'પાંચ' શબ્દ સંસ્કૃતના ......... શબ્દ ઉપરથી આવ્યો છે.

(૪) 'કુંભાર' શબ્દ સંસ્કૃતના ...... શબ્દ ઉપરથી આવ્યો છે.

(૫) 'સુતાર' શબ્દ સંસ્કૃતના ......... શબ્દ ઉપરથી આવ્યો છે.

૨. આ ગુજરાતી શબ્દો – અપભ્રંશમાં કઈ રીતે ઉચ્ચારાતા હતા તે લખો.

હાથ, કુંભાર, સુતાર, તેર, ને

### ૧.૨.૫ ગુજરાતી ઉદ્‌ભવ સમયની ભાષાભૂમિકાનાં મુખ્ય વ્યાકરણગતલક્ષણો

જેમ ગુજરાતી ઉદ્‌ભવ સમયે ધ્વનિના ઉચ્ચારણમાં પરિવર્તન આવ્યું એ જ રીતે, એ સમયનું વ્યાકરણ પણ બદલાયું. ગુજરાતી ઉદ્‌ભવ સમયે અપભ્રંશની સરખામણીએ વ્યાકરણમાં આવેલાં પરિવર્તન આ મુજબ છે.

૧. અપભ્રંશની તુલનાએ <u>વિભક્તિ</u>ના પ્રત્યયો ઓછા થાય છે અને <u>અનુગો</u> વપરાવા માંડે છે. <u>તણું</u> તણા, તણી, પાસિ, સરિસઉં, માંહિ, સિઉ જેવા અનુગો મળે છે.

દા. ત. કરિ કુસૂમ <u>તણું</u> ધણુહ અર્થાત્ (કુસુમનું ધનુષ્ય કરીને);

વસંત-<u>તણા</u> ગુણ અર્થાત્ (વસંતના ગુણ ગાઈએ) – જેવાંમાં તણું, તણા વગેરે અનુગો છે.

૨. પહેલો પુરુષ બહુવચનના રૂપમાં 'આપણ' વપરાવા માંડ્યું. એકવચનમાં 'હું' અને બહુવચનમાં 'અમે' બધી ભાષાઓમાં વપરાય છે, પણ સાંભળનારને (એટલે કે બીજો પુરુષ એકવચન અને બહુવચન એવા શ્રોતાને પણ) પોતાની સાથે લેવાય એવો પ્રયોગ ગુજરાતી ભાષાની વિશેષતા છે જે આ ભૂમિકામાં શરૂ થયેલી જોવા મળે છે. દા. ત. આપણ ગંગા-તીરે રમંતા (અર્થાત્ – આપણે ગંગાતીરે રમતાં)

૩. કવણ અને કુણ એવાં પ્રશ્નાર્થક સર્વનામ આ ભૂમિકામાં વપરાવાનાં શરૂ થાય છે. દા. ત. ભરતેસર કુણ હોઈ ? (અર્થાત્ – ભરતેશ્વર કોણ થાય છે ?) કહિ, વિલંબ કુણ કારણિ કીજઈ ? (અર્થાત્ કહે, વિલંબ કોણ (શા) કારણે કરે છે.?)

૪. સહાયકારી ધાતુઓ છઈ (છે) અને હોઈ (હોય) આ ભૂમિકામાં વપરાશમાં આવે છે. દા.ત. ભરહેસર કુણ હોઈ ? (ભરતેશ્વર કોણ થાય છે ?) 'હોઈ' ક્રિયાપદમાં 'હો' સહાયકારી ધાતુ છે.

– દાંત પડ્યા છઈ (દાંત પડ્યા છે)માં પણ 'છઈ'નું 'છે' થાય છે.

### ૧.૨.૬ ગુજરાતી ભાષાના ઉદ્ભવ સમયની ભાષાભૂમિકાનું શબ્દભંડોળ

આ ભાષાભૂમિકાનાં ધ્વનિગત લક્ષણો, વ્યાકરણગત લક્ષણો પછી એનું શબ્દભંડોળ – એ મહત્ત્વનું ભેદક લક્ષણ બને છે. આ સમયના શબ્દભંડોળની કેટલીક વિશેષતાઓ નોંધીએ.

- આ ભૂમિકામાં – ગુજરાતીમાં સંસ્કૃત તત્સમ શબ્દોનો વપરાશ વધતો જાય છે. કારણ કે, બે સ્વરોની વચ્ચે વ્યંજન બોલવાની શરૂઆત આ સમયમાં થઈ. પ્રાકૃત – અપભ્રંશકાળમાં સ્વર પછી આવતો બેવડો વ્યંજન જ ટકી શક્યો હતો. એકવડો વ્યંજન ઉચ્ચારી શકાતો નહોતો, જેથી સં. વચનનું પ્રાકૃત-અપભ્રંશમાં વયણ થયું હતું, હવે 'વચન' – એમ ગુજરાતીમાં ઉચ્ચારણ થઈ શકે છે.

  અન્ય ઉદાહરણ નગર (નયર), મુખ (મુહ) વગેરે આમ, સંસ્કૃત, તત્સમ અને તદ્ભવ બંને શબ્દો એકસાથે વપરાતા જોવા મળે છે.

- ભાષાના ઉદ્ભવ સમયે – રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દોનો વપરાશ વધવા લાગે છે. એનું એક કારણ એ સમયની સાહિત્યકૃતિઓમાં આવતા વર્ણનમાં રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દો ઘણા જોવા મળે છે એ હોઈ શકે.

દા. ત. ખડખડઈ > ખડખડે, ગડગડંત > ગડગડે, થરહરઇ > થરથરે જેવા શબ્દો કે પછી એક શબ્દને એ જ સ્વરૂપે બે વાર વાપરવાથી થતા દ્વિરુક્ત શબ્દપ્રયોગો – ફરફર, ધમધમ, થરથર, કે પછી શબ્દના સહેજ રૂપાંતર સાથે જેમ કે હરફર, ધસમસ જેવા શબ્દપ્રયોગો જોવા મળે છે તો શબ્દને અન્ય શબ્દ સાથે જોડીને થતા દ્વિરુક્ત પ્રયોગો પણ જોવા મળે છે હલનચલન, નરમગરમ, ખાનપાન વગેરે આ પ્રકારના દ્વિરુક્ત પ્રયોગો છે.

- આ ભાષાભૂમિકામાં – દેશ્યશબ્દો ઘણા મળે છે. આ દેશ્યશબ્દના મૂળ સંસ્કૃત કે પ્રાકૃત-અપભ્રંશ ભાષામાં મળતાં નથી. આવા શબ્દોને દેશ્યશબ્દો કહે છે. સંભવતઃ આ શબ્દો આર્યેતર જાતિઓની ભાષાઓ – દ્રવિડ કે અન્યમાંથી આવ્યા હોય. આવા દેશ્યશબ્દો છે – ટેકરો, ડાળી, ઉકરડો, ઝડી, ડોળો વગેરે વગેરે.

*** તમારી પ્રગતિ ચકાસો-૬**

૧. નીચેની પંક્તિઓમાં કયા અનુગ નામયોગી વપરાયા છે ?

(૧) કરિ કુસૂમ તણું ધણુહ (તણું)

(૨) વસંત તણા ગુણ (તણા)

૨. નીચેની પંક્તિઓમાંથી સર્વનામ શોધીને લખો.

(૧) ભરહેતર કુણ હોઈ ? (કુણ)

(૨) કુણ બાહુબલિ જેઉ ? (કુણ)

(૩) કહિ, વિલંબ કુણ કારણિ કીજ ઇ (કુણ)

૩. આપેલી પંક્તિમાંથી સહાયકારી ધાતુ ઓળખીને લખો.

(૧) ભરહેતર કુણ હોઈ ? (હોઈ)

(૨) દાંત પડયા છઈ. (છઈ)

૪. આપેલા શબ્દોમાંથી રવાનુકારી, દ્વિરુક્ત અને દેશ્યશબ્દોને ઓળખી દરેકની નોંધ કરો.

ઝડી, હરફર, ધમધમ, ધસમસ, ખડખડ, ઠકઠક, ઢમઢમ, કચરોપૂંજો, કામકાજ, ઉકરડો, ઝરમર, ખળભળ, નરમગરમ, ગડગડે, ભાગંભાગ

## ૧.૩ સારાંશ

ભાષા એ સતત પરિવર્તનશીલ છે. એનાં વર્ણો, રૂપો, વાક્યો, શબ્દભંડોળ આ બધું સતત બદલાતું રહે છે. ગુજરાતી ભાષાનો ઉદ્ભવ પણ લગભગ એકાદ હજાર વરસ પહેલાં થયો છે. ગુજરાતી ભાષા ભારતીય યુરોપીય પરિવારની ભારતીય-આર્ય શાખાની ભાષા છે. ભારતીય આર્યની ત્રણ ભૂમિકા છે – (૧) પ્રાચીન ભૂમિકા (૨) મધ્યમ ભૂમિકા (૩) અર્વાચીન ભૂમિકા. આ ભાષાભૂમિકાના સમય અને સાહિત્ય અંગે અહીં નોંધ કરવામાં આવી છે.

ગુજરાતી ભાષાનો ઉદ્ભવ ઈ.સ.૧૦૦૦ની આસપાસ થયો. આરંભે હેમચંદ્રાચાર્યનો 'સિદ્ધહૈમ શબ્દાનુશાસન'માં અને ત્યારબાદ – બારમી-તેરમી સદીમાં મળતી સાહિત્યકૃતિઓમાંથી – અપભ્રંશથી જુદાં પડતાં કેટલાંક લક્ષણોવાળી ભાષા જોવા મળે છે. અત્યારની ગુજરાતીમાં પણ આ લક્ષણો જોવા મળે છે, તેથી આ લક્ષણો ધરાવતી ભાષાભૂમિકાને ગુજરાતીના પ્રથમ અથવા ગુજરાતીના ઉદ્ભવની ભાષાભૂમિકા તરીકે અભ્યાસીઓએ ઓળખાવી છે.

ખાસ તો વજ્રસેનની 'ભરતેશ્વર–બાહુબલિ–ઘોર' (આશરે ઈ.સ. ૧૧૬૯), શાલિભદ્રસૂરિકૃત 'ભરતેશ્વર–બાહુબલિ-રાસ' (ઈ.સ. ૧૧૮૫), ધર્મની 'જંબુસામિચરિય' (ઈ.સ. ૧૨૧૦) અને વિજયસેનસૂરિકૃત 'રેવંતગિરિરાસુ' (ઈ.સ. ૧૨૩૦)માં આદિ સાહિત્યકૃતિઓમાં કેટલાંક ગુજરાતીનાં જ ભાષાલક્ષણો જોવા મળે છે. જો ધ્વનિની રીતે કે ઉચ્ચારણની દૃષ્ટિએ જોઈએ તો – એક, અપભ્રંશના સંયુક્ત વ્યંજન એકવડા બને છે. જેમ કે, 'કમ્મ'નું ઉચ્ચારણ 'કામ' થાય છે. બે, સંયુક્ત વ્યંજનોમાં પૂર્વવ્યંજન જ્યારે અનુનાસિક હોય ત્યારે એ લુપ્ત થાય છે અને દીર્ઘ થયેલો પૂર્વ સ્વર સાનુનાસિક બને છે; જેમ કે, 'પઞ્ચ'માંથી 'ઞ્' લુપ્ત થાય છે ને 'પાંચ' એમ થાય છે. ત્રણ, અંત્ય 'ઉ'કારનો 'અ' કાર થાય છે. જેમ કે, કુમ્ભઆરુ > (માંથી) કુંભાર વગેરે અમુક શબ્દોમાંથી 'હ' અને 'વ' ઉચ્ચારવાનું બંધ થાય છે; જેમ કે અપ. બારહ > માંથી ગુજરાતીમાં બાર, કે, રામદેવમાંથી > ગુજરાતીમાં રામદે થાય છે. વ્યાકરણની રીતે વિભક્તિઓનો વપરાશ ઓછો થાય છે અને તણું, તણી, તણો જેવા અનુગો વપરાવા શરૂ થાય છે. 'છઇ' અને 'હતઉ' જેવા સહાયકારી ધાતુ વપરાવા લાગે છે. તો, આપણ જેવાં સર્વનામો ગુજરાતીની વિશેષતા બની રહે છે. શબ્દભંડોળમાં દ્વિરુક્ત અને રવાનુકારીનો ઉપયોગ વધે છે. તેમજ દેશ્યશબ્દપ્રયોગો પણ ઘણા મળે છે.

આ ભાષાભૂમિકા અંગે વિદ્વાનોના મત અલગ અલગ છે. તેસ્સિતોરી 'જૂની પશ્ચિમી રાજસ્થાની', નરસિંહરાવ દિવેટિયા 'અંતિમ અપભ્રંશ', તો, ઉમાશંકર જોશી 'મારુ – ગુર્જર' નામે આ ભૂમિકાને ઓળખાવે છે. કે. હ. ધ્રુવ 'પ્રાચીન ગુજરાતી', કે. કા. શાસ્ત્રી 'જૂની ગુજરાતી', હરિવલ્લભ ભાયાણી, પ્રબોધ પંડિત, ટી. એન. દવે – તેને 'પ્રાચીન ગુજરાતી' કે 'ગુજરાતી ભાષાના ઉદ્ભવની ભૂમિકા' તરીકે ઓળખાવે છે. આ ભાષાને 'ગુજરાતી ભાષા' એવું સૌપ્રથમ વાર કહેનાર પ્રેમાનંદ છે, જે 'દશમસ્કંધ' નામના આખ્યાનમાં – આવું નામ આપે છે.

## ૧.૪ ચાવીરૂપ શબ્દો

ભાષાકુળ : કોઈ એક મોટા ભાષાજૂથમાંથી છૂટું પડેલું એવું ભાષાજૂથ કે જેમાં અનેક ભાષાઓનો સમૂહ, જે ભાષાઓનું મૂળ કોઈ એક કુળ સાથે હોય છે.

ઉપકુળ : કોઈ એક ભાષાકુળ સાથે સંબંધ ધરાવતાં ભાષાનાં બીજાં ગૌણ કુળો

અનુનાસિક : જ્યારે ધ્વનિઓ નાસિકા દ્વારા બહાર આવે ત્યારે જે ઉચ્ચારણ થાય તેને અનુનાસિક કહેવાય.

સાનુનાસિક : જ્યારે ધ્વનિઓને ઉચ્ચારતાં, પડજીભ મધ્યમ સ્થિતિમાં હોય તો સાનુનાસિક સ્વરો કહે છે, જેમાં સ્વરની સાથેસાથે ઉચ્ચારણ થાય છે.

તત્સમ્ શબ્દો : તત્સમ્ એટલે 'તેના જેવા' સંસ્કૃત / અરબી-ફારસીમાં જેવા હોય તેવા જ ગુજરાતીમાં ઊતરી આવેલા શબ્દો.

તદ્ભવ શબ્દો : તત્સમ્ પરથી ફેરફાર પામીને ગુજરાતીમાં ચલણી બનેલા શબ્દો

રવાનુકારી શબ્દો : અવાજ કે ધ્વનિનું અનુકરણ કરતા શબ્દો. દા. ત., ઠકઠક (ઐન્દ્રિયક ભાવ વ્યક્ત કરતા શબ્દો.)

દ્વિરુક્ત શબ્દો : સરખા ધ્વનિ કે અર્થ ધરાવતા બે શબ્દો વડે બનેલો એક શબ્દ, દા.ત. ધીમેધીમે

દેશ્ય શબ્દો : જે શબ્દોનું મૂળ સંસ્કૃત આદિ આર્ય ભાષામાં નથી એવા અજ્ઞાતકુળના શબ્દો. ઝડી, ઉકરડો

## ૧.૫ કેટલાંક ઉપયોગી પુસ્તકો

(૧) ગુજરાતી ભાષા-ઉદ્‌ગમ વિકાસ અને સ્વરૂપ

ડૉ. કાન્તિલાલ બળદેવરાય વ્યાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૫

(૨) ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ

જયંત કોઠારી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૯

(૩) ભાષાનો વૈજ્ઞાનિક અભ્યાસ

ડૉ. યોગેન્દ્ર વ્યાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૦૨

## ૧.૬ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો-૧ના જવાબો**

**ખાલી જગ્યા પૂરો**

(૧) ભારત-યુરોપીય, ભારતીય-આર્ય

(૨) ૧૦

(૩) ભારત-ઈરાની

(૪) ત્રણ; પ્રાચીન, મધ્યમ, અર્વાચીન

(૫) ઈ.સ. પૂર્વે ૧૫૦૦થી ૫૦૦

(૬) વૈદિક, પ્રશિષ્ટ

(૭) ઈ.સ. પૂર્વે ૫૦૦થી ઈ.સ. ૧૦૦૦

(૮) મહાવીર, બુદ્ધ

(૯) પાલિ, પ્રાકૃત, અપભ્રંશ

(૧૦) અર્વાચીન

**તમારી પ્રગતિ ચકાસો-૨ના જવાબો**

ભરતેશ્વર–બાહુબલિ–ઘોર – ઈ.સ. ૧૧૬૯,

ભરતેશ્વર–બાહુબલિ–રાસ – ઈ.સ. ૧૧૮૫,

જંબુસમિચરિય – ઈ.સ. ૧૨૧૦,

રેવંતગિરિરાસુ – ઈ.સ. ૧૨૩૦.

## તમારી પ્રગતિ ચકાસો-૩ના જવાબો

(૧) વ્રજસેન > ભરતેશ્વર–બાહુબલિ-ઘોર

(૨) શાલિભદ્રસૂરિ > ભરતેશ્વર–બાહુબલિ-રાસ

(૩) ધર્મ > જંબુસામિચરિય

(૪) વિજયસેન > રેવંતગિરિરાસુ

## તમારી પ્રગતિ ચકાસો-૪ના જવાબો

(૧) ખરું

(૨) ખોટું : સાચું વાક્ય : ગુજરાતી ભાષાના ઉદ્‌ભવની – ભાષાભૂમિકા અંગે વિદ્વાનોના જુદાજુદા મત છે.

(૩) ખોટું : સાચું વાક્ય : નરસિંહરાવ દિવેટિયાએ ગુજરાતી ઉદ્‌ભવની ભાષાભૂમિકાને 'અંતિમ અપભ્રંશ' કે 'ગુર્જર અપભ્રંશ' તરીકે ઓળખાવી છે.

(૪) ખરું

(૫) ખરું

(૬) ખોટું : સાચું વાક્ય : 'ગુજરાતી ભાષા' એવો પ્રયોગ સૌપ્રથમ પ્રેમાનંદે કર્યો છે.

## તમારી પ્રગતિ ચકાસો-૫ના જવાબો

### ખાલી જગ્યા પૂરો.

(૧) હસ્ત (૨) કર્મ (૩) પઞ્ચ (૪) કુંભકાર (૫) સૂત્રધાર

(૨) હત્થ, કુમ્ભઆરુ, સુત્તઆરુ, તેરહ, ચ્છઇ, નઇ

## તમારી પ્રગતિ ચકાસો-૬ના જવાબો

૧. (૧) તણું, (૨) તણા

૨. (૧) કુણ, (૨) કુણ, (૩) કુણ

૩. (૧) હોઈ (૨) છઇ

૪. રવાનુકારી : ધમધમ, ખડખડ, ઠકઠક, ઢમઢમ, ઝરમર, ગડગડે

- દ્વિરુક્ત : હરફર, કચરોપૂંજો, કામકાજ, ખળભળ, નરમગરમ, ભાગંભાગ
- દેશ્ય : ઝડી, ઉકરડો

## ૧.૭ સ્વાધ્યાય

(૧) ભારત-યુરોપીય ભાષા કુળનો પરિચય આપી, ભારતીય-આર્યની ત્રણ ભૂમિકાઓ વિશે નોંધ લખો.

(૨) ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ વિશે અભ્યાસીઓના ભિન્ન ભિન્ન મતો વિશે વિગતે લખો.

(૩) ગુજરાતી ભાષાના ઉદ્‌ભવ સમયની ભાષાભૂમિકાનાં ધ્વનિગતલક્ષણો, વ્યાકરણગત લક્ષણો અને શબ્દભંડોળગત વિશેષતાઓને આવરી લેતો નિબંધ લખો.

ignou
THE PEOPLE'S
UNIVERSITY

# એકમ : ૨ ગુજરાતી ભાષાનો વિકાસ

**પ્રકરણની રૂપરેખા**


૨.૦ હેતુઓ

૨.૧ પ્રસ્તાવના

૨.૨ ગુજરાતી ભાષાનો વિકાસ

૨.૨.૧ ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકા

૨.૨.૧.૧ ધ્વનિગત લક્ષણો

૨.૨.૧.૨ વ્યાકરણગત લક્ષણો

૨.૨.૧.૩ શબ્દભંડોળ

* (તમારી પ્રગતિ ચકાશો - ૧, ૨, ૩)

૨.૨.૨ ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકા

૨.૨.૨.૧ ધ્વનિગત લક્ષણો

૨.૨.૨.૨ વ્યાકરણગત લક્ષણો

૨.૨.૨.૩ શબ્દભંડોળ

* (તમારી પ્રગતિ ચકાસો - ૪)

૨.૩ સારાંશ

૨.૪ કેટલાંક ઉપયોગી પુસ્તકો

૨.૫ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

૨.૬ સ્વાધ્યાય


## ૨.૦ હેતુઓ

- આ એકમમાં ગુજરાતી ભાષા ક્યારે અને કઈ કઈ ભાષાઓથી જુદી પડી તેની ઐતિહાસિક ભૂમિકાનો પરિચય કરશો.
- મુસલમાનોના શાસન પછી ગુજરાતમાં થયેલાં રાજકીય, સામાજિક ભાષાને લગતાં પરિવર્તનની જાણકારી મેળવશો.
- નરસિંહ, ભાલણ, મીરાં, અખાના સાહિત્યમાંથી ભાષાનો અભ્યાસ કરશો.
- ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકામાં ધ્વનિગત, વ્યાકરણગત અને શબ્દભંડોળમાં કેવાં પરિવર્તનો થયાં એની માહિતી પ્રાપ્ત કરશો.
- ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકામાં – સત્તરમી સદીના ઉત્તરાર્ધથી લઈને અર્વાચીન ગુજરાતી ભાષાએ કઈ રીતે વિકાસ કર્યો – કેવાં કેવાં પરિવર્તનો થયાં એની વિગતોથી વાકેફ થશો.
- ગુજરાતી ભાષાના શબ્દભંડોળમાં કેવા કેવા શબ્દો કઈ કઈ ભાષામાંથી ઉમેરાયા એ વિશે પણ જાણશો.

## ૨.૧ પ્રસ્તાવના :

ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ – અપભ્રંશમાંથી થયો – વિદ્વાનો – અગિયારમી સદીથી ચૌદમી સદીની આ ભાષાભૂમિકાને – 'પ્રથમ ભૂમિકા' તરીકે ઓળખાવે છે.

ત્યાર પછી ગુજરાતી ભાષાનો વિકાસ થાય છે – એ ભાષાભૂમિકાનો – વિકાસનો બીજો

તબક્કો છે. જે લગભગ પંદરમી સદીથી શરૂ થયેલો મનાય છે. પંદરમી સદીથી હાલનો ગુજરાતનો પ્રદેશ વધારે સ્પષ્ટ રીતે આકારિત થાય છે. બદલાયેલી રાજકીય પરિસ્થિતિને લીધે ગુજરાત અત્યારના રાજસ્થાનથી અલગ પ્રદેશ થયો અને રાજસ્થાની કરતાં ગુજરાતી ભાષાનું અલગ સ્વતંત્ર રૂપ પણ ઘડાવા લાગ્યું. આમ ગુજરાતી ભાષાનો ધીમેધીમે વિકાસ થયો. બીજી રીતે કહીએ તો, પંદરમી સદીથી આજ સુધી એમાં કેટલાક ફેરફારો થયા. આ વિકાસને, એના તબક્કાને (૧) ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકા અને (૨) ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકા તરીકે અભ્યાસીઓએ ઓળખાવી છે.

આ એકમમાં આપણે ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકા અને ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકા વિશે વિગતે અભ્યાસ કરીશું.

ગુજરાતી ભાષાના વિકાસની બીજી અને ત્રીજી ભૂમિકામાં ઉચ્ચારણની રીતે, વ્યાકરણની રીતે, શબ્દભંડોળની રીતે થયેલાં પરિવર્તનોને નોંધીને ગુજરાતી ભાષા એની પહેલી ભૂમિકા કરતાં કેવી રીતે વિકસતી ગઈ એ વાતને અહીં સ્પષ્ટ કરવાનો હેતુ છે.

## ૨.૨ ગુજરાતી ભાષાનો વિકાસ

### ૨.૨.૧ ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકા

ગુજરાતીભાષાના ઉદ્ભવ સમયે ગુજરાતમાં જે રાજકીય અને સામાજિક પરિસ્થિતિ હતી તેની અસર તત્કાલીન ભાષા ઉપર પડેલી જોઈ શકાય છે. ત્યારબાદ ઈ.સ. ૧૨૯૭માં ગુજરાત ઉપર અલ્લાઉદ્દીન ખીલજીએ આક્રમણ કર્યું અને રાજકીય પરિસ્થિતિ બદલાય છે. ગુજરાતમાં મુસ્લિમ રાજ્યનો અમલ શરૂ થાય છે. ગુજરાત પ્રદેશ મુસલમાનોના સંપર્કમાં મુકાય છે. એટલું જ નહિ, ગુજરાત ઉપર મુસલમાન સૂબાઓનું શાસન સ્થાપિત થાય છે. આ સાથે જ રાજ્યવહીવટની ભાષા ફારસી બને છે.

ત્યાર પછી ઈ.સ. ૧૪૦૭માં ગુજરાતમાં મુસ્લિમની સ્વતંત્ર સલ્તનત સ્થપાય છે, તેથી દિલ્હી સાથે તેનો સંબંધ ઓછો થાય છે. તો એ પછીનો મહત્ત્વનો ઘટનાક્રમ એટલે ઈ.સ. ૧૪૧૧માં ગુજરાતની રાજધાની પાટણથી અમદાવાદ આવે છે. અમદાવાદ રાજ્યની રાજધાનીનું શહેર બને છે. આ સાથે અમદાવાદ હવે ગુજરાતની પ્રવૃત્તિઓમાં કેન્દ્ર સ્થાને આવે છે. આ રીતે ક્યારેક

ગુજરાત-રાજસ્થાન એક હતા તે દૂર ખસે છે – રાજસ્થાન અને રાજપૂત રાજાઓ દિલ્હીથી નજીક રહે છે અને ત્યાંની ભાષાનો પ્રભાવ ઝીલે છે. આમ, ગુજરાતની અને રાજસ્થાનની ભાષાઓ અલગ પડવા લાગે છે.

બદલાયેલી રાજકીય પરિસ્થિતિને લીધે મુસ્લિમ શાસનનો પ્રારંભ થયો – આની સામે સાંસ્કૃતિક વારસાને બચાવવાના પ્રયાસો શરૂ થયા – ભારતીય સંસ્કારનો વારસો સાચવવાનું કાર્ય ભારતીય ભાષાઓએ ઉપાડી લીધું. તેથી પ્રાદેશિક ભાષામાં સાહિત્ય લખાવા લાગ્યું. જેનાથી જુદીજુદી પ્રાદેશિક ભાષાનો વિકાસ થયો.

ગુજરાતી – રાજસ્થાની – માળવી જૂથમાંથી સૌથી પહેલાં જયપુરી ઈ.સ. પંદરમા શતકના આરંભમાં છૂટી પડે છે. ત્યાર પછી પંદરમી સદીમાં જ ગુજરાતી, મારવાડી અને માળવી પણ જુદી પડે છે. આ રીતે, પંદરમી – સોળમી સદીથી એટલે કે નરસિંહ – ભાલણના સમયથી ગુજરાતી લગભગ આજની ગુજરાતી તરીકે વિકસવા લાગે છે. આ ગુજરાતીની બીજી ભૂમિકાનો સમય ઈ.સ. પંદરમી સદીથી સત્તરમી સદીના પૂર્વાર્ધનો ગણવામાં આવ્યો છે. બીજી રીતે કહીએ તો, નરસિંહ મહેતાથી અખાના સર્જનકાળ સુધીનો સમય – આ બીજી ભૂમિકાનો ગણી શકાય.

(ઈ.સ. ૧૪૧૪ – ઈ.સ. ૧૪૮૦ આશરે)

નરસિંહ મહેતાને ગુજરાતી ભાષાના 'આદિકવિ' ગણવામાં આવ્યા છે. નરસિંહનાં પદો પંદરમી સદીના ઉત્તરાર્ધના સમયનાં છે. જે પહેલાં તો લોકકંઠે સચવાયેલાં રહ્યાં છે – એ મળે છે, પછી સંશોધનકર્તાઓએ હસ્તપ્રતોના આધારે નરસિંહ મહેતાના સમયની ગુજરાતી ભાષાનો અભ્યાસ કર્યો છે. એના ઉપરથી ખ્યાલ આવે છે કે છેક નરસિંહ મહેતાના સમયની ગુજરાતી ભાષા હાલની ગુજરાતી સાથે ઘણું સામ્ય ધરાવે છે. કેટલાંક ઉદાહરણો જોઈએ.

– 'સખી આજની ઘડી રળિયામણી રે, મારો વ્હાલોજી આવ્યાની વધામણી.'
– 'હળવે હળવે હળવે હરજી, મારે મંદિર આવ્યા રે.'
– 'જાગો જાગો રે શામળા, જગાવે જશોદા માત,
  જાગો રે સહુજન જાગિયા, જાગોને હુએ પ્રભાત.'
– 'ગામ તળાજામાં જન્મ મારો થયો, ભાભીએ 'મૂર્ખ' કહી મ્હેણું દીધું
  વચન વાગ્યું, એક અપૂજ શિવલિંગનું વંન માંહે જઈ પૂજન કીધુ.

આ અર્થમાં પણ નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના પ્રથમ કવિ હોવાના હકદાર બની રહે છે.

નરસિંહ મહેતાની જેમ ભાલણ (પંદરમી સદીનો ઉત્તરાર્ધ-૧૬મી સદીનો પૂર્વાર્ધ) પણ આ

સમયગાળાને મહત્ત્વના સર્જક લેખે ઇતિહાસમાં સ્થાન ધરાવે છે. એમનાં આખ્યાનો – 'નલાખ્યાન', 'રામવિવાહ', 'ધ્રુવાખ્યાન' તેમજ 'દશમસ્કંધ'માં જે ભાષા સચવાય છે, એ ભાષામાં આજની ગુજરાતીનાં કેટલાંક લક્ષણો જોવા મળે છે. કેટલાંક ઉદાહરણો જોઈએ.

– 'નારી કોએ નહીં તુજ સરખી,
  નર નહીં કો નળ – તોલિ' – ('નળાખ્યાન'-૮)
– પીયુ શું થાશે, આજની રજની મને કયી પેરે જાશે ?
  ઝરમર મેહ વર્ષે છે રે ભારી, વીજળી ઝબૂકે ને નિશા અંધારી' – દશમસ્કંધ

નરસિંહ મહેતા અને ભાલણ સાથે જેનું નામ લેવાય છે એ મીરાં (ઈ.સ. ૧૪૯૮ – ઈ.સ. ૧૫૬૩-૧૫૬૫) – નરસિંહ–ભાલણ પછી થઈ ગયાં. મીરાંએ મારવાડી અને ગુજરાતી ભાષામાં કવિતાઓ કરી છે. મીરાંની કવિતામાં મારવાડીનાં લક્ષણોનું કારણ એ છે કે, મીરાંનું મૂળ નિવાસ રાજસ્થાનનું મારવાડ છે, જ્યારે જીવનની ઉત્તરાવસ્થામાં એ ગુજરાતના દ્વારિકામાં આવીને વસ્યાં છે. તેથી ગુજરાતી ભાષામાં પદો પણ મળે છે; કેટલાંક ઉદાહરણો જોઈએ.

– 'પ્રેમની, પ્રેમની, પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની.
  જળ જમુનાનાં ભરવા ગયાં'તાં, હતી ગાગર માથે હેમની રે.
– કોઈ માધવ લ્યો, હાં રે માધવ લ્યો' વેચંતી વ્રજનારી રે.
  માધવને મટુકીમાં ઘાલી ગોપી લટકે મટકે ચાલી રે.
– 'ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે.'
– 'હે રી મેં તો દરદદીવાની મેરા દરદ ન જાને કોઈ.'

ગુજરાતી ભાષાનો વિકાસ – એની બીજી ભૂમિકા અખાના સર્જનકાળ સુધીનો ગણાય છે. અખાની (આશરે ઈ. ૧૫૯૧થી ૧૬૫૬) ભાષા અત્યારની ગુજરાતી ભાષા સાથે ઘણું સરખાપણું ધરાવે છે. કેટલાંક ઉદાહરણો જોઈએ.

– એક મૂરખને એવી ટેવ પથ્થર એટલા પૂજે દેવ,
  વેશ ટેક તે આડી ગલી, પેઠો તે ન શકે નીકળી.
– દેહાભિમાન હતું પાશેર, વિદ્યા મળતાં વાધ્યું શેર,
  ચર્ચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો.

### ૨.૨.૧.૧ ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકાના ધ્વનિગત લક્ષણો

ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકા – પંદરમી સદી પછી અને સત્તરમી સદીનો પૂર્વાર્ધ – દરમિયાન લખાયેલી સાહિત્યની કૃતિઓની ભાષાનો અભ્યાસ કરતાં તેમાં નીચેનાં ધ્વનિગત લક્ષણો જુદાં પડે છે. પ્રથમ ભૂમિકામાં જે રીતે ઉચ્ચારણ થતું હતું તેનાથી જુદું ઉચ્ચારણ આ બીજી ભૂમિકામાં ખાસ નોંધપાત્ર બને છે.

૧. 'અઈ' અને 'અઉ' એ સ્વરયુગ્મોને બદલે 'ઈ' અને 'ઉ' લખાયેલા મળે છે. પણ એમાં 'અઈ'નું ઉચ્ચારણ 'ઍ' અને 'અઉ'નું ઉચ્ચારણ 'ઑ' થાય છે. આથી 'પઈસઈ' પરથી 'પૅસૅ' એમ પ્રચલિત બને છે. આવાં અન્ય ઉદાહરણો 'બઈસઈ' પરથી 'બૅસૅ', અને 'વઇર' પરથી 'વૅર' એવા શબ્દો બને છે અને એમ ઉચ્ચાર થાય છે, તો, 'ચઉક' પરથી 'ચૉક' 'ગઉખ' પરથી 'ગૉખ' એવા શબ્દો બને છે. આમ, પહોળા 'ઍ' અને 'ઑ' (જેને 'વિવૃત્ત' એમ 'પારિભાષિક રીતે કહેવાય છે) એ ગુજરાતી ભાષાની એક આગવી – ધ્વનિગત લાક્ષણિકતા બની રહે છે.

૨. બીજા અક્ષરમાં 'આ' હોય ત્યારે પહેલા અક્ષરના 'આ'નો 'અ' થાય છે. જેમ કે, ઉદાહરણ રૂપે 'આણાવઈ'નું 'અણાવે' 'આગાસ'નું 'અગાસ', 'આષાઢ'નું અષાઢ વગેરે.

૩. શબ્દના અંતે આવતો અનત્ય 'ઇ' અને 'ઉ'નો 'અ' થાય છે.
જેમ કે, 'લિખઈ'નું લખે, 'મલઈ'નું મળે, 'છુરઉ'નું છરો. તથા
આ રીતે હ્રસ્વ 'ઇ' અને 'ઉ'નો લોપ આ ભૂમિકામાં થવાની શરૂઆત થાય છે.

૪. ગુજરાતી ભાષામાં – સંસ્કૃત અને ફારસી આદિ ભાષામાંથી આવેલા શબ્દોના જોડાક્ષરોને સરળ કરીને વપરાવાનું વલણ વધે છે. જેમ કે, 'વ્રત'નું 'વરત', 'કર્મ'નું 'કરમ', 'ધર્મ'નું 'ધરમ', 'તર્ફ'નું 'તરફ', 'સૂત્રનું' 'સૂતર' વગેરે

૫. શબ્દની વચ્ચે બે સ્વરના મધ્યમાં 'લ'ને બદલે 'ળ' ઉચ્ચારવો શરૂ થાય છે. જેમ કે, 'મિલઈ'નું 'મળે', 'ચલઈ'નું 'ચળે', 'કાલઉ'નું 'કાળો' વગેરે.

### ૨.૨.૧.૨ ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકાનાં વ્યાકરણગત લક્ષણો

(૧) નકાર માટે વપરાતો 'મ'નો વપરાશ ઓછો થાય છે, તેના સ્થાને 'ન'નો વપરાશ શરૂ થાય છે. દા. ત. '**म** કરિ'ના બદલે ન કરી. 'મ આપઉં'નું 'ન આપઉં' વગેરે.

(૨) કર્મણિનું 'આ' પ્રત્યયવાળું નવું રૂપ વપરાવું શરૂ થાય છે. જેમ કે, 'કરીઇ'ને બદલે 'કરાય.' 'લખિઈ'ને બદલે 'લખાય.' એવાં રૂપો પ્રચલિત બને છે.

(૩) વર્તમાનકાળના પ્રથમ પુરુષ બહુવચનનું 'ઈએ' – પ્રત્યય વપરાવો શરૂ થાય છે. ઉદાહરણ રૂપે – બોલીએ છીએ, ખાઈએ છીએ, સાચવીએ છીએ વગેરે.

(૪) 'પણઉ' અને 'હાર' પ્રત્યયો વપરાવા લાગે છે. 'વિશ્વાસપણઉ', 'પૌરુષપણઉ', 'સૌભાગ્યપણઉ' ('પણઉ' પરથી પછી 'પણું' થયું જેમ કે, 'સૌભાગ્યપણું'); તો 'હાર' પ્રત્યય લગાવવાથી બનેલા શબ્દોનો વપરાશ વધે છે. જેમ કે, 'પાલણહાર', 'તારણહાર', 'દેણહાર' વગેરે.

### ૨.૨.૧.૩ ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકાનું શબ્દભંડોળ

આ સમયગાળામાં – પુરાણો સાથેના સંપર્કને લીધે સંસ્કૃત તત્સમ્ શબ્દો તથા સમાસનો વપરાશ ઘણો થયેલો જોવા મળે છે.

જેમ કે, 'કર્ણ', 'હસ્ત', 'પક્ષી', 'નયન', 'કર્મ', 'મિષ્ટ', 'પૃચ્છા', 'પ્રીતિ', 'નીતિ', 'બલિષ્ઠ' એમ – ઘણા સંસ્કૃત તત્સમ્ શબ્દોનો વપરાશ શરૂ થાય છે.

તો, ગુજરાતીમાં મુસ્લિમોના – વેપારી સંબંધોને કારણે, તેમજ પછીથી મુસ્લિમશાસનને લીધે – અરબી-ફારસી ભાષામાંથી કેટલાક શબ્દો ગુજરાતીમાં ઉમેરાયા છે. રાજ્ય વહીવટ, કાયદા-કાનૂન, ખાન-પાન, પોશાક, રાચરચીલાને લગતા અનેક શબ્દો ગુજરાતીમાં ઉમેરાતાં ગુજરાતી ભાષાનો જ ભાગ બની રહ્યા છે.

(૧) રાજ્ય વહીવટ– શાસનને લગતા : જિલ્લો, તાલુકો, ઇલાકો, મુકદ્દમો, અદાલત, કાનૂન, ઇનસાફ, કારભાર, ફરમાન, પરવાનો વગેરે.

(૨) હોદ્દાઓને લગતા : કાજી, વજીર, બક્ષી, સૂબો, દીવાન, કારકુન, બાદશાહ, બેગમ વગેરે.

(૩) શસ્ત્રો-સરંજામને લગતા : શમશેર, મ્યાન, તીર, ખંજર, તોપ, તમંચો, ચાકુ વગેરે.

(૪) બાંધકામને લગતા : કિલ્લો, મહેલ, દીવાલ, દરવાજો, મિનારો, હોજ, બુરજ વગેરે

(૫) વેપારને લગતા : સોદો, ગુમાસ્તો, માલિક, દસ્તાવેજ વગેરે

(૬) ખાન-પાનને લગતા : હલવો, શરબત, જલેબી વગેરે

(૭) મોજશોખને લગતા : અત્તર, સુરમો, જલસો વગેરે.

(૮) આરોગ્યને લગતા ; દવા, રોગ, દરદ, દરદી, ઇલાજ વગેરે

(૯) પોશાકને લગતા : પાયજામો, ખમીસ, કુરતો, ઈજાર, ઝભ્ભો, રૂમાલ વગેરે

(૧૦) શિક્ષણને લગતા : તાલીમ, મદ્રેસા, ઉસ્તાદ વગેરે

(૧૧) સંગીતને લગતા : શરણાઈ, દિલરુબા, સતાર વગેરે

(૧૨) રોજિંદા વ્યવહારને લગતા : ખબર, જરૂર, યાદ, નજર, દુનિયા, ખરું વગેરે.

*** તમારી પ્રગતિ ચકાસો-૧**

**૧. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે કહો, ખોટાં વિધાનો હોય તો સુધારીને ફરી લખો.**

૧. ગુજરાતમાં મુસ્લિમ શાસનમાં રાજ્યવહીવટની ભાષા અંગ્રેજી થાય છે.

૨. ગુજરાતમાં ઈ.સ. ૧૪૦૭માં મુસ્લિમ સલ્તનત સ્થપાય છે.

૩. ગુજરાતની રાજધાની અમદાવાદથી પાટણ બને છે.

૪. ગુજરાતી ભાષા – જયપુરી, માળવી, મારવાડીમાંથી સ્વતંત્ર થયેલી છે.

૫. ગુજરાતી બીજી ભૂમિકાનો સમય ઈ.સ. પંદરમી સદીથી સત્તરમી સદીનો પૂર્વાર્ધ છે.

૬. ગુજરાતી ભાષાના આદિકવિ નરસિંહ મહેતા ગણાય છે.

૭. ‘હળવે હળવે હળવે હરજી, મારે મંદિર આવ્યા રે’ – આ પદ મીરાંબાઈનું છે.

૮. નરસિંહ, ભાલણ, મીરાં, અખો – આ ગાળાનાં મહત્ત્વના સર્જકો નથી.

૯. મીરાંબાઈનાં કેટલાંક પદો ઉપર મારવાડી ભાષાની અસર છે.

૧૦. ‘ગૉખ’ શબ્દ ‘ગઉખ’ પરથી બનેલો છે.

૧૧. ‘આષાઢ’નું ‘અષાઢ’ એ ‘અ’નો ‘આ’ થવાથી બન્યો છે.

૧૨. અનત્ય ‘ઈ’નું પરિવર્તન – ‘મિલઈ’નું ‘મળે’ થાય.

૧૩. કર્મણિનું ‘આ’ પ્રત્યયવાળું રૂપ આ ભૂમિકામાં વપરાવું શરૂ થાય છે.

૧૪. ‘પણું’ એ ‘પણઉ’ પરથી આવેલું છે.

૧૫. ‘હાર’ પ્રત્યયનો ઉપયોગ આ ભૂમિકામાં વધારે પ્રચલિત થયાનું મનાય છે.

*** તમારી પ્રગતિ ચકાસો–૨**

**૨. નીચેનાં વાક્યોમાંથી ફારસી મૂળના ગુજરાતી ભાષામાં વપરાતા શબ્દો શોધો.**

(૧) બિસ્મીલ્લાખાન શરણાઈના ઉસ્તાદ હતા.

(૨) બાદશાહે ફરમાન કર્યું કે, માલિકને પકડી લાવો.

(૩) મહેલના દરવાજા ઊંચા હતા.

(૪) અમલદારે માલિકને કચેરીએથી પરવાનો મેળવવા ફરમાન કર્યું.

(૫) દરદીના રોગનો ઇલાજ નહોતો.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

**જોડકાં જોડો**

| અ | બ |
|---|---|
| (૧) નરસિંહ મહેતા | (૧) ગોવિંદો પ્રાણ અમારો... |
| (૨) મીરાંબાઈ | (૨) નારી કોએ નહીં તુજ સરખી |
| (૩) ભાલણ | (૩) સખી આજની ઘડી રળિયામણી રે, |
| (૪) અખો | (૪) દેહાભિમાન હતું પાશેર |

## ૨.૨.૨ ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકા

ગુજરાતી ભાષાના વિકાસના બે તબક્કામાંથી પ્રથમ તબક્કાની વાત આપણે આગળ જોઈ ગયા. અહીં સત્તરમી સદીના પૂર્વાર્ધ પછી એટલે કે, સત્તરમી સદીના ઉત્તરાર્ધથી આજ સુધી ગુજરાતી ભાષા વિકાસના બીજા તબક્કાનો અભ્યાસ કરવાનો છે. આમ, આ ત્રીજી ભૂમિકા એટલે સત્તરમી સદીના ઉત્તરાર્ધથી આજ સુધીના ગુજરાતીનો સમયગાળો.

ગુજરાતીનો વિકાસ ત્રીજી ભૂમિકામાં ઉચ્ચારણની રીતે, વ્યાકરણની રીતે અને શબ્દભંડોળની રીતે બીજી ભૂમિકા કરતાં કેવી રીતે જુદો છે. બીજા શબ્દોમાં, ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકા કરતાં કેવી રીતે – ત્રીજી ભૂમિકામાં વિકસતી ગઈ એ વાતને ઉદાહરણો વડે સ્પષ્ટ કરવાનો પ્રયાસ છે.

બીજી ભૂમિકામાં ગુજરાતી ભાષામાં જે લક્ષણો વિકસતાં બતાવ્યાં છે તે – સત્તરમી સદીના પૂર્વાર્ધ સુધીમાં ભાષાનાં સ્થિર અંગ રૂપ બની જાય છે અને સત્તરમી સદીના ઉત્તરાર્ધથી (એટલે ઈ.સ. ૧૬૫૦ પછી) વિશ્વનાથ જાની, પ્રેમાનંદના સમયથી લગભગ આજે જોવા મળતી ગુજરાતી ભાષાનું સ્વરૂપ જોવા મળે છે. પછી અંગ્રેજી શાસનને લીધે – અંગ્રેજી ભાષાના સંપર્કને કારણે ગુજરાતી ભાષાના શબ્દભંડોળ, રૂઢિપ્રયોગો, વાક્યરચનાઓ પણ ગુજરાતીમાં પ્રવેશ્યાં છે. આપણે વિષયની સીમામાં રહીને – ધ્વનિગત લક્ષણો, વ્યાકરણગત લક્ષણો અને શબ્દભંડોળનો વિગતે અભ્યાસ કરીએ.

### ૨.૨.૨.૧ ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકાનાં ધ્વનિગત લક્ષણો

ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકા દરમિયાન બીજી ભૂમિકા કરતાં ધ્વનિગત (ઉચ્ચારણગત) લક્ષણો જુદાં પડે છે. ત્રીજી ભૂમિકામાં નીચે મુજબનાં ધ્વનિગત લક્ષણો ખાસ ધ્યાનપાત્ર બને છે.

૧. આ સમયગાળાનું મહત્ત્વનું લક્ષણ તે અંત્ય 'અ'નો લોપ થાય છે. એટલે શબ્દના અંતે આવતો 'અ' સ્વર બોલાતો બંધ થાય છે. જેમ કે, 'રમત' એમ લખાય છે, પણ ઉચ્ચારાય છે 'રમત્' એટલે કે 'અ' સંભળાતો નથી. અન્ય ઉદાહરણ, રામ્, યોગ્, રાગ્ વગેરેમાં 'અ' સ્વરનું ઉચ્ચારણ થતું નથી.

૨. મધ્યકાલીન ગુજરાતીમાં માત્ર 'સ' જ વપરાશમાં હતો. ત્યારબાદ અર્વાચીન ગુજરાતીમાં 'સ' ઉપરાંત 'શ' ધ્વનિ સ્વતંત્ર રીતે ઉચ્ચારાતો થાય છે. 'કરિસ્યઇ'નું 'કરશે' 'કસિઉં'નું 'કશું' 'કસ્યું'નું 'કશું', 'સિઉં'નું 'શું', 'સ્યું'નું 'શું', 'સિયાળો'નું 'શિયાળો', 'સેઠ'નું 'શેઠ', 'દોસી'નું 'દોશી' એમ ઉચ્ચારવા શરૂ થયા.

જ્યારે 'ષ' માત્ર સંસ્કૃતમાંથી સીધા ઉછીના લીધા હોય તેવા શબ્દોના લેખનમાં સચવાયો છે. જેમ કે, 'જ્યોતિષ', 'માનુષ' વગેરે.

૩. 'હ' કે 'હિ' કે 'હુ'નો ઉચ્ચાર 'હૅ' કે 'હૉ' થવાનું શરૂ થાય છે. જેમ કે 'બહિરઉ'નું 'બહેરું', 'પહરુ'નું 'પહૉર', 'પહુલઉ'નું 'પહૉળું' વગેરે 'હ'નો ઉચ્ચાર સ્વર સાથે થવા લાગ્યો. જેમ કે, 'બ્હૅન', 'ક્હે' વગેરે.

તો ક્યાંક 'હ' ઉચ્ચારતો બંધ થાય છે. જેમ કે, 'બારહ', 'તેરહ', 'ચૌદહ'નું અનુક્રમે બાર, તેર, ચૌદ વગેરે થાય છે.

### ૨.૨.૨.૨ ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકાનાં વ્યાકરણગત લક્ષણો

૧. ત્રીજી ભૂમિકાના વ્યાકરણગત લક્ષણોમાં ગુજરાતીમાં બહુવચનનો 'ઓ' પ્રત્યય ઉમેરાય છે. દા. ત. 'છોકરા'ને બદલે 'છોકરાઓ', 'ઘોડા'ને બદલે 'ઘોડાઓ' એમ ઉચ્ચારાય છે. આ રીતે બહુવચન માટે બે-બે પ્રત્યયોનો વપરાશ શરૂ થાય છે અને એ વ્યાપક બને છે.

૨. 'માં + આવ' જેવી વાક્યરચના થવા લાગે છે. દા. ત. લખવામાં આવશે, કહેવામાં આવ્યું, બોલવામાં આવશે, કરવામાં આવ્યું, વગેરે...

૩. અંગ્રેજીના 'to take'ના ગુજરાતી ભાષાતંર રૂપે 'લેવું' શબ્દ અનેક જગ્યાએ વપરાતો થયો. જેમ કે, સોગંદ લેવાય, પગલાં લેવાય, ભોજન લેવાય એવા પ્રયોગો થવા લાગે છે.

### ૨.૨.૨.૩ ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકાનું શબ્દભંડોળ

- સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં અંગ્રેજી શાસનને લીધે – અંગ્રેજી ભાષાના અનેક શબ્દો ગુજરાતીમાં આવ્યા અને સ્થિર થયા. રાજ્યવહીવટ, ખાન-પાન, કેળવણી, પોશાક, બાંધકામ, વિજ્ઞાન, આરોગ્ય વગેરેને લગતા શબ્દો અંગ્રેજીમાંથી આવ્યા અને ગુજરાતીમાં પ્રચલિત થયા.

રાજ્ય વહીવટ : ગવર્મેન્ટ, ગવર્નર, પાર્લામેન્ટ, કોર્ટ, કલેક્ટર, કોર્પોરેટર, કોર્પોરેશન, ક્લાર્ક, બોર્ડ, મિટિંગ, કમિટી, જજ, હઈકોર્ટ, સુપ્રિમકોર્ટ વગેરે.

કેળવણી : કૉલેજ, યુનિવર્સિટી, પ્રોફેસર, લેક્ચરર, રજિસ્ટ્રાર, લાઇબ્રેરી, મેગેઝિન, ડિક્શનરી, સ્કૂલ, ટીચર, હેડમાસ્તર, સૅનેટ, ક્લાસ, પ્રિન્સિપાલ વગેરે.

પોશાક : પેન્ટ, શર્ટ, ટાઈ, ટાઈપિન, સૂટ, સેન્ડલ, શૂઝ

બાંધકામ : કન્સ્ટ્રક્શન, કોન્ટ્રાક્ટર, બિલ્ડિંગ, મેન્શન, હોમ્સ, હાઉસ, મટીરિયલ વગેરે

વિજ્ઞાન : કેમેસ્ટ્રી, બાયોલોજી, ફિઝિક્સ, ટેલિફોન, ટેલિવિઝન, કાર, મશીન, ટ્રેન, એરોપ્લેન, કમ્પ્યૂટર, મોબાઇલ, રીમોટ કન્ટ્રોલ, એરકન્ડિશનર, ઍરોપ્લેન, જેટ વગેરે.

આરોગ્ય : ડૉક્ટર, નર્સ, હૉસ્પિટલ, વોર્ડ, ટાઇફોઈડ, કેન્સર, ઇન્ફેક્શન, સીરિંજ, મેડિસિન વગેરે.

- ગુજરાતમાં પોર્ટુગીઝોએ કેટલાક ભાગમાં – દીવ, દમણ વગેરેમાં શાસન કર્યું તેને લીધે પોર્ટુગીઝ ભાષામાંથી કેટલાક શબ્દો ગુજરાતી ભાષામાં આવ્યા છે. જેમ કે, આફુસ, અનાનસ, કૉફી, કાજુ, તમાકુ, બટાટા, ઇજનેર, મેજ, મોસંબી, બાલદી, પાટલૂન, કપ્તાન, મિસ્ત્રી વગેરે
- અર્વાચીન ભારતીય ભાષાઓમાંથી આવેલા શબ્દો :

મરાઠી : ગુજરાતમાં થોડો સમય મરાઠાઓનું શાસન રહ્યું. આ ઉપરાંત – પડોશી રાજ્ય હોવાને લીધે કેટલાંક મરાઠી ભાષાના શબ્દો ગુજરાતી ભાષામાં આવ્યા છે. જેમ કે, 'આઈ', 'ટકાઉ', 'પંત', 'હલકટ', 'નિમણૂક', 'માંગ', 'લબાડ' વગેરે

બંગાળી : 'મહાશય', 'બાબુ', 'બાની', 'રૂપસી', 'શ્રીયુત' વગેરે.

હિંદી : 'બાલ', 'બત્તી', 'આબાદી', 'શહીદ', 'જિંદગી', 'મંજિલ', 'શાયર', 'ગાયકી' વગેરે

દક્ષિણ ભારતીય : ભાષાઓના શબ્દો

(કન્નડ / તેલુગુ / આંધ્ર)

તેલુગુ / કન્નડ : 'વકટ', 'લેણ', 'મ્રૂર', 'નાર', 'કાલવવું' 'એલચી', 'કંઠારવું', 'ચડ્ડી', 'ઢબુ', 'દાટા', 'પૈકી', ફૂરચો વગેરે.

*** તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. અંત્ય 'અ' સ્વરનો લોપ થતો હોય એવા શબ્દોની યાદી કરો.

૨. 'સ'ના બદલે 'શ'નું ઉચ્ચારણ થતું હોય એવા પાંચ શબ્દો લખો.

૩. 'બારહ'નું 'બાર' એ કયા પ્રકારનું પરિવર્તન છે.

૪. ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકાના વ્યાકરણગત લક્ષણો નોંધો.

૫. અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષામાં વિજ્ઞાન, કેળવણી, આરોગ્યને લગતા શબ્દો કયા કયા છે; તેની યાદી કરો.

૬. નીચેના શબદો કઈ ભાષામાંથી ગુજરાતીમાં આવેલા છે; તે જણાવો.
શ્રીયુત, લબાડ, ટકાઉ, ગાયકી, ઢબુ, કાલવવું, બાલદી, બટાટા, સેન્ડલ, હાઈકોર્ટ, સીરિંજ

## ૨ઃ૩ સારાંશ :

ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ – અપભ્રંશમાંથી થયો – જેનો સમય અગિયારમી સદીથી ચૌદમી સદી સુધીનો છે. જે ગુજરાતી ભાષાની પ્રથમ ભૂમિકા છે. ત્યાર બાદ બદલાયેલી રાજકીય પરિસ્થિતિઓને લીધે ચૌદમી-પંદરમી સદીમાં ગુજરાતી ભાષા, જયપુરી, રાજસ્થાની, માળવીથી જુદી પડે છે. ત્યાર પછી ગુજરાતી ભાષામાં ઘણાં પરિવર્તનો આવે છે.

ગુજરાતી ભાષાના વિકાસની 'બીજી ભૂમિકા'નો સમય – ઈ.સ. પંદરમી સદીથી સત્તરમી સદીના પૂર્વાર્ધનો ગણાયો છે. જેમાં ધ્વનિગત, વ્યાકરણગત અને શબ્દભંડોળને લગતાં પરિવર્તનો થયાં છે. જેમાં 'અઇ'નું 'ઇ'; 'અઉ'નું 'ઉ' 'લિખઇ'નું 'લખે' આદિ મહત્ત્વનાં પરિવર્તનો છે. તો બે સ્વરની વચ્ચે આવેલા 'લ'નો ઉચ્ચાર 'ળ' થાય છે. પ્રથમ પુરુષ બહુવચન પ્રત્યય 'ઈએ'નો ઉપયોગ અને 'પણું' અને 'હાર' જેવા પ્રત્યયોનો વપરાશ શરૂ થાય છે. આ પરિવર્તન દરમિયાન અરબી-

ફારસીના અનેક શબ્દો ગુજરાતી ભાષામાં ઉમેરાય છે અને સ્થિર થાય છે.

ગુજરાતી ભાષાના વિકાસની 'ત્રીજી ભૂમિકા'નો સમય ઈ.સ. સત્તરમી સદીના ઉત્તરાર્ધથી આજ સુધીનો છે. જેમાં, ઉચ્ચારણની રીતે 'સ' અને 'શ'નું પરિવર્તન, મર્મર સ્વરનો વપરાશ અને બહુવચન માટે ઑ પ્રત્યયનો વપરાશ શરૂ થાય છે. તો અંગ્રેજીની અસરને લીધે 'to take'નું 'લેવું' અને 'માં+આવ' 'લખવામાં આવશે' એવી વાક્યરચનાઓનું ચલણ વધે છે.

## ૨.૪ કેટલાંક ઉપયોગી પુસ્તકો

(૧) ગુજરાતી ભાષા ઉદ્‌ગમ – વિકાસ અને સ્વરૂપ
ડૉ. કાન્તિલાલ બળદેવરામ વ્યાસ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૫.

(૨) ભાષા પરિચય અને ગુજરાતીભાષાનું સ્વરૂપ
જયંત કોઠારી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૯

(૩) ભાષાનો વૈજ્ઞાનિક અભ્યાસ
ડૉ. યોગેન્દ્ર વ્યાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૦૦

## ૨.૫ તમારી પ્રગતિના જવાબો

*** તમારી પ્રગતિના જવાબો-૧**

૧. ખરાં-ખોટાં વિધાનો

(૧) ખોટું.
ગુજરાતમાં મુસ્લિમ શાસનમાં રાજ્યવહીવટની ભાષા ફારસી થાય છે.

(૨) ખરું

(૩) ખોટું.
ગુજરાતની રાજધાની પાટણથી અમદાવાદ બને છે.

(૪) ખરું

(૫) ખરું

(૬) ખરું.

(૭) ખોટું. આ પદ નરસિંહ મહેતાનું છે.

(૮) ખોટું. નરસિંહ, ભાલણ, મીરાં, અખો આ સમયગાળાના મહત્ત્વના સર્જકો છે.

(૯) ખરું

(૧૦) ખરું

(૧૧) ખોટું. 'આષાઢ' પરથી 'અષાઢ' એ 'આ'નો 'અ' થવાથી બન્યો છે.

(૧૨) ખરું

(૧૩) ખરું

(૧૪) ખરું

(૧૫) ખરું

## તમારી પ્રગતિ ચકાસોના જવાબો-૨

૨. ફારસી મૂળના ગુજરાતી ભાષામાં વપરાતા શબ્દો.

(૧) શરણાઈ, ઉસ્તાદ

(૨) બાદશાહ, ફરમાન, માલિક

(૩) મહેલ, દરવાજા

(૪) અમલદાર, માલિક, કચેરી, પરવાનો, ફરમાન

(૫) દરદી, ઇલાજ

## તમારી પ્રગતિ ચકાસોના જવાબો-૩

| | અ | | બ |
|---|---|---|---|
| (૧) | નરસિંહ મહેતા | – | સખી આજની ઘડી રળિયામણી |
| (૨) | મીરાંબાઈ | – | ગોવિંદો પ્રાણ અમારો |
| (૩) | ભાલણ | – | નારી કોએ નહીં તુજ સરખી |
| (૪) | અખા | – | દેહાભિમાન હતું પાશેર |

## તમારી પ્રગતિ ચકાસોના જવાબ-૪

(૧) રામ, કામ, યોગ, રમત, જગત

(૨) શેઠ, શું, શિયાળો, દોશી, કશું

(૩) અંતે 'હ'નું ઉચ્ચારણ થતું નથી.

(૪) (૧) બહુવચનનો 'ઓ' પ્રત્યય વપરાવો શરૂ થાય છે.

(૨) 'માં+આવ' જેવી વાક્યરચનાઓ થાય છે.

(૩) 'to take'ના આધારે 'લેવું' એમ પ્રચલિત થાય છે.

(૫) અંગ્રેજીમાંથી – ગુજરાતી ભાષામાં

વિજ્ઞાનને લગતા શબ્દો : કેમેસ્ટ્રી, બાયોલોજી, સાયન્સ, જેટ વગેરે

કેળવણીને લગતા શબ્દો : કૉલેજ, યુનિવર્સિટી, પ્રોફેસર, લાઇબ્રેરી વગેરે

આરોગ્યને લગતા શબ્દો : ડૉક્ટર, નર્સ, હૉસ્પિટલ, વોર્ડ, મેડિસિન વગેરે

(૬) શબ્દ ભાષા

શ્રીયુત – બંગાળી

લબાડ – મરાઠી

ટકાઉ – મરાઠી

ગાયકી – હિંદી

ઢબુ – કન્નડ / તેલુગુ

કાલવવું – કન્નડ / તેલુગુ

બાલદી – પોર્ટુગીઝ

બટાટા – પોર્ટુગીઝ

સેન્ડલ – અંગ્રેજી

હાઈકોર્ટ – અંગ્રેજી

સીરિંજ – અંગ્રેજી

## ૨.૬ સ્વાધ્યાય

(૧) ગુજરાતી ભાષાના વિકાસની બીજી ભૂમિકા દરમિયાન થયેલા ધ્વનિગત, વ્યાકરણગત પરિવર્તનો ઉદાહરણ સાથે લખો.

(૨) ગુજરાતી ભાષાના વિકાસની ત્રીજી ભૂમિકા દરમિયાન થયેલા ધ્વનિગત, વ્યાકરણગત પરિવર્તનો સવિસ્તાર બળ

(૩) ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ પર વિગતે નોંધ લખો.

ignou
THE PEOPLE'S
UNIVERSITY

# એકમ : ૩ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

પ્રકરણની રૂપરેખા

૩:૧. ગુજરાતની રાજકીય સાંસ્કૃતિક ભૂમિકા તથા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ

- ૩:૧:૧ ઉદ્દેશ
- ૩:૧:૨ પ્રસ્તાવના
- ૩:૧:.૩ ગુજરાતની રાજકીય સાંસ્કૃતિક ભૂમિકા
- ૩:૧:૪ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ અને મર્યાદાઓ
- *તમારી પ્રગતિ ચકાસો - ૧

૩:૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય (નરસિંહ પૂર્વેના કવિઓ અને કવિતા

- ૩:૨:૦ ઉદ્દેશો
- ૩:.૨:૧. પ્રસ્તાવના
- ૩:.૨:૨ નરસિંહ પૂર્વેના જૈન કવિઓ અને તેમની કવિતા
- *તમારી પ્રગતિ ચકાસો - ૨
- ૩:૨:૩ નરસિંહ પૂર્વેના જૈનેતર કવિઓ
- *તમારી પ્રગતિ ચકાસો - ૩

૩:૩. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય (પંદરમો સૈકો)

- ૩:૩:૦ ઉદ્દેશો
- ૩:૩:૧ પ્રસ્તાવના
- ૩:૩:૨ પંદરમા શતકના પ્રમુખ કવિ નરસિંહ મહેતા
- ૩:૩:૩ પંદરમા શતકના ઉલ્લેખનીય કવિઓ
- *તમારી પ્રગતિ ચકાસો - ૪

૩:૪. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય (સોળમો સૈકો)

- ૩:૪:૦ ઉદ્દેશો
- ૩:૪:૧ પ્રસ્તાવના
- ૩:૪:૨ સોળમા શતકના પ્રમુખ કવિ : મીરાંબાઈ
- ૩:૪:૩ સોળમા શતકના ઉલ્લેખનીય કવિઓનો સંક્ષિપ્ત પરિચય

૩:૫. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય (સત્તરમો સૈકો)સત્તરમા શતકના કવિઓ

- ૩:૫:૦ ઉદ્દેશો
- ૩:૫:૧ પ્રસ્તાવના
- ૩:૫:૨ અખાનું જીવન-કવન
- ૩:૫:૩ અખાના સમકાલીન અને અનુગામી જ્ઞાનમાર્ગી કવિઓ
- ૩:૫:૪ પ્રેમાનંદનું જીવનકવન
- ૩:૫:૫ પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારો
- *તમારી પ્રગતિ ચકાસો - ૫

૩:૬ પદ્યવાર્તાકાર શામળ

- ૩:૬:૦ ઉદ્દેશો
- ૩:૬:૧ પ્રસ્તાવના
- ૩:૬:૨ શામળનું જીવન-કવન
- ૩:૬:૩ ચાવીરૂપ શબ્દો
- *તમારી પ્રગતિ ચકાસો - ૬

ignou THE PEOPLE'S UNIVERSITY

૩ઃ૭ દયારામ

૩ઃ૭ઃ૦ ઉદ્દેશો

૩ઃ૭ઃ૧ પ્રસ્તાવના

૩ઃ૭ઃ૨ દયારામનુંનું જીવન-કવન

૩ઃ૭ઃ૩ સંક્ષિપ્ત કૃતિ પરિચય

૩ઃ૭ઃ૪ દયારામનાં ભક્તિબોધનાં પદો

૩ઃ૭ઃ૫ દયારામની ગરબીઓ

*તમારી પ્રગતિ ચકાસો - ૭

૩ઃ૮ મીરાંબાઈ પછીની ભક્તિ કવિતા

૩ઃ૮ઃ૦ ઉદ્દેશો

૩ઃ૮ઃ૧ પ્રસ્તાવના

૩ઃ૮ઃ૨ બિનસાંપ્રદાયિક કવિતા

૩ઃ૮ઃ૩ સાંપ્રદાયિક કવિતા

૩ઃ૮ઃ૪ સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતા

૩ઃ૮ઃ૫ મુસ્લિમ અને ખ્રિસ્તી કવિઓ

૩ઃ૮ઃ૬ મધ્યકાલીન સ્ત્રી કવિઓ-કવયિત્રીઓનું પ્રદાન

*તમારી પ્રગતિ ચકાસો - ૮

૩ઃ૯ ચાવીરૂપ શબ્દો (૧) (૨)

## ૩ઃ૧ ગુજરાતની રાજકીય સાંસ્કૃતિક ભૂમિકા તથા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ

### ૩ઃ૧ઃ ૧ ઉદ્દેશો

આ એકમ મધ્યકાળના ગુજરાતી સાહિત્યના અભ્યાસમાં આપનો પ્રવેશ કરાવશે. આ એકમનો અભ્યાસ કર્યા પછી આપ –

- મધ્યકાલીન ગુજરાતીસાહિત્યના સમયથી પરિચિત થશો.
- મધ્યકાલીન ગુજરાતીરાજકીય તથા સાંસ્કૃતિક ભૂમિકાથી પરિચિત થશો.
- મધ્યકાલીન ગુજરાતીસાહિત્યની વિશિષ્ટતાઓ પરિચિત થશો.

### ૩ઃ૧ઃ૨ પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યને મધ્યકાળ અને અર્વાચીનકાળ એવા બે મુખ્ય કાળખંડમાં જોઈએ તો મધ્યકાળનો તબક્કો ઈ.સ. ૧૧૫૦થી શરૂ થયો ગણાય. મધ્યકાળ પૂર્વેનું સાહિત્ય પ્રાકૃત અને અપભ્રંશમાં સર્જન પામેલું હતું. ઈ.સ. ૧૧૫૦થી ૧૮૫૦ સુધીનો સાત દાયકાનો કાળખંડ એટલે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય. આ ગાળાના સાહિત્યની હસ્તપ્રતોનું સંશોધન થવાથી આ સાહિત્યને ઐતિહાસિક કાળક્રમમાં ગોઠવી અભ્યાસ કરવાનું સરળ બન્યું. ઘણી હસ્તપ્રતોનું સંશોધન બાકી છે. આજ પર્યંત જે સંશોધન સંપાદન, થયું છે તેનો ઇતિહાસ ઘણો માતબર

અને રસપ્રદ છે.



### ૩ઃ૧ઃ૩ ગુજરાતની રાજકીય – સાંસ્કૃતિક ભૂમિકા

મધ્યકાળના ગુજરાતી સાહિત્યનો સમય ઈ.સ. ૧૧૦૦થી ૧૮૫૦ સુધીનો ગણાય છે. આ સમયગાળાની રાજકીય સાંસ્કૃતિક ભૂમિકાથી પરિચિત થવું જરૂરી છે. કોઈ પણ સમયના સાહિત્ય પર જે-તે સમયની રાજકીય સાંસ્કૃતિક ગતિવિધિની અસર પડતી હોય છે.

*** સોલંકી – વાઘેલાનો શાસનકાળ**

(ઈ.સ. ૯૪૨-૧૩૦૪) ગુજરાતનો સુવર્ણકાળ ગણાય છે. મૂળરાજ સોલંકીએ સોલંકી રાજવંશની સ્થાપના કરી. ચૌલુક્ય (સોલંકી) કુળના મૂળરાજ, સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળ પ્રતાપી રાજાઓ તરીકે જાણીતા છે. સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળના સમયમાં શિલ્પ, સ્થાપત્ય અને કલાને પ્રોત્સાહન મળે છે. સિદ્ધપુરનો રુદ્રમહાલય, પાટણનું સહસ્ત્રલિંગ સરોવર એ સમયનાં સુપ્રસિદ્ધ સ્મારકો છે. આ સમયમાં થયેલા જૈન આચાર્ય હેમચંદ્ર સૂરિશ્વરજીએ 'સિદ્ધહેમ' નામે વ્યાકરણગ્રંથ તથા 'કાવ્યાનુશાસન', 'છંદોનુશાસન' આદિ ગ્રંથો આપ્યા.

વાઘેલાનો શાસનકાળ : ઈ.સ. ૧૨૪૪ (વિ. સં. ૧૩૦૦)માં મૂળરાજ સોલંકી યુગ સમાપ્ત થયો. ધોળકાના રાણા વીસલદેવ જે રાણા વીરધવલના પુત્ર હતા, તેમણે અણહિલવાડની ગાદી સંભાળી. એમની પરંપરામાં કર્ણદેવના શાસન વખતે દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીની ફોજે ઈ.સ. ૧૨૯૯ તથા ઈ.સ. ૧૩૦૪માં ગુજરાત પર આક્રમણ કર્યું. જેના પરિણામે ગુજરાતમાં સોલંકી-વાઘેલા યુગ સમાપ્ત થયો અને દિલ્હી સલ્તનતની હકૂમત સ્થપાઈ.

*** મુસ્લિમ સલ્તનતનો શાસનકાળ (ઈ.સ. ૧૩૦૫થી ૧૭૩૦)**

ગુજરાતમાં સાડાચારસો વર્ષ જેટલો લાંબો સમય મુસ્લિમોનું શાસન રહ્યું. મધ્યકાળના આ સમયમાં સાહિત્ય સર્જનમાં નોંધપાત્ર રચનાઓ મળી. ઈ.સ. ૧૨૯૭માં કરણ વાઘેલાનો પરાજય થયો અને અલ્લાઉદ્દીન ખીલજીએ પાટણ જીતી લીધું. મુસ્લિમ તઘલખ બાદશાહોના શાસનના પ્રારંભિક તબક્કાઓમાં પ્રજાજીવનમાં ઘણી હાડમારી આવી. ધર્મસ્થાનકો પરના હુમલાઓ, મૂર્તિઓનું ખંડન જેવી પ્રવૃત્તિઓ થઈ. આ સમયમાં જ ગુજરાતી ભાષાનું ઘડતર થયું. પ્રાકૃત – અપભ્રંશમાંથી ગુજરાતી તરફનો ભાષાના પરિવર્તનની ભૂમિકાનો આ સમય રહ્યો.

અહમદશાહે ઈ.સ. ૧૪૧૧માં 'અહમદઆબાદ' શહેર વસાવ્યું જે કાળક્રમે અહમદાબાદ – અમદાવાદ તરીકે જાણીતું બન્યું. ઈ.સ. ૧૪૫૨થી ૧૪૫૮ સુધી અહમદશાહના પૌત્ર કુત્બુદ્દીનનું શાસન રહ્યું. કુત્બુદ્દીને સુપ્રસિદ્ધ કાંકરિયા તળાવ બનાવ્યું.

મુસ્લિમ સલ્તનતના આ ગાળામાં શિલ્પ-સ્થાપત્ય ક્ષેત્રે સમૃદ્ધિ આવી. અમદાવાદ, ચાંપાનેર, પાટણ, વિરમગામ, મોઢેરા, ખંભાત, જૂનાગઢ આદિ નગર-શહેરોમાં મસ્જિદો નિર્માણ પામી. આ કાળમાં મુસ્લિમ શાસકો દ્વારા ધર્માંતરણની પ્રવૃત્તિ પણ વિકસી.

*** ગાયકવાડ અને અંગ્રેજોનું શાસન (ઈ.સ. ૧૭૩૧થી ૧૮૫૦)**

અંગ્રેજોના શાસનમાંથી આપણો દેશ ૧૯૪૭માં સ્વતંત્ર થયો. મધ્યકાળના ૧૮૫૦ના વર્ષ સુધી ગાયકવાડી અને અંગ્રેજોનું શાસન ગુજરાતમાં પ્રભાવક રહ્યું. ઈ.સ. ૧૭૩૨માં ગાયકવાડે વડોદરામાં શાસન સ્થાપ્યું. ૧૮૧૮માં અંગ્રેજ વેપારી પેઢી ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પગપેસારાએ ધીમેધીમે પોતાનો પ્રભાવ વધાર્યો. ગુજરાતનાં ગોંડલ, ભાવનગર, વડોદરા આદિ રજવાડાંઓએ શિલ્પ-સ્થાપત્યની દૃષ્ટિએ ઉલ્લેખનીય ઇમારતો રચી. સાહિત્યની દૃષ્ટિએ આ સમયગાળામાં સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ ઓછી રચનાઓ મળે છે તેથી આ સમયગાળાને 'મધ્યયુગ' તરીકે પણ અભ્યાસુઓ ઓળખે છે.

આમ, સોલંકી-વાઘેલાના શાસનકાળથી લઈ અંગ્રેજોના શાસન સુધીનાં લગભગ નવસો વર્ષ જેટલા દીર્ઘ સમયપટ પર ગુજરાતી ભાષા, પરિવર્તનના દોરમાંથી પસાર થઈ. મુસ્લિમ શાસનના સૈકાઓના સમયના કારણે અરબી-ફારસી-ઉર્દૂનો ગુજરાતી ભાષા પર પ્રભાવ વધ્યો.

મુસ્લિમ આક્રમણખોરો સામે પરાજિત કહેવાય એવી ભૂમિકાના કારણે ઈશ્વરપ્રીતિનાં કાવ્યો, પદરચનાઓનું પ્રમાણ વધ્યું.

### ૩:૧:૪ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ અને મર્યાદાઓ

(અ) વિશેષતાઓ

(૧) મધ્યકાલીન સાહિત્યની મુખ્ય વિશેષતા એ છે કે મોટા ભાગનું સાહિત્ય પદ્ય સાહિત્ય છે.

(૨) મધ્યકાળમાં 'પૃથ્વીચંદ્રચરિત', 'વચનામૃત' કે 'સંત સૈયા' જેવી અપવાદરૂપ ગદ્યકૃતિઓ મળી છે.

બાલાવબોધો, ઔક્તિકો જેવી ગદ્યરચનાઓમાં સાહિત્યિક ગુણવત્તા નહિવત હોવાથી તેને ગદ્યકૃતિના અપવાદરૂપ પ્રયાસો તરીકે જ નોંધ લેવામાં આવે છે.

(૩) વિષયવસ્તુ તરીકે મધ્યકાળના ગુજરાતી સાહિત્યમાં કેન્દ્રસ્થાને ધર્મની જ પ્રતિષ્ઠા થઈ છે. 'ધર્મકેન્દ્રી' – ભક્તિ-અધ્યાત્મ, વૈરાગ્યનો બોધ આપતી પદ્યરચનાઓ મધ્યકાળમાં વધારે માત્રામાં જોવા મળે છે.

(૪) નરસિંહ મહેતા પૂર્વેના સાહિત્યમાં જૈન મુનિઓ દ્વારા રચાયેલા ફાગુ કાવ્યોમાં પણ વૈરાગ્યબોધ તેનું અંતિમ લક્ષ્ય છે.

(૫) મધ્યકાળના રચનાકારો સંત, ભક્ત હોવાનાં પ્રમાણો વધારે સંખ્યામાં મળે છે. આ રચનાકારો કૃતિના અંતે પોતાના નામનો ઉલ્લેખ કરે છે; જેમ કે 'ભણે નરસૈંયો', 'બાઈ મીરાં કહે', 'કહે અખો', 'ભટ્ટ પ્રેમાનંદ નામ', 'દયાના પ્રીતમ' આદિ... પણ આ કવિઓને કવિપદનું અભિમાન ન હતું.

પ્રભુપ્રીતિ, ભગવાનની ભક્તિ કરવાના ઉત્સાહની અનાયાસ શાબ્દિક અભિવ્યક્તિ પદ સ્વરૂપે વહેતી થઈ અને સાહિત્ય સરવાણીનો મૂલ્યવાન વારસો બની ગઈ.

(૬) એક જ વિષય પર એકાધિક કવિઓએ રચના કરી છે જે એક નોંધપાત્ર લક્ષણ છે. 'દશમસ્કંધ' આધારિત રચના હોય કે 'સુદામાચરિત્ર' કે 'મામેરું' આદિ વિષયક રચનાઓમાં એક જ વિષય પર અનુગામી સર્જક દ્વારા બીજી રચના કરવામાં આવે તો તે અજુગતું લાગતું નહિ. સહુ પોતાની પ્રતિભાના આધારે ખ્યાત વિષયને માવજત આપતા હતા.

(૭) મધ્યકાળના સાહિત્યકારોનું જીવન અને કવન બંને તત્કાલીન પ્રજાજીવનને માટે માર્ગદર્શક, આશ્વાસક અને જીવનપ્રેરક હતું. રાજકીય અશાંતિ, ધર્માંતરણ અને અરાજકતાના વિષમ કાળમાં મધ્યકાલીન સાહિત્યે સંતપ્ત પ્રજાને મૂલ્યવાન જીવનબોધ આપ્યો. ઈશ્વર પ્રત્યેની આસ્થાના, પ્રભુભક્તિના સરળ, સારગ્રાહી અભિવ્યક્તિએ પ્રજાને વિસામો આપ્યો.

(બ) મર્યાદાઓ :

(૧) મધ્યકાળમાં મુદ્રણયંત્રો હતાં નહિ. મોટા ભાગનું સાહિત્ય હસ્તપ્રતોમાં જ મળ્યું છે. હસ્તપ્રતો લહિયાઓ દ્વારા લખવામાં આવેલી હોવાથી મૂળ પાઠને ઓળખવો અઘરો છે. લહિયા દ્વારા થયેલ ફેરફાર કે ભૂલના કારણે મૂળ સર્જકની રચના વિશે શોધ કરીને અર્થઘટન કરવાનું કે તારણ કાઢવાનું રહે. જે દરેક વખતે મૂળ રચનાકારને કે રચનાને ન્યાય આપી શકે તેની કોઈ ખાતરી નથી.

(૨) કેન્દ્ર સ્થાને ધર્મ અને મૂળ ઉદ્દેશ ઈશ્વરપ્રાપ્તિનો જ હોવાથી વિષયવસ્તુ ખૂબ સાંકડું કહો કે મર્યાદિત હતું.

(૩) મધ્યકાળના સાહિત્યના સમયમાં વિવેચન કે સમીક્ષા નથી થઈ. મધ્યયુગમાં સાહિત્યનું વિવેચન કરવાની કોઈ પરંપરા નહિ હોવાના કારણે કાવ્યગુણ-દોષની ચર્ચા ન થઈ.

(૪) જીવનરસનું સાહિત્ય મધ્યકાળમાં મળતું નથી. જીવનમુક્તિ, જીવનની સાર્થકતા આદિ માટે તત્ત્વદર્શન, ભક્તિ આદિની કવિતા વિશેષ માત્રામાં થઈ છે.

### *તમારી પ્રગતિ ચકાસો-૧

૧. મધ્યકાળના ગુજરાતની રાજકીય – સાંસ્કૃતિક ભૂમિકા સ્પષ્ટ કરો.

૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મુખ્ય વિશિષ્ટતાઓ જણાવો.

૩. મધ્યકાળના ગુજરાતી સાહિત્યની કેટલીક મર્યાદાઓ નોંધો.

## ૩ઃ૨ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય(નરસિંહ પૂર્વેના કવિઓ અને કવિતા)

### ૩ઃ૨.૦ ઉદ્દેશો

આ એકમ દ્વારા મધ્યકાલીન સાહિત્યના કવિઓ અને તેમની કવિતાના પ્રારંભિક ઇતિહાસના અભ્યાસમાં તમારો પ્રવેશ થાય છે.

- નરસિંહ મહેતા પૂર્વેના સાહિત્યકારો અને તેમની રચનાઓથી તમે પરિચિત થશો.
- જૈનકવિઓ અને જૈનેતર કવિઓના સાહિત્યિક પ્રદાનનો પરિચય થશે.

### ૩ઃ૨.૧ પ્રસ્તાવના

ગુજરાતના મધ્યકાળના રાજકીય – સાંસ્કૃતિક ઘડતરબળોથી તમે પરિચિત થયા છો. શરૂઆતમાં, નરસિંહ મહેતા પૂર્વે જૈન મુનિઓ દ્વારા અને સમાંતરપણે જૈન સિવાયના અન્ય કવિઓએ વિવિધ કાવ્યપ્રકારમાં કાવ્યરચના કરી છે. મધ્યકાળના પ્રારંભની કવિતા અને તેના સર્જકો વિશે અભ્યાસની દિશા ખૂલે તેવી માર્ગદર્શક, પરિચયાત્મક રૂપરેખા અત્રે આપવાનો ઉપક્રમ છે.

### ૩ઃ૨.૨ નરસિંહ પૂર્વેના જૈન કવિઓ અને તેમની કવિતા

નરસિંહ પૂર્વેના જૈન કવિઓ એ જૈન સંતો હતા. જૈન આચાર્ય હેમચંદ્રાચાર્યથી મધ્યકાળના ગુજરાતી સાહિત્યની શરૂઆત થઈ એમ સાર્વત્રિક સ્વીકૃત થયું છે. જૈન સાધુઓની રચનાઓ સંસારત્યાગની કવિતા છે. કેટલાક ઉલ્લેખનીય કવિઓ અને તેમની રચનાઓ નીચે મુજબ છે.

૧ શાલિભદ્રસૂરિ : આ કવિ દ્વારા ઈ.સ. ૧૧૮૫માં ‘ભરતેશ્વર–બાહુબલિ–રાસ’ મળે છે. આ કથા ઉપર વજસેનસૂરિ દ્વારા ‘ભરતેશ્વર–બાહુબલિ–ઘોર’ નામની રચના પણ મળે છે. શાલિભદ્રસૂરિ અને વજસેનસૂરિ પ્રારંભકાલીન કવિઓ છે.

૨ ઈ.સ. ૧૨૧૦માં ધર્મસેનસૂરિએ રચેલી ‘જમ્બૂસ્વામિચરિય’ તથા ઈ.સ. ૧૨૩૧માં વિજયસેનસૂરિની ‘રેવંતગિરિરાસુ’ જેવી રચનાઓ પ્રારંભકાલીન ભાષાપ્રયોગોના અભ્યાસુઓ માટે મહત્ત્વની રચનાઓ છે.

૩ ઈ.સ. ૧૨૮૫ – ‘જિનચંદ્રસૂરિ ફાગુ’ – ફાગુ સ્વરૂપની સૌથી પ્રથમ કાવ્યરચના ગણાય છે. ઈ.સ. ૧૩૩૪માં જિનપદ્મસૂરિએ ‘સ્થૂલિભદ્ર ફાગુ’ની રચના કરી છે. આ ફાગુમાં વર્ષાઋતુનું વર્ણન છે.

૪ કેટલીક મહત્ત્વની ફાગુરચનાઓ નીચે મુજબ છે :
કવિ રાજશેખરસૂરિનો – નેમિનાથફાગુ (૧૩૪૯)
અજ્ઞાત કવિ – જમ્બુસ્વામિફાગુ (૧૩૭૪)
મેરુનન્દન – જીરાપલ્લી-પાર્શ્વનાથ ફાગુ
સમુધર – નેમિનાથ ફાગુ
અજ્ઞાત કવિ – પુરુષોત્તમ-પંચ-પડળ ફાગ
અજ્ઞાત કવિ – ભરતેશ્વર – ચક્વર્તી ફાગ
માણિક્યચંદ્રસૂરિ – ‘નેમિશ્વરચરિત ફાગુ’
સોમસુંદરસૂરિ – ‘રંગસાગરનેમિ ફાગ’

– આ બધી ફાગુ રચનાઓ જૈન સંતો દ્વારા રચાયેલી છે. ફાગુ મધ્યકાળનો એક કાવ્યપ્રકાર છે.

***તમારી પ્રગતિ ચકાસો-૨**

- જૈન કવિઓની ફાગુ રચનાઓ તથા તેના સર્જકો વિશે માહિતી આપો.
- તમારી પ્રગતિ ચકાસોના જવાબ માટે ૨.૨ તથા ૨.૨.૧ની વિગતોનો અભ્યાસ કરો.

**૩ઃ૨ઃ૩ નરસિંહ પૂર્વેના જૈનેતર કવિઓ :**

નરસિંહ મહેતા પૂર્વે જૈન સંતો દ્વારા પ્રાપ્ત થયેલા સાહિત્ય ઉપરાંત જૈનેતર કવિઓ પણ હતા. મોડાસાના કવિ અબ્દુલ રહેમાનની 'સંદેશકરાસક' રચના; જે કાલિદાસના 'મેઘદૂત'થી પ્રેરિત છે. ઉપરાંત શ્રીધર પાસેથી વીરરસ સભર 'રણમલ્લ છંદ' મળે છે. આ સમયગાળાની અન્ય રચનાઓમાં અજ્ઞાત કવિકૃત 'વસંતવિલાસ' મળે છે જે ૮૪ કડીનું મહત્ત્વનું ઋતુકાવ્ય છે. ચતુર્ભુજની 'ભ્રમરગીતા' તથા અજ્ઞાત કવિની 'હરિવિલાસ' 'નારાયણ ફાગુ' જેવી રચનાઓ પણ નોંધપાત્ર છે.

અસાઈત દ્વારા રચાયેલી 'હંસાઉલી' અને કવિ ભીમની રચના 'સદયવત્સચરિત' જાણીતી લોકવાર્તાઓ છે. 'હંસાઉલી'માં નરવાહન તથા વચ્છરાજ નામના જોડિયા ભાઈઓની પરાક્રમ ભરપૂર ગાથા આલેખાઈ છે. સદેવંત – સાવળિંગાની કથા 'સદયવત્સ ચરિત'માં વીર, શૃંગાર અને અદ્ભુત રસના કલાત્મક વિનિયોગથી કૃતિ યાદગાર બની છે.

***તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. નરસિંહ પૂર્વેના મહત્ત્વના જૈન કવિઓ વિશે લખો.
૨. 'અ' અને 'બ'ને યોગ્ય રીતે જોડો

| અ | બ |
|---|---|
| (૧) અબ્દુલ રહેમાન | સદયવત્સ ચરિત |
| (૨) અસાઈત | સંદેશકરાસક |
| (૩) શ્રીધર | હંસાઉલી |
| (૪) ભીમ | રણમલછંદ |

## ૩ : ૩. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય (પંદરમો સૈકો)

### ૩ : ૩.૦ ઉદ્દેશો

- આ એકમના અભ્યાસથી તમે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પંદરમા શતકમાં પ્રદાન કરનાર મહત્ત્વના કવિઓનો સંક્ષિપ્ત પરિચય મેળવશો.
- અત્રે સમગ્રલક્ષી ઇતિહાસ આપવાનો ઉપક્રમ નથી. આ સર્જકોના જીવન-કવનની માહિતી

મધ્યકાળના સાહિત્ય વિશે સજ્જતા કેળવવામાં સહાયક થશે.

### ૩ : ૩.૧ પ્રસ્તાવના

મધ્યકાળમાં નરસિંહ મહેતાથી લઈ દયારામ સુધીના સર્જકોએ મુખ્યત્વે ધર્મકેન્દ્રી એવી રચનાઓ આપી છે. વિવિધ કાવ્યપ્રકારોમાં મળતી આ પદ્યરચનાઓ મધ્યકાલીન ગુજરાતની મૂડી છે. કૃષ્ણપ્રીતિની કવિતા, આખ્યાન, છપ્પા, ગરબી આદિ કાવ્યરચનાઓના જીવન-કવનની સંક્ષિપ્ત માહિતી આપવાનો ઉપક્રમ છે.

### ૩ : ૩.૨ પંદરમા શતકના પ્રમુખ કવિ : નરસિંહ મહેતાનો પરિચય

મધ્યકાળના આ કવિને ગુજરાતી ભાષાના 'આદિકવિ' કહેવામાં આવે છે. ગુણવત્તા અને રચનાઓની સંખ્યાના આધારે તેમને આદિકવિ તરીકેની સર્વસ્વીકૃત ઓળખ મળી છે. તેમના જન્મ સમય વિશે અધિકૃત માહિતી નથી, પણ વિવિધ મતોને અંતે વિવેચક શ્રી અનંતરાય રાવળ દ્વારા સંશોધન ઈ.સ. ૧૪૧૪-૧૫થી ૧૪૮૦ સુધીના અપાયેલ સમયને સ્વીકારવાનું વલણ સ્વીકૃત બન્યું છે.

જૂનાગઢ પાસેના તળાજા ગામમાં વડનગરા નાગર જ્ઞાતિમાં જન્મેલા આ કવિએ બાળપણમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી હતી. જૂનાગઢમાં ભાઈ-ભાભીની સાથે ઊછરતા નરસિંહને સાધુ-સંતોનો સમાગમ ગમતો હતો. દંતકથા મુજબ ભાભીના મહેણાથી ગૃહત્યાગ કરી નરસિંહ જંગલમાં અપૂજ મહાદેવની આરાધના કરે છે. મહાદેવ પ્રસન્ન થઈને કૃષ્ણની રાસલીલાનાં દર્શન કરાવે છે. કૃષ્ણભક્તિ નરસિંહનું જીવનકાર્ય બની જાય છે.

**નરસિંહ મહેતાની સાહિત્યસેવા :**

(૧) આત્મકથનાત્મક કૃતિઓ : હાર, હૂંડી, મામેરું ને શ્રાદ્ધનાં પદ, ઝારીનાં પદ, હરિજનો વિશે સમભાવનાં પદ

(૨) આખ્યાનકલ્પ રચનાઓ : ચાતુરીઓ, સુદામાચરિત્ર, દાણલીલા

(૩) કૃષ્ણપ્રીતિની કવિતા : શૃંગારપ્રીતિ તથા પ્રેમલક્ષણાભક્તિનાં પદો

(૪) ભક્તિજ્ઞાનનાં પદો : અધ્યાત્મઅનુભવની કવિતા

### ૩ : ૩.૩ પંદરમા શતકના ઉલ્લેખનીય કવિઓનો સંક્ષિપ્ત પરિચય

**૧ પદ્મનાભ :** પદ્મનાભ નરસિંહ મહેતા પછીના ઉલ્લેખનીય કવિ છે. કવિ પદ્મનાભનાં માતા-પિતા-વતન આદિ વિશે ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. આ કવિએ અખેરાજ ચૌહાણના પરાક્રમી પૂર્વજ કાન્હડદે (કૃષ્ણદેવ)ની પ્રશંસાનું દીર્ઘ કાવ્ય 'કાન્હડદે પ્રબંધ' શીર્ષકથી ઈ.સ. ૧૪૫૬માં લખ્યું છે. ચાર ખંડમાં વિભાજિત આ કાવ્ય પદ્મનાભની મળી આવેલી એકમાત્ર રચના છે.

**૨ વીરસિંહ :** આ કવિની એક પ્રબંધકક્ષાની રચના 'ઉષાહરણ' ઈ.સ. ૧૪૭૦ની આસપાસ મળે છે. વાસ્તવમાં અનિરુદ્ધ હરણનું આ કથાકાવ્ય છે. સળંગ આખ્યાન-કવિતાના છૂટાંછવાયાં લક્ષણો તથા શૃંગારરસ અને વીરરસનું નિરૂપણ રચનાને નોંધપાત્ર બનાવે છે.

**૩ કર્મણ મંત્રી :** વીરસિંહના સમકાલીન એવા આ કવિ પાસેથી ઈ.સ. ૧૪૫૬માં 'સીતાહરણ' મળે છે. આ રચના સંક્ષેપમાં રામકથા કહેવાના હેતુથી લખાઈ હોવાનું જણાય છે.

**૪ ભાલણ :** નરસિંહના અનુગામી એવા આ કવિનો સમય વિદ્વાન સંશોધક શ્રી કે. કા. શાસ્ત્રીના મત મુજબ ઈ.સ. ૧૪૯૪થી ૧૫૧૯નો હોઈ શકે. તેઓ પાટણના મોઢ બ્રાહ્મણ હતા. તેમનું જન્મનું નામ પુરુષોત્તમ હતું. સંસ્કૃતના વિદ્વાન અને વ્રજ ભાષાના જાણકાર એવા ભાલણ કવિએ સંખ્યાબંધ આખ્યાનો લખ્યાં છે. ભાલણની સાહિત્યસેવા નીચે મુજબ છે :

(૧) શિવ-ભીલડી સંવાદ, સપ્તશતી, જાલંધર આખ્યાન

(૨) મૃગીઆખ્યાન, ધ્રુવાખ્યાન, રામવિવાહ

(૩) દશમસ્કંધ, રામબાલચરિત, નળાખ્યાન, કૃષ્ણવિષ્ટિ

આ ઉપરાંત ભાલણે સંસ્કૃત કવિ બાણભટ્ટની 'કાદંબરી' નામની ગદ્યકથાનો સારાનુવાદ પણ કર્યો છે. 'કાદંબરી'એ મહાશ્વેતા અને પુંડરિકના ભગ્નપ્રણયની કથા છે.

**૫ ઉદ્ધવ :** કવિ ભાલણનો પુત્ર હતો. આ કવિ પાસેથી 'બભ્રુવાહન–આખ્યાન' નામની એક કૃતિ મળે છે.

**૬ ભીમ :** સિદ્ધપુરના વતની અને ભાલણના શિષ્ય એવા ભીમ જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. હરિલીલાષોડશકલા (ઈ.સ. ૧૪૮૫) અને પ્રબોધ પ્રકાશ (ઈ.સ. ૧૪૯૦) તેમની રચનાઓ છે.

**૭ જનાર્દન :** અમરાવતી – ઉમરેઠના ખડાયતા બ્રાહ્મણ એવા જનાર્દન ત્રવાડી પાસેથી ૨૨૦ કડીનું 'ઉષાહરણ' (ઈ.સ. ૧૪૯૨), ઉષા અને અનિરુદ્ધની સુખ્યાત કથા પરથી રચાયેલું આખ્યાન છે.

**૮ માંડણ બંધારો :** કવિ માંડણ આબુની ઉત્તરે આવેલા શિહોરનો વતની હતો. આ કવિએ 'પ્રબોધબત્રીસી', 'રામાયણ', 'રુક્માંગદકથા', 'પાંડવવિષ્ટિ' અને 'સતભામાનું રુસણું' જેવી રચનાઓ આપી છે. 'પ્રબોધબત્રીસી'માં કહેવતોનો ભંડાર આ કવિને નોંધપાત્ર બનાવે છે. 'રામાયણ' આખ્યાનરીતિનું કાવ્ય છે. ચોપાઈના એકમથી આખ્યાનનો આરંભ કરનાર તરીકે માંડણ બંધારા ઉલ્લેખનીય છે.

*** તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. પંદરમા શતકના નોંધપાત્ર કવિઓ વિશે સવિસ્તાર નોંધ આપો

૨. (અ) અને (બ) વિભાગ યોગ્ય રીતે જોડો

| અ | | બ |
|---|---|---|
| | **સર્જક** | **સાહિત્યકૃતિ** |
| ૧. | કર્મણમંત્રી | દશમસ્કંધ |
| ૨. | માંડણબંધારો | હરિલીલાષોડશકલા |
| ૩. | ભીમ | સીતાહરણ |
| ૪. | ભાલણ | પ્રબોધ બત્રીસી |

## ૩ : ૪. મધ્યકાળના સોળમા શતકના કવિઓ

### ૩ : ૪.૦ ઉદ્દેશો :

આ એકમ દ્વારા મધ્યકાળના સોળમા શતકના પ્રમુખ કવિ તરીકે મીરાંબાઈના જીવન-કવનની સંક્ષિપ્ત વિગતો ઉપરાંત અન્ય ઉલ્લેખનીય કવિઓ વિશે આપને માહિતી મળે તેવો હેતુ છે.

### ૩ : ૪.૧ પ્રસ્તાવના :

નરસિંહ મહેતાના પંદરમા શતક પછીનો સમય એટલે મીરાંબાઈનું સોળમું શતક. નાકર, કેશવદાસ, વિષ્ણુદાસ ઉપરાંત નરપતિ, ગણપતિ, મધુસૂદન વ્યાસ વચ્છરાજ આદિ કવિઓએ આ શતકમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. મીરાંબાઈ અને નાકર સિવાય અન્ય કવિઓ વિશે પૂરતા સંશોધનના અભાવે જે સાહિત્ય મળે છે તે અલ્પમાત્રામાં હોવાના લીધે આ ગાળાને 'મંદયુગ' પણ કહેવામાં આવ્યો છે. મધ્યકાળની કવિતાના મંદ કહી શકાય એવા આ સોળમા શતકમાં મીરાં જેવા કવયિત્રી દ્વારા કૃષ્ણપ્રીતિની ઉત્તમ રચનાઓ મળી છે; તે મોટું આશ્વાસન છે.

### ૩ : ૪.૨ સોળમા શતકનાં પ્રમુખ કવિ : મીરાંબાઈ

મીરાંબાઈના જન્મવર્ષ, જન્મસ્થળ અને જીવન વિશે લાંબા સમય સુધી અનિશ્ચિતતા બાદ નવા સંશોધન બાદ મળતી વિગતો મુજબ તેમનો જન્મ ઈ.સ. ૧૪૯૮માં મેડતામાં થયો હતો. મીરાંબાઈ જોધપુરના સ્થાપક રાવ જોધાની પ્રપૌત્રી હતાં. ઈ.સ. ૧૫૧૬માં મીરાંબાઈનાં લગ્ન સિસોદિયા વંશના રાજવી સંગ્રામસિંહ રાણા સાંગાના પાટવીપુત્ર ભોજરાજ સાથે થયાં હતાં. ઈ.સ. ૧૫૨૧માં પતિ ભોજરાજનું અકાળ અવસાન થયું અને ત્રેવીસ વર્ષની વયે વિધવા થયેલાં મીરાંએ તે વખતની પ્રથા મુજબ સતી થવાના બદલે કૃષ્ણભક્તિમાં જીવન પસાર કર્યું. રાજપરિવારને મીરાંનો ભક્તિમાર્ગ પસંદ ન હતો. ઈ.સ. ૧૫૩૨માં સાસરાનો ત્યાગ કરી મેડતા

આવેલાં, મીરાંએ એક વર્ષમાં મેડતાને પણ ત્યજી દીધું અને વૃંદાવન તરફ પ્રયાણ કર્યું. ઈ.સ. ૧૫૩૭ના અરસામાં ગુજરાતના દ્વારિકામાં આવીને વસ્યાં અને ૧૫૪૬ સુધી દ્વારિકામાં રહ્યાં અને જીવનના અંતકાળે દ્વારિકા મંદિરની કૃષ્ણની મૂર્તિમાં લીન થયાં હોવાનું નોંધાયું છે. મીરાંના જીવન વિશેની વિગતોમાં, ઘટનાક્રમોમાં થોડો-ઘણો ફેરફાર હોવાની સંભાવનાને સ્વીકારીને અંતે એટલું સ્વીકારવું જ રહ્યું કે તેઓ અનન્ય કૃષ્ણભક્ત હતાં.

**મીરાંબાઈનું કાવ્યસર્જન**

ગુજરાતના પ્રાચીન તીર્થસ્થાન ડાકોરમાં મીરાંની જૂની હસ્તપ્રત ઈ.સ. ૧૮૫૬માં મળી છે. મીરાંબાઈએ (અ) દીર્ઘ કથાત્મક રચનાઓ અને (બ) પદકવિતાઓ આપી છે. (૧) મુખડાની માયા લાગી રે (૨) ઝેર તો પીધાં છે જાણી જાણી (૩) કાનુડો ન જાણે મારી પ્રીત (૪) રામ રમકડું જડિયું (૫) હરિ તુમ હરો જનકી ભીર (૬) હાં રે કોઈ માધવ લ્યો જેવાં બસો પચાસ જેટલાં ઊર્મિગીતોથી મીરાંબાઈ લોકહૃદયમાં પ્રતિષ્ઠિત થયાં છે.

**૩ : ૪.૩ સોળમા શતકના ઉલ્લેખનીય કવિઓનો સંક્ષિપ્ત પરિચય**

સોળમા શતકમાં મીરાંબાઈની કક્ષાના બીજા કોઈ સર્જક મળતા નથી. આ સમયગાળાને 'મંદ યુગ' પણ ગણવામાં આવે છે. આ સમયમાં મીરાંબાઈ સિવાય જે કવિઓની રચનાઓ મળે છે; તે નીચે મુજબ છે.

**૧ નાકર :** ભાલણનો અનુગામી એવો નાકર આખ્યાનકાર તરીકે ઉલ્લેખનીય છે. નાકરનું વતન વડોદરા. નાકરનો જીવનકાળ ઈ.સ. ૧૪૯૪થી ૧૫૭૪ સુધીનો ગણાય. નાકરે વીસ જેટલાં આખ્યાનો લખ્યાં છે. જેમાંથી દશ જેટલાં આખ્યાનો પ્રગટ થયાં છે. 'નળાખ્યાન', 'ધ્રુવાખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન', 'હરિશ્ચન્દ્રાખ્યાન', 'ઓખાહરણ', 'લવકુશાખ્યાન', 'શિવવિવાહ', 'વ્યાધમૃગલીસંવાદ', 'વિરાટપર્વ', 'આરણ્યકપર્વ', 'સોરઠાનો ગરબો', 'ભવાનીનો છંદ' વગેરે નાકરની રચનાઓ છે.

**૨ કેશવદાસ** : કેશવદાસ કાયસ્થ પાટણના વતની હતા. ઈ.સ. ૧૫૩૬માં કેશવદાસે 'ભાગવત'ના 'દશમસ્કંધ'નો અનુવાદ 'કૃષ્ણક્રીડા' શીર્ષકથી કર્યો છે. આ કૃતિ ચાલીસ સર્ગ અને ચાલીસ હજાર પંક્તિઓમાં વિભક્ત છે.

**૩ વિષ્ણુદાસ** : આ કવિ ખંભાતના નાગર બ્રાહ્મણ હતા. ઈ.સ. ૧૫૬૮થી ૧૬૧૨ સુધીનો તેમનો કવનકાળ ગણાય છે. 'લક્ષ્મણાહરણ', 'સુધન્વાઆખ્યાન', 'ચંદ્રાહાસાખ્યાન' તેમજ નરસિંહ મહેતાના જીવન પર આધારિત 'મોસાળું' અને 'હૂંડી' પણ વિષ્ણુદાસે લખ્યાં છે.

**૪ મેગલ** : જાલંધર આખ્યાન, 'રાજા પરીક્ષિતનું આખ્યાન' ધ્રુવાખ્યાન અને 'નચિકેતા આખ્યાન' તેમની જાણીતી રચનાઓ છે. ૧૮ કડવાનું 'જાલંધર આખ્યાન' કવિનું પ્રથમ આખ્યાન છે.

**૫ શ્રીધર** : જૂનાગઢના રહેવાસી એવા આ કવિ મુસ્લિમોના શાસન દરમિયાન અમદાવાદ નજીક આવેલા અડાલજમાં સૂબા તરીકે કામ કરતા હતા. તેમણે 'રાવણ-મંદોદરી સંવાદ' અને 'ગૌરીચરિત્ર' એમ બે આખ્યાનની રચના કરી છે.

**૬ ગણપતિ** : આમોદના વતની એવા આ કવિએ ઈ.સ. ૧૫૨૮માં 'માધવાનલકામકંદલા દોગ્ધક' નામની અઢી હજાર દુહામાં એક વાર્તા આપી છે. માધવાનલ નામના બ્રાહ્મણ યુવાન અને કામકંદલા નામની ગણિકાપુત્રીની પ્રેમકથા છે. આ કૃતિનો પ્રારંભ કવિએ કામદેવની સ્તુતિથી કર્યો છે; તે ખાસ નોંધપાત્ર છે.

**૭ જૈન કવિઓ** : સોળમા શતકમાં જૈન કવિઓએ ઉલ્લેખનીય રચનાઓ આપી છે. સિંહકુશલ નામના કવિની 'નંદબત્રીશીચઉપઉ', વિનયસમુદ્રની 'આરામશોભા', મતિસારની કૃતિ 'કર્પૂરમંજરી', સિદ્ધિસૂરિની 'સિંહાસનબત્રીસી' ઉપરાંત લાવણ્યસમય, કુશળલાભ અને આનંદઘન જેવા કવિઓ જાણીતા છે. પૂર્વાશ્રમમાં જેમનું નામ લઘુરાજ હતું તેવા જૈન વણિક કવિ લાવણ્યસમયે ઓગણત્રીસ જેટલી રચનાઓ આપી છે. તેમાં 'રાવણમંદોદરી સંવાદ (ઈ.સ. ૧૫૦૬) તથા 'વિમલ-પ્રબંધ' જેવી રચનાઓ ઉલ્લેખનીય છે.

## ૩ : ૫. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય (સત્તરમો સૈકો) સત્તરમા શતકના કવિઓ


૩:૫.૦ ઉદ્દેશો

૩:૫.૧ પ્રસ્તાવના

૩:૫.૨ અખાનું જીવન અને કવન

- ૧ અખાની કવિતા
- ૨ અખાના છપ્પા
- ૩ અખેગીતા
- ૪ અનુભવબિંદુ
- ૫ ગૌણ રચનાઓ

૩:૫.૩ અખાના સમકાલીન અને અનુગામી જ્ઞાનમાર્ગી કવિઓ.

૩:૫.૩.૧ અખાના સમકાલીન કવિઓ

- ૧. નરહરિ :
- ૨. ગોપાલદાસ :
- ૩. બૂટિયો
- ૪. ભાણદાસ :

૩:૫.૩.૨ અખાના અનુગામી જ્ઞાનમાર્ગી કવિઓ

- ૧. પ્રીતમદાસ :
- .૨. નિરાંત :
- ૩. ધીરો :
- ૪. બાપુસાહેબ ગાયકવાડ :
- ૫. ભોજો :

૩:૫.૩.૩ અખાની વેદાંતી પરંપરાના ઉલ્લેખનીય કવિઓ :

- ૧. રવિભાણ સંપ્રદાયની પરંપરા
- ૨. જ્ઞાનમાર્ગી સંતમત કાવ્યવાણી

૩:૫.૪ પ્રેમાનંદનું જીવન અને કવન

૩ઃ૫.૫ પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારો

* તમારી પ્રગતિ ચકાસો - ૫

**૩ : ૫.૦ ઉદ્દેશો**

નરસિંહ-મીરાં પછીનું શતક એટલે સત્તરમું શતક. દરેક શતકમાં એક મુખ્ય કવિ મળે છે. સત્તરમા શતકના પ્રમુખ કવિ તરીકે અખો તથા પ્રેમાનંદ ઉલ્લેખનીય છે. આ એકમ દ્વારા સત્તરમી સદીની ગુજરાતી કવિતા અને નોંધપાત્ર કવિઓનો પરિચય કરાવવાનો ઉદ્દેશ છે.

**૩ : ૫.૧ પ્રસ્તાવના**

સત્તરમી સદીના ગુજરાતમાં મુગલસત્તા ચાલતી હતી. શાસનવ્યવસ્થા સુદૃઢ હોવાના લીધે ગુજરાતમાં સ્વસ્થતા અને શાંતિનો આ સમય હતો. સત્તરમા શતકમાં અખો અને પ્રેમાનંદ જેવા બે મોટા ગજાના કવિ મળે છે.

**૩ : ૫ઃ૨ અખાનું જીવન અને કવન**

અખાએ પોતાની જ્ઞાતિ અને નામ સિવાય ખાસ કોઈ વિગતો આપી નથી. ઉમાશંકર જોશી જેવા સમર્થ કવિ – અભ્યાસુએ પોતાના સંશોધન-અભ્યાસ દ્વારા અખાનો જીવનકાળ ઈ. ૧૫૯૧થી ૧૬૫૬નો દર્શાવ્યો છે.

અખાનો જન્મ અમદાવાદની નજીક જેતલપુર ગામે થયેલો. ધંધા-વ્યવસાય માટે પિતાજી તથા બહેન સાથે કિશોરવયે અમદાવાદમાં આવવાનું થયું. અમદાવાદના ખાડિયા વિસ્તારમાં આવેલી દેસાઈની પોળમાં, કૂવાવાળા ખાંચા પાસે આવેલું મકાન, જ્યાં તેઓ રહેતા હતા તે 'અખાના ઓરડા' તરીકે ઓળખાય છે.

અખા વિશે અનેક જનશ્રુતિઓ પ્રચલિત છે. એક દંતકથા મુજબ અખો અમદાવાદ-કાળુપુર વિસ્તારમાં ટંકશાળ આવેલી ત્યાં ઉપરી અધિકારી હતો. અખો સિક્કાઓમાં હલકી ધાતુઓની ભેળસેળ કરે છે એવી ખોટી ફરિયાદ થયેલી. પરિણામે તેને કાચી જેલમાં રહેવું પડેલું. ટૂંક સમયમાં જ અખો નિર્દોષ છૂટેલો.

બીજી એક દંતકથા એવી છે કે અખાએ જે સ્ત્રીને ધર્મની બહેન માનેલી એ સ્ત્રીએ અખા પાસે સોનાની કંઠી બનાવડાવી હતી. આ કંઠીની બનાવટ બાબત તે બહેને અવિશ્વાસ વ્યક્ત કર્યો. આ બનાવથી અખાને ખૂબ દુઃખ થયું અને સોનીના વ્યવસાય પર ધિક્કાર થયો. સોનીકામનાં

ઓજારો કૂવામાં નાખી સંસારને સમજવામાં, સાચા સુખની શોધમાં સક્રિય થયો.

**૩ : ૫.૨.૧ અખાની કવિતા**

અખો મુખ્યત્વે જ્ઞાનમાર્ગી કવિ ગણાય છે. અખાની કવિતાને નીચે મુજબ ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

(૧) છપ્પા, પદો, સાખીઓ, દુહા

(૨) પંચીકરણ, ગુરુશિષ્ય–સંવાદ, ચિત્તવિચારસંવાદ, અખેગીતા, અનુભવબિંદુ

(૩) સંતપ્રિયા, બ્રહ્મલીલા, અવસ્થાનિરૂપણ વગેરે હિંદી રચનાઓ

**૩ : ૫.૨.૨ અખાના છપ્પા**

અખાએ કુલ ૭૪૬ છપ્પાની રચના કરી છે જેમાં તેની સર્વોત્કૃષ્ઠ સર્જકતા પ્રગટ થઈ છે.

અખાએ રચેલ છપ્પા – ચોપાઈ પ્રકારના છે. વિવિધ વિષયના છપ્પાઓને અખાએ 'અંગ' રૂપે વર્ગીકૃત કર્યા છે. જેમ કે 'ગુરુઅંગ', 'વૈરાગ્યઅંગ' આદિ. અખાએ પોતાની વિશિષ્ટ શૈલીથી છપ્પાના માધ્યમથી ધાર્મિક તેમજ સામાજિક કુરિવાજોથી લોકોને જાગ્રત કરવાનો પ્રયાસ કર્યો છે. અખાના કેટલાક જાણીતા છપ્પાઓ પૈકી ઉદાહરણ તરીકે અત્રે પ્રસ્તુત છે :

'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ'

***

'વેશ ટેક તે આડી ગલી, માંહી પેઠો તે ન શકે નીકળી'

***

'આંધળો સસરો ને સરંગટ વહુ, કથા સાંભળવા ચાલ્યું સહુ'

***

'છીંડું ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ'

**૩:૫.૨.૩ અખેગીતા**

અખાનું તત્ત્વજ્ઞાન આ રચનામાં છે. 'અખેગીતા' ચાલીસ કડવાં અને દસ પદોમાં રચાયેલું આખ્યાન કાવ્ય છે.

'ભાઈ, ભક્તિરૂપી પંખિણી, જેને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે;' – જેવી પંક્તિઓ આ રચનાના મર્મને ઉદ્‌ઘાટિત કરે છે. 'અખેગીતા' મધ્યકાળની જ્ઞાનમાર્ગી કવિતાની મૂલ્યવાન ઉપલબ્ધિ છે.

**૩:૫.૨.૪ અનુભવબિંદુ**

જીવ, જગત, માયા અને બ્રહ્મના સ્વરૂપને સમજવાની મથામણ જ્ઞાની કવિ અખા દ્વારા

'અનુભવબિંદુ'માં વ્યક્ત થઈ છે. ચાલીસ છપ્પાનું આ કાવ્ય છે. તત્ત્વજ્ઞાનની આ કવિતાને કેશવ હર્ષદ ધ્રુવે 'એક અર્થગંભીર રમણીય ખંડકાવ્ય' અને 'પ્રાકૃત ઉપનિષદ' કહી ગૌરવ વધાર્યું છે.

**૩.૫.૨.૫ ગૌણ રચનાઓ**

ગુરુશિષ્ય–સંવાદ, ચિત્તવિચારસંવાદ, પંચીકરણ, બ્રહ્મલીલા, સંતપ્રિયા આદિ કૃતિઓ અખાની જ્ઞાનમાર્ગી કવિતાના ઉન્મેષો છે. અખાએ કવિતાના માધ્યમથી ધર્મ-અધ્યાત્મ વિષયક સચોટ દર્શન પ્રગટ કર્યું છે. અનુભવ-નિરીક્ષણની સચ્ચાઈ અને અખાના આંતરસત્ત્વને પ્રગટ કરનારી જીવન સાથે જોડાયેલી બળકટ ભાષા એ અખાને સહુથી નોખા તારવે છે. ગુજરાતી સાહિત્યમાં અખાને 'હસતો તત્ત્વજ્ઞ કવિ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

**૩ : ૫.૩ અખાના સમકાલીન અને અનુગામી જ્ઞાનમાર્ગી કવિઓ**

મધ્યકાલીન ગુજરાતી કવિતામાં ભક્તિની કવિતાની જેમ જ્ઞાનમાર્ગી કવિતાનું પણ આગવું મૂલ્ય છે. અખાની કવિતા જ્ઞાનમાર્ગી કવિતાનું ઊંચું શિખર છે એ સર્વસ્વીકૃત હકીકત છે. અખાના સમકાલીનો અને અનુગામીઓ પાસેથી પણ જ્ઞાનમાર્ગી કવિતા મળતી રહી છે.

**અખાના સમકાલીકવિઓ**

ત્રણ જ્ઞાનમાર્ગી કવિઓ એક પ્રચલિત દુહામાં પણ ઉલ્લેખ પામ્યા છે.

'અખે કીધો ડખો, ગોપાલે કીધી ઘેંશ,
'નરહરિએ કીધી રાબડી, બૂટો કહે શિરાવા બેશ.'

**૧. નરહરિ :**

નરહરિ અખાનો નજીકનો પુરોગામી અને જ્યેષ્ઠ સમકાલીન કવિ છે. ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનના આ ઉપાસક વડોદરા મુકામે રહેતા હતા તેવું તેમની કવિતા 'હસ્તામલક' (ઈ.સ. ૧૬૪૩) પરથી જાણવા મળે છે. 'જ્ઞાનગીતા' (ઈ.સ. ૧૬૧૬) 'ગોપી ઉદ્ધવ સંવાદ', 'હરિલીલામૃત', 'ભક્તિમંજરી', 'પ્રબોધમંજરી', 'જ્ઞાનકક્કો', 'સંતનાં લક્ષણ' જેવી મૌલિક રચનાઓ તથા 'વસિષ્ઠ સારગીતા' અને 'ભગવદ્ગીતા' જેવી અનુદિત કૃતિઓ પણ તેમની પાસેથી મળે છે.

**૨. ગોપાલદાસ : બૂટિયો**

ગોપાલદાસ નાંદોલના વતની હતા. મોઢ વણિક જ્ઞાતિના આ કવિના ગુરુનું નામ સોમરાજ હતું.

વેદાંત – તત્ત્વજ્ઞાનના અભ્યાસુ એવા ગોપાલદાસ અમદાવાદમાં રહેતા હતા. તેમની પાસેથી 'ગોપાલગીતા' ઈ.સ. ૧૬૪૯માં મળે છે.

**બૂટિયો :**

બૂટો કે બૂટિયો જ્ઞાનમાર્ગી વેદાંતી કવિ છે. 'બૃહત્કાવ્યદોહન'ના પાંચમા ભાગમાં બૂટિયાનાં બાર પદો પ્રગટ થયાં છે; તે સિવાય તેમની કોઈ સળંગ રચના મળી નથી.

**૩:૫.૩.૧.૪. ભાણદાસ :**

ભીમના પુત્ર ભાણદાસનો જન્મ ઈ.સ. ૧૬૫૦-૫૧માં થયો હતો. સંવત ૧૭૭૭માં તેમણે 'હસ્તામલક' નામની આખ્યાન ઢબની કડવાબદ્ધ રચના આપી છે. આ સિવાય 'અજગર-અવધૂત સંવાદ', 'બાર માસ', પ્રહ્‌લાદાખ્યાન, હનુમાનજીની હમચીઓ અને છૂટક પદોની રચના પણ તેમણે કરી છે. 'ગગનમંડળની ગાગરડી' રચના એ ભાણદાસનું નોંધપાત્ર પ્રદાન છે.

**૩:૫:૩:૨ અખાના અનુગામી જ્ઞાનમાર્ગી કવિઓ**

અખાના જન્મ પૂર્વે નરસિંહ મહેતાએ 'જ્યાં લગી આત્મતત્ત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' જેવી કવિતા ધારા તત્ત્વજ્ઞાનનો તેજચમકાર દર્શાવ્યો હતો. અખામાં સમૃદ્ધ થયેલી તત્ત્વજ્ઞાનની કવિતા અખાના દેહાવસાન બાદ મંદ પડી, પરંતુ અઢારમી સદીમાં પુનઃ જ્ઞાનમાર્ગી કાવ્યપ્રવાહ વહેતો થાય છે. અખાના ઉલ્લેખનીય અનુગામીઓ પૈકી મુખ્ય કહી શકાય તેવા પાંચ જ્ઞાનાશ્રયી કવિઓનો પરિચય આપણે મેળવીએ.

**૧. પ્રીતમદાસ :**

પ્રીતમદાસનો જીવનકાળ ઈ.સ. ૧૭૨૦થી ઈ.સ. ૧૭૯૮નો ગણાય છે. જન્મથી પ્રજ્ઞાચક્ષુ એવા આ કવિનું જન્મસ્થાન બાવળા અને તેઓ જ્ઞાતિએ બારોટ હતા. રામાનંદી સાધુ ભાઈદાસજી પાસેથી ગુરુમંત્ર સ્વીકારી આજીવન સાધુજીવન ગાળનાર આ કવિ વેદાંત તથા યોગમાર્ગના અભ્યાસી હતા.

પ્રીતમે 'કક્કા', 'મહિના' 'તિથિ' તથા 'વાર'ની રચના કરી છે; જેમાં મુખ્ય વિષય 'વેદાંત વિચાર' અને 'ભક્તિ વૈરાગ્યબોધ' છે. અખા પછીના નોંધપાત્ર એવા આ કવિ પાસેથી વિપુલ સાહિત્ય મળ્યું છે. જેમાં 'સરસગીતા', 'પ્રેમપ્રકાશ', 'ભગવદ્‌ગીતા', 'એકાદશસ્કંધ', 'વિનયદીનતા',

'શ્રીકૃષ્ણાષ્ટક', 'ભક્તનામાવલિ', 'રણછોડજીના ગરબા', 'આરતીઓ', 'ધોળ' આદિનો સમાવેશ થાય છે. 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!' તેમની ખૂબ જાણીતી રચના છે.

**૨. નિરાંત :**

નિરાંતનો સંપ્રદાય છે. આ સંપ્રદાયની માન્યતા મુજબ નિરાંતનો જીવનકાળ ઈ.સ. ૧૭૪૭થી ઈ.સ. ૧૮૨૫નો મનાય છે. વડોદરા પાસે આવેલા કરજણ તાલુકાના દેથાણ ગામે રજપૂત કુટુંબમાં તેમનો જન્મ. ગોકળદાસ નામના રામાનંદી સાધુ પાસેથી તેમણે ઉપદેશ પ્રાપ્ત કર્યો હતો. રણછોડજીની અનન્ય ભક્તિના કારણે તેઓ હથેળીમાં તુલસી રાખી દર પૂનમે રણછોડજીનાં દર્શન કરવા ડાકોર જતા હતા. ગુરુના નિધન બાદ તેમણે ભક્તિ-જ્ઞાનની પરંપરાનું જતન કરવા માટે ધર્મબોધ કર્યો હતો. તેમનો બોધ 'નામ'ની ઉપાસનાનો અને ભક્તિ તથા જ્ઞાનની ભૂમિકાવાળા નિવૃત્તિમાર્ગનો છે.

નિરાંતે પુરોગામીઓની જેમ તિથિઓ, મહિના, સાખીઓ, છપ્પા, કાફીઓ, સગુણાભક્તિનાં ભજનો, નિર્ગુણભક્તિના જ્ઞાનોપદેશનાં ભજનો, કવિતા, કુંડળિયા વગેરે પ્રકારની રચનાઓ આપી છે.

**૩. ધીરો :**

ધીરો ભગત સાવલી નજીક આવેલા ગોઠડા ગામના બારોટ હતા. નિરાંત સાથે તેમને નિકટનો સંબંધ હતો. ઈ.સ. ૧૭૫૩થી ૧૮૨૫નો તેમનો જીવનકાળ. ગૃહસ્થજીવન કંકાસથી ભરેલું હતું. ધીરાએ 'રણયજ્ઞ', 'અશ્વમેઘ', 'દ્રૌપદીવસ્ત્રહરણ' જેવી દીર્ઘ આખ્યાનકૃતિઓ આપી છે. 'કાફી' પ્રકારની પદરચનાઓ ખૂબ લોકપ્રિય થઈ છે. 'આત્મજ્ઞાન' અને 'જ્ઞાનબત્રીશી'ની કાવ્યરચનાઓ કાફીમાં લખાયેલી છે.

**૪. બાપુસાહેબ ગાયકવાડ :**

વડોદરાના ગાયકવાડ વંશના આ જ્ઞાનમાર્ગી કવિનો જીવનકાળ ઈ. ૧૭૭૭થી ૧૮૪૩. સમકાલીન કવિ ધીરા તથા નિરાંતના શિષ્ય હતા. અંત્યજવાસમાં ભજન કરવા ગયા તેથી તેમના પિતાએ ઘર બહાર કાઢી મૂક્યા હતા. નરસિંહ મહેતાની જેમ તેમણે પણ 'અમે બગડ્યા અમે બગડ્યા, લેજો જાણી રે' પદ રચ્યું હતું. બાપુસાહેબ આત્મતત્ત્વને ઓળખવાની વાત પોતાની તળપદી વાણીમાં વ્યક્ત કરે છે. 'વિષ્ણુ બિસ્મિલ્લામાં ભેદ નથી ભાળ્યો અલ્લા અલખ એક લહીએ

રે' જેવી પંક્તિ તેમની અભેદ દૃષ્ટિ અને એકતાનો પરિચય કરાવે છે. 'શાંતિ પમાડે તેને સંત કહીએ' જેવાં પદો લોકહૃદયમાં જાણીતાં છે. બાપુસાહેબે પદો, ગરબીઓ ને કાફિયા લખ્યા છે.

**૫. ભોજો :**

ઈ.સ. ૧૭૮૫માં સૌરાષ્ટ્રના જેતપુર પાસેના દેવકીગાલોળ નામના ગામમાં તેમનો જન્મ. જ્ઞાતિએ લેઉવા પટેલ – સાવલિયા એવા ભોજાના પિતા કરસનદાસ ખેડૂત હતા. બાળપણમાં પ્રથમ બાર વર્ષ સુધી ભોજો ફક્ત દૂધ પર રહેલા. ગિરનારના યોગી પાસેથી દીક્ષા પામેલા ભોજાએ જનસેવાનો માર્ગ અપનાવ્યો. પ્રથમ પચીસ વર્ષ દેવકીગાલોળ ગામમાં રહેલા ભોજા ભગતે દુષ્કાળ તથા રાજકીય અંધાધૂંધી જેવાં કારણોને લઈ અમરેલી પ્રાંતમાં સ્થળાંતર કર્યું. વડોદરા રાજ્યના તાબામાં આવેલા અમરેલીથી નજીક આવેલા ઉજ્જડ ટીંબા પર નિવાસ કરી ફત્તેપુર નામનું ગામ વસાવ્યું.

ભોજાની સમગ્ર કવિતાને છ વિભાગમાં વહેંચી શકાય. (૧) બાવનાક્ષરી, મહિના, તિથિ અને વારની પરંપરાનાં કાવ્યો. (૨) યોગનાં કાવ્યો (૩) સમાજસુધારા અને ઉપદેશનાં કાવ્યો (૪) આખ્યાન અને ભક્તમાળ (૫) શૃંગારનાં પદો (૬) વૈરાગ્ય અને ભક્તિનાં પદો.

ભોજાને કવિ તરીકે વધારે યશ મળ્યો છે ચાબખાથી. ચાબખા એ તેની વિશિષ્ટ પદરચનાઓ છે. દંભ, અભિમાન, કુરિવાજો, વહેમ ઇત્યાદિ પર ભોજાએ 'ચાબખા' માર્યા છે. દંભ અને પાખંડ સામેનો વિરોધ કાવ્યાત્મક અભિવ્યક્તિ પામે છે. અખાના છપ્પાની જેમ ભોજાના ચાબખા મધ્યકાળની કવિતાની વિશિષ્ટ ઉપલબ્ધિ છે. ઈ.સ. ૧૮૫૦માં ભોજાના અવસાનનું વર્ષ એ મધ્યકાળનું પણ અંતિમ વર્ષ છે.

**૩઼૫઼૩઼૩ અખાની વેદાંતી પરંપરાના ઉલ્લેખનીય કવિઓ :**

**વસ્તો** : વસ્તુગીતા, 'અમરાપુરી ગીતા' તથા અઠ્ઠાવીસ અંગોની 'વસ્તુવિલાસ' જેવી રચનાઓ અખાની કાવ્યપરંપરાનું અનુભવગમ્ય અનુસંધાન છે.

**જીવણદાસ** : 'જીવનગીતા', 'જીવનરમણ', 'અકલ રમણ', 'નવચાતુરી', 'આનંદલીલા' જેવી રચનાઓના સર્જક જીવણદાસ પણ વેદાંતી જ્ઞાનમાર્ગી કવિતામાં ઉલ્લેખપાત્ર પ્રદાન આપે છે.

**૧. રવિભાણ સંપ્રદાયની પરંપરા**

કબીરસાહેબની શિષ્ય પરંપરા જ્ઞાનસમૃદ્ધ હતી. તેમની શિષ્યપરંપરાના ભાણસાહેબ અને તેમના ચાલીસ શિષ્યોએ સૌરાષ્ટ્રમાં કબીરપંથનો બોધ પ્રસરાવ્યો. આ ઉપદેશાત્મક અનુભવવાણી તે જ રવિભાણ સંપ્રદાયનું સાહિત્ય.

ભાણસાહેબ, ભાણસાહેબના પુત્ર ભીમસાહેબ તથા રવિસાહેબ, રવિસાહેબના શિષ્ય મોરારસાહેબ, હોથી ઉપરાંત જીવાભગત, આનંદરામ, કરમણ, લક્ષ્મીસાહેબ, નથુરામ, ભીમસાહેબની ભજનાવલી દ્વારા કબીરપંથની જ્ઞાનમાર્ગી કવિતા સમૃદ્ધ થઈ છે.

**દાસીજીવણ** : રવિભાણ સંપ્રદાયના મહત્ત્વના સંત કવિ પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાનમાર્ગી કવિતા એમ બંને પ્રકારનાં પદો – ભજનો દાસીજીવણ પાસેથી મળે છે. દાસીજીવણની પરંપરામાં પ્રેમસાહેબ અને અરજણ પાસેથી પણ ભજનો મળે છે.

### ૨. જ્ઞાનમાર્ગી સંતમત કાવ્યવાણી

મૂળદાસ : 'હરિનામલીલા', 'ગુરુગીતા' ઉપરાંત 'ભગવતગીતા' તથા ઉપદેશાત્મક ભજનોના રચયિતા.

જગજીવનની 'જ્ઞાનગીતા' અને 'જ્ઞાનમૂળ' જેવી રચનાઓ તથા શ્રીદેવની 'હસ્તામલક' તથા 'નરબાધ' ઉલ્લેખનીય રચનાઓ છે.

જ્ઞાનમાર્ગી કવયિત્રીઓ તરીકે ગંગાસતી અને લોયણ નોંધપાત્ર છે. ગંગાસતીએ પાનબાઈને ઉદ્દેશીને નિર્ગુણ બ્રહ્મસાક્ષાત્કારની કવિતા રચી છે.

જ્ઞાનમાર્ગી મુસ્લિમપરંપરાના કવિઓમાં મામદશા, સાચવલી, નાનકશા વિલાયત નોંધપાત્ર કવિઓ છે.

જ્ઞાનમાર્ગી કવિઓમાં વિષયવસ્તુની એકવિધતા છે, પણ પરમતત્ત્વને પામવા માટેની સમજ સૌની પોતાની રીતે આબાદ વ્યક્ત થઈ છે. વાણીની વેધકતા, ચિંતનનું ઊંડાણ, વેદાંતની સૂઝ, અદ્વૈતનો બોધ આ જ્ઞાનવાણીને ચિરકાલીન યશ અપાવે છે.

### ૩:૫:૪ પ્રેમાનંદનું જીવન અને કવન

મધ્યકાળના સર્વાધિક યશ પામેલા કવિ તરીકે પ્રેમાનંદનો ઉલ્લેખ થાય છે. મધ્યકાળના સાહિત્યના વિવિધ સંશોધકોએ પ્રેમાનંદના જીવન સમય વિશે પોતપોતાના અભ્યાસના આધારે

વિવિધ અનુમાનો લગાવ્યાં છે. એમની રચનાઓમાંથી મળતા ઉલ્લેખોને ધ્યાને લઈ જયંત કોઠારી પ્રેમાનંદના જીવનકાળને ઈ.સ. ૧૬૪૦થી ઈ.સ. ૧૭૦૦ સુધીનો ગણે છે. આખ્યાનરચના અંતે મળતા ઉલ્લેખ પ્રમાણે પ્રેમાનંદ વડોદરાના વતની હતા. જ્ઞાતિએ મેવાડા બ્રાહ્મણ હતા. નાનપણમાં માતા-પિતાનું અવસાન થવાથી તેમણે માણભટ્ટનો વ્યવસાય સ્વીકાર્યો હતો. ગીત, સંગીત અને અભિનય વડે પ્રજા સમક્ષ તેઓ આખ્યાનો કથાસ્વરૂપે ગાઈ બતાવતા તેથી તેમના સમયમાં વિશેષ લોકપ્રિય થયા હતા. તેમની રચનાઓ નીચે મુજબ છે :

(૧) ઓખાહરણ (૧૬૬૭) (૨) અભિમન્યુ આખ્યાન (૧૬૭૧) (૩) ચંદ્રહાસાખ્યાન (૧૬૭૧) (૪) મદાલસા આખ્યાન (૧૬૭૮) (૫) હૂંડી (૧૬૭૭) (૬) શ્રાદ્ધ (૧૬૮૧) (૭) સુદામાચરિત્ર (૧૬૮૨) (૮) મામેરું (૧૬૮૩) (૯) સુધન્વા આખ્યાન (૧૦) રુક્મિણીહરણ – શલોકો (૧૬૮૪) (૧૧) નળાખ્યાન (૧૬૮૬) (૧૨) રણયજ્ઞ (૧૬૯૦).

ઉપરોક્ત રચનાઓ ઉપરાંત મળી આવતી રચનાઓમાં રચનાનું વર્ષ મળતું નથી તેવી કૃતિઓ આ મુજબ છે :

(૧) સ્વર્ગની નિસરણી, (૨) ફૂવડનો ફજેતો (૩) વિવેકવણઝારો (૪) વિષ્ણુસહસ્ત્રનામ (૫) રુક્મિણીહરણ (૬) વામનકથા (૭) શામળશાનો વિવાહ (૮) બાળલીલા–વ્રજવેલ (૯) દાણલીલા (૧૦) ભ્રમરપચીસી (૧૧) દશમસ્કંધ (૧૨) પાંડવોની ભાંજગડ (૧૩) મહિના.

ઈ.સ. ૧૬૯૮માં 'દશમસ્કંધ'ની રચના શરૂ કરી હતી, પણ દેહાવસાનના કારણે અપૂર્ણ રહી. પ્રેમાનંદના નામે ચડાવી દેવામાં આવેલી સંદિગ્ધ રચનાઓની સંખ્યા પણ વીસ જેટલી છે.

આખ્યાન કવિતામાં તેની રસસિદ્ધિનો ખૂબ મહિમા થયો છે. પુરાણપ્રસિદ્ધ કથાવસ્તુમાં સમકાલીન જીવનરંગો ઉમેરી સરસ રીતે રજૂ કરે છે. પ્રેમાનંદની રજૂઆતમાં અખંડ રસપ્રવાહ અને અપૂર્વ રસવૈવિધ્ય તેમને મધ્યકાળના સર્વ સર્જકોમાં નોંખા તારવે છે.

### ૩:૫.૫ પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારો

**વલ્લભ :** પ્રેમાનંદપુત્ર ગણાતા વલ્લભનાં આખ્યાનો 'દુઃશાસન રુધિર પાનાખ્યાન', 'કુન્તી પ્રસન્નાખ્યાન', 'યક્ષપ્રશ્નોત્તરાખ્યાન', 'યુધિષ્ઠિર વૃકોદરાખ્યાન' અને 'મિત્ર ધર્માખ્યાન' ઉલ્લેખનીય છે જેમાં 'મિત્ર ધર્માખ્યાન'નું વિષયવસ્તુ કાલ્પનિક વાર્તા છે.

**રત્નેશ્વર** : ડભોઈના મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિના આ કવિએ કાશી જઈ સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ભગવદ્ગીતા, ગંગાલહરી, મહિમ્નઃસ્તોત્ર, 'જૈમિતીય' સ્વર્ગારોહણ (લંકાકાંડને ગુજરાતીમાં આપવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. રત્નેશ્વરે શૃંગારરસિક 'કામવિલાસ', વૈરાગ્યજ્ઞાન વિષયક 'વૈરાગ્યલત્તા' અને 'આત્મવિચાર ચંદ્રોદય' લખ્યાં છે. ઉપરાંત 'મૂર્ખલક્ષણાવલિ' ઉલ્લેખનીય છે.

**વીરજી** : મધુર કંઠના કારણે પ્રેમાનંદ પણ વીરજી પાસે પોતાનાં આખ્યાનો ગવડાવતા હતા. વીરજી કૃત 'કામાવતીની કથા' (૧૬૬૯), 'બલિરાજાનું આખ્યાન', 'સુરેખાહરણ' (૧૬૬૪) ઉલ્લેખનીય છે.

**અન્ય કવિઓ :**

**હરિદાસ** : 'શામળદાસનો વિવાહ', 'સીતાવિરહ', 'નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ',

**સુંદર મેવાડો** : પ્રેમાનંદના અપૂર્ણ 'દશમસ્કંધ'ને પૂરો કરનાર કવિ.

**દ્વારકાદાસ** : 'બારમાસ' અને 'કૃષ્ણલીલાનાં પદો.'

**કાળિદાસ** : 'પ્રહલાદાખ્યાન', 'ધ્રુવાખ્યાન'.

**મોતીરામ** : 'નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ', 'સુદામાચરિત્ર'.

**તુલસીરામ** : 'સગાળપુરી', 'અભિમન્યુ આખ્યાન'.

**રામકૃષ્ણ** : 'ગજેન્દ્રમોક્ષ'.

**માધવદાસ સુંદરદાસ** : 'ઓખાહરણ', 'રુક્મિણીહરણ', 'દશમસ્કંધ'.

આખ્યાન સ્વરૂપની શરૂઆત કહો કે બીજારોપણ થયાં નરસિંહ મહેતામાં. પ્રેમાનંદ દ્વારા આખ્યાન ચિરકાલીન યશ પામે તેવી સમૃદ્ધિએ પહોંચે છે. પ્રેમાનંદના સમકાલીનો અને અનુગામીઓમાં આખ્યાન વિસ્તરતું રહ્યું છે.

***તમારી પ્રગતિ ચકાસો-૫**

૧. અખાના છપ્પા વિશે ટૂંકનોંધ.
૨. 'અખેગીતા' તથા 'અનુભવબિંદુ'નો પરિચય આપો.
૩. અખાના સમકાલીન કવિઓ વિશે લખો.
૪. પ્રેમાનંદના સાહિત્યસર્જન વિશે જણાવો.
* 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ મેળવવા ઉપર વર્ણવેલા દરેક મુદ્દાનો વિગતે અભ્યાસ કરો.

# ૩ : ૬. પદ્યવાર્તાકાર શામળ

## ૩.૬.૦ ઉદ્દેશો

રાસ અને આખ્યાન પછીના લોકપ્રિય સાહિત્યસ્વરૂપ તરીકે પદ્યવાર્તાનું અનન્ય સ્થાન છે. શામળ મહત્ત્વના પદ્યવાર્તાકાર છે. મધ્યકાળના સમયકાળ પ્રમાણે અંતિમ તબક્કાના સર્જકોમાં શામળ નોંધપાત્ર કવિ છે. શામળ વિષયક આ પ્રકરણમાં પદ્યવાર્તા શામળના પ્રદાન વિશે પરિચયાત્મક તથા અભ્યાસની ક્ષિતિજ વિસ્તરે તે ભૂમિકાએ થયેલા લેખનમાંથી આપ પસાર થઈ શકશો.

## ૩.૬.૧ પ્રસ્તાવના

શામળ મધ્યકાળના અંતિમ તબક્કાના મહત્ત્વના કવિ છે. મધ્યકાળમાં રસ, પદ, આખ્યાન જેવાં કાવ્યસ્વરૂપોમાં વિષયવસ્તુ તરીકે રામાયણ, મહાભારત, પુરાણ આધારિત રચનાઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે. આવા પ્રવાહમાં શામળ પાસેથી પદ્યવાર્તાઓ મળે છે. આ વાર્તાઓમાં લૌકિક જીવનનું, માણસને રસ પડે તેવું વૈવિધ્ય અને ભાવજગત છે.

## ૩.૬.૨ શામળનું જીવન અને કવન

મધ્યકાળના ઘણા સર્જકોની જેમ શામળના જીવનસમય વિશે અધિકૃત માહિતી મળતી નથી, પણ તેની કૃતિઓના આધારે સ્વીકૃત થયેલા મત મુજબ શામળનો સમય ઈ.સ. ૧૬૯૫થી ઈ. ૧૭૭૦ સુધીનો ગણાય છે. પિતા વીરેશ્વર અને માતા આનંદીબાઈના પુત્ર શામળ વેંગણપુરના વતની હતા. (હાલનું ગોમતીપુર – અમદાવાદ) પ્રેમાનંદ અને શામળ વચ્ચે સ્પર્ધા વિષયક દંતકથાઓ પ્રચલિત છે પણ, શામળ, પ્રેમાનંદના સમકાલીન ન હતા તેથી આવી વાતોનો કોઈ આધાર નથી. પદ્યવાર્તાકાર શામળનું સાહિત્યસર્જન નીચે મુજબ છે :

(૧) પદ્માવતી (૨) ચંદ્રચંદ્રાવતી (૩) નંદબત્રીસી (૪) મદનમોહના (૫) બરાસકસ્તૂરી (૬) સિંહાસનબત્રીસી (૭) સૂડાબહોતેરી

ઉપરની કૃતિઓ શામળની હોવા વિશે કોઈ શંકા નથી.

શામળના નામે મળતી કેટલીક કૃતિઓ નીચે મુજબ છે :

(૧) અંગદવિષ્ટિ (૨) રાવણ મંદોદરી સંવાદ (૩) શિવપુરાણ (૪) રેવાખંડ (૫) રણછોડજીના શલોકા

*** શામળના છપ્પા :**



છ લીટીનાં મુક્તકો એવા શામળના છપ્પાઓ 'શામળ રત્નમાળા'માં ગ્રંથસ્થ થયા છે. અર્વાચીન કવિતાનો પ્રારંભ કરનાર કવિ દલપતરામે 'શામળ સતસઈ'માં સાતસો જેટલા બોધક દોહરાઓ ગ્રંથસ્થ કર્યા છે.

શામળ પોતાની કવિતા વિશે વાત કરતી વખતે પુરોગામીઓનું ઋણ સ્વીકારે છે. સાથે એમ પણ જણાવે છે કે :

'કહ્યું કથે તે શાનો કવિ ? શીખી વાત તે શાની નવી ?'

મધ્યકાળમાં પુરાણ આધારિત, મહાકાવ્યો આધારિત વિષયવસ્તુને કેન્દ્રમાં રાખી કવિઓ પોતાના નિજી સત્ત્વનું ઉમેરણ કરી કવિપદની સભાનતા વગર નિષ્કામ ભાવે સર્જન કરતા હતા, સાહિત્યમાં મૌલિકતા વિશેની તીવ્ર સમજ પ્રવર્તતી ન હતી.

શામળ પોતાના કવિત્વને અંગે પદ્યવાર્તામાં વિશિષ્ટ રીતે અભિવ્યક્ત થાય છે. શામળે પોતાની ભાષા વિશે વાત કરતાં જણાવ્યું છે :

'સાદી ભાષા સાદી કડી, સાદી વાત વિવેક, સાદામાં શિક્ષા કથે એ જ કવિજન એક.'

શામળના સમગ્ર સર્જનમાં 'સિંહાસનબત્રીસી' ખૂબ લોકપ્રિય રચના છે. બત્રીસ પૂતળીની વાર્તા અને ઉજ્જૈનના રાજા વિક્રમનું પરદુઃખભંજક ચરિત્ર ભારતીય જનમાનસમાં ખૂબ આદર પામ્યું છે. ૫૬ જેટલી વાર્તાઓમાં 'સિંહાસનબત્રીસી' રજૂ થઈ છે.

'મદનમોહના' – દુહા, ચોપાઈ અને છપ્પાની કુલ ૩૦૦૭ જેટલી પંક્તિઓમાં, ૧૩૧૭ જેટલી કડીઓમાં 'મદનમોહના' લખી છે. 'મદનમોહના'ની કથા 'કડી કડી રસાલ' એમ પૂરા આત્મવિશ્વાસથી શામળ કહે છે. મથુરાના રાજા મધુસૂદન અને રાણી મધુસૂદનની મોહના નામે પુત્રીની આ વાર્તા છે.

શામળની પદ્યવાર્તાઓ મધ્યકાલીન કાવ્યસ્વરૂપોમાં જુદી પડે છે. શામળ પૂર્વે જૈન તેમજ જૈનેતર સાહિત્યમાં ઘણી પદ્યવાર્તાઓ મળી આવે છે. જેમ કે વિજયભદ્રસૂરિની 'હંસરાજ–વચ્છરાજ ચઉપઉ', અસાઈતની 'હંસાઉલી', ભીમની 'સદયવત્સચરિત્ર', નરપતિની 'નંદબત્રીસી' આદિ.

રસિક શૈલીમાં વાર્તાઓ કહેનાર કવિ શામળ લોકપ્રિય વાર્તાકાર હતા. પ્રેમાનંદની જેમ શામળ પણ ઘણા લાંબા સમય સુધી લોકમાનસ પર પોતાનો પ્રભાવ પાથરે છે.

### ૩:૬:૩ ચાવીરૂપી શબ્દો

૧. કવન : કવિતા, (અહીં શામળ દ્વારા રચાયેલી સમગ્ર કવિતા)

૨. વેંગણપુર : શામળનું વતન. (હાલનું ગોમતીપુર – અમદાવાદ)

૩. દંતકથા : મૌખિક રીતે પરંપરાગત રીતે ચાલતી આવતી વાર્તા. જેને સાબિત કરી શકાય એવો કોઈ આધાર નથી હોતો.

૪. કથે : કહે

૫. રસાલ : રસભરપૂર

૬. નિજીસત્ત્વ : (અહીં) પોતાની સર્જનશક્તિ

### *તમારી પ્રગતિ ચકાસો-૬

૧. શામળના જીવન વિશે મળતી માહિતીનો પરિચય કરાવો.

૨. પદ્યવાર્તાકાર શામળ વિશે ટૂંકમાં લખો.

## ૩ : ૭. દયારામ

### ૩ : ૭.૦ ઉદ્દેશો

ગુજરાતી સાહિત્યના મધ્યકાળના છેલ્લા મોટા કવિ દયારામ ગણાય છે. દયારામના જીવન તથા દયારામની કવિતાનો આ એકમમાં પરિચય કરાવવાનો હેતુ છે. મધ્યકાળના સાહિત્યની પ્રથમ લાક્ષણિક્તા ધર્મકેન્દ્રી સાહિત્ય હોવાની છે. 'બંસીબોલનો કવિ' તરીકે ઓળખતા દયારામ પણ ધર્મકેન્દ્રી – ભક્તિપ્રવાહની કવિતાઓ આપે છે. આ એકમમાં આપણે તેનો પરિચય મેળવીશું.

### ૩ : ૭.૧ પ્રસ્તાવના

દયારામ મધ્યકાળના અંતિમ પ્રતિનિધિ કવિ ગણાય છે. નરસિંહ, મીરાં, અખા જેવા કવિના સમર્થ અનુગામી તરીકે દયારામ ઉલ્લેખનીય છે. નરસિંહ-મીરાંનાં પદો, ભોજાના ચાબખા, અખાના છપ્પા, પ્રેમાનંદનાં આખ્યાન, શામળની પદ્યવાર્તાઓની જેમ દયારામની ગરબીઓ – વિશિષ્ટ ઓળખ પામે છે. મધ્યકાળના તમામ કવિઓમાં ધર્મ, અધ્યાત્મ, ઉપનિષદો, ભક્તિ-જ્ઞાન જુદાંજુદાં કાવ્યસ્વરૂપોમાં પ્રગટ થતાં રહ્યાં છે. દયારામની કવિતામાં પુષ્ટિ સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન પ્રગટ થયું છે.

### ૩ : ૭.૨ દયારામનું જીવન અને કવન

જીવન : 'દયારામનો જન્મ નર્મદાકિનારે આવેલા યાત્રાધામ ચંડીપુર (ચાંદોદ)માં સંવત ૧૮૩૩ એટલે કે ઈ.સ. ૧૭૭૭માં થયો હતો. અનંતરાય રાવળના મત મુજબ દયારામનો જન્મ મોસાળ

ડભોઈમાં થયો હતો.

દયારામ સાઠોદરા નાગર બ્રાહ્મણ હતા. તેઓ દસ વર્ષના હતા ત્યારે પિતાનું અવસાન થયું અને બાર વર્ષના હતા ત્યારે માતાનું અવસાન થયું. જીવનનો મોટો ભાગ ડભોઈમાં વિતાવ્યો હતો. દયારામના વિવાહ આઠ વર્ષની વયે ગંગા નામની એક નાગર કન્યા સાથે થયા હતા પરંતુ, લગ્ન પહેલાં જ તેનું અવસાન થતાં દયારામ આજીવન બ્રહ્મચારી રહ્યા હતા. ઇચ્છારામ ભટ્ટજી નામના વૈષ્ણવ પાસેથી શાસ્ત્રજ્ઞાન અને કાવ્યલેખનની પ્રેરણા પામેલા દયારામ શ્રીકૃષ્ણની સેવા-ભક્તિમાં જીવન પસાર કરે છે. જીવનનો મોટો ભાગ તીર્થયાત્રાઓમાં પસાર કર્યો હતો. ઈ.સ. ૧૮૫૨માં તેમનું અવસાન થયું.

દયારામનું કવન : દયારામે ઘણું સાહિત્યસર્જન કરેલું છે. મધ્યકાળના અભ્યાસીઓએ કરેલા તારણ બાદ છેવટના વર્ગીકરણ મજબ દયારામના સાહિત્યને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય :

(૧) **સાંપ્રદાયિકરચનાઓ** : 'રસિકવલ્લભ', 'ભક્તિપોષણ', 'રસિકરંજન' વગેરે વ્રજભાષામાં રચાયેલી કૃતિઓ.

(૨) **ભક્તિ મહિમાગાનની કૃતિઓ** : આમાં આખ્યાનકલ્પ રચનાઓ છે. 'ભક્તવેલ', 'ચોરાશી વૈષ્ણવના ધોળ', 'મીરાંચરિત્ર', 'શ્રી હરિભક્તિચંદ્રિકા' વગેરે બાર જેટલી રચનાઓ.

**ઉપદેશાત્મક રચનાઓ** : પ્રબોધબાવની, હનુમાનગરુડ સંવાદ, ભક્તવેલ વગેરે ચૌદ જેટલી ગુજરાતી તથા વ્રજભાષામાં લખાયેલી કૃતિઓ.

**આખ્યાનો** : અજામિલ આખ્યાન, રુક્મિણીવિવાહ, સત્યભામાવિવાહ વગેરે.

**ભક્તિબોધનાં પદો** : સાચા વૈષ્ણવનાં લક્ષણો દર્શાવતાં તથા ભક્તિમાર્ગનાં પદો.

**(૩) ગરબીઓ** : કૃષ્ણભક્તિને નિરૂપતી ૬૦૦ જેટલી ગરબીઓ.

દયારામે વ્રજભાષામાં પોતાના જીવનના મહત્ત્વના પ્રસંગોની નોંધ 'અનુભવમંજરી' શીર્ષકથી લખી છે; જે કવિના હસ્તાક્ષરમાં પ્રાપ્ત થયેલી છે.

## ૩ : ૭.૩ સંક્ષિપ્ત કૃતિપરિચય

રસિકવલ્લભ : લગભગ એકાવન વર્ષની વયે ઈ.સ. ૧૮૨૮માં રચેલો આ પુષ્ટિમાર્ગીય ગ્રંથ છે. જ્ઞાન અને વૈરાગ્ય કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે; તેવું દયારામ આ રચનામાં જણાવે છે. સેવા,

દર્શન, કીર્તન દ્વારા પ્રભુની કૃપા પામવી, પુષ્ટ થવું તે પુષ્ટિમાર્ગ. ૧૦૯ પદોમાં રચાયેલી આ કૃતિ પુષ્ટિમાર્ગની સાંપ્રદાયિક રચના છે.

ભક્તિપોષણ : રસિકવલ્લભની સંક્ષિપ્ત આવૃત્તિ જેવી આ રચનામાં ભક્તિનો મહિમા, સ્વરૂપ અને પ્રકારોની વિસ્તૃત સમજ વ્યક્ત કરી છે.

'રસિકરંજન' અને 'ભક્તિવિધાન' એ 'રસિકવલ્લભ'ને જ જાણે વ્રજભાષામાં કવિ અવતારે છે. 'ભક્તિવેલ' અને 'ચોરાશી વૈષ્ણવના ધોળ'માં સાંપ્રદાયિક અભિવ્યક્તિ છે. દયારામે 'મીરાંચરિત્ર' પણ લખ્યું છે. 'અજામિલ આખ્યાન' તથા 'પ્રેમપરીક્ષા' પણ ઉલ્લેખનીય છે.

### ૩ : ૭.૪ દયારામનાં ભક્તિબોધનાં પદો

દયારામે ભક્તિબોધના જે પદો લખ્યાં છે; તેને ત્રણ વિષયમાં વિભાજિત કરી શકાય.

(૧) ભક્તો ભગવાન પ્રત્યે દીનતા અને શરણાગતિનો ભાવ પ્રગટ કરે છે :

"હરિ ! જેવોતેવો હું દાસ તમારો, કરુણાસિંધુ ગ્રહો કર મારો !"

(૨) સાચા વૈષ્ણવનાં લક્ષણો દર્શાવતાં પદો :

"વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?"

"વૈષ્ણવ સંગે વૈષ્ણવ થાય તો તું વૈષ્ણવ સાચો,
તારા સંગનો રંગ ના લાગે ત્યાં લગી તું કાચો."

(૩) ભક્તિમાર્ગનો મહિમા દર્શાવતાં પદો :

"શું જાણે વ્યાકરણી, વસ્તુને શું જાણે વ્યાકરણી ?
મુખપર્યન્ત ભર્યું ઘૃત તદપિ સ્વાજ ન જાણે બરણી."

"ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે."

### ૩ : ૭.૫ દયારામની ગરબીઓ

દયારામની ગરબીઓ એટલે ભક્તહૃદયનો ઉલ્લાસ છે; ઊર્મિકાવ્યો છે. કવિ ન્હાનાલાલે ગરબીના રચયિતા દયારામને 'બંસીબોલના કવિ' કહ્યા છે. કવિ ઉશનસ્ દ્વારા તેમને 'વ્યાકુલ વૈષ્ણવ' તરીકે ઓળખાવે છે. તેમની ગરબીઓની કેટલીક જાણીતી પંક્તિઓ :

"હું શું જાણું કે વ્હાલે, મુજમાં શું દીઠું ?
વારે વારે સામું ભાળે, મુખ લાગે છે મીઠું."

* * *

"મારું મન મોહ્યું, વાંસલડીને શબ્દે કાનડ કાળા
હું તો ઘેલી થઈ, મારા ઘરમાં નથી ગમતું મારા વ્હાલા..."

* * *

"શ્યામ રંગ સમીપે ન જાવું, માહારે આજ ઘડી..."

* * *

"હાવાં સખી, નહીં બોલું રે નંદકુંવરની સંગે,

મુંને શશીવદની કહી છે રે ત્યારની દાઝ લાગી છે અંગે."

દયારામ ભક્ત કવિ છે. ઉશનસે દયારામને ગુજરાતમાં મીરાં પછીની પ્રેમલક્ષણાભક્તિની છેલ્લી શ્રેષ્ઠ 'ગોપી' કહ્યા છે; જે સર્વોત્તમ અંજલિ છે. ભાવોર્મિસભર આ ભક્તકવિનું સર્જન ગુજરાતી સાહિત્યનું મૂલ્યવાન પ્રકરણ છે.

***તમારી પ્રગતિ ચકાસો - ૭**

**(અ) એક વાક્યમાં જવાબ આપો.**

(૧) દયારામ કવિ તરીકે કયું ઉપનામ પામ્યા છે ?

(૨) કયા કાવ્યસ્વરૂપથી દયારામને વિશિષ્ટ ઓળખ મળી છે ?

(૩) દયારામની કવિતામાં કયા સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન પ્રગટ થયું છે ?

**(બ) ટૂંકમાં જવાબ આપો.**

(૧) દયારામની સાંપ્રદાયિક રચનાનાં નામ જણાવો

(૨) 'રસિક વલ્લભ'નો ટૂંકો પરિચય આપો.

**(ક) ટૂંકનોંધ લખો**

(૧) દયારામની ગરબીઓ

# ૩ : ૮. મીરાં પછીની ભક્તિકવિતાનો પરિચય

## ૩ : ૮.૦ ઉદ્દેશો

મીરાં પછી ઘણા કવિઓએ ભક્તિભાવપૂર્વક કવિતા લખી છે. આ એકમમાં મીરાં પછીની કવિતાનો પરિચય થશે. રૂપરેખાની ભૂમિકાએ અત્રે પરિચય આપવાનો ઉપક્રમ છે. મીરાં પછી અને દયારામ પૂર્વે તથા દયારામની સમાંતરે પ્રગટેલી કાવ્યધારા મધ્યકાળના ગુજરાતી સાહિત્યનું અગત્યનું પ્રકરણ છે. આ એકમના અભ્યાસ દ્વારા દયારામ સુધીની કવિતાનો મહત્ત્વની કડીનો પરિચય થશે.

## ૩.૮.૧ પ્રસ્તાવના

મીરાં પછી અખો – પ્રેમાનંદ આદિ કવિ દ્વારા જ્ઞાન-ભક્તિની જુદી જ કાવ્યધારા વહે છે. શામળની પદ્યવાર્તાઓ અને પ્રેમાનંદનાં આખ્યાનોની લોકપ્રિયતાથી સાહિત્યની પ્રજાભિમુખતા સમૃદ્ધ હતી. મીરાંથી દયારામ સુધીના સમયગાળામાં ઘણી પદરચનાઓ થઈ. આ ભક્તિકવિતાને અભ્યાસની અનુકૂળતા અને વૈવિધ્ય પ્રમાણે બે વિભાગમાં વહેંચી શકાય. (૧) બિનસાંપ્રદાયિક કવિતા (૨) સાંપ્રદાયિક કવિતા.

મીરાં પછીની ભક્તિકવિતાના વૈવિધ્યને સમજવાનો આ એકમમાં પ્રયાસ છે. રૂપરેખાત્મક રીતે સર્જકો અને તેમની કવિતા વિશેની વિગતો અત્રે સમાવિષ્ટ છે. જેનો આપણે તબક્કાવાર અભ્યાસ કરીશું.

## ૩.૮.૨ બિનસાંપ્રદાયિક કવિતા

કબીર, નાનક, ગોરખનાથ તથા અન્ય સૂફીસંતો દ્વારા મળતી કવિતાને બિનસાંપ્રદાયિક કવિતા તરીકે ઓળખી શકાય.

ઈશ્વરપ્રાપ્તિ માટેની નિર્ગુણ ભક્તિની ઉપાસનાએ લોકહૃદયમાં ઘણો પ્રભાવ પાડ્યો. પરિપક્વ પ્રજ્ઞાની સમજ, ધર્મચિંતન અને પરમતત્ત્વ સાથે અદ્વૈત અનુભવની વિચાર – ચિંતનપ્રધાન કવિતા એટલે બિનસાંપ્રદાયિક કવિતા. કેટલાક કવિઓનો પરિચય મેળવીએ :

**ભાણસાહેબ :** ભાણદાસ આંબા છઠ્ઠા નામના ભરવાડ પાસેથી તેમને આત્મજ્ઞાન મળ્યું. અંતરજ્ઞાન થતાં તેઓ સંસારી મટી સાધુ થયા અને શિષ્યસમુદાય સાથે ભક્તિમાર્ગે ઈશ્વર આરાધના કરી.

**રવિસાહેબ** : ગુરુ ભાણસાહેબનો સંપર્ક થયો અને વૈરાગ્યના ભાવ જાગ્યા. 'લાવો લાવો કાગળ ને દોત, લખીએ હરિને રે" જેવાં પદો-ભજનોની તેમણે રચના કરી.

**મોરારસાહેબ** : રવિસાહેબના શિષ્ય હતા. થરાદના રાજપૂત મોરારસાહેબે જામનગર આવીને ભેખ ધારણ કર્યો. જામખંભાળિયામાં આશ્રમ બાંધ્યો. ૧૮૪૯માં જીવતાં સમાધિ લીધી.

**ત્રિકમસાહેબ** : ખીમસાહેબ નામક કબીરપંથી સંતના શિષ્ય હતા. તેઓ અસ્પૃશ્ય મનાતી ગરોડા જાતિના હતા. તીવ્ર આત્માનુભૂતિથી તેમણે પદરચનાઓ કરી છે. ત્રિકમ સાહેબે પણ જીવતાં સમાધિ લીધી હતી.

**હોથીસાહેબ** : મોરારસાહેબના શિષ્ય હતા. મોરારસાહેબની ભજનવાણીથી પ્રભાવિત થઈને સંત બન્યા.

**ખીમસાહેબ** : 'આ કાયામાં પરગટ ગંગા, શીદ ફરો પંથપાળા' જેવાં ભજનો તેમની પાસેથી મળે છે. ભાણસાહેબના પુત્ર હતા અને ભાણસાહેબનું શિષ્યત્વ સ્વીકારી ઘણી પદરચનાઓ કરી.

**જીવણસાહેબ** : ગુરુપરંપરામાં ત્રિકમસાહેબના શિષ્ય ભીમસાહેબના શિષ્ય હતા. ઘણાં પદોમાં તેમણે 'દાસી જીવણ' નામનો ઉલ્લેખ કર્યો છે.

આ કવિઓ આડંબરમુક્ત ભક્તિવાણી પ્રગટ કરે છે. લોકોને સમજાય તેવી જનવાણીમાં પ્રગટ થયેલી આ કવિની રચનાઓ વ્યાપક જનાધાર ધરાવે છે.

### ૩.૮.૩ સાંપ્રદાયિક કવિતા

સ્ત્રીકવિ **ઇન્દ્રાવતી** પ્રણામીપંથના અનુયાયી હતાં. 'વિરહ બારમાસા અને ઋતુવર્ણનો', 'ખટઋતુવર્ણન' તથા 'ખટઋતુઓનો કળશ' જેવાં કાવ્યોમાં ભક્તની વિરહવ્યથા આલેખી છે. લીંબડીનો કવિ મીઠો ઢાઢી પણ જાણીતો છે. **વિશ્વનાથ જાની**એ 'પ્રેમપચીસી', **રાજે**ની 'વિરહગીતા', **રત્ના ભાવસારે** 'મહિના' જેવા કાવ્યપ્રકારમાં 'બારમાસ' લખ્યા છે. અઢારમા સૈકામાં થઈ ગયેલા **રત્નેશ્વર** કવિએ 'રાધા વિરહના મહિના' લખ્યા છે.

### ૩.૮.૪ સ્વામીનારાયણ સંપ્રદાયની કવિતા

ઉત્તર ભારતમાં અયોધ્યા પાસે આવેલા છપૈયા નામના ગામમાં ઘનશ્યામનો જન્મ થયો. તેઓ નાનપણથી સૌથી જુદા પડતા હતા. હિમાલય તથા વનવિચરણ કરતાં કરતાં તપસ્વીજીવન

ગાળ્યું. ઈ.સ. ૧૭૮૧માં જન્મેલા આ બાળકે તપોમય કિશોરજીવન દરમિયાન અઢાર વર્ષની વયે કાઠિયાવાડ ગુજરાતમાં પ્રવેશ કર્યો. રામાનંદ સ્વામી પાસે પીપલાણા ગામે દીક્ષા લીધી. સહજાનંદ સ્વામી તરીકે જાણીતા થયા. સ્વામીનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી. વડતાલ તથા અમદાવાદમાં મંદિરો નિર્માણ કર્યાં. બંને ગાદીના આચાર્યોની નિમણૂક કરી. એ પરંપરા આજે પણ ચાલુ છે. તેમના ભક્તો તેમને અવતારીપુરુષ તરીકે માન આપે છે. સહજાનંદ સ્વામીએ ‘શિક્ષાપત્રી’ની રચના કરી. સહજાનંદ સ્વામીએ કહેલા ‘વચનામૃત’નું ગ્રંથસ્થ સ્વરૂપ પણ મળે છે. જે ગુજરાતી પ્રારંભિક ગદ્યનો નમૂનો છે. તેમની પરંપરાના ઉત્કૃષ્ટ સંતકવિઓએ રચેલી કવિતાને આપણે સ્વામીનારાયણ સંપ્રદાયની કવિતા તરીકે ઓળખીએ છીએ.

**૩:૮:૪ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓ**

**મુક્તાનંદ સ્વામી** (ઈ.સ. ૧૭૬૧થી ૧૮૩૦) : તેમણે ‘મુકુંદબાવની’ ‘ઉદ્ધવગીતા’ અને ‘સતીગીતા’ જેવી કૃતિઓ આપી છે. ‘જય સદ્‌ગુરુ સ્વામી’ નામની જાણીતી સ્તુતિ તથા ‘ધર્માખ્યાન’ ગ્રંથની રચના પણ તેમણે કરી છે.

**બ્રહ્માનંદ સ્વામી** (ઈ.સ. ૧૭૭૨થી ઈ.સ. ૧૮૩૨) : લાડુ બારોટ નામના આ સજ્જન દીક્ષા પછી બ્રહ્માનંદ સ્વામી બન્યા. ભુજની પાઠશાળામાં તેમણે અભ્યાસ કર્યો હતો. નિત્ય કાવ્યરચના કરવાનો તેમનો નિયમ હતો. ‘બ્રહ્માનંદ છંદ રત્નાવલિ’, ઉપદેશ ચિંતામણિ, વિવેક ચિંતામણિ, નીતિપ્રકાશ, બ્રહ્મવિલાસ, સુમતિ પ્રકાશ, સતી ગીતા વગેરે પંદર ગ્રંથોની રચના કરી છે. બ્રહ્માનંદ સ્વામીના પદોનું સંપાદન ‘બ્રહ્માનંદ કાવ્ય’ ભાગ ૧ અને ૨માં મળે છે.

**પ્રેમાનંદ સ્વામી – પ્રેમસખી’** (ઈ.સ. ૧૭૮૪થી ૧૮૫૫) : સહજાનંદ સ્વામીને સખા તરીકે કલ્પીને તેમણે પ્રેમલક્ષણાભક્તિ સ્વરૂપનાં પદોની રચના કરી છે. પ્રેમસખી પોતે કુશળ ગીતકાર – ગવૈયા હતા તેથી તેમણે રચેલાં ગીતો ગાઈ શકાય તેવાં હતાં.

**નિષ્કુળાનંદ સ્વામી** (ઈ.સ. ૧૭૬૬થી ઈ.સ. ૧૮૪૮) : કચ્છ તેમનું વતન. વિશ્વકર્મા બ્રાહ્મણ હતા. સહજાનંદ સ્વામી સાથે કચ્છ ભૂમિના જાણકાર તરીકે તેઓ ફર્યા. તેમણે વીસ જેટલા ગ્રંથોની રચના કરી જેમાં ‘ભક્તચિંતામણિ’, ‘પુરુષોત્તમ પ્રકાશ’, ‘ધીરજાખ્યાન’ વગેરે જાણીતી રચનાઓ છે. ‘ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના’ તેમની જાણીતી પદરચના છે.

**દેવાનંદ સ્વામી** (ઈ.સ. ૧૮૦૩થી ઈ.સ. ૧૮૫૪) : ધોળકા નજીક બળોલ ગામમાં ગઢવી

કુટુંબમાં જન્મ. બ્રહ્માનંદ સ્વામી પાસે અભ્યાસ કર્યો. તેમણે ઘણાં કીર્તન રચ્યાં છે. 'સંત સમાગમ અતિ સુખદાયક' રચના જાણીતી છે. અર્વાચીન ગુજરાતી કવિતાના પ્રારંભિક મુખ્ય કવિ દલપતરામના તેઓ ગુરુ હતા.

સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ – સંતોની વ્યાપક અસર મધ્યકાલીન કાઠિયાવાડ, કચ્છ, વડતાલ, અમદાવાદ આદિના જનજીવન પર પડી.

### ૩.૮.૫ મુસ્લિમ કવિઓ અને ખ્રિસ્તી કવિઓ

મધ્યકાળમાં ગુજરાતમાં મુસ્લિમ શાસન દરમિયાન વિવિધ પ્રકારની ભક્તિકવિતા મળી. કેટલાંક ઉલ્લેખનીય નામો નીચે મુજબ છે.

**અબ્દુર રહેમાન** : વિપ્રલંભ શૃંગારનું રસિક દૂતકાવ્ય 'સંદેશરાસક'ની તેમણે રચના કરી. નવા સંશોધન મુજબ આ કવિ બારમી શતાબ્દીના કવિ છે. જૈનેતર કવિઓની રચનામાં 'સંદેશરાસક' સૌથી જૂની રચના ગણાય છે.

**રાજે** (ઈ.સ. ૧૬૫૦થી ઈ.સ. ૧૭૨૦) : આ મુસ્લિમ કવિ ભરૂચ જિલ્લાના કેરવાડા ગામના મોલેસલામ ગરાસિયા હતા. તેમણે કૃષ્ણભક્તિની કવિતા રચી છે. તેમણે 'રાસપંચાધ્યાયી', 'ગોકુલલીલા', 'વિરહગીતા', 'બારમાસી' જેવી કવિતા આપી છે.

ખ્રિસ્તી ધર્મના પાદરીઓ, **રેવરંડ ફૈવી**, **રેવરન્ડ સ્કીનરે** બાઈબલનું ભાષાંતર કર્યું છે. આ ભાષાંતરમાં ભાષાનો અનુવાદ થયો છે પણ ભાવ જળવાયો નથી તેથી સફળ ભાવાનુવાદ ન કહી શકાય, પણ છેક મધ્યકાળમાં બાઈબલના અનુવાદના પ્રયત્ન તરીકે તેનો ઉલ્લેખ જરૂરી છે.

### ૩ : ૮.૬ સ્ત્રીકવિઓ – મધ્યકાલીન કવયિત્રીઓનું પ્રદાન

૧૬મી સદીમાં મીરાંબાઈ થયાં. એ રીતે મધ્યકાળમાં કેટલાંક સ્ત્રીકવિઓએ ઉલ્લેખનીય પ્રદાન કરેલું છે. જૈન વિદુષી સાધ્વીજી **હેમશ્રી**એ ઈ.સ. ૧૫૮૮માં 'કનકાવતી આખ્યાન' રચ્યું છે. મુસ્લિમ સ્ત્રીકવિ **રતનબાઈ**એ મીરાંબાઈની જેમ ભજન લખ્યાં છે.

**ગવરીબાઈ** : (ઈ.સ. ૧૭૫૯થી ઈ.સ. ૧૮૦૯) ડુંગરપુરનાં વતની હતાં. બાળવયમાં વિધવા થયાં. સાધુ-સંતોના સંપર્ક બાદ તેમણે 'ભાગવત' આદિ ધર્મગ્રંથોનું અધ્યયન કર્યું. પરિણામે તેમની પ્રતિભાને પોષણ મળ્યું. 'તિથિ' અને 'વાર'નાં મળીને કુલ છસો પચાસ જેટલાં પદ

તેમની પાસેથી મળી આવે છે.

**દિવાળીબાઈ** : વિધવા બ્રાહ્મણ કન્યા એવાં દિવાળીબાઈનું વતન ડભોઈ. ઈ.સ. ૧૭૯૧માં તેઓ વિદ્યમાન હતાં. રામભક્ત સંતના પરિચયમાં આવ્યાં તેથી જ તેમણે 'રામજન્મ', 'રામબાળલીલા', 'રામવિવાહ', 'રામરાજ્યાભિષેક'ની ગરબીઓ ઉપરાંત 'મહિના' અને 'બ્રહ્મજ્ઞાન'નાં પદો લખ્યાં છે.

**કૃષ્ણાબાઈ** : વડનગરનાં નિવાસી અને વડનગરા નાગર જ્ઞાતિનાં આ કવિએ રામવિષયક કાવ્યો આપ્યાં છે. 'સીતાજીની કાંચળી' ૧૬૮ પંક્તિઓનું કાવ્ય છે. 'સીતાવિવાહ', 'રુક્મિણી-હરણ', 'કૃષ્ણનાં હાલરડાં'ની પણ તેમણે રચના કરી છે.

**પુરીબાઈ** : ઉમરેઠનાં વતની હતાં. તેઓ અઢારમી સદીનાં હોવાનું માનવામાં આવે છે. 'સીતામંગલ' કાવ્ય લખ્યું છે.

**વણારસીબાઈ** : નિરાંત ભગતનાં શિષ્ય હતાં. તેમણે કેટલીક પદરચનાઓ કરી છે. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં મળતા કવિઓમાં 'ઇન્દ્રાવતી' નામની પ્રણામીપંથના અનુયાયી કવિ પાસેથી 'વિરહ બારમાસી અને 'ઋતુવર્ણન', 'ખટઋતુવર્ણન', 'ખટઋતુઓનો કળશ' નામની રચનાઓ મળે છે.

**ગંગાસતી** : સંતવાણી પરંપરાનું નોંધપાત્ર રીતે મૂલ્યવાન ગણાતું નામ એટલે ગંગાસતી. તેઓ ૧૮૪૩થી ૧૮૯૪ દરમિયાન થઈ ગયાં. ગોહિલવાડમાં જન્મેલાં ગંગાસતીનું બાળપણનું નામ હીરબા હતું. હીરબામાં સાધુસંતોની સેવાનો વારસો હતો. સંતોએ તેમનું નામ ગંગા પાડ્યું. ભાવનગર જિલ્લાના સમઢિયાળા ગામે કસળસિંહ સાથે ગંગાબાઈનાં લગ્ન થયાં. સાસરિયામાં તેઓ પોતાની સાથે દાસી તરીકે પાનબાઈને લઈ ગયો. પાનબાઈને ઉદ્દેશીને પ્રતિદિન એક એમ બાવન ભજનોની રચના કરી. બાવન દિવસ પછી ગંગાસતીએ સમાધિ લીધી એમ કહેવાય છે. તેમની ખૂબ જાણીતી રચનાઓ :

"વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ ! અચાનક અંધારાં થાશે જી...."

***

"મેરુ તો ડગે પણ જેનાં મન નો ડગે,મરને ભાંગી પડે બ્રહ્માંડ રે..."

***

"ભગતી રે કરવી એણે રાંક થઈને રે'વું પાનબાઈ ! મેલવું અંતરનું અભિમાન રે..."

***

**સતી લોયણ – સતી તોરલ** : લુહાર જ્ઞાતિનાં સતી લોયણે પણ પદરચનાઓ કરી છે.

સતી તોરલ 'પાપ તારું પ્રકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે... દ્વારા જાણીતાં છે.

**અમરબાઈ, મંગલબાઈ, રામબાઈ** આદિ સંતહૃદયની કવયિત્રીઓએ પણ પદો રચ્યાં છે.

***તમારી પ્રગતિ ચકાસો-૮**

૧. મીરાં પછીની ભક્તિકવિતા વિશે પરિચયાત્મક નોંધ લખો.

૨. સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતા વિશે વિગતે લખો.

૩. મધ્યકાળની સ્ત્રીકવિઓ વિશે સવિગત લખો.

## ૩ : ૯ ચાવીરૂપ શબ્દો (૧)

૧. સૂરિ : જૈન આચાર્યોના નામ પાછળ લગાડવામાં આવતા આ શબ્દનો અર્થ : વિદ્વાન, પંડિત, આચાર્ય, કવિ એમ થાય છે.

૨. જમ્બૂસ્વામિચરિય : જમ્બૂસ્વામિનું ચરિત્ર. 'ચરિય' કે ચરિઉ – એ પ્રાકૃત શબ્દો છે, જેનો અર્થ ચરિત્ર થાય છે.

૩. ફાગુ : ફગ્ગ-ફાગ-ફાગણ. 'ફાગુ' નામના કાવ્યપ્રકારમાં વસંતઋતુ કે હોળીનું વર્ણન જોવા મળે છે.

૪. અજ્ઞાત : જે કાવ્યના કવિનું, રચનાકારનું નામ જાણવા મળ્યું ના હોય તેના માટે કવિના નામની જગ્યાએ 'અજ્ઞાત' એમ લખવામાં આવે છે. 'અજ્ઞાત' – એટલે કવિના નામની જાણ નથી.

*** ચાવીરૂપ શબ્દો (૨)**

૧. ધર્મકેન્દ્ર = ધર્મ જેના કેન્દ્રમાં હોય તેવું.

૨. આદિ કવિ = સૌ પ્રથમ ઉલ્લેખ નોંધપાત્ર એવા અગ્રણી કવિ

૩. અપૂજ = જેની પૂજા ન થતી હોય તેવા

૪. કાન્હડદે = કૃષ્ણદેવ નામના રાજા

૫. પ્રબંધ = મધ્યકાલીન કવિતાનો એક પ્રકાર.

ignou
THE PEOPLE'S
UNIVERSITY

# એકમ : ૪ અર્વાચીન ગુજરાતી સાહિત્ય

પ્રકરણની રૂપરેખા

## ૪ઃ૧. સુધારક યુગ

૪.૧.૦ ઉદ્દેશો

૪.૧.૧ પ્રસ્તાવના

૪.૧.૨ સુધારકયુગના ઘડતરબળો

● સુધારકયુગનાં લક્ષણો

૪.૧.૩ વિશેષ અધ્યયન

*તમારી પ્રગતિ ચકાસો-૧

## ૪ઃ૨. સુધારક યુગના અગ્રગણી કવિ સર્જકો

૪.૨.૦ ઉદ્દેશો

૪.૨.૧ પ્રસ્તાવના

૪.૨.૨ દલપતરામ

● દલપતરામનું સાહિત્યસર્જન

૪.૨.૩ નર્મદ

● નર્મદનું સાહિત્ય સર્જન

૪ઃ૨.૪ નંદશંકર તુળજાશંકર મહેતા

૪.૨.૫ નવલરામ લક્ષ્મીરામ પંડ્યા

● નવલરામની સાહિત્ય સેવા

*તમારી પ્રગતિ ચકાસો

## ૪ઃ૩ સુધારક યુગના ગૌણ સર્જકો

૪.૩.૦ ઉદ્દેશો

૪.૩.૧ પ્રસ્તાવના

૪.૩.૨ સુધારકયુગના ગૌણકવિઓ

૪.૩.૩ સુધારકયુગના ગૌણ ગદ્યલેખકો

૪.૩.૪ પારસી સાહિત્યકારો

*તમારી પ્રગતિ ચકાસો-૩

## ૪ઃ૪ પંડિતયુગ : ભૂમિકા

૪.૪.૦ ઉદ્દેશો

૪.૪.૧ પ્રસ્તાવના

૪.૪.૨ પંડિતયુગનાં ઘડતરબળો અને લક્ષણો

*તમારી પ્રગતિ ચકાસો-૪

## ૪ઃ૫ પંડિતયુગના અગ્રણી સર્જકો

૪.૫.૦ ઉદ્દેશો

૪.૫.૧ પ્રસ્તાવના

૪.૫.૨ ગોવર્ધનરામ ત્રિપાઠી

૪.૫.૩ બાલાશંકર કંથારિયા

૪.૫.૪ મણિલાલ નભુભાઈ દ્વિવેદી

૪.૫.૫ નરસિંહરાવ દિવેટિયા
૪.૫.૬ રમણભાઈ નીલકંઠ
૪.૫.૭ આનંદશંકર ધ્રુવ
૪.૫.૮ કેશવ હ. ધ્રુવ
૪.૫.૯ મણિશંકર રત્નજીભટ્ટ (કાન્ત)
૪.૫.૧૦ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ (કલાપી)
૪.૫.૧૧ ન્હાનાલાલ
૪.૫.૧૨ બળવંતરાય ઠાકોર
૪.૫.૧૩ અર્દેશર ફરામજી ખબરદાર
૪.૫.૧૪ દામોદર ખુશાલદાસ બોટાદકર
*તમારી પ્રગતિ ચકાસો-૫

## ૪:૬ પંડિતયુગના ગૌણ સર્જકો

૪.૬.૦ ઉદ્દેશો
૪.૬.૧ પ્રસ્તાવના
૪.૬.૨ પંડિતયુગના ગૌણ કવિઓ
૪.૬.૩ પંડિતયુગના ગૌણ ગદ્યલેખકો
૪.૬.૪ પંડિતયુગના ગૌણ નાટ્યલેખકો
૪.૬.૫ પંડિતયુગના ઇતિહાસલેખકો
*તમારી પ્રગતિ ચકાસો-૬

## ૪:૭ ગાંધીયુગ

૪.૭.૦ ઉદ્દેશ
૪.૭.૧ પ્રસ્તાવના
૪.૭.૨ ગાંધીયુગના ઘડતર બળો અને લક્ષણો
*તમારી પ્રગતિ ચકાસો-૭

## ૪:૮ ગાંધીયુગના અગ્રણી સર્જકો

૪.૮.૦ ઉદ્દેશો
૪.૮.૧ પ્રસ્તાવના
૪.૮.૨ ગાંધીજી
૪.૮.૩ કાકાસાહેબ કાલેલકર
૪.૮.૪ કનૈયાલાલ મુનશી
૪.૮.૫ રા. વિ. પાઠક
૪.૮.૬ ચુનીલાલ વર્ધમાન શાહ
૪.૮.૭ સ્વામી આનંદ
૪.૮.૮ કિશોરલાલ મશરૂવાળા
૪.૮.૯ ધનસુખલાલ મહેતા
૪.૮.૧૦ નરહરિ પરીખ
૪.૮.૧૧ ર. વ. દેસાઈ
૪.૮.૧૨ ધૂમકેતુ
૪.૮.૧૩ મહાદેવભાઈ દેસાઈ
૪.૮.૧૪ ઝવેરચંદ મેઘાણી
૪.૮.૧૫ ગુણવંત આચાર્ય

૪.૮.૧૬ ચં. ચી. મહેતા
૪.૮.૧૭ સ્નેહરશ્મિ
૪.૮.૧૮ સુંદરમ્
૪.૮.૧૯ જયંતી દલાલ
૪.૮.૨૦ ઉમાશંકર જોશી
૪.૮.૨૧ વિશેષ વાચન
*તમારી પ્રગતિ ચકાસો-૮

## ૪:૯ ગાંધીયુગના અન્ય નોંધપાત્ર સર્જકો-વિવેચકો

૪.૯.૦ ઉદ્દેશો
૪.૯.૧ પ્રસ્તાવના
૪.૯.૨ હરિશ્ચંદ્ર ભટ્ટ
૪.૯.૩ મનસુખલાલ ઝવેરી
૪.૯.૪ કૃષ્ણલાલ શ્રીધરાણી
૪.૯.૫ કરસનદાસ માણેક
૪.૯.૬ ગાંધીયુગના વિવેચકો
● ર. છો. પરીખ
● વિજયરાય વૈદ્ય
● વિ. મ. ભટ્ટ
● વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
● ડોલરરાય માંકડ
● નગીનદાસ પારેખ
● અનંદરાય રાવળ
*તમારી પ્રગતિ ચકાસો-૯

## ૪:૧૦ અનુગાંધી યુગ

૪.૧૦.૦ ઉદ્દેશો
૪.૧૦.૧ પ્રસ્તાવના
૪.૧૦.૨ અનુગાંધીયુગનાં પ્રભાવક પરિબળો
૪.૧૦.૩ અનુગાંધીયુગના પ્રમુખકવિઓ
૪.૧૦.૪ અનુગાંધીના નોંધપાત્ર કવિઓની સંક્ષિપ્ત જાણકારી
૪.૧૦.૫ ગાંધીયુગના ગદ્યસર્જકો-૯
૪.૧૦.૬ અનુગાંધી યુગના વિવેચકો
૧. ભોગીલાલ સાંડેસરા
૨. રમણલાલ જોશી
૩. ચિમનલાલ ત્રિવેદી
૪.૧૦.૭ આટલુ અવશ્ય કરો
*તમારી પ્રગતિ ચકાસો-૧૦

## ૪:૧૧ આધુનિકયુગનું ગુજરાતી સાહિત્ય

૪.૧૧.૦ ઉદ્દેશો
૪.૧૧.૧ પ્રસ્તાવના
૪.૧૧.૨ આધુનિકતાની વિભાવના

૪.૧૧.૩ આધુનિક ગુજરાતી સાહિત્યનાં લક્ષણો-ઘડતર બળો
૪.૧૧.૪ આધુનિક ગુજરાતી સાહિત્યનો સંક્ષિપ્ત પરિચય
૪.૧૧.૫ આધુનિક નોંધપાત્ર સર્જકો
૪.૧૧.૬ અનુગાંધી યુગમાં સ્ત્રીસર્જકો
૪.૧૧.૭ નોંધપાત્ર નિબંધકારો
૪.૧૧.૮ આધુનિક વિવેચકો
*તમારી પ્રગતિ ચકાસો-૧૧



## ૪.૧. સુધારક યુગ

### ૪ : ૧.૦ ઉદ્દેશો

આ એકમ સુધારકયુગનો છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ એકમને 'સુધારકયુગ' કહેવામાં આવે છે. આ એકમ દ્વારા અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં આપનો પ્રવેશ થશે. 'સુધારક' સંજ્ઞાથી તમે પરિચિત થશો. યુગના સાહિત્યને ઓળખવા માટે વિવિધ લક્ષણોથી પરિચિત થઈશું.

### ૪ : ૧.૧ પ્રસ્તાવના

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પ્રારંભ ૧૮૪૫થી ગણાય છે. મધ્યકાળના અંતિમ કવિ દયારામનું ઈ. ૧૮૫૨માં અવસાન થયું. ઈ.સ. ૧૮૪૫માં દલપતરામે 'બાપાની પીંપર' કવિતા લખી જે પહેલી અર્વાચીન કવિતા ગણાય છે. દલપતરામ અને નર્મદ જેવા કવિઓની રચનાઓ અર્વાચીન યુગની પ્રારંભની રચનાઓ છે. જીવનમાં સુધારો લાવવાના ઉદ્દેશની અસર હેઠળ તે સમયમાં સાહિત્ય સર્જન થયું. તેથી આ સમયને 'સુધારક યુગ' કહેવામાં આવે છે. આપણે 'સુધારક યુગ'નો વિગતે પરિચય મેળવીએ.

### ૪ : ૧.૨ સુધારક યુગનાં ઘડતરબળો

**ઘડતરબળો** : ૧૮૪૫માં દલપતરામ દ્વારા લખાયેલી 'બાપાની પીંપર' અર્વાચીન યુગની પહેલી કવિતા ગણાઈ. મધ્યકાળની કવિતાની ઢબ કરતાં 'બાપાની પીંપર' કાવ્યની રીતિ જુદી હતી. વિષયવસ્તુ અને અભિવ્યક્તિ રીતિની દૃષ્ટિએ જુદી પડતી કવિતાના રચયિતા તરીકે દલપત અને નર્મદ જેવા કવિઓ મળ્યા.

અંગ્રેજોને ઈ.સ. ૧૮૧૮માં રાજકીય પ્રભાવ વધુને વધુ વિસ્તારવામાં સફળતા મળવા લાગી હતી. પરિવર્તનનો પણ આ યુગ હતો. મુદ્રણયંત્રો, વર્તમાનપત્રો, રેલવે, તાર તથા અંગ્રેજીનું શિક્ષણ

આપતી શાળાઓ, નવી ઢબની ગુજરાતી શાળાઓ, કન્યાશાળાઓનો પ્રારંભ થવા લાગ્યો હતો.

ઈ.સ. ૧૮૨૨માં 'મુંબઈ સમાચાર' શરૂ થયું, જે પહેલું ગુજરાતી વર્તમાનપત્ર હતું. સમાજમાં વિચારવાની શરૂઆત તરીકે વર્તમાનપત્રની શરૂઆતને આપણે મહત્ત્વની ગણીએ.

અંગ્રેજ અધિકારી એલેક્ઝાન્ડર કિન્લોક ફૉર્બ્સને ગુજરાતી ભાષા માટે ખૂબ પ્રેમ હતો. ફૉર્બ્સ સાહેબ નામે જાણીતા આ અધિકારીએ દલપતરામ સાથે મળીને 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની ઈ.સ. ૧૮૪૮માં સ્થાપના કરી. ૧૮૫૦માં 'બુદ્ધિપ્રકાશ'ની ચોપાનિયા તરીકે શરૂઆત થઈ. દલપતરામે 'બુદ્ધિપ્રકાશ'ને નિયમિત બનાવ્યું. જે હાલ એકવીસમી સદીમાં પણ ચાલુ છે.

૧૮૫૭માં મુંબઈ, કલકત્તા અને મદ્રાસ એમ ત્રણ શહેરોમાં પાશ્ચાત્ય ઢબની યુનિવર્સિટીઓ શરૂ થઈ.

અઢારમી સદીના અંતિમ દાયકામાં અને ઓગણીસમી સદીની પ્રથમ પચીસીમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીએ 'શિક્ષાપત્રી', 'વચનામૃત' તથા અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા સમાજ સુધારાનું વાતાવરણ નિર્માણ કરવામાં નોંધપાત્ર સફળતા મેળવી હતી.

સમાજમાં વ્યાપ્ત વહેમ, અંધશ્રદ્ધા, ભૂતપ્રેતની માન્યતા, વિલાસ – વ્યભિચાર, બાળલગ્નો, વિધવાવિવાહ નિષેધ, વિદેશ જવા પર પ્રતિબંધ, પ્રેતભોજન, જ્ઞાતિબંધનો, ઊંચનીચના ભેદભાવ,, દીકરીને દૂધ પીતી કરવાની ક્રૂરતા, દહેજપ્રથા જેવી અરાજકતાવાદી જડતાના એ સમયમાં કવિ નર્મદ, દુર્ગારામ મહેતાજી, કરસનદાસ મૂળજી, મહીપતરામ નીલકંઠ જેવા અગ્રણીઓએ સમાજ સુધારા માટે સંઘર્ષનો માર્ગ પસંદ કર્યો.

તે વખતના શિક્ષિત યુવાનો સુધારા માટે મથતા હતા. નર્મદે 'ડાંડિયો' નામનું સામયિક બહાર પાડ્યું. વિધવાવિવાહને તેમણે ઉત્તેજન આપ્યું. 'બુદ્ધિવર્ધક સભા'માં સમાજસુધારાને કેન્દ્રમાં રાખી નર્મદે વ્યાખ્યાનો કર્યાં. દુર્ગારામ મહેતાજીએ 'માનવધર્મ સભા' દ્વારા ભૂતપ્રેત, ઊંચનીચના ભેદ, મૂર્તિપૂજાનાં અનિષ્ટો, વૈધવ્ય પ્રથા સામે આંદોલન દ્વારા લોકોને જાગ્રત કર્યા.

નર્મદના સમકાલીન એવા કરસનદાસ મૂળજીએ 'સત્યપ્રકાશ' સામયિકમાં લેખો લખ્યા. ધર્મગુરુ પાખંડ લીલાને ખુલ્લી પાડવા માટે જાગ્રત એવા કરસનદાસ મૂળજી 'મહારાજ લાયબલ કેસ'થી જાણીતા થયા.

મહીપતરામ નીલકંઠે 'પ્રાર્થનાસમાજ'ની સ્થાપના કરી. મૂર્તિપૂજાને બદલે નિરાકાર ઈશ્વરની ઉપાસનાનું મહત્ત્વ પ્રચલિત થાય અને લોકોનો બૌદ્ધિક અભિગમ વિકસે તે માટે પ્રયત્નશીલ રહ્યા.

દલપતરામે કન્યાકેળવણી વધે તે માટે ઠેરઠેર કન્યાશાળાઓની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી અમદાવાદ જેવા મહાનગરના ધનિક વર્ગ પાસેથી દાન મેળવી કન્યાશાળા સ્થાપવા તેઓ પ્રયાસ કરતા હતા. લોકો આળસ ત્યજે અને મહેનત કરતા થાય તે માટે દલપતરામે 'હુન્નરખાનની ચડાઈ' નામનું પદ્યવ્યાખ્યાન આપ્યું. જે જાણીતું બન્યું.

**● સુધારકયુગનાં લક્ષણો**

- મધ્યકાળના ધર્મપ્રધાન સાહિત્યમાંથી જુદા પડતા અને સમકાલીન પ્રજાજીવનના પ્રશ્નોને વિષયવસ્તુ તરીકે આલેખતું સાહિત્ય સર્જન થવા લાગ્યું.
- યુનિવર્સિટી શિક્ષણનો પ્રારંભ થવાથી અંગ્રેજી કેળવણી મારફતે સુધારાવાદી જીવનદષ્ટિ કેળવાઈ.
- સુધારક યુગના સાહિત્યમાં અલૌકિક કે દિવ્ય આધ્યાત્મિક વિષયવસ્તુના બદલે જીવનનું વાસ્તવ સાહિત્યનો વિષય બને છે.
- સુધારાવાદી અભિગમ પ્રત્યેની ચાહના ચળવળ માફક હતી તેથી સુધારાનો બોધ આપવા માટે તત્પર એવા કવિ કે લેખક માટે કલાતત્ત્વની માવજત કરતાં સુધારાનો પક્ષ વધુ મહત્ત્વનો બની જતો. એમ થાય ત્યારે કવિની રચના કાવ્યગુણથી નબળી જણાય પણ પોતાના ઉદ્દેશની પૂર્તિ થતું હોવાનું આશ્વાસન કવિને મન મોટું સુખ હતું.
- મધ્યકાળની કવિતા આત્મલક્ષી ઉદ્ગારવાળી હતી જ્યારે સુધારક યુગની કવિતાથી આત્મલક્ષી, સ્વલક્ષી કવિતાની શરૂઆત થઈ.
- સુધારક યુગનું સાહિત્ય એટલે નવપ્રસ્થાનની શરૂઆત છે. સાહિત્યિક ગદ્યલેખનની શરૂઆત થઈ. પશ્ચિમની ઢબનાં ઊર્મિકાવ્યો, દેશી ઢાળોને બદલે માત્રામેળ તથા અક્ષરમેળ છંદરચનાઓ, કરુણ પ્રશસ્તિ કાવ્યનો પ્રારંભ થયો.
- ગદ્યમાં નિબંધ, નાટક, નવલકથા, આત્મકથા, જીવનચરિત્ર, ઇતિહાસ આદિ સ્વરૂપોમાં સર્જન શરૂ થયું.
- સુધારક યુગથી સભાનતાપૂર્વક સાહિત્ય સમીક્ષા, સાહિત્ય વિવેચનનો પ્રારંભ થયો.
- પિંગળશાસ્ત્ર, શબ્દકોશ જેવા પાયાનાં વિદ્યાકીય કાર્યો સુધારકયુગમાં શરૂ થયાં.
- મુદ્રણયંત્રોના કારણે છાપકામ ઝડપી થયું. અખબારો, સામયિકો દ્વારા નવી આબોહવાનો જન્મ થયો.
- એકંદરે સુધારક યુગ, એ સમગ્ર રીતે જોતાં અર્વાચીન ગુજરાતી સાહિત્યનો શુભારંભ કરાવનાર યુગ છે એમ અવશ્ય કહી શકાય.

આપણે સુધારકયુગનાં સાહિત્યકારોના સાહિત્યિક પ્રદાનની વિગતો દ્વારા સુધારકયુગના સાહિત્યની વિગતો પામીશું.

### ૪.૧.૩ વિશેષ અધ્યયન

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રગટ કરવામાં આવેલ, 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૩'માં સુધારકયુગના સર્જકો અને ભૂમિકા અવશ્ય વાંચો.

### *તમારી પ્રગતિ ચકાસો -૧

૧. અર્વાચીન યુગની પહેલી કવિતા કઈ ગણાય ?
૨. દેશમાં પ્રથમ કઈ યુનિવર્સિટીઓ ખૂલી ? ક્યારે ?
૩. નર્મદ દ્વારા કયું પત્ર ચલાવવામાં આવતું ?
૪. કરસનદાસ મૂળજીના નામે કયો કેસ જાણીતો થયો ?
૫. સંસારસુધારનું કામ કરનાર ત્રણ સુધારકોનાં નામ આપો.
૬. કન્યાકેળવણી માટે કયા સાહિત્યકારે નક્કર કામગીરી કરી ?
૭. સુધારક યુગમાં ગદ્યના કયા સાહિત્યપ્રકારોની શરૂઆત થઈ ?
૮. ગુજરાતી ભાષા-સાહિત્યની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપનાર અંગ્રેજ અધિકારીનું નામ આપો.

## ૪ : ૨. સુધારક યુગના અગ્રણી કવિસર્જકો

### ૪ : ૨.૦ ઉદ્દેશો

- સુધારક યુગના અગ્રણી સર્જકોના જીવન અને સાહિત્યસર્જન આ એકમના અભ્યાસ દ્વારા તમે પરિચિત થશો.
- સુધારક યુગ સમગ્ર અર્વાચીન ગુજરાતી સાહિત્યના પાયામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે
- પહેલા એકમમાં જમાવેલા સુધારક યુગના સાહિત્યનાં લક્ષણોને અનુરૂપ કૃતિ પરિચય પણ થશે.

### ૪ : ૨.૧ પ્રસ્તાવના

સુધારક યુગના આરંભે જ દલપત-નર્મદ જેવા સર્જકો મળ્યા. તેમનો જન્મ સમય અને સાહિત્ય સર્જનની વિગતો આજે પણ તેમના સમયના પ્રજાજીવનની બૌદ્ધિક સક્રિયતાનો આપણને પરિચય આપે છે. દલપતરામ-નર્મદ, નંદશંકર તુળજાશંકર મહેતા અને નવલરામ પંડ્યાના સાહિત્યિક પ્રદાનની સંક્ષિપ્ત અને રૂપરેખાત્મક વિગતોથી આપણે માહિતગાર થઈશું.

### ૪ : ૨.૨ દલપતરામ

દલપતરામનો જન્મ ઈ.સ. ૧૮૨૦માં વઢવાણ મુકામે થયો હતો. પિતા ડાહ્યાભાઈ ત્રવાડી,

વેદપાઠી કર્મકાંડી બ્રાહ્મણ તથા શિસ્તના આગ્રહી. પિતાના સ્વભાવની ઉગ્રતાનો ભોગ બનતાં બાળકને થોડોક વખત મોસાળમાં મોકલવામાં આવ્યું. ઈ.સ. ૧૮૨૮માં આઠ વર્ષની વયે ગઢડામાં સહજાનંદ સ્વામીનાં પ્રત્યક્ષ દર્શન થયાં, ભૂમાનંદ સ્વામી પાસેથી ચૌદ વર્ષની વયે સ્વામિનારાયણ ધર્મની દીક્ષા લીધી. આ સંપ્રદાયના દેવાનંદ સ્વામી પાસેથી કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કર્યો. વ્રજભાષા તથા સંસ્કૃત ભાષાના ગ્રંથોનું અધ્યયન કરી કવિ તરીકે સજ્જ થયા.

**● દલપતરામનું સાહિત્યસર્જન**

**કવિતા** : દલપતરામે ગદ્ય-પદ્ય, બંનેમાં સાહિત્યસર્જન કર્યું છે. તેમની સમગ્ર કવિતા ‘દલપતકાવ્ય’ ભાગ ૧ અને ૨માં ઉપલબ્ધ છે.

ઈ.સ. ૧૮૪૫માં ‘બાપાની પીંપર’ કવિતા રચી. આ કવિતા દ્વારા જ અર્વાચીન કવિતાનો પ્રારંભ થયો છે એમ કહેવાય છે. ‘આવ ગિરા ગુજરાતી તને અતિ શોભિત હું શણગાર સજાવું’ ભાષાપ્રીતિની જાણીતી પંક્તિ દલપતરામે આપી છે. ૧૮૬૮માં વિધવાવિવાહની સમસ્યાના સંદર્ભમાં તેમણે ‘વેનચરિત્ર’ની રચના કરી છે. ૧૮૪૮થી ૧૮૬૫ સુધી અંગ્રેજ અધિકારી ફાર્બસ સાહેબ સાથે સંબંધ રહે છે. સત્તર વર્ષની આ મૈત્રી ‘ફાર્બસવિલાસ’માં કવિ દલપતરામે આલેખી છે. ફાર્બસ સાહેબના અવસાન નિમિત્તે લખાયેલું ‘ફાર્બસવિરહ’ ગુજરાતી ભાષાની સૌપ્રથમ કરુણપ્રશસ્તિ (elegy) રચના છે.

**નિબંધ** : ઈ.સ. ૧૮૫૦માં ‘ભૂતનિબંધ’ની રચના કરી. ‘બુદ્ધિપ્રકાશ’ નિમિત્તે ગદ્યલેખન શરૂ થયું. જ્ઞાતિનિબંધ, બાળવિવાહ, દૈવદર્પણ, પુનર્વિવાહ પ્રબંધ આદિ નિબંધ સમાજસુધારક દષ્ટિથી લખાયા છે.

**નાટક** : દલપતરામે ગ્રીક નાટ્યકાર એરિસ્ટોફેનિસની ‘પ્લુટસ’ નામની રચનાના આધારે ‘લક્ષ્મીનાટક’ની રચના ઈ.સ. ૧૮૫૦માં કરી છે. ૧૮૬૯માં ઇનામી સ્પર્ધા માટે લખાયેલું ‘મિથ્યાભિમાન’ તેમનું ખૂબ સફળ થયેલું નાટક છે. દલપતરામે આ નાટકને ‘ભૂંગળ વિનાની ભવાઈ’ તરીકે ઓળખાવ્યું છે. ‘મિથ્યાભિમાની’ જીવરામ ભટ્ટનું નાટક મુખ્ય પાત્ર છે.

**પ્રકીર્ણ** : * કાવ્યદોહન ભાગ ૧-૨, ‘શામળ સતસઈ’ તથા ‘કથનસપ્તશતી’ – જેવું સંપાદન કાર્ય.

THE PEOPLE'S
UNIVERSITY

- સહજાનંદ સ્વામીનું જીવનચરિત્ર – 'હરિલીલામૃત'
- 'દલપત પિંગળ' નામે છંદશાસ્ત્રનું પુસ્તક
- 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રીપદે સ્થાપનાકાળથી.

### ૪ : ૨.૩ નર્મદ

ગુજરાતી સાહિત્યમાં નર્મદને 'અર્વાચીનોમાં આદ્ય', 'નવયુગનો પ્રહરી', 'સમયમૂર્તિ' જેવાં બિરુદોથી ઓળખવામાં આવે છે. નર્મદનો જન્મ તા. ૨૪-૦૮-૧૮૩૩ના રોજ સુરતમાં થયો. પિતા લાલશંકર દવે વૈદિક નાગર બ્રાહ્મણ હતા. નર્મદના પિતા લહિયા તરીકે વ્યવસાય કરતા હતા. મુંબઈ મુકામે પિતાના વ્યવસાયના કારણે નર્મદનું બાળપણ મુંબઈમાં વીત્યું. પ્રારંભે મુંબઈ – ભૂલેશ્વરની શાળામાં ભણવાનું શરૂ થયું પછી સુરતમાં ઇચ્છા મહેતા અને દુર્ગારામ મહેતાજીની શાળામાં અભ્યાસ કર્યો. ઈ. ૧૮૪૪માં અગિયાર વર્ષની વયે નાનીગૌરી સાથે લગ્ન. ૧૮૪૫માં અંગ્રેજી શાળામાં પ્રવેશ. ૧૮૫૦માં મુંબઈની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ લીધો પણ પ્રતિકૂળ સંજોગોના કારણે અભ્યાસ અધૂરો રહ્યો. ૧૮૫૩માં મૃત બાળકને જન્મ આપતાં પત્નીનું અવસાન થયું.

૧૮૫૦માં 'મંડળી મળવાથી થતા લાભ' વિષય પર આપેલું ભાષણ મુદ્રિત સ્વરૂપે પ્રગટ કર્યું. ગુજરાતી નિબંધ સ્વરૂપનું આ પ્રથમ લખાણ મનાય છે. સુરતના રાંદેરમાં શિક્ષક તરીકેની નોકરી. ઈ. ૧૮૫૫માં ત્રેવીસમી વર્ષગાંઠથી કવિતા લખવાનું શરૂ કર્યું. ૧૮૫૬માં કૉલેજનો અભ્યાસ અધૂરો છોડ્યો. ડાહીગૌરી સાથે લગ્ન અને શિક્ષક તરીકેની નોકરી સ્વીકારનાર નર્મદને ભણાવવામાં ચિત ચોંટતું નથી. ૧૮૫૮ની ૨૩મી નવેમ્બરે 'કલમ, તારે ખોળે છઉં'ની આકરી પ્રતિજ્ઞા કરી.

સમાજસુધારક નર્મદે પોતે વિધવા સાથે વિવાહ કરી ઉત્તમ દાખલો બેસાડ્યો. વૈષ્ણવોના પ્રભાવશાળી ધર્મગુરુ મહારાજ જદુનાથ સાથે વિધવાવિવાહ બાબત વાદવિવાદ કરે છે. 'શાસ્ત્રો ઈશ્વરકૃત નથી' એવી ઘોષણા કરી સુધારક અભિગમને પરિચય કરાવે છે. ઈ.સ. ૧૮૬૪ 'ડાંડિયો' પખવાડિકનો પ્રારંભ કરે છે. જદુનાથ મહારાજ સામે કોર્ટકચેરીના જંગે ચડેલા કરસનદાસ મૂળજીને સક્રિય સહયોગ આપે છે. મહિપતરામ નીલકંઠની વિદેશયાત્રાનો વિરોધ થયો ત્યારે જ્ઞાતિમંડળનો સામનો કરવામાં મહિપતરામની મદદમાં ઊભા રહે છે. 'કલમને ખોળે' રહેવાની પ્રતિજ્ઞાનું ચોવીસ વર્ષ પાલન કર્યા પછી આખરે પ્રતિજ્ઞા છોડી ઈ.સ. ૧૮૮૨માં ગોકળદાસ

તેજપાલના ધર્માદા વિભાગમાં મુંબઈ મુકામે મંત્રી તરીકે નોકરી સ્વીકારે છે. કાઠિયાવાડી ગેઝેટિયરના ભાષાંતરનું પણ કામ નર્મદે કર્યું હતું. ૨૫-૨-૧૮૮૬ના રોજ, આઠ મહિનાની માંદગી બાદ માત્ર ત્રેપન વર્ષની વયે કવિ નર્મદનું અવસાન થાય છે.

**● નર્મદનું સાહિત્યસર્જન**

**કવિતા :** નર્મદ મધ્યકાળથી જુદા પડતા કવિ છે. નર્મદની કવિ-ચેતનાનું ઘડતર અંગ્રેજી કવિતા અને વિવેચનના અભ્યાસથી થયું છે. અંગ્રેજી કવિ હેઝલિટનો સંદર્ભ આપીને નર્મદ કહે છે કે કવિતાનો મુખ્ય સંબંધ જોસ્સો અને તર્ક સાથે છે. સંસારસુધારાની કવિતા, પ્રકૃતિ કવિતા, સ્વતંત્રતા અને દેશવિષયક કાવ્યો તથા પ્રીતિવિષયક કાવ્યોનું વૈવિધ્ય નર્મદની કવિતામાં જોવા મળે છે. નર્મદની બધી રચનાઓ 'નર્મકવિતા' પુસ્તક-૧ (૧૮૬૨), 'નર્મકવિતા' પુસ્તક-૨ (૧૮૬૩) અને 'નર્મકવિતા' (૧૮૬૪)માં સંગૃહીત થઈ છે. 'જય જય ગરવી ગુજરાત', 'કોની કોની છે ગુજરાત' અને 'આપણે ગુજરાતી', 'સૂરત' તથા પંદરસો પંક્તિનું દીર્ઘકાવ્ય 'હિંદુઓની પડતી', નર્મદની જાણીતી રચનાઓ છે.

**ગદ્ય :** વિવેચક રામનારાયણ વિશ્વનાથ પાઠકે નર્મદને 'અર્વાચીન ગદ્ય-પદ્યનો આદ્યપ્રણેતા' કહ્યા છે. રસપ્રવેશ (૧૮૫૮), પિંગળ પ્રવેશ (૧૮૫૭), અલંકાર પ્રવેશ (૧૮૫૮), નર્મવ્યાકરણ ભા. ૧-૨ (૧૮૬૫), વર્ણવિચાર (૧૮૬૫), નાયિકા વિષયપ્રવેશ (૧૮૬૬), ધર્મવિચાર (૧૮૮૫), ઉપરાંત ઋતુવર્ણન (૧૮૬૧), કવિચરિત (૧૮૬૫), ઈલિયડનો સાર (૧૮૭૦), મહાપુરુષોનાં ચરિત્ર (૧૮૭૦), મહાભારતનો સાર (૧૮૭૦), રામાયણનો સાર (૧૮૭૦), સાર શાકુંતલ (૧૮૮૧), ભગવદ્ગીતાનું ભાષાંતર (૧૮૮૨), ઉપરાંત ઈ. ૧૮૫૦થી ૧૮૬૫ સુધીનાં લખાણોનો સંચય 'નર્મગદ્ય' (૧૮૬૫) અને 'નર્મગદ્ય' ૨ (૧૯૩૬)માં મળે છે.

**'આત્મચરિત્ર'** – નર્મદે ઈ.સ. ૧૮૬૬માં લખેલી આત્મકથા 'મારી હકીકત' છેક ૧૯૩૪માં તેમના શતાબ્દી વર્ષે પ્રગટ થયેલી. ગુજરાતીમાં પહેલી લખાયેલી આત્મકથા તરીકે તેનું ઐતિહાસિક મૂલ્ય છે. પશ્ચિમની માફક ગુજરાતીમાં આત્મચરિત્ર લખવાની પ્રથા શરૂ કરવાનો તેમનો મુખ્ય આશય અહીં સુપેરે પાર પડે છે.

નર્મદે કાવ્યવિચાર વિષયક જે લખાણો કર્યાં છે તેમાં તેમની વિવેચક તરીકેની સજ્જતા પણ જણાઈ આવે છે. 'વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી' એમ ગાનાર નર્મદ વીરકવિ તરીકે પણ ઓળખાય છે.

**૪ : ૨.૪ નંદશંકર તુળજાશંકર મહેતા (ઈ.સ. ૧૮૩૫થી ૧૯૦૫)**

- ગુજરાતી ભાષાની પ્રથમ મૌલિક નવલકથા 'કરણઘેલો'ના સર્જક.
- નંદશંકર મહેતા સૌપ્રથમ 'દેશી હેડમાસ્તર'નું ગૌરવ પામ્યા હતા.
- શિક્ષક, આચાર્ય, મામલતદાર અને આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટના હોદ્દા સુધી પહોંચ્યા હતા.
- નોકરી અંગે ધંધુકા, દેવગઢબારિયા, લુણાવાડા, કચ્છ, ગોંડલ, ભાવનગર, ગોધરા, નાંદોદ એમ અનેક સ્થળોએ સ્થળાંતર.
- અંગ્રેજ સરકાર દ્વારા ઉત્તમ વહીવટી સેવાઓ બદલ રાવબહાદુરના ખિતાબથી સન્માનિત.

નંદશંકર તુળજાશંકર મહેતાનો જન્મ ઈ.સ. ૧૮૩૫માં સુરત મુકામે થયો હતો. ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ મૌલિક નવલકથા 'કરણઘેલો' ઈ.સ. ૧૮૬૬માં તેમણે આપી. આ નવલકથા દ્વારા ગુજરાતીમાં નવલકથા સાહિત્યસ્વરૂપમાં સર્જનનો પ્રારંભ થયો, જે મહત્ત્વનું ઐતિહાસિક પ્રદાન ગણાય. નવલકથાના સર્જન વખતે લેખકની ઉંમર ત્રીસ વર્ષની હતી. તે વખતના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર રસેલ સાહેબના કહેવાથી અંગ્રેજી ઐતિહાસિક નવલકથાકાર વોલ્ટર સ્કોટની રચનાઓથી પ્રેરિત થઈ તેમણે 'કરણઘેલો' લખી. ગુજરાતના વાઘેલા વંશના છેલ્લા રાજપૂત રાજા કરણદેવના જીવનની આ કથા છે. ગાંધીજીએ 'ગુજરાતી ભાષાની પ્રૌઢતા બતાવનાર પુસ્તક' તરીકે 'કરણઘેલો'ને ઓળખાવી છે. નર્મદયુગ કે સુધારક યુગની ગુજરાતી ભાષાનો અભ્યાસ કરનાર માટે પણ આ નવલકથા ઉપયોગી છે.

**૪ : ૨.૫ નવલરામ લક્ષ્મીરામ પંડ્યા (ઈ.સ. ૧૮૩૬થી ઈ.સ. ૧૮૮૮)**

નવલરામનો જન્મ સુરતમાં ઈ.સ. ૧૮૩૬માં થયો હતો. આઠમા વર્ષે સુખ્યાત દુર્ગારામ મહેતાની સરકારી શાળામાં પ્રવેશ લીધો. તેજસ્વી વિદ્યાર્થી તરીકે નામના મેળવી. અગિયાર વર્ષની વયે પ્રથમ લગ્ન. પત્ની શિવગૌરીનું અવસાન થોડા સમયમાં જ થયું. પુનઃ ચૌદ વર્ષની વયે મણિગૌરી સાથે લગ્ન. સ્વામિનારાયણ સંપ્રદાય તથા વેદાન્તનું જ્ઞાન તેમણે અભ્યાસપૂર્વક પ્રાપ્ત કર્યું હતું. ઈ.સ. ૧૮૫૪માં શિક્ષક તરીકે નોકરી શરૂ કરી ત્યારે મહિને દસ રૂપિયા પગાર હતો. આગળ

જતાં સુરત, અમદાવાદ, રાજકોટની ટ્રેનિંગ કૉલેજમાં અધ્યાપક, ઉપાચાર્ય, આચાર્ય એમ વિવિધ હોદ્દાઓ તેમણે નિભાવ્યા હતા. શિક્ષણના ક્ષેત્રમાં જવાબદારીના ભાગ રૂપે 'શાળાપત્ર'ના તંત્રી તરીકેની જવાબદારી પણ તેમણે સુપેરે નિભાવી. બાવન વર્ષની વયે તેમનું દેહાવસાન થયું.

**● નવલરામની સાહિત્યસેવા**

નવલરામે કવિતા, નાટક અને વિવેચનના ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રદાન કર્યું છે.

**કવિતા** : 'બાળલગ્નબત્રીસી' તથા 'બાળગરબાવલી' – એમ બે કાવ્યસંગ્રહ તેમની પાસેથી મળે છે. સુધારક યુગના આ સર્જક પ્રથમ કાવ્યસંગ્રહમાં બાળલગ્નો અને કજોડા વિશે કવિતા કરી પોતાના સુધારક તરીકેના દૃષ્ટિકોણનો પરિચય આપે છે. 'જનાવરની જાન' કાવ્ય બાળલગ્નોની કડવી આલોચના કરે છે. 'બાળગરબાવલી'માં સુંદર ગરબીઓ છે. બાળકીઓ માટે લખાયેલી છે. 'જનાવરની જાન' ઉપરાંત 'ઇતિહાસની આરસી' 'ગુજરાતની મુસાફરી' જેવાં કાવ્યો નોંધપાત્ર છે.

**નાટક** : નવલરામે 'ભટનું ભોપાળું' અને 'વીરમતી' એમ બે નાટકો આપ્યાં છે. મૂળ ફ્રેન્ચ નાટકના અંગ્રેજી અનુવાદ 'મોક ડાક્ટર'નું ગુજરાતી રૂપાંતરણ 'ભટનું ભોપાળું' છે. રૂપાંતર કરવામાં નવલરામે નાટ્યસૂઝનો સુપેરે પરિચય કરાવ્યો છે. કન્યાવિક્રય જેવા દૂષણને ખુલ્લા પાડવા સુધારક દૃષ્ટિથી 'ભટનું ભોપાળું' લખાયું હતું. વયોવૃદ્ધ સાથે એક કન્યાને પરણાવતી અટકાવીને તેના પ્રિય પાત્ર સાથે પરણાવવાનો નાટ્યકારનો આશય છે.

'વીરમતી' – નાટકનું કથાવસ્તુ ઐતિહાસિક છે. નાટક મૌલિક છે. 'રાસમાળા'માંથી આ નાટકનું કથાવસ્તુ લેવામાં આવ્યું છે. સિદ્ધપુરની રાજકુમારી વીરમતીને જગદેવ માટે સ્નેહ છે અને લાલરાજને પરણવાનું વચન આપ્યું છે. નાટકમાં અનિવાર્ય એવા સંઘર્ષનું તત્ત્વ કથાવસ્તુમાં છે. આખરે વીરમતી જગદેવ સાથે લગ્ન કરે છે. આ નાટકની મંચનક્ષમતા, સંવાદકૌશલ્ય ઉલ્લેખનીય છે.

**વિવેચન** : 'ટીકા કરવાની પ્રથા' તરીકે નર્મદે કવિતા કરવા વિશે અભિપ્રાયો આપ્યા છે પણ વિવેચનની શાસ્ત્રીય સમજ સાથે વિવેચનની શરૂઆત ગુજરાતીમાં નવલરામે કરી અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના આચાર્ય મહીપતરામ રૂપરામ નીલકંઠ હતા ત્યારે ઉપાચાર્ય તરીકે જવાબદારી નિભાવતા નવલરામને 'ગુજરાત શાળાપત્ર'ના તંત્રી તરીકેની જવાબદારી

નિભાવવાની આવી. અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના અભ્યાસી નવલરામે સામયિકના તંત્રી તરીકે સાહિત્યનો પરિચય, સમીક્ષા, અવલોકનની કામગીરી નિષ્ઠાપૂર્વક કરી 'ગુજરાત શાળાપત્ર'ના તંત્રીકાર્યને નવલરામના વિવેચક ધર્મનું ઘડતર કર્યું.

નવલરામે સાહિત્યસિદ્ધાંતોની ચર્ચા કરી છે અને ગ્રંથાવલોકનો પણ આપ્યાં છે. કવિતા, છંદ, અલંકાર, રસ, શૈલી, નાટક, નાટકશાળા, ભાષા, ભાષાંતર, એક ભાષા – એક લિપિ, માતૃભાષા દ્વારા શિક્ષણ, જેવા વિષયો પર તેમણે કરેલાં વિચારો, લખાણો એકવીસમી સદીમાં પણ માર્ગદર્શક નીડવાની સાથે પ્રસ્તુત છે.

નવલરામે 'કરણઘેલો', 'કાન્તા નાટક', 'નર્મકવિતા', 'સુબોધચિંતામણિ', 'દુષ્ટભાર્યાદુઃખદર્શક નાટક', 'અંધેરી નગરીનો ગંધર્વસેન' તેમનાં જાણીતાં ગ્રંથાવલોકનો છે. 'કાવ્યશાસ્ત્ર સંબંધી વિચારો', 'હાસ્ય અને અદ્ભુત રસ', પ્રેમાનંદકૃત 'મામેરું' નિમિત્તે એ કવિની રસનિરૂપણશક્તિ, નર્મદની કવિતા તથા દેશી પિંગળ વિષયક લેખ આદિ દ્વારા તેમની વૈવિધ્યપૂર્ણ રસરુચિ અને સજ્જતાનો પરિચય થાય છે. વિજયરાય વૈદ્ય જેવા સમર્થ અનુગામી અભ્યાસીએ નવલરામની વિવેચનાને 'મધુકરનો ગુંજારવ' કહીને ઓળખાવી છે.

ગુજરાતી સાહિત્યના વિવેચનની કોઈ શાસ્ત્રીય પદ્ધતિ હજી વિકસી ન હતી ત્યારે અભ્યાસ, નિરીક્ષણ, તુલનાત્મક દષ્ટિકોણ અને સૌંદર્યનિષ્ઠ અભિગમ દ્વારા નવલરામ સજ્જતાપૂર્વક વિવેચન પ્રવૃત્તિનો પ્રારંભ કરે છે અને વિવેચનની સમૃદ્ધ પરંપરાના અગ્રણી બને છે.

### *તમારી પ્રગતિ ચકાસો - ૨

(અ) **ટૂંકમાં જવાબ આપો.**

૧. અર્વાચીન કવિતાની શરૂઆત કઈ કવિતાથી ગણાય છે ?

૨. દલપતરામના અંગ્રેજ અધિકારી મિત્રનું નામ આપો.

૩. દલપતરામ કયા સામયિકના તંત્રી હતા ?

૪. ગુજરાતીમાં કરુણ પ્રશસ્તિ કાવ્યરચના સૌપ્રથમ કોણે રચી ?

૫. દલપતરામે લખેલા છંદશાસ્ત્રના પુસ્તકનું નામ આપો.

૬. દલપતરામે કયાં બે નાટક લખ્યાં ?

૭. દલપતરામે કયા નાટકને 'ભૂંગળ વિનાની ભવાઈ' તરીકે ઓળખાવ્યું છે ?

૮. સહજાનંદ સ્વામીનું જીવનચરિત્ર 'હરિલીલામૃત'ની રચના કોણે કરી ?

### (બ) ટૂંકમાં જવાબ આપો.

૧. 'અર્વાચીનોમાં આદ્ય' અને 'નવયુગનો પ્રહરી' એવાં બિરુદો કયા સર્જકને મળ્યાં છે ?



૨. ગુજરાતી ભાષાની પ્રથમ નિબંધરચના કઈ ગણાય છે ?

૩. નર્મદે શરૂ કરેલા પખવાડિકનું નામ અને પ્રારંભનું વર્ષ જણાવો.

૪. નર્મદે લખેલાં પંદરસો પંક્તિના દીર્ઘકાવ્યનું નામ આપો.

૫. નર્મદે લખેલી ગુજરાત વિષયક કવિતાનાં શીર્ષકો જણાવો.

૬. નર્મદની આત્મકથાનું નામ આપી પ્રકાશન વર્ષ જણાવો.

૭. નર્મદને અર્વાચીન ગદ્ય-પદ્યના પ્રણેતા તરીકે કોણે ઓળખાવ્યા છે ?

### (ક) ટૂંકમાં જવાબ આપો

૧. ગુજરાતી ભાષાની પ્રથમ મૌલિક નવલકથાનું તથા તેના લેખકનું નામ આપો.

૨. સૌપ્રથમ 'દેશી હેડમાસ્તર'નું ગૌરવ કયા ગુજરાતી સર્જકને મળ્યું ?

૩. ગુજરાતી સાહિત્યના વિવેચનનો પ્રારંભ કરનાર વિવેચક કોને ગણીશું ?

૪. નવલરામ પંડ્યાના કાવ્યસંગ્રહોનાં નામ આપો.

૫. 'ભટનું ભોપાળું' અને 'વીરમતી' કોનાં નાટકો છે ?

૬. 'ગુજરાત શાળાપત્ર'ના તંત્રી તરીકેની જવાબદારી કોણે સંભાળી ?

૭. નવલરામે કયા ગ્રંથોના અવલોકનો આપ્યાં છે ? નામ આપો.

તમારી પ્રગતિ ચકાસો (અ) (બ) (ક)ના જવાબો માટે ૨.૨, ૨.૩, ૨.૪, ૨.૫ ધ્યાનથી વાંચો.

## ૪ : ૩. સુધારક યુગના ગૌણ સર્જકો અને તવારીખ

### ૪.૩.૦ ઉદ્દેશો

આ એકમ દ્વારા તમે સુધારક યુગના અન્ય કવિઓ વિશે પર્યાપ્ત જાણકારી મેળવી શકો છો. સુધારક યુગમાં પ્રથમ હરોળના સર્જકો ઉપરાંત અન્ય કવિઓએ – લેખકોએ વિવિધ સાહિત્યસ્વરૂપમાં પ્રદાન કર્યું છે. ગૌણ સર્જકો એટલે સાધારણ લેખકો નહીં, ગુણવત્તાની દૃષ્ટિએ નોંધપાત્ર એવા સર્જકો વિશે પણ જાણવું જરૂરી છે. સુધારક યુગની સાહિત્યિક તથા સાંસ્કૃતિક આબોહવાનું નિર્માણ કરવામાં ઘણાં લોકોએ પોતાની ભૂમિકાએ પ્રદાન આપ્યું છે. અન્ય ગૌણ સર્જકો વિશેનો અભ્યાસ આપણને સુધારક યુગના સમગ્રલક્ષી અભ્યાસને સમજવામાં સહાયક બનશે.

### ૪.૩.૧ પ્રસ્તાવના

સુધારક યુગના અગ્રણી સર્જકો તરીકે દલપતરામ, નર્મદ, નંદશંકર મહેતા અને નવલરામ પંડ્યાનો તમે અભ્યાસ કર્યો. સુધારક યુગના સાહિત્યકર્મીઓ સમાજસુધારકો પણ હતા. અંગ્રેજી શાળાઓ અને પશ્ચિમ ઢબના વિશ્વવિદ્યાલયોમાં ઘડતર પામેલા સુધારક યુગના સર્જકોના સર્જનમાં અભિગમમાં વૈવિધ્ય તથા વિશાળતાના પરિણામે સાહિત્યસર્જન પણ નવા ઉન્મેષોથી

સભર બને છે. ગૌણ તરીકે અહીં ઉલ્લેખ પામેલા સર્જકોનું સાહિત્યસર્જન મુખ્ય સર્જકો કરતાં પુસ્તકસંખ્યાની દૃષ્ટિએ ઓછું છે પણ તેમનું સાહિત્યિક પ્રદાન અને સુધારાલક્ષી સક્રિયતા આપણા ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સુધારક યુગના ઇતિહાસને સંપૂર્ણ પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે આ એકમનો અભ્યાસ જરૂરી છે.

### ૪.૩.૨ સુધારક યુગના ગૌણ કવિઓ

૧. **ભોળાનાથ સારાભાઈ દિવેટિયા** (૧૮૨૨-૧૮૮૬) : મધ્યકાલીન ભક્તિ કવિતા પછી સુધારક યુગમાં ભક્તિ કવિતાનો પ્રારંભ આ કવિએ કર્યો. 'ઈશ્વર પ્રાર્થનામાળા' તથા 'અભંગમાળા' એમ બે ભક્તિકાવ્યસંગ્રહો તેમની પાસેથી મળે છે.

૨. **કવિ શિવલાલ ધનેશ્વર** (૧૮૫૦-૧૮૯૯) : જેમણે 'કચ્છભૂપતિ-વિવાહવર્ણન' જેવું પ્રાસંગિક દીર્ઘ કાવ્ય આપ્યું છે.

૩. **કેશવરામ હરિરામ ભટ્ટ** (૧૮૫૧-૧૮૯૬) : 'કેશવકૃતિ' નામની રચના આપી છે.

૪. **શેઠ વલ્લભદાસ પોપટ** (૧૮૫૯-૧૯૧૭) : કાઠિયાવાડમાં સમાજ-સુધારાનું કાર્ય કરનાર સામાજિક અગ્રણી એવા શેઠ વલ્લભદાસ પોપટ 'સુબોધચિંતામણિ' નામની કવિતા આપી છે.

૫. **કવિ હીરાચંદ કાનજી** : 'મિથ્યાભિમાન ખંડન' કાવ્યરચના તથા 'કોશાવલી' નામે, નર્મદ પૂર્વે સૌપ્રથમ શબ્દકોશ રચનાર.

૬. **નારાયણ વિસનજી ઠક્કુર** : 'કાવ્યકુસુમાકર'

૭. **કવિ છોટમ** : છોટમવાણી

૮. **શ્રીમદ્ રાજચંદ્ર** : આત્મસિદ્ધિ શાસ્ત્ર આદિ કાવ્યો 'રાજપદ્યમાં સંગૃહિત થયા છે. મહાત્મા ગાંધીના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે પણ તેઓ જાણીતા છે.

### ૪.૩.૩ સુધારક યુગના ગૌણ ગદ્યલેખકો

૧. **દુર્ગારામ મહેતાજી** (૧૮૦૯-૧૮૭૬) : દુર્ગારામ મંછારામ દવે તેમનું પૂરું નામ, વતન સુરત. તેમણે 'માનવધર્મસભા'ની સ્થાપના કરી હતી. લોકોમાં જ્ઞાન વિસ્તરે તે માટે 'પુસ્તક પ્રસાર મંડળી'ની સ્થાપના પણ કરી હતી. 'માનવધર્મસભા' નિમિત્તે તેમણે લખેલી રોજનીશીને 'અભાનપણે લખાયેલી પહેલી આત્મકથા' પણ ગણવામાં આવે છે. આ રોજનીશી નર્મદ પૂર્વેનું શિષ્ટ ગદ્ય ગણાય છે.

૨. **રેવરંડ જોસેફ ટેલર** (૧૮૨૦-૧૮૮૧) : મૂળ અંગ્રેજ. મહારાષ્ટ્રના બેલગામમાં જન્મેલા રેવરંડ જોસેફ ટેલર પાદરી તરીકે ધર્મનો ઉપદેશ આપવાનું કામ કરતા હતા. તેમણે અંગ્રેજી ભાષાની ઢબથી 'ગુજરાતી વ્યાકરણ' લખ્યું હતું.

૩. **મણિશંકર જટાશંકર કીકાણી** (૧૮૨૨-૧૮૮૪) : 'સૌરાષ્ટ્રદર્પણ' નામે માસિકના સ્થાપક. 'બુદ્ધિપ્રકાશ' તથા 'વિજ્ઞાનવિલાસ' જેવા સામયિકોમાં લેખન.

૪. **વ્રજલાલ કાળિદાસ શાસ્ત્રી** (૧૮૨૫-૧૮૯૩) : 'ગુજરાતી ભાષાનો ઇતિહાસ', 'ઉત્સર્ગમાળા', 'ધાતુસંગ્રહ', 'ગૂર્જર ભાષાપ્રકાશ' જેવા ભાષાશાસ્ત્ર વિષયક મહત્ત્વનાં પુસ્તકોના લેખક.

૫. **મહીપતરામ રૂપરામ નીલકંઠ** (૧૮૨૯-૧૮૯૧) : તેઓ સુરતના વતની હતા. મુંબઈની પ્રખ્યાત 'એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરી ત્યાં શિક્ષક બન્યા. અમદાવાદમાં શિક્ષણ ખાતામાં અધિકારી તરીકેની નોંધપાત્ર કામગીરીથી અંગ્રેજ સરકારે પ્રભાવિત થઈ તેમને ઇંગ્લેન્ડની શાળાઓનો અભ્યાસ કરવા ઇંગ્લેન્ડ મોકલ્યા. ૧૮૬૦માં ઇંગ્લેન્ડના પ્રવાસ બાબત જ્ઞાતિબહિષ્કારનો સામનો કર્યો.

તેમણે 'રાસ્ત ગોફ્તાર' તથા 'સત્યપ્રકાશ' જેવાં સામયિકોમાં લેખન કર્યું. 'ઇંગ્લેન્ડમાં મુસાફરી' – પ્રવાસવર્ણનનું પુસ્તક; 'સાસુવહુની લડાઈ', 'વનરાજ ચાવડો' તેમજ 'સધરા જેસંગ' જેવી ત્રણ નવલકથાઓ; કરસનદાસ મૂળજીનું ચરિત્ર (૧૮૭૮), 'મહેતાજી દુર્ગારામ મંછારામનું ચરિત્ર (૧૮૯૬) વગેરે તેમનાં મહત્ત્વનાં સર્જનો છે. વીસ જેટલા ભવાઈના વેશનું સંપાદન 'ભવાઈ સંગ્રહ' પણ ઉલ્લેખનીય છે.

૬. **કરસનદાસ મૂળજી** (૧૮૩૨-૧૮૭૧) : ધર્મગુરુઓના પાખંડ સામે હિંમતપૂર્વક લડનાર સમાજસુધારક તરીકે ખૂબ જાણીતા કરસનદાસ મૂળજીએ નાની ઉંમરે 'વિધવા વિવાહ' વિશે નિબંધ લખ્યો હતો. 'રાસ્ત ગોફ્તાર', 'સત્યપ્રકાશ', 'સ્ત્રીબોધ', 'ડાંડિયો', 'વિજ્ઞાનવિલાસ'માં લેખો લખી સુધારક તરીકે સક્રિયતા દાખવી હતી. તત્કાલીન વૈષ્ણવાચાર્યની પ્રવૃત્તિ સામે કૉર્ટમાં ગયેલા કરસનદાસ અઠ્ઠાવીસ વર્ષની વયે આ કેસ જીતી ગયેલા. 'મહારાજ લાયબલ કેસ' તરીકે આ કેસ ખૂબ જાણીતો થયેલો.

૭. **રણછોડભાઈ ઉદયરામ દવે** (૧૮૩૭-૧૯૨૩) : ખેડા જિલ્લાના મહુધા ગામના વતની. 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી તરીકે થોડો સમય સેવા આપનાર રણછોડભાઈએ સરકારી વાચનમાળા તૈયાર કરવામાં પણ મદદ કરી હતી. નાટક અને રંગભૂમિની સેવા કરનાર તરીકે તેઓ વિશેષ ઉલ્લેખનીય છે. તેમણે ચૌદ નાટકો લખ્યાં, જેમાં દસ મૌલિક નાટકો છે. 'જયકુમારી વિજય' તથા 'લલિતાદુઃખદર્શક' જાણીતાં નાટકો છે. 'રણપિંગળ' તેમનું ત્રણ ભાગમાં લખાયેલું પુસ્તક છે. જે છંદશાસ્ત્રનું આરંભકાળનું ખૂબ મહત્ત્વનું પુસ્તક છે. ચાર્લ્સ લેમ્બ કૃત 'ટેઇલ્સ ફ્રોમ શેક્સપિયર'નો ગુજરાતી અનુવાદ 'શેક્સપિયર કથાસમાજ' નામે અન્યના સહયોગમાં કર્યો છે. આપણા દેશમાં વિવિધ ભાષાઓનું વૈવિધ્ય જોઈ તેમણે એક સમાન લિપિની હિમાયત કરી હતી.

૮. **મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી** (૧૮૪૦-૧૯૦૭) : નડિયાદના આ નાગરબ્રાહ્મણ લેખક સંસ્કૃતમય ગુજરાતીના આગ્રહી હતા. 'અસ્તોદય (૧૮૭૦) તથા 'સુજ્ઞ ગોકુળજી ઝાલા' (૧૮૮૧) તેમનાં જાણીતાં પુસ્તકો છે. સંસ્કૃતમય ગુજરાતીના તેમના આગ્રહનો ઉપહાસ રમણભાઈ નીલકંઠે 'ભદ્રંભદ્ર'માં તથા નરસિંહરાવે 'સ્મરણમુકુર'માં કર્યો છે.

૯. **અંબાલાલ સાકરલાલ દેસાઈ** (૧૮૪૪-૧૯૧૪) : માતૃભાષા દ્વારા શિક્ષણના હિમાયતી એવા અંબાલાલ દેસાઈએ રાજકારણ, ધર્મ, શિક્ષણ, સાહિત્ય, સમાજસુધારા જેવા વિષય પર વ્યાખ્યાનો આપેલાં. કેશવ હર્ષદ ધ્રુવ અને નરસિંહરાવ દિવેટિયા તથા જસ્ટિસ ચંદાવરકર તેમના વિદ્યાર્થીઓ હતા.

૧૦. **હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા** (૧૮૪૯-૧૯૩૧) : શિક્ષણ, સાહિત્ય અને સાહિત્ય સંશોધન ક્ષેત્રે તેઓ સક્રિય હતા. 'દેશી કારીગરોને ઉત્તેજન', 'અંધેરી નગરીનો ગર્ધવસેન' તેમની જાણીતી રચનાઓ છે.

૧૧. **ઈશ્વરરામ સૂર્યરામ દેસાઈ** (૧૮૫૩-૧૯૧૨) : 'હિંદ અને બ્રિટાનિયા' નામની રાજકીય વિષયવસ્તુવાળી નવલકથા તેમજ 'ગંગા એક ગુર્જર વાર્તા' નામે સામાજિક નવલકથા પણ લખી છે. ૧૮૮૦માં તેમણે 'ગુજરાતી' નામનું સાપ્તાહિક શરૂ કર્યું, જેમાં નર્મદ અને મણિલાલ દ્વિવેદીનાં લખાણો પ્રગટ થયાં હતાં. તેમણે 'બૃહત્ કાવ્યદોહન'ના ચાર ભાગ દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ગ્રંથસ્થ કરવાની કામગીરી ઈ.સ. ૧૮૮૬થી ઈ.સ. ૧૯૧૩ સુધીમાં તેમણે 'બૃહત્ કાવ્યદોહન'ના આઠ ભાગો પ્રગટ કર્યા.

### ૪.૩.૪ પારસી સાહિત્યકારો

ઈરાનથી ભારતના પશ્ચિમ કિનારે ગુજરાતના સંજાણ બંદરે ઊતરી દક્ષિણ ગુજરાતમાં અને મુંબઈમાં સ્થિર વસવાટ કરનાર પારસી કોમનું ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર અર્પણ છે.

**બહેરામજી મેરવાનજી મલબારી** (૧૮૫૩-૧૯૧૨) એ 'વિલ્સન વિરહ', 'અનુભવિકા', 'સંસારિકા', 'નીતિ વિનોદ' જેવા છ કાવ્યસંગ્રહો આપનાર શિષ્ટ કવિ મલબારીએ દલપતરામની શૈલીનાં કાવ્યો આપ્યા છે. 'સુણ ગરવી ગુજરાત', 'સુરતી લાલા સ્હેલાણી', 'ઇતિહાસની આરતી' વગેરે તેમનાં પ્રસિદ્ધ કાવ્યો છે.

**જહાંગીર માણેકજી દેસાઈ**એ 'પારસિકા', 'ઈરાનિકા', 'વંદનિકા', 'નવસારિકા' જેવાં શીર્ષકોવાળા કાવ્યસંગ્રહો આપ્યા છે.

દાદી એદલજી તારાપોરવાળા 'દિલજાન' એ 'પશુમાં પડી એક તકરાર' નામે જાણીતું કાવ્ય આવ્યું છે. કવિ **જહાંગીર નસરવાનજી** પટેલ – **'ગુલફામ'** પાસેથી 'બેજન – મનીજેહ' નામની ઉત્તમ પ્રણયકથા મળે છે કે **ખુશરો કાબરાજી** (૧૮૪૨-૧૯૦૪) એ નવલકથા – નાટકમાં પ્રદાન આપ્યું છે. 'રાસ્ત ગોફ્તાર' તથા 'સ્ત્રીબોધ'માં પત્રકાર તરીકે **ખુશરો કાબરાજી**એ ઉલ્લેખનીય કામ કર્યું છે. **દાદી તારાપોરવાળા** (૧૮૫૨-૧૯૧૪) એ 'શીરીનની કહાણી' જેવી રચના ઉપરાંત 'પતિવ્રતા બાયડીનો વહેમી ભરથાર' જેવી નવલકથા પણ આપી છે. **દિનશા દસ્તૂરે** 'સદ્‌ગુણી સરોજ' નામની નવલકથા આપી છે.

૧૮૫૨માં 'સોહરાબ અને રુસ્તમ નાટક ભજવાયું. જે પારસીનું સર્જન હતું. **ખુરશેદજી મહેરવાનજી બાલીવાલા** (૧૮૫૨-૧૯૧૩) એ પણ નાટકક્ષેત્રે નોંધપાત્ર સેવાઓ આપી છે.

૧૮૨૨માં શરૂ થયેલું 'મુંબઈ સમાચાર' પત્રકારત્વ ક્ષેત્રે પારસીઓનું મહત્ત્વનું પ્રદાન છે. 'મુંબઈ સમાચાર' **ફરદુનજી મર્ઝબાન** દ્વારા શરૂ થયેલું.

આમ, સુધારક યુગમાં ગૌણ ગણાતા ગદ્ય-પદ્ય સર્જકો તથા પારસીઓનું ઉલ્લેખનીય પ્રદાન રહ્યું છે.

### *તમારી પ્રગતિ ચકાસો - ૩

(અ)

૧. મહીપતરામ રૂપરામ નીલકંઠની સાહિત્યસેવા વિશે સાત-આઠ લીટીમાં લખો.

૨. કરસનદાસ મૂળજી વિશે ટૂંકી પરિચયનોંધ આપો.

(બ) ટૂંકમાં જવાબ આપો.

૧. ભોળાનાથ સારાભાઈ દિવેટિયાએ કયા બે કાવ્યસંગ્રહો આપ્યા છે ?

૨. શ્રીમદ્ રાજચંદ્ર કોના આધ્યાત્મિક માર્ગદર્શક હતા ?

૩. ઇંગ્લૅન્ડના પ્રવાસ માટે કયા લેખકનો તેમની જ્ઞાતિએ બહિષ્કાર કર્યો હતો ?

૪. કરસનદાસ મૂળજીનું ચરિત્ર કોણે લખ્યું છે ?
૫. 'મહારાજ લાયબલ' કેસ કોણ લડ્યું હતું ?
૬. 'માનવધર્મસભા'ના સ્થાપક કોણ હતા ?
૭. 'લલિતાદુઃખદર્શક' નાટકના લેખકનું નામ આપો.
૮. કેશવ હર્ષદ ધ્રુવ તથા નરસિંહરાવ દિવેટિયા જેવા સાક્ષરોના ગુરુ કોણ હતા ?
૯. 'હિંદ અને 'બ્રિટાનિયા' નામની રાજકીય વિષયવસ્તુવાળી નવલકથા કોણે લખી છે ?
૧૦. ઇચ્છારામ સૂર્યરાય દેસાઈએ કયું સાપ્તાહિક શરૂ કર્યું ?
૧૧. 'સાસુવહુની લડાઈ'ના લેખક કોણ છે ?
૧૨. 'મુંબઈ સમાચાર' ક્યારે શરૂ થયું ?

*** આટલું અવશ્ય યાદ રાખો**

વર્ષ :

૧૮૨૨ : 'મુંમબાઈ શમાચાર' એ નામથી ગુજરાતી ભાષાનું પ્રથમ અખબાર પ્રગટ થયું. જે આજે 'મુંબઈ સમાચાર' નામથી દૈનિક અખબાર તરીકે પ્રગટ થાય છે.

૧૮૨૬ : સુરતમાં પહેલી ગુજરાતી શાળા શરૂ થઈ.

૧૮૪૫ : કવિ દલપતરામની 'બાપાની પીંપર' નામની કવિતા પ્રગટ થઈ. જે પહેલી અર્વાચીન કવિતા કહેવાય છે.

૧૮૪૮ : ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની અમદાવાદ મુકામે સ્થાપના.

૧૮૫૦ : પ્રથમ ગુજરાતી સાહિત્યિક સામયિક 'બુદ્ધિપ્રકાશ'નો પ્રારંભ.
નર્મદે 'મંડળી મળવાથી થતા લાભ' – એ વિષય પર લેખ લખ્યો; જે અર્વાચીન ગુજરાતી નિબંધની શરૂઆત ગણાય છે.

૧૮૫૨ : 'મહારાજ લાયબલ કેસ'માં સુધારક કરસનદાસ મૂળજી જીતી ગયા.

૧૮૫૪ : બ્રિટિશ પાર્લામેન્ટે હિંદની પ્રજાને અંગ્રેજી કેળવણી આપવાનો ધારો પસાર કર્યો.

૧૮૫૭ : મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં યુનિવર્સિટીઓ ખૂલી.

૧૮૫૮ : વીર કવિ નર્મદે નોકરી છોડી. 'કલમને ખોળે છઉં' એવો નિર્ધાર વ્યક્ત કર્યો.

૧૮૬૪ : અમદાવાદમાં પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ શરૂ થઈ.

૧૮૬૬ : નંદશંકર મહેતાએ 'કરણઘેલો' નામની પ્રથમ ગુજરાતી નવલકથા આપી.
મહીપતરામ નીલકંઠે 'સાસુવહુની લડાઈ' નામે પ્રથમ સામાજિક નવલકથા આપી.
નર્મદનો કાવ્યસંગ્રહ 'નર્મકવિતા' પ્રગટ થયો.

૧૮૭૫ : દયાનંદ સરસ્વતીએ 'આર્યસમાજ'ની સ્થાપના કરી.

૧૮૮૦ : ઇચ્છારામ સૂર્યરામ દેસાઈએ મુંબઈથી 'ગુજરાતી' સાપ્તાહિક પ્રગટ કર્યું.

૧૮૮૫ : 'સ્ત્રીબોધ' માસિક શરૂ થયું. મણિલાલ દ્વિવેદીનું 'પ્રિયંવદા' સામયિક શરૂ થયું.

૧૮૮૬ : વીર કવિ નર્મદનું અવસાન થયું.

૧૮૮૭ : ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર' નવલકથાનો પહેલો ભાગ પ્રગટ થયો અને પંડિતયુગનો પ્રારંભ થયો. આત્મકથા, નવલકથા, નિબંધ, નાટક, વિવેચન આદિ સ્વરૂપોમાં સુધારક યુગમાં ખેડાણ થયું. પરિણામે એમ કહી શકાય કે સમગ્ર અર્વાચીન સાહિત્યનો શુભારંભ સુધારાલક્ષી અભિગમથી સુધારક યુગમાં થયો.

## ૪ : ૪. પંડિતયુગ - ભૂમિકા

### ૪.૪.૦ ઉદ્દેશો

આ એકમ દ્વારા તમે પંડિતયુગ વિશે માહિતગાર થશો. ઈ.સ. ૧૮૮૫થી ૧૯૧૫ સુધીના સમયગાળાને 'પંડિતયુગ' તરીકે ઓળખવામાં આવે છે. માત્ર ગુજરાત જ નહિ સમગ્ર દેશના સંદર્ભમાં આ સમયગાળો સાહિત્ય ઉપરાંત અનેક ક્ષેત્રોમાં મહત્ત્વનો રહ્યો છે. સાહિત્યના ઇતિહાસમાં તેમજ પ્રજાજીવનના પ્રવાહોમાં આ સમયગાળાનું ઘણું મહત્ત્વ છે. ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગ તરીકે ઓળખાતો આ સમય મુખ્યત્વે ત્રણ દાયકાની ગતિવિધિ છે. આ ત્રીસ વર્ષનો સમય ઘણો ઓછો જણાય છે. છતાં, આ કાળખંડમાં ઘણી નોંધપાત્ર સાહિત્યિક સિદ્ધિઓથી ગુજરાતી ભાષા-સાહિત્ય સમૃદ્ધ બને છે.

### ૪.૪.૧ પ્રસ્તાવના

ઉપર જણાવ્યું તેમ ઈ.સ. ૧૮૮૫થી ૧૯૧૫ સુધીના આ કાળખંડને 'પંડિતયુગ' તરીકે કે 'સાક્ષરયુગ' તરીકે ઓળખવામાં આવે છે. સુધારક યુગે ઘણા નવા વિચારો વહેતા મૂક્યા. પ્રજાજીવન પરિવર્તનના વ્યાપક દોરમાંથી પસાર થાય છે. યુનિવર્સિટી શિક્ષણ પામેલો ગુજરાતી સર્જક ગુજરાતી, સંસ્કૃત ઉપરાંત અંગ્રેજીમાં પારંગત થાય છે અને સર્જન-વિવેચનના નવા મુકામે પહોંચે છે. પંડિતયુગનું ઘડતર તે સમયના દેશકાળમાં થાય છે. આ સમયની કવિતા આદિની પ્રવૃત્તિ તથા વ્યાપક જીવનદૃષ્ટિનો પાંડિત્યપૂર્ણ અભિગમ અહીં જોઈ શકાય છે.

### ૪.૪.૨ પંડિતયુગનાં ઘડતરબળો અને લક્ષણો

ઈ.સ. ૧૮૮૫થી ૧૯૧૫ સુધીના ત્રણ દાયકાનો સમય એટલે અર્વાચીન ગુજરાતી સાહિત્યનો બીજો તબક્કો. આ સમયગાળાને 'પંડિતયુગ', 'સાક્ષરયુગ' કે 'સમન્વય યુગ' પણ કહેવામાં આવે છે. ૧૮૮૭માં ગોવર્ધનરામ ત્રિપાઠીએ લખેલી 'સરસ્વતીચંદ્ર' ભાગ-૧ પ્રગટ થાય છે. ગોવર્ધનરામ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ભણેલા હતા. તેમની ભાષા પાંડિત્યપૂર્ણ હતી. ૧૮૫૫માં જન્મેલા આ સાક્ષરને ૧૮૭૫માં બી.એ. થવાની તક મળી. કારણ કે ૧૮૫૭માં, એટલે કે ગોવર્ધનરામ બે વર્ષના હતા ત્યારે મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી. ટૂંકમાં, આપણે એ યાદ રાખવાનું રહે કે ઈ.સ. ૧૮૫૭માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તા એમ ત્રણ શહેરોમાં

યુનિવર્સિટી શરૂ થઈ. ગુજરાતી યુવાનોને ગુજરાતી, સંસ્કૃત તથા અંગ્રેજી કેળવણીની ઉત્તમ તક મળી. આપણા તે સમયના યુવાન સર્જકો અંગ્રેજી ભાષા-સાહિત્યના પરિચયમાં આવ્યા. અંગ્રેજી સાહિત્યસ્વરૂપો અને પાશ્ચાત્ય ચિંતનના પરિચયના કારણે તેમની સર્જકચેતનાનો વિસ્તાર થયો. ૧૮૮૫માં એ.ઓ.હ્યુમ નામના અંગ્રેજ અધિકારીની પ્રેરણાથી ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસની સ્થાપના થઈ. કૉંગ્રેસને પ્રારંભે જ દાદાભાઈ નવરોજી, ગોપાળકૃષ્ણ ગોખલે અને ફીરોજશાહ મહેતા જેવા આગેવાનો મળ્યા. લોકમાન્ય ટિળક, લાલા લજપતરાય, બિપિનચંદ્ર પાલ જેવા આગેવાનો સ્વરાજ્યની માગણી માટે કટિબદ્ધ થયા. રાજકીય જાગૃતિ અને બ્રિટિશ શાસન વિશેના અનેકવિધ અભિપ્રાયો તથા અંગ્રેજો પ્રત્યેના વિવિધ અભિગમોએ આ સમયના સાહિત્યને પ્રભાવિત કર્યું. ઈ.સ. ૧૮૭૧માં 'પ્રાર્થનાસમાજ' તથા ૧૮૭૫માં દયાનંદ સરસ્વતી દ્વારા 'આર્યસમાજ'ની સ્થાપના થાય છે. ૧૮૭૫માં 'થિયોસોફિકલ સોસાયટી'ની સ્થાપના પણ થાય છે. આ બધી પ્રવૃત્તિઓની અસર પણ તે ગાળાના સાહિત્યમાં જોવા મળે છે.

એક વર્ગ પશ્ચિમથી ખૂબ પ્રભાવિત હતો. રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદના જીવન-વિચારથી પંડિતયુગના સર્જકો આંતરિક રીતે પ્રભાવિત થયા. પશ્ચિમ અને પૂર્વના શુભતત્ત્વોના સમન્વયની નવી દૃષ્ટિ વિકસી. તેથી સાક્ષરયુગને સમન્વયયુગ કહેવામાં આવે છે.

આમ, અંગ્રેજી ભાષા-સાહિત્યનું શિક્ષણ પામેલા નવયુવાન સાક્ષરો, સ્વરાજ્ય અંગેની પ્રજાકીય જાગૃતિ તથા અંગ્રેજી ભાષાના માધ્યમથી ગદ્યનાં વિવિધ સ્વરૂપોનું ખેડાણ પંડિતયુગની ઉપલબ્ધિ છે. પંડિતયુગનું સાહિત્ય યોગ્ય દિશા દોર પામે છે.

*** પંડિતયુગનાં લક્ષણો**

પંડિતયુગના સર્જકો યુનિવર્સિટીની કેળવણી પામેલા હતા. તેથી અંગ્રેજી, સંસ્કૃત અને ફારસી ભાષાના અભ્યાસની અસર તેમની સર્જકતા ઉપર પડે છે. સુધારકયુગના પ્રમાણમાં ભાષા વધુ પરિપક્વ બને છે.

પંડિતયુગના સર્જકોની દૃષ્ટિ વધુ ને વધુ વૈશ્વિક બને છે. સૌંદર્યદૃષ્ટિ, અધ્યાત્મચિંતન, પ્રજાજીવન, કલા પ્રત્યેનો કેળવાયેલો અભિગમ અને સાહિત્યસર્જન પ્રત્યેની સૂઝ-સભાનતાનો વિકાસ આ ગાળાના સાહિત્યને વધુ ઉચ્ચાશયી બનાવે છે.

પશ્ચિમના સાહિત્યથી પરિચિત આપણા સર્જકો પાશ્ચાત્ય પ્રકારના ઊર્મિકાવ્યોનું સર્જન કરે છે. નરસિંહરાવ, ન્હાનાલાલ, કાન્ત જેવા કવિઓ પાસેથી ઊર્મિકાવ્યો પ્રાપ્ત થાય છે.

પંડિતયુગમાં મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' પોતે નવું જ કાવ્યસ્વરૂપ 'ખંડકાવ્ય' આપે છે. બળવંતરાય ઠાકોર, (બ. ક. ઠાકોર) 'સૉનેટ' જેવા કાવ્યસ્વરૂપને ગુજરાતીમાં નિજી સત્ત્વથી પ્રતિષ્ઠિત કરે છે. 'ગઝલ' જેવું વિશિષ્ટ કાવ્યસ્વરૂપ પણ પંડિતયુગમાં પ્રાપ્ત થાય છે.

સુધારક યુગમાં શરૂ થયેલાં 'નવલકથા', 'નાટક' અને 'નિબંધ' જેવાં સ્વરૂપોમાં ગુણસમૃદ્ધિ આવે છે. વિવેચન ક્ષેત્રમાં પણ પંડિતયુગને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થાય છે.

પંડિતયુગમાં ગોવર્ધનરામ ત્રિપાઠી મહાનવલનો પ્રયોગ કરે છે. ન્હાનાલાલ ડોલનશૈલીમાં કાવ્યો રચે છે. બાળાશંકર કંથારિયા, મણિલાલ નભુભાઈ દ્વિવેદી, કલાપી જેવા કવિઓ ગઝલ રચે છે. રમણભાઈ નીલકંઠ 'ભદ્રંભદ્ર' જેવી હાસ્યનવલ આપે છે. નરસિંહરાવ દિવેટિયા ભાષાશાસ્ત્ર વિષયક ખેડાણ કરે છે. કૃષ્ણલાલ ઝવેરી અરબી-ફારસી સંબંધી સંશોધનલેખો આપે છે. કેશવ ધ્રુવ દ્વારા મધ્યકાલીન સાહિત્યના સંપાદનની પ્રવૃત્તિ થાય છે.

વિષયવસ્તુની દૃષ્ટિએ, પ્રેમ, મૃત્યુ, પ્રકૃતિ, આદર્શ જીવન, ધર્મવિચારણા, દામ્પત્યજીવન આદિ વિષયવૈવિધ્યનો ઉઘાડ પંડિતયુગને સમૃદ્ધ કરે છે.

સાહિત્યનાં સામયિકો, 'સુદર્શન', 'જ્ઞાનસુધા', 'વસંત', 'બુદ્ધિપ્રકાશ' આદિ દ્વારા સાહિત્યિક આબોહવાનું સર્જન થાય છે. 'ગુજરાત સાહિત્ય સભા' 'ગુજરાતી સાહિત્ય પરિષદ' જેવી સંસ્થાઓ દ્વારા સાહિત્યની પ્રવૃત્તિને ઉત્તેજન મળે છે.

આમ, સુધારકયુગ પછી તરત આવતો પંડિતયુગ ગુજરાતી સાહિત્યની ગુણસમૃદ્ધિનો સુવર્ણયુગ છે એમ કહી શકાય.

***તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. ભારતમાં યુનિવર્સિટી શિક્ષણનો પ્રારંભ ક્યારે થયો ?

૨. આપણા દેશમાં પ્રથમ ત્રણ યુનિવર્સિટી કયાં શહેરોમાં સ્થપાઈ ?

૩. પંડિતયુગમાં મહાનવલનો પ્રયોગ કોણે કર્યો ?

૪. પંડિતયુગમાં 'ખંડકાવ્ય' જેવો નવીન કાવ્યપ્રકાર કોણે ખેડ્યો ?

૫. પંડિતયુગના ત્રણ ગઝલકારોનાં નામ આપો.

૬. પંડિતયુગમાં ભાષાશાસ્ત્રનું ખેડાણ કોણે કર્યું ?

૭. રમણભાઈ નીલકંઠે રચેલી હાસ્યનવલનું નામ આપો.

૮. પંડિતયુગનાં સાહિત્યનાં સામયિકોનાં નામ આપો.

૯. પ્રાર્થનાસમાજની સ્થાપના કોણે કરી ?

૧૦. મધ્યકાલીન સાહિત્યના સંપાદનની પ્રવૃત્તિ પંડિતયુગમાં કયા સાક્ષરે કરી ?

## ૪ : ૫. પંડિતયુગના અગ્રણી સર્જકો

### ૪.૫.૦ ઉદ્દેશો

આ એકમ દ્વારા પંડિતયુગના અગ્રણી સર્જકોના જીવનકવન વિશે આપ માહિતગાર થશો. આ વિગતો ઐતિહાસિક ક્રમમાં આપને જાણવા મળશે. દરેક સર્જકની આગવી વિશેષતાઓનો પરિચય થશે. કુલ બાર જેટલા મુખ્ય સર્જકોએ પોતાના લેખન-સર્જનથી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. તેમના શિક્ષણ-સાહિત્ય સર્જન થકી જ ઈ.સ. ૧૮૮૫થી ૧૯૧૫ સુધીના સમયના સાહિત્યને આપણે 'પંડિતયુગ' તરીકે ઓળખીએ છીએ. સુધારકયુગના અનુસંધાનમાં, આ પંડિતયુગના સર્જકો વિશેનો અભ્યાસ તમને સમગ્ર અર્વાચીન સાહિત્યને સમજવામાં ઉપયોગી થશે.

### ૪.૫.૧ પ્રસ્તાવના

પંડિતયુગનું સાહિત્ય અનેક સર્જકોના સર્જનાત્મક પુરુષાર્થથી સમૃદ્ધ છે. અગ્રણી સર્જકો વિશેના આ એકમમાં બાર જેટલા સાહિત્યકારો દ્વારા નવલકથા, કવિતા, નાટક, નિબંધ, ભાષાશાસ્ત્ર, વિવેચન આદિ સ્વરૂપોમાં થયેલાં મહત્ત્વપૂર્ણ સાહિત્યસર્જનની રૂપરેખા મળશે. અહીં આપેલી વિગતો સાથે ખૂબ ટૂંકમાં, પણ આવશ્યક એવી સમીક્ષાત્મક દૃષ્ટિ પણ આપને આગળના અભ્યાસ માટે માર્ગદર્શક નીવડશે. સુધારકયુગમાં ગદ્યના નવાં સાહિત્યસ્વરૂપો શરૂ થયાં તે દરેકમાં પંડિતયુગ જુદો મુકામ પ્રાપ્ત કરે છે. નવીન કાવ્યપ્રકારો, વિષયવસ્તુનું વૈવિધ્ય આદિમાં ગુણાત્મક વૃદ્ધિ પંડિતયુગનું લક્ષણ છે. આ એકમનો અભ્યાસ સાહિત્યના ઇતિહાસના અભ્યાસ પ્રત્યેની રુચિ કેળવશે.

### ૪.૫.૨ ગોવર્ધનરામ ત્રિપાઠી (ઈ.સ. ૧૮૫૫થી ઈ.સ. ૧૯૦૭)

ઈ.સ. ૧૮૫૫ની ૨૦મી ઑક્ટોબરે, તિથિ મુજબ વિજયાદશમીના દિવસે, નડિયાદના નાગર

કુટુંબમાં તેમનો જન્મ. ૧૮૭૫માં એલ્ફિન્સ્ટન્ટ કૉલેજમાંથી બી.એ.નો અભ્યાસ કર્યો. ૧૮૮૩માં તેમણે વકીલાતની પરીક્ષા પાસ કરી. નોકરી કરવી નહિ, વકીલાત કરવી અને ચાલીસમા વર્ષે વકીલાત છોડી સાહિત્યસર્જન કરવું એવો સંકલ્પ કર્યો. મુંબઈમાં શિક્ષણ, ભાવનગરમાં દીવાન શામળદાસના અંગત સેક્રેટરી તરીકે કામગીરી અને મુંબઈમાં વકીલ તરીકે વ્યવસાય બાદ વતન નડિયાદમાં તેંતાલીસમા વર્ષે સાહિત્યસર્જન. ૧૯૦૭માં માત્ર બાવન વર્ષની વયે અવસાન થયું.

**● ગોવર્ધનરામ ત્રિપાઠીની સાહિત્યસેવા**

માત્ર પંડિતયુગની જ નહિ પણ સમગ્ર ગુજરાતી નવલકથા સાહિત્યમાં આજે પણ શીર્ષસ્થ એવી મહાનવલ 'સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામે ચાર ભાગમાં આપી. ૧૮૮૭માં પ્રથમ ભાગ અને ૧૯૦૧માં ચોથો ભાગ પ્રગટ થયો. 'સ્નેહમુદ્રા' કવિતા તથા 'હૃદયરુદિતશતકમ્' નામે સંસ્કૃતમાં કાવ્યગ્રંથ. 'લીલાવતી જીવનકલા' એ તેમની દીકરી લીલાવતીના અકાળ અવસાન નિમિત્તે લખાયેલ ચરિત્રગ્રંથ છે. 'નવલરામની જીવનકથા' (૧૮૯૧) – આપણા પ્રથમ વિવેચક નવલરામનું ચરિત્ર આલેખન છે. 'દયારામનો અક્ષરદેહ' ભક્તકવિ દયારામની કવિતાનું વિવેચન છે. 'ક્લાસિકલ પોએટ્સ ઑફ ગુજરાત' એ તેમણે મધ્યકાળના કવિઓ વિશે કૉલેજના વિદ્યાર્થી તરીકે આપેલા વ્યાખ્યાનનું પુસ્તક સ્વરૂપ છે. 'સ્ક્રેપબૂક' એ તેમની હસ્તલિખિત નોંધપોથીઓમાં તેમની ડાયરી, મનનનોંધો છે. તેમની નવલકથા 'સરસ્વતીચંદ્ર'ને પંડિતયુગનું મહાકાવ્ય, 'પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિકથા', 'પુરાણ', 'જગત કાદંબરીઓમાંની એક', 'આકારગ્રંથ' જેવાં વિશેષણોથી વિવિધ વિદ્વાનો દ્વારા બિરદાવવામાં આવી છે.

### ૪.૫.૩ બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા (ઈ.સ. ૧૮૫૮થી ૧૮૯૮)

નડિયાદના સાઠોદરા નાગર કુટુંબમાં જન્મ. તેમના પિતા ગર્ભશ્રીમંત અમલદાર હતા. બાળપણમાં તોફાન – તરંગી સ્વભાવના કારણે અભ્યાસમાં ખાસ પ્રગતિ ના થઈ. ફારસી ભાષાના જાણકાર પિતાએ પુત્રને કેળવવાનો પ્રયાસ કર્યો. બાલાશંકરે ફારસી તથા અંગ્રેજી કવિતાનો અભ્યાસ કર્યો. સ્વપ્રયત્નથી સંસ્કૃત ભાષા-સાહિત્યના જાણકાર થયા. ગુજરાત વિદ્યાસભામાં નાયબ મંત્રી, વડોદરા રાજ્યમાં પ્રાચીન ગ્રંથોદ્ધારની પ્રવૃત્તિમાં સહાયક તથા 'બુદ્ધિપ્રકાશ'ના સહાયક મંત્રી તરીકે પણ તેમણે કામ કર્યું. ઈ.સ. ૧૮૮૯માં 'ભારતીભૂષણ' ત્રૈમાસિક તેમણે શરૂ કર્યું. મરકીની માંદગીના કારણે ૧-૪-૧૮૯૮ના રોજ વડોદરા મુકામે તેમનું નિધન થયું.

**● બાલાશંકર કંથારિયાની સાહિત્યસેવા**

'બાલ' ઉપરાંત 'કલાન્ત' એ બાલાશંકર કંથારિયાનાં ઉપનામ છે. 'કલાન્ત કવિ' (૧૮૯૪)એ શિખરિણી છંદમાં સંસ્કૃત શૈલીમાં, સો શ્લોકનું દીર્ઘકાવ્ય તેમણે રચ્યું છે. 'હરિપ્રેમપંચદશી' કાવ્યસંગ્રહ પણ તેમણે આપ્યો છે. આ સંગ્રહને દરેક ગઝલમાં પંદર કડીઓ હોવાથી 'પંચદશી' તરીકે તેને ઓળખવામાં આવેલી છે. આદ્યશંકરાચાર્ય દ્વારા રચિત 'સૌન્દર્યલહરી'નો ગુજરાતીમાં અનુવાદ પણ તેમણે આપ્યો છે. ઉમાશંકર જોશીએ આ કવિની બધી રચનાઓ તથા અન્ય કૃતિઓનું સંપાદન કરીને ઈ.સ. ૧૯૪૨માં 'ક્લાન્ત કવિ' નામે ગ્રંથ આપ્યો છે.

### ૪.૫.૪ મણિલાલ નભુભાઈ દ્વિવેદી (ઈ.સ. ૧૮૫૮થી ઈ.સ. ૧૮૯૮)

ગોવર્ધનરામ ત્રિપાઠી, બાલાશંકર કંથારિયાની શૃંખલામાં મણિલાલ નભુભાઈ દ્વિવેદી પણ નડિયાદના વતની. સાઠોદરા નાગર બ્રાહ્મણ. ૨૬-૯-૧૮૫૮માં જન્મ. ૧૮૭૫માં ભાવનગરની શામળદાસ કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક થયા. એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ પૂર્ણ કરી બી.એ. થયા. મુંબઈમાં ગુજરાતી શાળાઓના નિરીક્ષક તરીકે ચારેક વર્ષ કામ કર્યું. થોડો સમય વડોદરામાં પ્રાચ્યવિદ્યા વિભાગના અધ્યક્ષ તરીકે કામ કર્યું. ગંભીર બીમારીના કારણે ૧૮૮૮માં નિવૃત્તિ લીધી. ૦૧-૧૦-૧૮૯૮ના રોજ અવસાન.

**●મણિલાલ નભુભાઈ દ્વિવેદીની સાહિત્યસેવા**

મણિલાલે ૧૮૮૨માં 'કાન્તા' નાટક દ્વારા સાહિત્ય સર્જનનો પ્રારંભ કર્યો. 'નૃસિંહાવતાર' (૧૮૯૫) નાટક સળંગ સંસ્કૃતિ પદ્ધતિનું પૌરાણિક કથાવસ્તુવાળું નાટક. આ બે નાટકો ઉપરાંત 'બાળવિલાસ' (૧૮૯૩) તથા 'સુદર્શન ગદ્યાવલિ' (૧૯૦૯)માં તેમના નિબંધો ગ્રંથસ્થ થયા છે. મણિલાલે 'આત્મનિમજ્જન' નામે કાવ્યસંગ્રહ પણ આપ્યો છે. 'સુદર્શન ગદ્યાવલિ'માં 'ગુજરાતના લેખકો' નામની લેખમાળા ખૂબ મહત્ત્વની છે. લૉર્ડ લિટનની 'ઝેનોની' નામની અંગ્રેજી રચનાનો મુક્ત ભાવાનુવાદ 'ગુલાબસિંહ' નામની નવલકથા દ્વારા આપ્યો છે. 'પ્રિયંવદા' તેમ જ 'સુદર્શન' સામયિકમાં પ્રગટ થયેલ લખાણોમાં એમની ગ્રંથસમીક્ષાઓ અને સાહિત્યવિચારણા પ્રગટ થઈ છે; જેના દ્વારા ગુજરાતી વિવેચનના ઘડતરનું નોંધપાત્ર પરિબળ સર્જાયું છે.

### ૪.૫.૫ નરસિંહરાવ દિવેટિયા (ઈ.સ. ૧૮૫૯થી ઈ.સ. ૧૯૩૭)

સુધારક યુગના સુપ્રસિદ્ધ સંસ્કાર પુરુષ ભોળાનાથ સારાભાઈ દિવેટિયાના પુત્ર નરસિંહરાવને પિતાનો વ્યાપક વિદ્યાવારસો મળ્યો. વિદ્યાર્થી તરીકે તેજસ્વી હતા. બી.એ.ની પરીક્ષા ૧૮૮૧માં આપી અને સંસ્કૃત વિષયમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. ખેડામાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નોકરી મળી. માતૃસંસ્થા એલ્ફિન્સ્ટન્ટ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. યુવાન પુત્ર નલિનકાન્ત તથા અન્ય સ્વજનોના અવસાનના આઘાતો જીરવીને તેમણે છેવટ સુધી સાહિત્યસર્જન કર્યું. ૧૯૩૭માં તેમનું અવસાન થયું. કવિતા, નિબંધ, ભાષાશાસ્ત્ર, રેખાચિત્ર તથા વિવેચન જેવાં ક્ષેત્રોમાં તેમનું સર્જન તેમને પંડિતયુગના મોટા ગજાના સર્જક તરીકે સ્થાપિત કરે છે.

**● નરસિંહરાવ દિવેટિયાની સાહિત્યસેવા**

ઈ.સ. ૧૮૮૫થી ૧૯૩૫ દરમિયાન લગભગ પાંચ દાયકા સુધી નરસિંહરાવે વૈવિધ્યસભર સાહિત્યસર્જન કર્યું છે. 'કુસુમમાળા' (૧૮૮૭) 'હૃદયવીણા' (૧૮૯૬), 'નૂપુરઝંકાર' (૧૯૧૪), 'સ્મરણસંહિતા' (૧૯૧૫), 'બુદ્ધચરિત' (૧૯૩૪) – નરસિંહરાવ દિવેટિયાના કાવ્યસંગ્રહો છે.

નરસિંહરાવ દિવેટિયાએ વિવેચક તરીકે પણ નોંધપાત્ર કામ કર્યું છે. 'મનોમુકુર'ના ચાર ગ્રંથો ઉપરાંત 'અભિનયકલા' (૧૯૩૦) અને 'કવિતાવિચાર' તેમના વિવેચનગ્રંથો છે.

૧૮૮૮માં 'જોડણી વિશે નિબંધ'ની રજૂઆત કરી ત્યારથી ભાષાશાસ્ત્રી તરીકે તેઓએ ઓળખ મેળવી. ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ અધિવેશનમાં તેમણે સો પાનાનો જોડણી વિશે વિસ્તૃત લેખ આપ્યો હતો. 'ગુજરાતી લૅન્ગવેજ ઍન્ડ લિટરેચર' નામથી પ્રગટ થયેલાં એમનાં વ્યાખ્યાનો તેમની ભાષાશાસ્ત્રી તરીકેની ઓળખ અંકિત કરે છે. ભાષાશાસ્ત્રી તરીકે તેમણે કરેલું કાર્ય પ્રારંભના સમયનું હોવાથી તેની નોંધ આદરપૂર્વક લેવામાં આવે છે.

### ૪.૫.૬ રમણભાઈ મહીપતરામ નીલકંઠ

૧૮૬૮માં અમદાવાદ ખાતે રમણભાઈનો જન્મ, અગ્રણી સમાજસુધારક મહીપતરામ નીલકંઠના ત્યાં થયો. ૧૮૮૪માં ગુજરાત કૉલેજમાં અને પછી એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ મેળવી બી.એ.ની પદવી મેળવી. કૉલેજમાં ત્રણેય વર્ષ તેઓ મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. એલએલ.બી.નો પણ અભ્યાસ કર્યો. કૉલેજ કક્ષાએ કવિ વર્ડ્ઝવર્થના પૌત્ર પ્રિ. વર્ડ્ઝવર્થ

પાસે ઇતિહાસ અને અંગ્રેજી ભણ્યા. કૉલેજમાં કવિ કાન્ત અને બ. ક. ઠાકોર જેવા કવિમિત્રોનો સંગ થયો. પ્રથમ પત્નીનું અકાળે અવસાન થયું. કવિ નરસિંહરાવની ભાણેજ વિદ્યા સાથે રમણભાઈનું બીજું લગ્ન થયું. તેમની દીકરી વિનોદિની નીલકંઠે તેમનો સાહિત્યવારસો ઉજાળ્યો. તેમનાં પત્ની વિદ્યાબહેન નીલકંઠ પણ ગુજરાતનાં પ્રથમ બે મહિલા ગ્રેજ્યુએટ પૈકીનાં એક હતાં. અભ્યાસ પૂરો કર્યા પછી શરૂઆતમાં રમણભાઈ નીલકંઠે શિરસ્તેદાર અને સબજજ તરીકે નોકરી કર્યા બાદ વકીલાત શરૂ કરી. વકીલાત દરમિયાન અમદાવાદના જાહેર જીવનમાં સક્રિય થઈ મ્યુનિસિપાલિટીના પ્રમુખ પદ સુધી પહોંચ્યા. સંસારસુધારાસમાજ તથા પ્રાર્થનાસમાજના પ્રમુખ ઉપરાંત ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ગુજરાત સાહિત્ય સભા જેવી સંસ્થાઓમાં સક્રિય રીતે સહભાગી રમણભાઈ નીલકંઠને માટે આનંદશંકર ધ્રુવે તેમને 'સકલપુરુષ' તરીકે ઓળખાવ્યા. ૧૯૨૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વરણી પામેલા રમણભાઈ પર પક્ષઘાતનો હુમલો થયો અને ૧૯૨૮માં તેમનું અવસાન થયું.

**• રમણભાઈ નીલકંઠનું સાહિત્યસર્જન**

રમણભાઈ નીલકંઠ માત્ર સાઠ વર્ષનું આયુષ્ય પામ્યા. જાહેરજીવનમાં સક્રિયતા છતાં નોંધપાત્ર સાહિત્યસર્જન તેમના દ્વારા થયું.

અર્વાચીન ગુજરાતી સાહિત્યની પહેલી હાસ્યરસથી સભર નવલકથા 'ભદ્રંભદ્ર' તેમણે ૧૯૦૦ના વર્ષમાં આપી. જે 'જ્ઞાનસુધા' સામયિકમાં હપ્તાવાર પ્રગટ થયેલી. પ્રથમ પુરુષ કથનશૈલીથી લખાયેલી આ પ્રથમ ગુજરાતી નવલકથા છે. ભદ્રંભદ્ર અને અંબારામનાં પાત્રો યાદગાર બન્યાં છે. લેખકે તેમના જમાનાના જૂના-નવા, સુધારક – સંરક્ષક વિચારોના સંઘર્ષને આ નવલકથામાં વ્યક્ત કરેલ છે.

'શોધમાં' (૧૯૧૫) અધૂરી હાસ્યનવલકથા છે. આ કથા વર્ષો પછી બિપિન ઝવેરીએ પૂરી કરી હતી.

'હાસ્યમંદિર' (૧૯૧૫) સર્જક દંપતી રમણભાઈ તથા વિદ્યાગૌરીનું સહિયારું સર્જન છે. હાસ્યરસ વિશેનો દીર્ઘલેખ તથા હળવા નિબંધો, પ્રસંગચિત્રો એમ બધું મળીને બાવીસ લેખો છે.

'રાઈનો પર્વત' (૧૯૧૪) રમણભાઈનું એકમાત્ર નાટક છે. આ નાટકે તેમને ઘણી કીર્તિ અપાવી

છે. સાત અંક અને પાંત્રીસ પ્રવેશમાં વહેંચાયેલું આ નાટક ગુજરાતી નાટ્યસાહિત્યનું નોંધપાત્ર નાટક છે.

'રાઈનો પર્વત' નાટકમાં ૮૬ મુક્તકો તથા 'કવિતા અને સાહિત્ય'ના ચોથા ભાગમાં મૂકેલાં ૩૪ કાવ્યો, ઊર્મિપ્રધાન કવિતા દ્વારા તેમની કવિત્વ શક્તિનો પરિચય થાય છે.

'કવિતા અને સાહિત્ય'ના ત્રણ ભાગમાં તેમની કાવ્યસમીક્ષા અને ગ્રંથાવલોકનો સમાવિષ્ટ છે. 'સરસ્વતીચંદ્ર', 'કુસુમમાળા', 'હૃદયવીણા' જેવી રચનાઓમાં પ્રત્યક્ષ વિવેચનો પણ કર્યાં છે. ગુજરાતી વિવેચનને સૌંદર્યલક્ષિતા તરફ દોરી જવાનું શ્રેય રમણભાઈને આપી શકાય.

'જ્ઞાનસુધા'ના તંત્રી તરીકે તેમણે સમૃદ્ધ સાહિત્યવિચારણા કરી છે. સમાજ, ધર્મ, સંસ્કૃતિ અને શિક્ષણ વિષયક વિચારણા 'ધર્મ અને સમાજ'ના બે ભાગમાં પ્રગટ થઈ છે. સમાજસુધારક રમણભાઈ નીલકંઠની સર્વતોમુખી સક્રિયતા અને નિસબતના કારણે તેઓ 'સકલપુરુષ' તરીકે આદર પામ્યા છે.

### ૪:૫.૭ આનંદશંકર ધ્રુવ (૧૮૬૯થી ૧૯૪૨)

અમદાવાદના નાગરકુટુંબમાં આનંદશંકર ધ્રુવનો જન્મ ૨૫-૨-૧૮૬૯ના રોજ થયો હતો. ઈ.સ. ૧૮૮૯માં મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ., ૧૮૯૨માં એમ.એ. અને ૧૮૯૭માં એલએલ.બી. થયા. ૧૮૯૩માં ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે જોડાયા. ત્યારબાદ ત્યાં જ આચાર્ય પણ થયા. ૧૯૧૯માં ગાંધીજીના સૂચનથી પંડિત મદનમોહન માલવિયજીએ તેમને બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે નિયુક્ત કર્યા. બે દાયકા સુધી ઉપકુલપતિ તરીકે સેવાઓ આપી ૧૯૩૬માં નિવૃત્ત થઈ અમદાવાદ આવ્યા. ૧૯૨૮માં નવમી ગુજરાત સાહિત્ય પરિષદ અને મદ્રાસમાં ચોથી ફિલોસૉફિકલ કૉંગ્રેસના પ્રમુખ તરીકે વરણી પામ્યા હતા. ૧૯૩૦માં આંતરયુનિવર્સિટી બોર્ડના અધ્યક્ષ બન્યા હતા. ૧૯૩૭માં તેમને બનારસ હિંદુયુનિવર્સિટીએ ડૉક્ટર ઑફ લિટરેચરની પદવી એનાયત કરી. તા. ૦૭-૦૪-૧૯૪૨ના રોજ આનંદશંકર ધ્રુવનું અવસાન થયું.

**● આનંદશંકર ધ્રુવનું સાહિત્યસર્જન**

'વસંત' સામયિક દ્વારા સાડત્રીસ વર્ષ સુધી સાહિત્યિક વિચારો તેમણે પ્રગટ કર્યા. 'સાહિત્યવિચાર' (૧૯૪૧), 'કાવ્યતત્ત્વવિચાર' (૧૯૪૭), એમની સમગ્ર સાહિત્યવિચારણાના મહત્ત્વના ગ્રંથો છે.

'દિગ્દર્શન' (૧૯૪૨), 'વિચારમાધુરી' (૧૯૪૬)માં પ્રગટ થયા છે. 'કાવ્યતત્ત્વવિચાર' કાવ્યવિવેચન ક્ષેત્રનું મૂલ્યવાન પુસ્તક છે. 'હિંદુ ધર્મની બાળપોથી' (૧૯૧૮), 'આપણો ધર્મ' (૧૯૧૬), 'હિંદુ વેદ ધર્મ' (૧૯૧૯) તેમની ધર્મવિચારણાના મહત્ત્વના ગ્રંથો છે. સંસ્કૃત ભાષાના 'ન્યાયપ્રવેશક' (૧૯૩૦) અને 'સ્યાદ્વાદ મંજરી' (૧૯૩૩) ઉલ્લેખનીય ગ્રંથો છે.

આનંદશંકર ધ્રુવ પંડિતયુગના મૂલ્યવાન ચિંતક અને સાક્ષર તરીકે ઇતિહાસમાં સ્થાન પામ્યા છે.

### ૪.૫.૮ કેશવ હર્ષદ ધ્રુવ (ઈ.સ. ૧૮૫૯થી ઈ.સ. ૧૯૩૮)

કેશવલાલ હર્ષદરાય ધ્રુવને આપણે કેશવ હર્ષદ ધ્રુવ તરીકે ઓળખીએ છીએ. કેશવલાલનો જન્મ ૧૭-૧૦-૧૮૫૯ના રોજ દહેગામ તાલુકાના બહિયેલ ગામમાં થયો હતો. તેમના મોટાભાઈ હરિલાલ હર્ષદરાય ધ્રુવ પણ કવિ, અનુવાદક, સંશોધક, પુરાતત્ત્વવિદ્ હતા. એલ્ફિન્સ્ટન કૉલેજમાં શ્રીધર ભંડારકર, નારાયણ ચંદાવરકર, કવિ કાન્ત જેવા સહાધ્યાયીઓ તેમને મળ્યા. ૧૮૮૨માં બી.એ. થયા. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ, રણછોડલાલ છોટાલાલ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે અને ગુજરાત કૉલેજમાં ગુજરાતી વિષયના પ્રથમ અધ્યાપક તરીકે તેઓ નિયુક્ત થયા. ગુજરાતી સાહિત્ય પરિષદના બીજા અધિવેશનમાં તેઓ પ્રમુખ થયા. ૧૩મી માર્ચ ૧૯૩૮ના રોજ તેમનું અવસાન થયું.

**● કેશવ હર્ષદ ધ્રુવની સાહિત્યસેવા**

અનુવાદ અને સંશોધન – સંપાદન ક્ષેત્રે તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. જયદેવનું 'ગીતગોવિંદ', 'અમરુશતક', ભાસનું 'પ્રધાનની પ્રતિજ્ઞા', 'સાચું સ્વપ્ન', 'મધ્યમ વ્યાયોગ', 'પ્રતિમા', કવિ હર્ષદ કૃત 'વિંધ્યવનની કન્યા', કવિ કાલિદાસ કૃત 'પરાક્રમની પ્રસાદી', વિશાખદત્ત રચિત 'મુદ્રારાક્ષસ'નો 'મેળની મુદ્રિકા'ને અનુવાદ રૂપે માતૃભાષામાં અવતાર્યાં છે.

ભાલણની 'કાદંબરી, અખાનું 'અનુભવબિંદુ', રત્નદાસ 'હરિશ્ચંદ્રાખ્યાન' જેવાં સંપાદનો તેમને ઉમદા સંશોધક તરીકે ઓળખાવે છે. 'સાહિત્ય અને વિવેચન' નામના બે ગ્રંથોમાં તેમની શાસ્ત્રીય વિચારણા સમાવિષ્ટ છે.

'પદ્યરચનાની ઐતિહાસિક સમાલોચના' પુસ્તકમાં પિંગળવિષયક વ્યાખ્યાનો છે. ઋગ્વેદકાળથી લઈ અર્વાચીન સમય સુધીના છંદોના વિકાસની શાસ્ત્રીય આલોચના આ ગ્રંથમાં છે. ગુજરાતી

વિષયના પ્રથમ અધ્યાપક, અનુવાદક, સંશોધક, પિંગળના અભ્યાસી તરીકે કેશવ હર્ષદનું નામ-કામ ઉલ્લેખનીય બને છે.

### ૪.૫.૯ મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' (ઈ.સ. ૧૮૬૭થી ૧૯૨૩)

સૌરાષ્ટ્રમાં લાઠી પાસે આવેલા ચાવંડ મુકામે ઈ.સ. ૧૮૬૭માં કાન્તનો જન્મ. પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ. માંગરોળ, મોરબી તથા રાજકોટ અભ્યાસ કર્યા પછી એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ મુંબઈમાં અભ્યાસ પૂરો કરી સુરત, ભાવનગર અને વડોદરામાં નોકરી કરી. ગોવર્ધનરામ, નરસિંહરાવ દિવેટિયા, રમણભાઈ નીલકંઠ, બ. ક. ઠાકોર જેવા સહાધ્યાયી સમકાલીનોએ કવિનું વ્યક્તિત્વ ઘડતર કરવામાં પ્રેરક ભૂમિકા ભજવી. સ્વીડનબોર્ગના ખ્રિસ્તી તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો તેમણે વાંચ્યાં હતાં. યુવાન કાન્તે ધર્મ, અધ્યાત્મ, જીવન, મૃત્યુ વિષયક ઊંડું ચિંતન કર્યું. તેથી જ તેમને 'મહામંથન નિમગ્ન' પુરુષ તરીકેની ઓળખ મળી છે. સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતીના સાહિત્યનું પરિશીલન અને આત્મખોજની ચિંતનશીલ પ્રકૃતિના કારણે જ ૧૮૯૭માં તેમને જુદો માર્ગ જડે છે અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરે છે. એ જમાનામાં આ ઘટના ખૂબ જાણીતી થતી. સ્વજનોના વિરોધનો સામનો કરીને સંઘર્ષ વહોરે છે. સગાં-સ્વજનો-મિત્રોનો વિરોધ, વિયોગ અસહ્ય બનતાં પુનઃ હિંદુ ધર્મમાં પાછા ફરે છે. તેમની ધર્મવિષયક આંતરિક પ્રતીતિ ખ્રિસ્તી ધર્મ તરફ ઝુકાવતી જ રહી હતી. કાન્તે ભાવનગરની શામળદાસ કૉલેજમાં અધ્યાપક તરીકે તથા વડોદરા કલાભવનમાં અધિકારી પદે તેમજ મુખ્ય શિક્ષણાધિકારી પદે કામ કર્યું હતું. ભાવનગરના મહારાજાના વિશ્વાસુ વ્યક્તિ તરીકે પણ તેમની પ્રતિષ્ઠા હતી. કલાપી, ન્હાનાલાલ, બ.ક.ઠા. જેવા મિત્રો તેમની જીવનયાત્રા – મંથનયાત્રાના સમભાવપૂર્ણ સાક્ષી રહ્યા. ૧૯૨૩માં કાશ્મીરના પ્રવાસેથી પાછા ફરતાં રાવલપીંડીથી લાહોર આવતી ટ્રેનમાં તેમનું અચાનક નિધન થયું. તેમના અવસાનના દિવસે જ તેમનો કાવ્યસંગ્રહ 'પૂર્વાલાપ' પ્રગટ થયો, જે તેમનો એકપાત્ર કાવ્યસંગ્રહ છે.

- **'કાન્ત'ની સાહિત્યસેવા**

'કાન્ત' મણિશંકર રત્નજી ભટ્ટની મુખ્ય ઓળખ કવિ તરીકેની છે. 'પૂર્વાલાપ' તેમનો એકમાત્ર કાવ્યસંગ્રહ છે. કાન્તે ૧૮૯૧માં 'ઉપહાર' કાવ્ય રચ્યું અને તેમણે વિશ્વાસપૂર્વક કહ્યું કે, 'મારું નામ ગુજરાતી સાહિત્ય મંડળના ઇતિહાસમાંથી જલદીથી ભૂંસાઈ નહીં જાય.' પૂર્વાલાપમાં

ઉત્કૃષ્ટ ખંડકાવ્યો અને ઊર્મિકાવ્યો છે.

ગુજરાતી કવિતાનું ઉજ્જ્વળ પ્રકરણ એટલે કાન્તરચિત ખંડકાવ્યો. 'પૂર્વાલાપ' સંગ્રહમાં 'વસંતવિજય', 'અતિજ્ઞાન', 'ચક્રવાકમિથુન', 'દેવયાની' જેવાં ખંડકાવ્યો સમાવિષ્ટ છે. ગુજરાતી કવિતામાં ખંડકાવ્યની શરૂઆત કાન્ત દ્વારા જ થઈ અને ખંડકાવ્યની ઉત્કૃષ્ટ રચનાઓ પણ કાન્ત પાસેથી જ મળી.

'રોમન સ્વરાજ્ય' (૧૯૨૩), 'ગુરુગોવિંદસિંહ' (૧૯૨૪) જેવાં બે નાટકો 'પ્રેસિડેન્ટ લિંકનનું ચરિત્ર' (૧૮૯૫), 'શિક્ષણનો ઇતિહાસ' (૧૮૯૫) તથા 'સિદ્ધાંતસારનું અવલોકન' (૧૯૨૦) તેમની મૌલિક ગદ્યકૃતિઓ છે. એરિસ્ટોટલનું 'નીતિશાસ્ત્ર', પ્લેટોનું 'ફીડ્સ' તથા રવીન્દ્રનાથની 'ગીતાંજલિ'ના અનુવાદ પણ તેમની પાસેથી મળે છે.

### ૪.૫.૧૦ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી' (ઈ.સ. ૧૮૭૪થી ઈ.સ. ૧૯૦૦)

સૌરાષ્ટ્રમાં આવેલા લાઠી સ્ટેટના રાજા સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલનું ઉપનામ 'કલાપી.' ૧૮૭૪માં જન્મેલા કલાપીએ માત્ર છવ્વીસ વર્ષનું આયુષ્ય ભોગવ્યું અને ૧૯૦૦માં તેમનું નિધન થયું. રાજકોટની રાજકુમાર કૉલેજમાં કેટલોક સમય તેમજ બાકીનો અભ્યાસ ઘરે બેઠાં ખાનગી શિક્ષકની મદદથી કર્યો હતો. રાજવી કવિના પ્રથમ લગ્ન પંદર વર્ષની વયે કચ્છ-કોટડા-રોહાના રાજકુમારી રાજબા સાથે થયાં, જેમને કવિએ રમા નામ આપેલું. કોટડા-સાંગાણીનાં રાજકુમારી આનંદીબા સાથે બીજાં લગ્ન અને રમાની સાથે આવેલી દાસી – મોંઘી સાથે સ્નેહ, મોંઘીને કવિએ શોભના નામ આપ્યું. કલાપીના જીવનમાં શોભના પ્રત્યેનો પ્રેમ એક અપૂર્વ પ્રકરણ હતું. તેમની કાવ્યસર્જનની પ્રેરણા પણ આ સ્નેહસંબંધમાં જોઈ શકાય. કલાપીએ શોભના સાથે લગ્ન કરીને સંબંધને ઊંચો દરજ્જો આપ્યો. તેમનું આ લગ્નજીવન થોડા સમયનું રહ્યું. શોભના સાથેના લગ્નનાં બે વર્ષ બાદ ૧૯૦૦માં કવિનું નિધન થયું.

**● કલાપીનું સાહિત્યસર્જન**

'કલાપીનો કેકારવ' એ કલાપીની બધી રચનાઓનો સંગ્રહ છે. જેનું સંપાદન કલાપીના ભક્ત 'સાગર' મહારાજે કર્યું છે. 'સાગર' એ જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠીનું ઉપનામ છે. તેઓ ઊંચી કક્ષાના સૂફી સાધક હતા ને કલાપીને પોતાના ગુરુ માનતા હતા. 'હૃદયત્રિપુટી', 'સારસી', 'એક ઘા', 'ગ્રામ્યમાતા', 'આપની યાદી', 'ભરત', 'સનમને' આદિ તેમની ખૂબ જાણીતી કવિતાઓ છે.

'કાશ્મીરનો પ્રવાસ' (૧૮૯૨)પ્રવાસકૃતિ છે. સૌન્દર્યભૂમિ કાશ્મીરના પ્રવાસ દરમિયાન કવિએ લખેલું આ વર્ણન આપણા પ્રવાસસાહિત્યનું મૂલ્યવાન પુસ્તક છે. 'કલાપીની પત્રધારા' દ્વારા કવિના ઉષ્માપૂર્ણ, સંવેદનશીલ ઋજુહૃદયનો પરિચય થાય છે. ઉપરાંત કવિએ, 'જેસલ અને તોરલ', 'ગોપીચંદ-મેનાવતી', 'જાલંધર-ગોપીચંદ' અને 'ભર્તૃહરિ અને વિક્રમ' જેવા ચાર સંવાદો પણ લખ્યા છે.

બે અંગ્રેજી નવલકથાઓના કલાપીએ કરેલા અનુવાદો 'માલા અને મુદ્રિકા' તથા 'નારીહૃદય' નામે પ્રગટ થયા છે. અલબત્ત, આ મરણોત્તર પ્રકાશનો છે. આમ, પંડિતયુગના નોંધપાત્ર તથા લોકપ્રિય કવિ તરીકે કવિ કલાપી હંમેશાં સ્મરણીય રહેશે.

### ૪.૫.૧૧ કવિ ન્હાનાલાલ (ઈ.સ. ૧૮૭૭થી ઈ.સ. ૧૯૪૬)

સુધારક યુગના અગ્રણી કવિ દલપતરામના સુપુત્ર તે કવિ ન્હાનાલાલ. ન્હાનાલાલનો જન્મ ૧૮૭૭માં થયો. પ્રો. કાશીરામ દવે જેવા વિદ્યાગુરુ પાસેથી સાહિત્યસંસ્કાર પામ્યા અને કવિ પિતાના સંસ્કારવારસાને આ કવિએ સવિશેષ સમૃદ્ધ કર્યો. પૂનાની ડેક્કન કૉલેજમાંથી ૧૮૯૮માં તત્ત્વજ્ઞાન અને તર્કશાસ્ત્રના વિષયો સાથે બી.એ. થયા. ૧૯૦૧માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર સાથે તેઓ એમ.એ. થયા. સાદરાની સ્કોટ કૉલેજમાં આચાર્ય, રાજકોટની રાજકુમાર કૉલેજમાં અધ્યાપક, રાજકોટ રાજ્યના સર ન્યાયાધીશ અને દીવાન તરીકે પણ સેવાઓ આપી. સૌરાષ્ટ્રમાં શિક્ષણાધિકારી તરીકે ત્રણ વર્ષ કામ કર્યું. ૧૯૨૧માં રાજીનામું આપી અસહકાર આંદોલનમાં જોડાયા. ૧૯૪૬માં કવિ ન્હાનાલાલનું અવસાન થયું.

#### ● ન્હાનાલાલની સાહિત્યસેવા

આત્મલક્ષી ઊર્મિકવિ તરીકે ન્હાનાલાલ પંડિતયુગના અગ્રણી કવિ છે. 'કેટલાંક કાવ્યો' ભાગ ૧થી ૩, 'ન્હાના ન્હાના રાસ' ભાગ ૧થી ૩, 'ગીતમંજરી', 'ચિત્રદર્શનો' જેવા ગ્રંથોમાં તેમની કવિતા ગ્રંથસ્થ થઈ છે. 'શરદપૂનમ', 'ચારુવાટિકા', 'ગુર્જરી કુંજો', 'હરિનાં દર્શન', 'કુલયોગિની', 'શ્રદ્ધાતિથિ', 'પિતૃતર્પણ', 'ગુરુદેવને', 'ગુજરાતનો તપસ્વી' તેમની જાણીતી કવિતા છે. ન્હાનાલાલે ડોલનશૈલીનો પણ પ્રયોગ કર્યો છે. 'કુરુક્ષેત્ર' એ તેમણે કરેલો મહાકાવ્યનો પ્રયોગ છે. જેની ગણના દીર્ઘકાવ્ય તરીકે થઈ છે.

કવિ ન્હાનાલાલનું ગદ્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન નાટકમાં છે. તેમણે બાર જેટલાં નાટકો આપ્યાં છે. તે બધાં ડોલનશૈલીમાં રચાયેલાં છે. 'ઇન્દુકુમાર', 'જયાજયંત', 'વિશ્વગીતા', 'સંઘમિત્રા', 'શહનશાહ અકબરશાહ', 'જહાંગીર-નૂરજહાં', 'શ્રી હર્ષદેવ', 'રાજર્ષિ ભરત', 'પુણ્યકથા', 'જગત્પ્રેરણા', 'ગોપિકા', 'પ્રેમકુંજ' જેવાં નાટકો તેમની પાસેથી મળે છે.

કવિ પિતા દલપતરામ વિશે પંદરસો જેટલાં પૃષ્ઠોમાં ચાર ભાગમાં લખેલું જીવનચરિત્ર 'કવીશ્વર દલપતરામ' મહત્ત્વનું પિતૃતર્પણ છે. આ ઉપરાંત 'સાહિત્યમંથન', 'આપણાં સાક્ષરરત્નો' તથા 'જગત્ કાદંબરીઓમાં સરસ્વતીચંદ્રનું સ્થાન' તેમની સાહિત્યવિચારણાનો આલેખ આપતા ગ્રંથો છે. કવિ સુન્દરમે તેમને વિશે ગુર્જરીને લાડકોડથી રમાડનાર કવિ તરીકે એક પંક્તિમાં કાવ્યાત્મક નોંધ લીધી છે.

### ૪.૫.૧૨ બળવંતરાય ક. ઠાકોર (ઈ.સ. ૧૮૬૯થી ઈ.સ. ૧૯૫૨)

ઈ.સ. ૧૮૬૯માં ભરૂચ મુકામે જન્મ. ભાવનગર, મુંબઈ અને પૂનાની કૉલેજોમાં શિક્ષણ મેળવ્યું. ૧૮૮૯માં પૂના કૉલેજમાંથી ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે બી.એ. થયા. રાજકોટની રાજકુમાર કૉલેજમાં દસ વર્ષ, અજમેરની સરકારી કૉલેજ તથા પૂનાની ડેક્કન કૉલેજમાં છવ્વીસ વર્ષ જેટલા સમય માટે ઇતિહાસના પ્રાધ્યાપક તરીકે સેવા આપી. નિવૃત્તિકાળમાં વડોદરા કૉલેજમાં ઇતિહાસના પ્રોફેસર તરીકે તેમણે કાર્ય કર્યું. ૧૯૩૭થી તેમના નિધન સુધી મુંબઈ રહ્યા અને થોડાં વર્ષ મુંબઈની વિલ્સન કૉલેજમાં ગુજરાતી ભાષાસાહિત્યના માનાર્હ અધ્યાપક તરીકે સેવા આપી. ૧૯૫૨માં જાન્યુઆરીની બીજી તારીખે મુંબઈમાં તેમનું અવસાન થયું.

**● બળવંતરાય ક. ઠાકોરની સાહિત્યસેવા**

બ.ક.ઠાએ સમગ્ર જીવનની કાવ્યસાધનાના ફળ સ્વરૂપે એક માત્ર કાવ્યસંગ્રહ 'ભણકાર' (૧૯૫૧) માં આપ્યો. પ્રકૃતિ, પ્રણય અને ચિંતનની કવિતા 'ભણકાર'માં છે. 'આરોહણ' ખંડકાવ્ય તથા 'ભણકાર' સૉનેટની ગુણવત્તાનો સહુએ આદર કર્યો છે. 'વધામણી', 'જૂનું પિયેર ઘર', 'વર્ષાની એક સુંદર સાંઝ', 'મોગરો', 'પ્રેમની ઉષા' આદિ તેમનાં જાણીતાં કાવ્યો છે. બળવંતરાય ઠાકોર કાવ્યશિક્ષક તરીકે પણ જાણીતા છે. તેમણે વિચારપ્રધાન કવિતાનો આગ્રહ રાખ્યો અને ગુજરાતી

કવિતા પોચટ લાગણીવેડાથી મુક્ત થઈ. 'વિચારપ્રધાન કવિતા એ જ દ્વિજોત્તમ જાતિની કવિતા' એવો એમનો મત છે.

'નવીન કવિતા વિશે વ્યાખ્યાનો'માં તેમણે અર્વાચીન ગુજરાતી કવિતા વિશે વ્યાખ્યાનો કર્યાં છે. 'આપણી કવિતા સમૃદ્ધિ' (સંપાદન) દર્શનિયું (વાર્તાસંગ્રહ), પંચોતેરમે (ચરિત્ર), લિરિક, કવિતાશિક્ષણ, નવીન કવિતા વિશે વ્યાખ્યાનો (વિવેચનગ્રંથો) ઉપરાંત તેમણે 'અભિજ્ઞાન શાકુંતલ' તથા 'માલવિકાગ્નિમિત્ર' એમ બે ભાષાંતર ગ્રંથો આપ્યા છે.

### ૪.૫.૧૩ અરદેશર ફરામજી ખબરદાર (ઈ.સ. ૧૮૮૨થી ઈ.સ. ૧૯૫૩)

અર્વાચીન યુગના પારસી સર્જકોમાં અરદેશર ફરામજી ખબરદાર આગળપડતું નામ છે. ખબરદારનો જન્મ ઈ.સ. ૧૮૮૨માં દમણમાં થયો હતો. મદ્રાસ ખાતે વ્યવસાય નિમિત્તે તેમણે વસવાટ કર્યો પણ અંતિમ બે દાયકા મુંબઈમાં આવીને રહ્યા. ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યના પરિશીલન દ્વારા તેમણે પોતાની સર્જકપ્રતિભાનું ઘડતર કર્યું. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' તેમનું ખૂબ જાણીતું ગીત છે. ઈ.સ. ૧૯૫૩માં મદ્રાસ મુકામે લાંબી બીમારી બાદ તેમનું અવસાન થયું.

**● ખબરદારનું સાહિત્યસર્જન**

ખબરદારે 'કાવ્યરસિકા', 'વિલાસિકા', 'પ્રકાશિકા', 'દર્શનિકા', 'કલિકા', 'રાષ્ટ્રિકા', 'ભજનિકા', 'રાસચંદ્રિકા', 'કીર્તનિકા', 'નંદનિકા' જેવા કાવ્યસંગ્રહો ઉપરાંત કેટલાંક પ્રતિકાવ્યો અને 'લખેગીતા' તથા 'ગુજરાતી કવિતાની રચનાકળા' જેવો વિવેચનગ્રંથ આપ્યો છે. 'ખબરદારના પત્રો'નું ૧૯૨૨માં મરણોત્તર પ્રકાશન થયું છે. ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા નિમિત્તે તેમણે ગુજરાતી કવિતા વિશે આપેલાં વ્યાખ્યાનો 'ગુજરાતી કવિતાની રચનાકળા' નામથી પ્રસિદ્ધ થયાં છે.

### ૪.૫.૧૪ દામોદર ખુશાલદાસ બોટાદકર (ઈ.સ. ૧૮૭૦થી ઈ.સ. ૧૯૨૪)

સૌરાષ્ટ્રના બોટાદ મુકામે ઈ.સ. ૧૮૭૦માં એક વણિક કુટુંબમાં જન્મ. અભ્યાસ માત્ર છ ધોરણ સુધી. સાધારણ પગારમાં શિક્ષક તરીકેની નોકરી. આર્થિક રીતે પગભર થવા તેઓ મુંબઈ ગયા પણ શિક્ષક તરીકેની નોકરીથી જ ઘર ચાલ્યું. આર્થિક મુશ્કેલી અને મુંબઈમાં દમનો વ્યાધિ ઉમેરાયો. દેવશંકર વૈકુંઠજી ભટ્ટ પાસેથી પિંગળ શીખ્યા. ૧૯૦૭માં વતન બોટાદ પાછા ફર્યા અને શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો. ૭-૯-૧૯૨૪ના રોજ તેમનું અવસાન થયું.

**● બોટાદકરનું સાહિત્યસર્જન**

કવિ બોટાદકરે : 'કલ્લોલિની' (૧૯૧૨), 'સ્ત્રોત્રસ્વિની' (૧૯૧૮), 'નિર્ઝરિણી' (૧૯૨૧), 'રાસતરંગિણી' (૧૯૧૩) અને 'શૈવલિની' (૧૯૨૫) જેવા પાંચ કાવ્યસંગ્રહો આપ્યા છે. ઉલ્લેખનીય છે કે કવિના આ પાંચેય સંગ્રહોમાંથી પસંદ કરીને ચોસઠ કાવ્યોનું 'બોટાદકરની કાવ્યસરિતા' નામે સંપાદન અનંતરાય રાવળે આપ્યું છે. 'જનનીની જોડ', 'ઊર્મિલા', 'બુદ્ધનું ગૃહાગમન', 'એભલવાળો' જેવા તેમનાં કાવ્યો જાણીતાં છે.

***તમારી પ્રગતિ ચકાસો - ૫**

૧. ગુજરાતી સાહિત્યની પ્રથમ મહાનવલ કઈ ? લેખકનું નામ આપો.
૨. દયારામની કવિતા વિશે 'દયારામનો અક્ષરદેહ' પુસ્તક કોણે આપ્યું ?
૩. ગોવર્ધનરામની હસ્તલિખિત નોંધપોથીનું નામ આપો.
૪. 'કુસુમમાળા' કાવ્યસંગ્રહના સર્જકનું નામ આપો.
૫. આનંદશંકર ધ્રુવે કયા સાહિત્યકારને સકલપુરુષ તરીકે ઓળખાવ્યા છે ?
૬. ગુજરાતીમાં પ્રગટ થયેલી પહેલી હાસ્યનવલકથાનું નામ આપો.
૭. રમણભાઈ નીલકંઠને યશ અપાવનાર નાટ્યકૃતિનું નામ આપો.
૮. બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે કયા સર્જકની નિયુક્તિ થઈ ?
૯. મણિશંકર રત્નજી ભટ્ટ, 'કાન્ત'ના કાવ્યસંગ્રહનું નામ આપો.
૧૦. 'વસંતવિજય', 'અતિજ્ઞાન', 'ચક્રવાક મિથુન' – આ કાવ્યોનો પ્રકાર જણાવો.
૧૧. 'કાશ્મીરનો પ્રવાસ' પુસ્તકના લેખક કોણ છે ?
૧૨. 'કલાપીનો કેકારવ'નું સંપાદન કોણે કર્યું છે ?
૧૩. ન્હાનાલાલે મહાકાવ્યનો પ્રયોગ કર્યો તે રચનાનું નામ આપો.
૧૪. 'ન્હાના ન્હાના રાસ' અને 'ચિત્રદર્શનો' કોની કવિતા છે ?
૧૫. 'કવીશ્વર દલપતરામ' કયા પ્રકારનું પુસ્તક છે ?
૧૬. પંડિતયુગનાં સાહિત્ય સામયિકોનાં નામ આપો.
૧૭. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી'ના કવિ કોણ છે ?
૧૮. 'બોટાદકરની કાવ્યસરિતા'નું સંપાદન કોણે કર્યું છે ?
૧૯. ઇન્દુકુમાર જયાજયંત, રાઈનો પર્વત – આ ત્રણ કૃતિઓનાં સાહિત્યસ્વરૂપ જણાવો.
૨૦. જયદેવ કૃત 'ગીતગોવિંદ'નો અનુવાદ કોણે આપ્યો છે ?

## ૪ : ૬. પંડિતયુગના ગૌણ સર્જકો

### ૪.૬.૦ ઉદ્દેશો

આ એકમ દ્વારા તમે પંડિતયુગના ગૌણ કવિઓ વિશે માહિતી મેળવશો. નરસિંહરાવ દિવેટિયા, કાન્ત, કલાપી આદિ સર્જકોની સમાંતરે જેમનું સર્જન થયું તેવા અન્ય કવિઓ પણ ઉલ્લેખનીય બને છે. ઇતિહાસની શૃંખલામાં આ થોડું ઓછું પ્રદાન કરનારા કવિઓ પણ મહત્ત્વની કડી સમાન છે. પદ્ય-ગદ્યમાં પંડિતયુગની ગુણવત્તામાં નોંધપાત્ર ઉમેરણ તરીકે આદરપાત્ર ઉલ્લેખ થઈ શકે તેવા સર્જકોનો આપણે પરિચય મેળવીશું.

### ૪.૬.૧ પ્રસ્તાવના

૧૮૮૫થી શરૂ થયેલા પંડિતયુગના સર્જકો સુધારકયુગની સાક્ષીએ કેળવણી પામ્યા. આ સર્જકોનો જીવન અભિગમ અને સાહિત્યદષ્ટિનું ઘડતર સમર્થ સમકાલીનોની સક્રિયતાથી થયું. ઉચ્ચશિક્ષણ પામેલા તે કાળના યુવાનો પાસે ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને કેળવણીની કસાયેલી દષ્ટિ હતી. ગૌણ જણાતા કવિઓ – ગદ્યલેખકો પંડિતયુગની સાંસ્કૃતિક, સાહિત્યિક આબોહવાને પુષ્ટ કરવામાં ખૂબ ઉપયોગી પરિબળ સમાન જણાયા છે. સાહિત્યસેવાની દષ્ટિએ કૃતિસંખ્યા ઓછી હશે પણ ગુણવત્તા અને નિસબતને ધ્યાને લઈએ તો આ સર્જકો આપણા ઇતિહાસનું અભિન્ન અંગ છે.

### ૪.૬.૨ પંડિતયુગના ગૌણ કવિઓ

૧. **દોલતરામ પંડ્યા** : ઈ.સ. ૧૮૮૭માં 'ઇન્દ્રજિતવધ' શીર્ષકથી મહાકાવ્ય રચવાનો પ્રયાસ કર્યો. આ મહાકાવ્ય તેના શીર્ષકથી જ સ્પષ્ટ છે કે રામાયણના કથાવસ્તુ પર આધારિત છે. છવ્વીસ સર્ગમાં રચાયેલું આ મહાકાવ્ય છે.

૨. **ભીમરાવ ભોળાનાથ** : 'પૃથુરાજરાસો' નામનું મહાકાવ્ય રચવાનો આ પ્રયાસ ઐતિહાસિક કથાવસ્તુ આધારિત છે. ભારતમાતાની પ્રશસ્તિ આ કાવ્યમાં તેના કવિને યશ અપાવે તે રીતે થઈ છે.

૩. **ત્રિભુવન પ્રેમશંકર** – 'મસ્તકવિ' : આ કવિએ 'વિભાવરી સ્વપ્ન', 'સ્વરૂપપુષ્પાંજલિ' તેમજ 'કલાપીનો વિરહ' – એમ ત્રણ કાવ્યસંગ્રહો આપ્યા છે.

૪. **જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી 'સાગર'** : તેમણે 'દીવાને સાગર' નામથી બે ગ્રંથો આપ્યા છે. 'કલાપીનો કેકારવ'નું તેમણે સંપાદન કર્યું છે. તેઓ ઊંચી કક્ષાના સૂફી સાધક હતા. તેમની કવિતામાં સૂફી ભક્તિ, અદ્વૈતનું દર્શન અભિવ્યક્ત થાય છે.

૫. **ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી 'બુલબુલ'** : આ કવિએ 'બુલબુલ' અને 'ચમેલી' એમ બે કાવ્યસંગ્રહો આપ્યા છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું સૌપ્રથમ પુસ્તક 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન' અને પારિભાષિક શબ્દકોશ પણ તેમણે આપ્યા છે. 'કાન્હડદેપ્રબંધ'નું

સંપાદન તેમનું નોંધપાત્ર કાર્ય છે.

૬. **જન્મશંકર મહાશંકર બૂચનું ઉપનામ 'લલિત'** છે. ન્હાનાલાલ તથા કલાપીના મિત્ર એવા લલિતે 'સીતાવનવાસ', 'લલિતનાં કાવ્યો', 'વડોદરાને વડલે', 'લલિતનો લલકાર' જેવા સંગ્રહો આપ્યા છે.

૭. **રૂપશંકર ઉદયશંકર ઓઝા – સંચિત** તથા જીવણરામ લક્ષ્મીરામ દવે – જટિલ : આ બંને કવિઓ કલાપીના સાથી હોવાની સાથે કલાપીના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

૮. **હરિ હર્ષદ ધ્રુવ** (૧૮૫૬-૧૮૯૬) : 'કુંજવિહાર' અને 'પ્રવાસ-પુષ્પાંજલિ' એમ બે કાવ્યસંગ્રહો તેમણે આપ્યા છે.

૯. **ગજેન્દ્ર ગુલાબરાય બૂચ** (૧૯૦૨-૧૯૨૭) : આ કવિએ ટૂંકી જીવનયાત્રામાં 'ગજેન્દ્ર મૌક્તિકો'માં સાઠેક કાવ્યરચનાઓ આપી છે.

૧૦. **દેશળજી પરમાર** (૧૮૯૪-૧૯૬૬) : 'ગૌરીનાં ગીતો', 'ગલગોટા', 'ટહુકો' તેમજ 'ઉત્તરાયન' એમ ચાર સંગ્રહો આ કવિ પાસેથી મળે છે.

૧૧. **શંકરલાલ મગનલાલ પંડ્યા 'મણિકાન્ત'** (૧૮૮૩-૧૯૨૬) : 'મણિકાન્ત કાવ્યમાળા'ના લોકપ્રિય કવિ તરીકે જાણીતા છે.

૧૨. **કેશવ હ. શેઠ** (૧૮૮૮-૧૯૪૭) : 'ડુમ્મસને દરિયે', 'ભવાટવિ', 'કલ્પનાપંખી' જેવાં કાવ્યો તેમણે આપ્યાં છે.

૧૩. **શંભુપ્રસાદ છેલશંકર જોશીપુરા 'કુસુમાકર'** (૧૮૯૩-૧૯૬૦) : 'સ્વપ્નવસંત' નામે મરણોત્તર કાવ્યસંગ્રહ છે.

૧૪. **ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ** : 'નવાં ગીતો' નામે બે ભાગમાં કાવ્યસંગ્રહ આપ્યાં છે. 'મેઘદૂત' અને 'ઋતુસંહાર'ના અનુવાદ પણ તેમની પાસેથી મળે છે.

૧૫. **હરજી લવજી દામાણી 'શયદા'** (૧૮૯૨-૧૯૬૨) : ધોરાજીના વતની એવા કવિ ગઝલકાર તરીકે ખ્યાતિ પામ્યા. લોકપ્રિય એવા આ ગઝલકારે 'બે ઘડી મોજ' સામયિક પણ પ્રગટ કર્યું હતું.

### ૪.૬.૩ પંડિતયુગના ગૌણ ગદ્યલેખકો

૧. **નારાયણ હેમચંદ્ર** (૧૮૫૫-૧૯૦૪) : તેમની આત્મકથા 'હું પોતે' (ઈ.સ. ૧૯૦૦) નર્મદ અને મણિલાલ નભુભાઈની આત્મકથાઓ આ પૂર્વે લખાયેલી પણ નારાયણ હેમચંદ્રની આત્મકથા સૌથી પહેલાં પ્રગટ થઈ. એ રીતે ગુજરાતીમાં પ્રગટ થયેલી પહેલી આત્મકથા ગણાય છે.

૨. **ભોગીન્દ્રરાવ ર. દિવેટિયા** (૧૮૭૫-૧૯૧૭) : સામાજિક નવલકથાઓના લેખક. 'મૃદુલા', 'ઉષાકાન્ત', 'કૉલેજિયન', 'અજામિલ' જેવી તે કાળે લોકપ્રિય થયેલી નવલકથાઓ છે.

૩. **રણજિતરામ વાવાભાઈ મહેતા** (૧૮૮૧-૧૯૧૭) : માત્ર છત્રીસ વર્ષના જીવનકાળમાં તેમણે ઐતિહાસિક રીતે નોંધ લેવી પડે તેવું કામ કર્યું છે. 'હીરા', 'સાહેબરામ', 'નંદનપ્રસાદ માસ્તર' જેવી ટૂંકી વાર્તાઓ તથા 'રણજિતરામના નિબંધોમાં' – નર્મદ, નંદશંકર વગેરે લેખો જાણીતા છે. લોકસાહિત્યના સંશોધક તરીકે પણ તેઓ સક્રિય હતા. 'ગુજરાતી સાહિત્ય પરિષદ' તેમજ 'ગુજરાત સાહિત્ય સભા'ના પણ તેઓ આદ્યસ્થાપક હતા. ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ તેમની સ્મૃતિમાં અપાતો 'રણજિતરામ સુવર્ણચંદ્રક' – ગુજરાતી સાહિત્યનો સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કાર ગણવામાં આવે છે.

૪. **શ્રીમદ્ રાજચંદ્ર** (૧૮૬૮-૧૯૦૧) : રાયચંદભાઈ તેમનું મૂળ નામ. નાનપણથી વૈરાગ્યભાવ

કેળવાયો અને આત્મભાવમાં સ્થિર થયા. મહાત્મા ગાંધીજીએ પણ પોતાના ધર્મમંથનમાં માર્ગદર્શક તરીકે શ્રીમદ્જીનો ઉલ્લેખ ખૂબ આદરપૂર્વક કર્યો છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર', 'મોક્ષમાળા', 'રાજયોગ' તથા 'શ્રીમદ્ રાજચંદ્રના પત્રો' જેવા ગ્રંથો તેમણે આપ્યા છે.

૫. **છોટાલાલ જીવનરામ માસ્તર 'વિશ્વવંદ્ય'** (૧૮૬૧-૧૯૧૨) : 'યોગિનીકુમારી' નવલકથા તથા 'વિશ્વવંદ્ય કિરણાવલિ ભાગ ૧થી ૨, 'વિચારરત્નરાશિ' જેવાં પુસ્તકોમાં તેમનું ભારતીય સંસ્કૃતિ અને જીવનવિષયક ચિંતન રજૂ થયું છે.

### ૪.૬.૪ પંડિતયુગના ગૌણ નાટ્યલેખકો

૧. **ડાહ્યાભાઈ ધોળશાજી** (૧૮૬૭-૧૯૦૨) : 'વીર વિક્રમાદિત્ય', 'અશ્રુમતી', 'ઉમાદેવડી', 'વીણાવેલી', 'મોહિનીચંદ્ર' જેવાં નાટકો ખૂબ આવકાર પામ્યાં હતાં. ગુજરાતી રંગભૂમિને માટે તેમનું યોગદાન સ્મરણીય રહેશે.

૨. **વાઘજી આશારામ ઓઝા** (૧૮૫૦-૧૮૯૬) : 'જગદેવ પરમાર', 'સીતાસ્વયંવર', 'રાણકદેવી', 'ભર્તૃહરિ', 'ચાંપરાજ હાંડો' જેવાં ઐતિહાસિક તથા પૌરાણિક વિષયવસ્તુ આધારિત નાટકો તેમણે આપ્યાં છે.

૩. **નથુરામ સુંદરજી શુક્લ** (૧૮૬૧-૧૯૨૨) : સંસ્કૃત નાટકોના અભ્યાસી. 'બિલ્વમંગળ', 'નરસિંહ મહેતા', 'ભક્તિવિજય', 'મહાશ્વેતા', 'કાદંબરી', 'ભક્ત સૂરદાસ' તથા 'સૌભાગ્યસુંદરી' જેવાં નાટકોને ઘણી પ્રસિદ્ધિ મળી હતી.

૪. **મૂળશંકર મૂલાણી** (૧૮૬૮-૧૯૫૭) : કવિ કાન્તના વતન ચાવંડ ગામના જ પ્રશ્નોરા નાગર. 'શાકુન્તલ', 'અજબકુમારી', 'એક જ ભૂલ', 'ભાગ્યોદય' જેવાં નાટકો જાણીતાં બન્યાં છે.

### ૪.૬.૫ પંડિતયુગના ઇતિહાસલેખકો

૧. **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી** (૧૮૬૮-૧૯૫૬) : ડાહ્યાભાઈ દેરાસરીએ સૌપ્રથમ 'સાઠીનું સાહિત્ય' ઇતિહાસ પુસ્તક આપ્યા બાદ કૃષ્ણલાલ મો. ઝવેરીએ 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્થંભો' અને 'વધુ માર્ગસૂચક સ્થંભો' પુસ્તક દ્વારા ગાંધીયુગ સુધીનો સળંગ ઇતિહાસ આપવાનો પ્રયાસ કર્યો છે.

૨. **હિંમતલાલ ગણેશજી અંજારિયા** (૧૮૭૭-૧૯૭૨) : મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે એમ.એ. થયેલા આ લેખકે 'કાવ્યમાધુર્ય' પુસ્તકમાં ગુજરાતી કવિતાનું સંપાદન કર્યું. 'સાહિત્યપ્રવેશિકા' તથા 'સાહિત્યપ્રારંભિકા' જેવાં પુસ્તકો ગુજરાતી સાહિત્યના ઇતિહાસના લઘુગ્રંથો તરીકે ઉપયોગી રહ્યા. ૧૯૫૦ સુધીની કવિતાનું પ્રતિનિધિત્વ રજૂ કરતું 'કાવ્યસૌરભ' પુસ્તક પણ તેમણે આપ્યું છે.

### *તમારી પ્રગતિ ચકાસો - ૬

૧. ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું પ્રથમ પુસ્તક કોણે આપ્યું છે ? આ ઇતિહાસગ્રંથનું નામ આપો.

૨. ગુજરાતીમાં સૌપ્રથમ પ્રગટ થયેલી આત્મકથા કોની છે ?

૩. 'લલિત' ઉપનામધારી કવિનું પૂરું નામ અને તેમના કાવ્યસંગ્રહોનાં નામ આપો.

૪. 'ગુજરાત સાહિત્ય સભા' તથા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના આદ્યસ્થાપક કોણ હતા ?
૫. ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ કયો પુરસ્કાર આપવામાં આવે છે ?
૬. મહાત્મા ગાંધીજીને ધર્મમંથનમાં આધ્યાત્મિક માર્ગદર્શન કોણે આપ્યું હતું ?
૬. 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ના સર્જકનું નામ આપો.
૭. પંડિતયુગમાં ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખવાનાં બે નોંધપાત્ર પુસ્તકો – લેખકોનાં નામ આપો.

## ૪ : ૭. ગાંધીયુગ

**પ્રકરણની રૂપરેખા**

૪.૭.૦ ઉદ્દેશો
૪.૭.૧ પ્રસ્તાવના
૪.૭.૨ ગાંધીયુગનાં ઘડતરબળો અને લક્ષણો
૪.૭.૩ ગાંધીયુગનાં લક્ષણો
૪.૭.૪ તમારી પ્રગતિ ચકાસો - ૭

### ૪.૭.૦ ઉદ્દેશો

આ એકમ દ્વારા તમે ગાંધીયુગ વિશે માહિતગાર થશો. અર્વાચીન ગુજરાતી સાહિત્યના અગાઉના બંને યુગ : 'સુધારકયુગ' તથા 'પંડિતયુગ' પછી 'ગાંધીયુગ' આવે છે. ૧૯૧૫થી ૧૯૪૦ સુધીનો સમયગાળો 'ગાંધીયુગ' તરીકે ઓળખાય છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીનું નેતૃત્વ અને જીવનના દરેક ક્ષેત્રમાં તેમના પ્રભાવનો આ સમય હતો. માત્ર ગુજરાત જ નહિ, સમગ્ર દેશમાં ગાંધીજીના જીવન અને રચનાત્મક કાર્યક્રમોની અસર હતી. ગાંધીયુગનો સમગ્રલક્ષી પરિચય મેળવવાનો આપણો ઉદ્દેશ છે.

### ૪.૭.૧ પ્રસ્તાવના

ઈ.સ. ૧૯૧૫થી અઢી-ત્રણ દાયકા સુધી રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી દેશના જનમાનસ પર પ્રભાવક રીતે છવાયા. આ ગાળાના સાહિત્યમાં તેમની જીવનવિભાવનાની અસરથી ગુજરાતી સર્જકો પ્રભાવિત થયા. ગદ્ય-પદ્યનાં સાહિત્યસ્વરૂપોમાં સમૃદ્ધિ આવી. 'ટૂંકી વાર્તા' અને 'એકાંકી' જેવા સાહિત્યસ્વરૂપો ઉદ્ભવ પામ્યાં અને વિકસ્યાં. અનુવાદ પ્રવૃત્તિ વિકસી. ગાંધીયુગના સાહિત્યની ગુણસમૃદ્ધિ આપણા ઇતિહાસનું ઉજ્જ્વળ પ્રકરણ છે.

### ૪.૭.૨ ગાંધીયુગનાં ઘડતરબળો અને લક્ષણો

૧૯૧૫ની નવમી જાન્યુઆરીએ ગાંધીજીએ સ્વદેશમાં પગ મૂક્યો. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહના

સફળ સુકાની હિંદ પાછા ફર્યા. સત્યાગ્રહી ક્રાંતિકાર ગાંધીજી પોતે જ સમગ્ર યુગના બહુ મોટા પ્રેરકબળ હતા.

ગાંધીજીએ પોતાની પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે અમદાવાદ પર પસંદગી ઉતારી. ૧૯૧૫માં સત્યાગ્રહ આશ્રમની અમદાવાદમાં સ્થાપના કરી.

૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો હતો. ૧૯૧૯માં પંજાબમાં 'જલિયાંવાલા બાગ'નો હત્યાકાંડ થયો. ૧૯૨૦માં 'અસહકારનું આંદોલન' શરૂ થયું. અમદાવાદમાં મિલમાલિકો અને મજૂરો વચ્ચે વિવાદમાં ગાંધીજી બે મજૂરોના પક્ષે સત્યાગ્રહ કર્યો. ચંપારણ સત્યાગ્રહમાં ખેડા સત્યાગ્રહ જેવી ઘટનાઓએ આઝાદી આંદોલન માટે સક્રિય મહાત્મા ગાંધીના નેતૃત્વમાં પ્રજાની સામેલગીરી વધારી. સાહિત્યસર્જકો પણ ચળવળ નિમિત્તે જેલવાસ વેઠતા હતા.

ગ્રામસ્વરાજ, ગ્રામોદ્ધાર, ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, હરિજનોના મંદિરપ્રવેશ માટેની ગાંધીજીની તત્પરતા, દાંડીકૂચ, આશ્રમ તથા વિદ્યાપીઠ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓએ શબ્દસાધકો અને જીવનસાધકોને પ્રેરણા આપી. ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતે આર્થિક અસમાનતાની સમસ્યાનો અર્થશાસ્ત્રીય ઉકેલ આપ્યો. ગાંધીજીના જીવનસિદ્ધાંતો, જીવનશૈલી અને આચાર-વિચાર વચ્ચે સંપૂર્ણ અભેદની વ્યાપક અસર જાહેરજીવનમાં તથા સાહિત્યના ક્ષેત્રમાં પણ પડી.

'ગૂજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના થવાથી ગુજરાતને ઉમદા સાહિત્યકારો, કર્મશીલો મળ્યા. 'સાર્થ-જોડણીકોશ'ની રચના દ્વારા જોડણી વિષયક અતંત્રતા દૂર થવામાં મોટી સહાય મળી. જોડણીકોશનું ભગીરથ કાર્ય ગાંધીજીના માર્ગદર્શનમાં પાર પડ્યું. માતૃભાષામાં શિક્ષણની ગાંધીજીએ હિમાયત કરી. ગાંધીજીએ 'નવજીવન', 'હરિજનબંધુ' જેવાં સામયિકો શરૂ કર્યાં. આ સામયિકો થકી ગાંધીજીવન-દર્શન વ્યાપક જનસમૂહ સુધી પહોંચ્યું.

### ● ગાંધીયુગનાં સાહિત્યનાં લક્ષણો

ગાંધીજીએ કોશિયાને પણ સમજાય તેવી ભાષામાં સાહિત્યસર્જન કરવાનું કહ્યું. ગાંધીજીની આ અપીલની મોટી અસર થઈ. ગુજરાતી સાહિત્યમાં ગામડું પ્રવેશ્યું અને સાહિત્ય ગામડાં સુધી પહોંચ્યું.

ઇતિહાસ અને યુગબોધનું દર્શન કરાવતી રચનાઓ વિશેષ મળી. ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધવાના કારણે અંગ્રેજી ઉપરાંત અન્ય પ્રાદેશિક ભારતીય ભાષાઓના સંપર્કમાં આવેલા ગુજરાતી સર્જકો અંગ્રેજી, સંસ્કૃત, બંગાળી, મરાઠી આદિ ભાષાઓના પ્રશિષ્ટ સાહિત્યને ગુજરાતીમાં અવતારવાના

કાર્યમાં લાગ્યા. ટાગોર, શરદબાબુ જેવા સર્જકોના સાહિત્યથી ગુજરાતી ભાવક પરિચિત થાય છે. ગાંધીયુગમાં અનુવાદ પ્રવૃત્તિ વિકસે છે.

સુધારકયુગમાં ઐતિહાસિક – સામાજિક નવલકથાનો મુકામ શરૂ થયો હતો જે પંડિતયુગ બાદ ગાંધીયુગમાં વધુ સમૃદ્ધ બને છે. કનૈયાલાલ મુનશી અને ર. વ. દેસાઈ જેવા નવલકથાકારો ગાંધીયુગની નવલકથાને સમૃદ્ધ કરે છે.

૧૯૧૮માં કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલ' પાસેથી 'ગોવાલણી' વાર્તા મળી. ટૂંકી વાર્તા સ્વરૂપમાં ધૂમકેતુ, દ્વિરેફ જેવા મહત્ત્વના સર્જકો મળ્યા. 'લોમહર્ષિણી' દ્વારા બટુભાઈ ઉમરવાડિયાએ ૧૯૨૨માં ગુજરાતીમાં એકાંકીની શરૂઆત કરી. યશવંત પંડ્યા અને પ્રાણજીવન પાઠક, દુર્ગેશ શુક્લ, ચં. ચી. મહેતા, ઉમાશંકર જોશી, ચુનીલાલ મડિયા જેવા એકાંકીકારોએ ગાંધીયુગમાં જ એકાંકી સ્વરૂપને પૂર્ણ કલાઘાટ આપ્યો. ગાંધીયુગમાં નિબંધ સ્વરૂપમાં ઘણી સમૃદ્ધિ આવે છે. ગાંધીજી, કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોશી, રા. વિ. પાઠક, જ્યોતીન્દ્ર દવે આદિના નિબંધનું શૈલીવૈવિધ્ય તથા વિષયવસ્તુનો વ્યાપ નિબંધને સર્જકતાનાં વિવિધ પરિમાણો સુધી પહોંચાડે છે.

ગામડું, દીન, દલિત, પીડિત, શ્રમિક અને શોષિત એવાં પાત્રો આપણી કથાસૃષ્ટિમાં પ્રવેશે છે. ગાંધીજીના વ્યક્તિત્વના પ્રચંડ પ્રભાવ હેઠળ તે સમયના દરેક સાહિત્યસ્વરૂપમાં વિષયવસ્તુ, ભાષા અને અભિવ્યક્તિ રીતિમાં પંડિતયુગની સરખામણીએ ઘણું પરિવર્તન જોવા મળે છે.

***તમારી પ્રગતિ ચકાસો - ૭**

૧. દક્ષિણ આફ્રિકાથી કાયમ માટે ગાંધીજી હિંદ ક્યારે પાછા આવ્યા ?
૨. ગાંધીજીએ પોતાની પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે કયા શહેરની પસંદગી કરી ?
૩. ગાંધીયુગમાં ગદ્યનાં કથાસાહિત્ય સ્વરૂપોનો ઉદ્‌ભવ-વિકાસ થયો.
૪. ટૂંકી વાર્તાના સ્વરૂપમાં મળેલી પ્રારંભકાલીન બે સર્જકોનાં નામ આપો.
૫. એકાંકી સ્વરૂપનો પ્રારંભ કરનાર બે એકાંકીકારોનાં નામ આપો.
૬. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કોણે અને ક્યારે કરી ?
૭. ગાંધીજીના સત્યાગ્રહોનાં નામ આપો.
૮. ગુજરાતી ભાષાની જોડણીમાં અતંત્રતા દૂર કરવા માટે ગાંધીજીએ શું કર્યું ?
૯. ગાંધીજીના મત મુજબ સાહિત્યની ભાષા કેવી હોવી જોઈએ ?
૧૦. ગાંધીયુગના ઐતિહાસિક તથા સામાજિક નવલકથાકારોનાં નામ આપો.

નોંધ : 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ માટે ૭.૧, ૭.૨, ૭.૩ ધ્યાનથી વાંચો.

## ૪ : ૮. ગાંધીયુગના અગ્રણી સર્જકો

### ૪.૮.૦ ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી ગાંધીયુગના સાહિત્ય અને સાહિત્યકારોનો તમે પરિચય કરી શકશો. અગાઉના એકમમાં તમે ગાંધીયુગનાં ઘડતરબળો અને લક્ષણોનો અભ્યાસ કર્યો. આ એકમમાં ગાંધીયુગના મુખ્ય સર્જકોના જીવન-સાહિત્ય વિશે સવિગત જાણવા મળશે. રૂપરેખાત્મક રીતે રજૂ થયેલી વિગતો ગુજરાતી સાહિત્યના ઇતિહાસનો ઊંડાણથી અભ્યાસ કરવા માટે તમને પ્રેરિત કરશે.

### ૪.૮.૧ પ્રસ્તાવના

ગાંધીયુગના અગ્રણી સર્જકોના જીવન તથા સાહિત્યસર્જન વિશે આ એકમ છે. અહીં ગાંધીયુગના પ્રથમ હરોળના અઢાર જેટલા સર્જકો અહીં સમાવિષ્ટ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીથી શરૂ થતું આ એકમ જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત ઉમાશંકર જોશી સુધીના મહત્ત્વના સર્જકોને આવરી લે છે. સવાયા ગુજરાતી કાકાસાહેબ, બે અગ્રણી નવલકથાકારો, ગાંધીવિચારધારા લેખકો, બે અગ્રણી પ્રારંભકાલીન વાર્તાકારો, બે અગ્રણી પ્રતિનિધિ કવિઓ જેવા સર્જકો વિશેનું આ એકમ, સાહિત્યના ઇતિહાસ વિશેની આપની દૃષ્ટિને વધુ કેળવશે.

### ૪:૮.૨ મોહનદાસ કરમચંદ ગાંધી (ગાંધીજી) (૧૮૬૯થી ૧૯૪૮)

જેમના નામે આખો યુગ ઓળખાય છે તે મોહનદાસ કરમચંદ ગાંધીને ભારતીય પ્રજા આદરપૂર્વક ‘બાપુ’, ‘મહાત્મા’, ‘રાષ્ટ્રપિતા’ તરીકે ઓળખે છે. ૧૮૬૯ની બીજી ઑક્ટોબરે તેમનો જન્મ. પંડિતયુગની મહાનવલ ‘સરસ્વતીચંદ્ર’નો પહેલો ભાગ પ્રગટ થયો તેના પછીના વર્ષે તેઓ, ૧૮૮૮માં બૅરિસ્ટર થવા માટે અભ્યાસ કરવા વિલાયત ગયા. નાનપણથી પોતાના દરેક વર્તનનું મૂલ્યાંકન અને આત્મમંથન કરવાનો સ્વભાવ. ‘શ્રવણ પિતૃભક્તિ’ અને ‘સત્યવાદી હરિશ્ચંદ્ર’થી પ્રભાવિત બાળ મોહન સત્યના માર્ગે ચાલવાનો સંકલ્પ કરે છે. અસ્પૃશ્યતાને સમગ્ર માનવજાતિનું કલંક સમજે છે. વિલાયત જઈ બૅરિસ્ટર થયા પછી સ્વદેશ પરત ફરેલા મોહનદાસને એક ખાનગી પેઢીનો કેસ ઉકેલવા દક્ષિણ આફ્રિકા જવાનું થાય છે. દક્ષિણ આફ્રિકામાં વકીલાતના વ્યવસાય નિમિત્તે ગયેલા મોહનદાસ રંગભેદની સરકારી નીતિ સામે સંકલ્પપૂર્વક લડે છે. લોકોને સંગઠિત કરે છે. બાવીસ વર્ષ જેટલો લાંબો સમય દક્ષિણ આફ્રિકામાં પરિવાર સાથે

રહે છે. 'ટૉલ્સ્ટૉય ફાર્મ' અને 'ફિનિક્સ આશ્રમ'ની સ્થાપના કરે છે. 'ઇન્ડિયન ઓપિનિયન' નામનું અખબાર પ્રગટ કરે છે. દક્ષિણ આફ્રિકામાં સફળ સત્યાગ્રહી તરીકે બહાર આવે છે. ૧૯૧૫ની નવમી જાન્યુઆરીએ સ્વદેશ પરત ફરે છે. ગોપાલકૃષ્ણ ગોખલેના માર્ગદર્શન મુજબ હિંદને જાણે છે. પ્રજાને જાણવા-સમજવા રેલવેમાં ત્રીજા વર્ગમાં દેશનો પ્રવાસ કરે છે.

ખેડા સત્યાગ્રહ, ચંપારણ સત્યાગ્રહ, અસહકાર આંદોલન, બારડોલી સત્યાગ્રહ, દાંડીકૂચ, અસ્પૃશ્યતાનિવારણ, ગૌસેવા ભાવના, ખાદીનો પ્રસાર, 'હિંદછોડો' ચળવળ, 'હરિજન' સામયિકો, 'નવજીવન'નું પ્રકાશન, આશ્રમજીવન, દારૂબંધી, કુદરતી ઉપચાર શૈલી, જીવનમાં તથા શિક્ષણમાં શ્રમની પ્રતિષ્ઠા જેવા અનેકવિધ ઉપક્રમો દ્વારા રાષ્ટ્રનું ઘડતર કરવાનો ભગીરથ પુરુષાર્થ. દરેક કાર્યમાં સત્યનો આગ્રહ, સેવા, સાદગી, અહિંસા કેન્દ્રસ્થાને, સાધન તથા સાધ્યશુદ્ધિ દ્વારા જાતને નિર્ભાર કરે છે. રાષ્ટ્રને સર્વસ્વ અર્પણ કરે છે. ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ પ્રાર્થનાસભામાં જતાં દિલ્હી મુકામે એક યુવાન દ્વારા ધરબાયેલી ત્રણ ગોળીથી 'હે રામ' બોલી પ્રાણનું વિસર્જન કરે છે.

**● ગાંધીજીનું સાહિત્યસર્જન**

૧૯૨૦માં 'ગૂજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના ગાંધીજીએ કરી. ગૂજરાત વિદ્યાપીઠમાં કાકાસાહેબ કાલેલકર, રા. વિ. પાઠકથી લઈ તે સમયના અનેક સાહિત્યકારોએ સેવાઓ આપી. ઘણા સાહિત્યકારોએ વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો.

'સત્યના પ્રયોગો' વિશ્વસાહિત્યમાં પ્રતિષ્ઠા પામેલી ગાંધીજીની આત્મકથા ૧૯૨૫થી ૧૯૨૯ દરમિયાન 'નવજીવન'માં હપ્તાવાર છપાઈ. એક સામાન્ય માણસ આત્મગૌરવ, પૂર્ણજાગૃતિથી સત્યના માર્ગે ચાલે તો તેનો કેટલો વિકાસ થઈ શકે તેના ઉજ્જ્વળ ઉદાહરણ તરીકે 'મોહનમાંથી મહાત્મા' પદ સુધીની પંચાવન વર્ષની જીવનયાત્રા તેમના શબ્દોમાં સાદગીપૂર્ણ અભિવ્યક્તિમાં અહીં જોવા મળે છે.

આ ઉપરાંત 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'હિંદ સ્વરાજ', 'વ્યાપક ધર્મભાવના', 'મંગલપ્રભાત', 'અનાસક્તિયોગ', 'આરોગ્યની ચાવી' જેવાં પુસ્તકો ગાંધીજીએ આપ્યાં છે. વિવિધ મહાનુભાવો અને પરિવારજનોને લખેલા પત્રોની સંખ્યા પણ માતબર છે. 'ગાંધીજીનો અક્ષરદેહ'માં ગાંધીજીનું વિપુલ સાહિત્ય છે.

સમગ્ર ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીના જીવનકાર્યની ઊંડી અસર પડી છે. સાહિત્ય ઉપરાંત

જીવનના દરેક ક્ષેત્રમાં ગાંધીજી એક માર્ગદર્શક સીમાસ્તંભ તરીકે આદર પામ્યા છે.

### ૪.૮.૩ કાકાસાહેબ કાલેલકર

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનો જન્મ ૧૮૮૨માં મહારાષ્ટ્રમાં સતારામાં થયો હતો. પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ કર્યો. પિતાજીની સરકારી નોકરીના કારણે સ્થળ બદલી થતી રહી તેથી પ્રવાસનો શોખ વિકસ્યો. વડોદરાના ગંગનાથ મહાવિદ્યાલયમાં આચાર્ય તરીકે સેવાઓ આપી. રવીન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતનમાં શિક્ષણકાર્યનો અનુભવ લીધો. ગાંધીજીના સંપર્કમાં આવ્યા. વિદ્યાપીઠમાં રહ્યા. ગુજરાતી ભાષા-સાહિત્યમાં માતબર પ્રદાન કર્યું અને 'સવાઈ ગુજરાતી' તરીકે પ્રતિષ્ઠા પામ્યા.

**● કાકાસાહેબ કાલેલકરનું સાહિત્યસર્જન**

લલિત નિબંધનાં પુસ્તકો : 'જીવનનો આનંદ', 'જીવનભારતી', 'જીવનસંસ્કૃતિ', 'જીવનવિકાસ', 'રખડવાનો આનંદ' તથા પ્રવાસનિબંધના પુસ્તકો : 'હિમાલયનો પ્રવાસ', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'પૂર્વ આફ્રિકામાં', 'ઊગમણો દેશ જાપાન' તથા 'સ્મરણયાત્રા' તેમની સ્મૃતિકથા છે. 'ઓતરાતી દીવાલો'માં જેલવાસ દરમિયાન તેમણે આસપાસની જીવસૃષ્ટિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી આસ્વાદ્ય અભિવ્યક્તિ આપી છે. નદીવિષયક લેખો 'જીવનલીલા'માં સમાવિષ્ટ છે. ગાંધીજીના સહકર્મી રહેલા કાકાસાહેબે 'બાપુની ઝાંખી' પુસ્તક પણ આપ્યું છે.

### ૪.૮.૪ કનૈયાલાલ માણેકલાલ મુનશી (ઈ.સ. ૧૮૮૭થી ઈ.સ. ૧૯૭૧)

પંડિતયુગમાં ૧૮૮૭માં 'સરસ્વતીચંદ્ર' ભાગ-૧નું પ્રકાશન થયું એ જ વર્ષે ભરૂચમાં કનૈયાલાલનો જન્મ થયો. પિતાનું નામ માણેકલાલ અને માતાનું તાપીગૌરી. ભરૂચ, વડોદરા, મુંબઈમાં અભ્યાસ કર્યો. મુનશીને વડોદરામાં અભ્યાસ દરમિયાન મહર્ષિ અરવિંદ ઘોષ જેવા અંગ્રેજીના અધ્યાપક મળ્યા. ગાંધીજી તથા દેશના અગ્રણી નેતાઓ સાથે કામ કરવાની તક મળી. મુંબઈ મુકામે ધારાશાસ્ત્રી તરીકે કામ કર્યું. ઇન્દુલાલ યાજ્ઞિક સાથે 'નવજીવન અને સત્ય' તથા 'યંગ ઇન્ડિયા'ના તરીકે તેમણે સેવાઓ આપી છે. મુનશીએ 'ગુજરાત' નામનું માસિક પણ શરૂ કર્યું. ભારતીય વિદ્યાભવનના ઉપક્રમે 'ભવન્સ જર્નલ' તેમ જ 'સમર્પણ' સામયિક ચલાવ્યાં. ભારતીય વિદ્યાભવનની પણ તેમણે સ્થાપના કરી.

**● કનૈયાલાલ મુનશીનું સાહિત્યસર્જન**

૧૯૧૨માં 'ઘનશ્યામ વ્યાસ'ના નામે 'મારી કમલા' વાર્તા 'સ્ત્રીબોધ'માં પ્રગટ થયેલી. પૂરા છ દાયકાની સર્જનયાત્રામાં તેમણે 'વેરની વસૂલાત', 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'જય સોમનાથ', 'પૃથિવીવલ્લભ', 'સ્વપ્નદૃષ્ટા', 'ભગવાન કૌટિલ્ય', 'તપસ્વિની', 'કૃષ્ણાવતાર' જેવી નવલકથાઓ આપી છે.

'કાકાની શશી', 'છીએ તે જ ઠીક', 'અવિભક્ત આત્મા', 'તર્પણ', 'પુત્રસમોવડી', 'ધ્રુવસ્વામિની દેવી' વગેરે નાટકો તથા 'શિશુ અને સખી' 'અડધે રસ્તે', 'સીધાં ચઢાણ', 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' વગેરે દ્વારા આત્મકથા આપી છે.

'નરસંયો ભક્ત હરિનો', 'નર્મદ-અર્વાચીનોમાં આદ્ય', 'થોડાંક રસદર્શનો', 'ગુજરાતના જ્યોતિર્ધરો', 'ઇમ્પિરિયલ ગુર્જર્સ', 'ગુજરાત ઍન્ડ ઇટ્સ લિટરેચર' જેવા સંશોધન-વિવેચન ગ્રંથો પણ તેમની પાસેથી મળે છે.

**૪.૮.૫ રામનારાયણ વિશ્વનાથ પાઠક (૧૮૮૭થી ૧૯૫૫)**

ધોળકા તાલુકાના ગાણોલ ગામે તેમના મોસાળમાં ૧૮૮૭માં રામનારાયણનો જન્મ. જેતપુર, રાજકોટ, જામખંભાળિયા અને ભાવનગરમાં શિક્ષણ મેળવ્યું. નાનાભાઈ ભટ્ટના વિદ્યાર્થી રહી ચૂક્યા. શામળદાસ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ત્યારબાદ મુંબઈની વિલ્સન કૉલેજમાંથી લૉજિક અને મોરલ ફિલોસોફી સાથે ૧૯૦૮માં બી.એ. થયા. ૧૯૧૧માં વકીલાતની પરીક્ષા પાસ કરી. ૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે જોડાયા. સુન્દરમ્, સ્નેહરશ્મિ, કરસનદાસ માણેક જેવા કવિઓને તેમણે કાવ્યશિક્ષણ આપ્યું. ઉમાશંકર જોશીએ તેમને 'ગાંધીયુગના સાહિત્યગુરુ' તરીકે ઓળખાવ્યા. ૧૯૧૮માં પ્રથમ પત્નીનું અવસાન થયું. સત્તાવીસ વર્ષ પછી ૧૯૪૫માં હીરાબહેન મહેતા સાથે લગ્ન કર્યાં. સોળમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદે તેમની વરણી થઈ. ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપન-સંશોધનમાં કાર્યરત પાઠક સાહેબ ૧૯૫૫માં હૃદયરોગના હુમલાથી નિધન પામ્યા.

**● રામનારાયણ વિ. પાઠકનું સાહિત્યસર્જન**

રા. વિ. પાઠકે 'દ્વિરેફ' ઉપનામથી ટૂંકી વાર્તાઓ લખી. ધૂમકેતુ સાથે પ્રારંભના મહત્ત્વના વાર્તાકાર તરીકે તેઓ ઉલ્લેખનીય છે. 'દ્વિરેફની વાતો'ના ત્રણ ભાગમાં ચાલીસ વાર્તાઓ પૈકી 'ખેમી', 'મુકુંદરાય', 'કોદર', 'જક્ષણી', 'છેલ્લો દાંડક્ય ભોજ' આદિ તેમની જાણીતી વાર્તાઓ છે. રા. વિ. પાઠકે 'શેષ' ઉપનામથી કવિતા લખી છે. તેમની હયાતી દરમિયાન 'શેષનાં કાવ્યો' નામનો સંગ્રહ પ્રગટ થયો હતો. 'બુદ્ધનું નિર્વાણ', 'છેલ્લું દર્શન', 'તુકારામનું સ્વર્ગારોહણ' તેમની જાણીતી રચનાઓ છે.

'સ્વૈરવિહારી' ઉપનામથી તેમણે 'સ્વૈરવિહાર' તથા 'મનોવિહાર' એમ બે નિબંધસંગ્રહો આપ્યા છે. વિવેચનક્ષેત્રે, 'અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય', 'કાવ્યની શક્તિ', 'આલોચના', 'નર્મદ : અર્વાચીન ગદ્ય-પદ્યનો આદ્યપ્રણેતા', 'સાહિત્યાલોક', 'નભોવિહાર' જેવાં પુસ્તકો અને 'બૃહત્પિંગલ' જેવું સંશોધનવિષયક પુસ્તક પણ તેમની પાસેથી મળે છે.

### ૪.૮.૬ ચુનીલાલ વર્ધમાન શાહ (ઈ.સ. ૧૮૮૭થી ઈ. ૧૯૬૬)

ગુજરાતમાં પત્રકારત્વના ક્ષેત્રમાં સાહિત્યવિવેચનની છાપામાં કૉલમ સૌપ્રથમ શરૂ કરનાર. 'સૌરાષ્ટ્ર' પત્રના સહતંત્રી અને 'પ્રજાબંધુ'ના સંપાદક. 'સાહિત્યપ્રિય' ઉપનામથી તેઓ લખતા. તેમણે 'અવંતીનાથ', 'રૂપમતી', 'ભસ્મરેખા', 'જિગર અને અમી' તેમજ 'કંટક છાયો પંથ' જેવી તેમના સમયમાં લોકપ્રિય થયેલી નવલકથાઓના તેઓ લેખક છે.

### ૪.૮.૭ સ્વામી આનંદ (ઈ.સ. ૧૮૮૭થી ૧૯૭૬)

સ્વામી આનંદનું પૂર્વાશ્રમનું નામ હિંમતલાલ રામચંદ્ર દવે. તેમનો જન્મ લિંબડી નજીક આવેલા શિયાણી ગામમાં થયો હતો. માસા-માસીના ઘરે મુંબઈ શહેરમાં ઉછેર થવાથી મરાઠી ભાષા પર તેમનું પ્રભુત્વ સારું રહ્યું. છ વર્ષની બાળવયે તેમને મુંબઈથી જ કોઈ સાધુ 'તને ભગવાનના દર્શન કરાવું' કહી લઈ ગયા. જુદાજુદા આશ્રમોમાં રહ્યા. સાધુ જેવું જીવન જીવવાની ઇચ્છા સાર્થક કરી, સ્વામી આનંદ તરીકે ઓળખાયા. ૨૭ વર્ષની વયે ગાંધીજીના પરિચયમાં આવ્યા. ગાંધીજીના માર્ગદર્શનમાં 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'ની જવાબદારી તેમણે સ્વીકારી. ૧૯૭૬માં આ સાધુચરિત સાહિત્યકારનું અવસાન થયું.

**● સ્વામી આનંદનું સાહિત્યસર્જન**

સ્વામી આનંદે 'અનંતકળા', 'આતમનાં મૂલ', 'ઈસુ ભાગવત', 'ઈશોપનિષદ', 'કુળકથાઓ', 'સંતોના અનુજ', 'ગાંધીજીનાં સંસ્મરણો', 'ધરતીનું લૂણ', 'નઘરોળ', 'નવલાં દર્શન', 'બરફ રસ્તે બદરીનાથ', 'માનવતાના વેરી', 'મોતને હંફાવનાર' જેવાં પુસ્તકો આપ્યાં છે. તેમના સમગ્ર સર્જનમાંથી 'ધરતીની આરતી' નામે એક સંપાદન પ્રગટ થયેલ છે. ચરિત્ર લેખક તરીકે સ્વામી આનંદ ખૂબ પ્રતિષ્ઠા પામ્યા છે. 'મોનજી રૂદર', 'મહાદેવથી મોટેરા', 'શુક્રતારક સમા' જેવાં ચરિત્રો યાદગાર બન્યાં છે. 'જૂની મૂડી' જૂના સમયના શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો તથા તેની સાથે જોડાયેલા કથાનકોનો સંગ્રહ છે.

### ૪.૮.૮ કિશોરલાલ ઘ. મશરૂવાળા (ઈ.સ. ૧૮૯૦થી ઈ.સ. ૧૯૫૨)

ગાંધીવિચારધારાના ઉમદા લેખક, ચિંતક કિશોરલાલ મશરૂવાળાનો જન્મ ઈ.સ. ૧૮૯૦માં થયો. ઘરમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું વાતાવરણ હતું. ગાંધીજીના પ્રભાવમાં આવ્યા અને ગાંધીજીએ તેમને કેળવણીનું કામ સોંપ્યું. ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્ર તરીકે પણ તેમણે થોડો સમય સેવાઓ આપી. ગાંધીસેવાસંઘના પ્રમુખ તરીકે પણ તેમણે સેવાઓ આપી. તેમને દમની તકલીફ હતી. ઈ.સ. ૧૯૫૨માં તેમનું અવસાન થયું.

**● કિશોરલાલ ઘ. મશરૂવાળાની નોંધપાત્ર કૃતિઓ**

કિશોરલાલ મશરૂવાળા કેળવણીકાર, વિચારક તરીકે પ્રતિષ્ઠા ધરાવે છે. 'કેળવણીના પાયા', 'કેળવણીવિવેક', 'કેળવણીવિકાસ', 'જીવનશોધન', 'સમૂળી ક્રાંતિ', 'સંસાર અને ધર્મ ૧-૨', 'ગીતામંથન', 'ગીતાધર્મ', 'સ્ત્રીપુરુષ મર્યાદા', 'વિદાય વેળાએ', 'રામ અને કૃષ્ણ', 'બુદ્ધ અને મહાવીર', 'સહજાનંદ સ્વામી', 'ઈસુ ખ્રિસ્ત' તેમનાં જાણીતાં પુસ્તકો છે.

### ૪.૮.૯ ધનસુખલાલ મહેતા (ઈ.સ. ૧૮૯૦થી ઈ.સ. ૧૯૭૬)

ધનસુખલાલ મહેતાએ હાસ્યરસનું સાહિત્ય આપ્યું છે. તેમણે નવલકથા, નાટક, નિબંધ, વાર્તાઓ, રેખાચિત્ર, આત્મકથા જેવા સાહિત્યપ્રકારોમાં લેખન કર્યું છે. 'હાસ્યવિહાર', 'વિનોદવિહાર', 'સરી જતું સુરત', 'મનુની માસી', 'અમે બધાં', (અન્ય સાથે) 'ધૂમ્રસેર' જેવાં પુસ્તકો આપ્યાં છે. 'પ્રેમનું પરિણામ' એકાંકીસંગ્રહ, 'ગરીબની ઝૂંપડી' મૌલિક ત્રિઅંકી નાટક ઉપરાંત, 'આથમતે અજવાળે' આત્મકથા પણ તેમની પાસેથી મળે છે.

### ૪:૮.૧૦ નરહરિ દ્વારકાદાસ પરીખ (ઈ.સ. ૧૮૯૧થી ઈ.સ. ૧૯૫૭)

કઠલાલના વતની નરહરિ પરીખ ગાંધીજીના અંતેવાસી હતા. ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી તેઓ આશ્રમ તેમજ ગૂજરાત વિદ્યાપીઠની પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા. તેમણે 'સરદાર વલ્લભભાઈ', 'કિશોરલાલ મશરૂવાળા' જેવાં જીવનચરિત્રો આપ્યાં છે. કિશોરલાલ મશરૂવાળાનું ચરિત્ર 'શ્રેયાર્થીની સાધના', 'મહાદેવભાઈનું પૂર્વચરિત' પણ તેમણે આપ્યાં છે. અર્થશાસ્ત્રીય મૌલિક ચિંતનનું મૌલિક પુસ્તક 'માનવ અર્થશાસ્ત્ર' પુસ્તક પણ તેમણે આપ્યું છે.

### ૪.૮.૧૧ ર. વ. દેસાઈ (ઈ.સ. ૧૮૯૨થી ઈ.સ. ૧૯૫૨)

ઈ.સ. ૧૮૯૨માં નર્મદાકિનારે આવેલા શિનોર ગામમાં થયો હતો. ૧૯૧૨માં લગ્ન થયાં અને ૧૯૧૬માં એમ.એ.નો અભ્યાસ પૂરો કરી શિક્ષક તરીકે થોડો સમય નોકરી સ્વીકારી. આઝાદી આંદોલન માટે ગાંધીજીના પ્રયત્નોનું તેમને આકર્ષણ થયું. 'યુગમૂર્તિ' વાર્તાકારનું બિરુદ પામેલા રમણલાલ મુખ્યત્વે સામાજિક નવલકથાઓના લેખક તરીકે વિશેષ જાણીતા બન્યા.

**● ર. વ. દેસાઈનું સાહિત્યસર્જન**

ર. વ. દેસાઈએ 'જયંત', 'શિરીષ', 'કોકિલા', 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી', 'પૂર્ણિમા', 'ભારેલો અગ્નિ', 'ઝંઝાવાત', 'પ્રલય', 'શચી પૌલોમી' જેવી નવલકથાઓ 'પંકજ', 'ઝાકળ', 'રસબિંદુ', 'કાંચન અને ગેરુ' વગેરે નવલિકાસંગ્રહો, 'સંયુ~તા', 'શંકિતહૃદય', 'પરી અને રાજકુમાર', 'તપ અને રૂપ' વગેરે નાટકો, 'નિહારિકા', 'શમણાં' કાવ્યસંગ્રહો, 'ગઈકાલ', 'મધ્યાહ્નમાં મૃગજળ' નામે આત્મકથા, જીવન અને સાહિત્ય ૧-૨ જેવાં કુલ સિત્તેર જેટલાં પુસ્તકો તેમણે આપ્યાં છે.

### ૪.૮.૧૨ ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી – 'ધૂમકેતુ' (ઈ.સ. ૧૮૯૨થી ઈ.સ. ૧૯૬૫)

સૌરાષ્ટ્રના વીરપુર મુકામે ૧૮૯૨માં જન્મ. પ્રાથમિક શિક્ષણ વીરપુરમાં મેળવ્યું. વિષમ આર્થિક સંજોગોમાં અભ્યાસ સાથે નોકરી કરતા રહી પોરબંદરથી મૅટ્રિક થયા. ૧૯૨૦માં સંસ્કૃત અને અંગ્રેજી વિષય સાથે જૂનાગઢની બહાદ્દીન કૉલેજમાંથી બી.એ. થયા. અભ્યાસ બાદ અમદાવાદ આવેલા. ધૂમકેતુ, શેઠ અંબાલાલ સારાભાઈ તથા સર ચિનુભાઈ બેરોનેટને ત્યાં પરિવારનાં બાળકોને ભણાવવા માટે ખાનગી શિક્ષક તરીકે રહ્યા. મહાન વિજ્ઞાની વિક્રમ સારાભાઈ ધૂમકેતુના વિદ્યાર્થી હતા. ધનાઢ્ય મહાજન પરિવારોમાં શિક્ષક તરીકે રહેવાના કારણે આ પરિવાર જ્યારે

પણ પ્રવાસે જાય ત્યારે તેમના શિક્ષકને પણ લઈ જતા. ધૂમકેતુને ભારતનો પ્રવાસ કરવાની તક મળી. સારાભાઈ પરિવારના કારણે જ રવીન્દ્રનાથ ટાગોર, પંડિત મદનમોહન માલવિયાજી તથા ગાંધીજીને મળવાની તેમને તક મળી. પ્રવાસ અને મહાનુભાવોની મુલાકાતના કારણે તથા અંબાલાલ સારાભાઈ પરિવારમાં સમૃદ્ધ પુસ્તકાલયનો લાભ લેવાના લીધે ધૂમકેતુની સર્જક ચેતનાને ભરપૂર પોષણ મળ્યું. અમદાવાદમાં ઉત્તમ શિક્ષકો, કલાગુરુઓનો પરિચય થયો. ગુજરાતીમાં ટૂંકી વાર્તા સ્વરૂપમાં પ્રારંભે જ માતબર પ્રદાન કરનારા સર્જકોમાં ધૂમકેતુ અગ્રેસર રહ્યા. ૧૯૬૫માં તેમનું દેહાવસાન થયું.

**● ધૂમકેતુનું સાહિત્યસર્જન**

વાર્તાસંગ્રહો : 'તણખામંડળ' ભાગ ૧થી ૪, 'અવશેષ', 'પ્રદીપ', 'વનકુંજ', 'છેલ્લો ઝબકારો' (બધા મળીને કુલ પચીસ વાર્તાસંગ્રહો) નવલકથા : 'ચૌલાદેવી', 'આમ્રપાલી', 'મહામાત્ય ચાણક્ય', 'પ્રિયદર્શી અશોક', 'અવંતીનાથ' વગેરે મળી ૩૫ જેટલી નવલકથાઓ; નાટક : 'પડઘા', 'ઠંડી ક્રૂરતા', 'એકલવ્ય' આ ઉપરાંત જીવનચરિત્ર, આત્મવૃત્તાંત, ચિંતન, સંપાદન, બાળસાહિત્ય, અનુવાદ; એમ ગદ્યનાં વિવિધ સ્વરૂપમાં તેમણે પ્રદાન આપ્યું છે.

### ૪.૮.૧૩ મહાદેવભાઈ દેસાઈ (ઈ.સ. ૧૮૯૨થી ઈ.સ. ૧૯૪૨)

ગાંધીજીના અંતેવાસી તરીકે વિશ્વખ્યાત એવા મહાદેવભાઈ હરિભાઈ દેસાઈનો જન્મ ઈ.સ. ૧૮૯૨માં ઓલપાડ તાલુકાના સરસ ગામે થયો હતો. તેમનું મૂળ વતન દિહેણ. પિતાની શિક્ષકની નોકરીમાં બદલી થવાના કારણે મહાદેવભાઈની શાળાઓ બદલાતી ગઈ. માધ્યમિક શિક્ષણ સુરતમાં લીધું. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ દરમિયાન જાહેર પ્રશ્નોના પરિચયમાં આવ્યા. અમદાવાદમાં આશ્રમ સ્થાપીને પ્રવૃત્તિ કરી રહેલા ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી સમર્પણ ભાવનાથી તેમની સાથે જોડાયેલા રહ્યા. ગાંધીજીના અંગત મંત્રી તરીકે સતત કેળવાતા રહ્યા. 'ડાયરી લેખન' તેમના વ્યક્તિત્વનો અભિન્ન હિસ્સો છે. ૧૯૪૨માં પંદરમી ઑગસ્ટે પૂનાની યરવડા જેલમાં તેમનું નિધન થયું ત્યાં સુધી તેઓ ગાંદીજીવન-વિચારની છત્રછાયામાં રહ્યા. એક સમર્પિત રાષ્ટ્રસેવક, ગાંધીનિષ્ઠ સાક્ષર તરીકે તેઓ સદૈવ સ્મરણીય રહેશે.

**● મહાદેવભાઈનું સાહિત્યસર્જન**

મહાદેવભાઈની ડાયરી – ગુજરાતી સાહિત્યમાં દુર્ગારામ મહેતાજીએ રોજનીશી લખવાનો પ્રયાસ કર્યા બાદ ગોવર્ધનરામની 'સ્ક્રેપબુક' અને નરસિંહરાવની 'રોજનીશી', બ. ક. ઠાકોરની 'દિન્કી' તથા કાકાસાહેબની 'વાસરી' જેવું ડાયરીસાહિત્ય ઉપલબ્ધ છે. મહાદેવભાઈની ડાયરીનો વ્યાપ વિશાળ છે. ગાંધીજીવન-દર્શન-પ્રયોગના પ્રત્યક્ષ સાક્ષી મહાદેવભાઈની ત્રેવીસ ડાયરીઓ ગ્રંથસ્વરૂપે ઉપલબ્ધ છે. સ્વાતંત્ર્યકાળનો ઇતિહાસ લખનાર કે ગાંધીજીવનના કોઈ પણ અભ્યાસીને માટે 'મહાદેવભાઈની ડાયરી'ના તમામ ભાગ મબલખ આધારસામગ્રી છે.

ડાયરી ઉપરાંત રવીન્દ્રનાથ ટાગોરના 'પ્રાચીન સાહિત્યનો અનુવાદ, ટાગોરના નાટક 'ચિત્રાંગદા' તથા નેહરુની આત્મકથા 'મારી જીવનકથા'ના અનુવાદો ઉપરાંત 'વીર વલ્લભભાઈ', 'સંત ફ્રાંસિસ', 'બેખુદાઈ ખિદમતગાર' નામે ચરિત્રપુસ્તકો અને 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ' જેવાં પુસ્તકો તેમની પાસેથી મળે છે.

### ૪.૮.૧૪ ઝવેરચંદ કાલિદાસ મેઘાણી (ઈ.સ. ૧૮૯૬થી ઈ.સ. ૧૯૪૬)

ઝવેરચંદ મેઘાણીનો જન્મ ૧૮૯૬માં ચોટીલામાં થયો હતો. તેમનું મૂળ વતન બગસરા. જ્ઞાતિએ જૈન વણિક. પ્રાથમિક શિક્ષણ ચોટીલા, બરવાળા, રાજકોટ. અમરેલીમાંથી ૧૯૧૨માં મૅટ્રિક. ૧૯૧૬માં અંગ્રેજી તથા સંસ્કૃત સાથે બી.એ. થયા. ૧૯૧૭માં કલકત્તા ખાતે એલ્યુમિનિયમના એક કારખાનામાં મૅનેજર તરીકે જોડાયા. વતનનું તીવ્ર ખેંચાણ હતું. કલકત્તા છોડી વતન આવ્યા. 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ'માં નોકરી કરી. ૧૯૩૩માં પ્રથમ પત્નીના અવસાન પછી મુંબઈ ગયા. લોકસાહિત્ય સંશોધક, સંપાદક તરીકે ઉમદા કામ કર્યું. યુગની સંવેદનાને વ્યક્ત કરતી કવિતા આપી. ગાંધીજીએ રાષ્ટ્રીય શાયર કહ્યા. વિવિધ સ્વરૂપોમાં માતબર પ્રદાન કરી ૧૯૪૬માં તેઓ દેહાવસાન પામ્યા. ઝવેરચંદ મેઘાણીએ પોતાને 'પહાડનું બાળક' કહીને ઓળખાવ્યા છે.

**● ઝવેરચંદ મેઘાણીનું સાહિત્યસર્જન**

**નવલકથા :** 'વસુંધરાનાં વહાલાં દવલાં', 'સોરઠ, તારાં વહેતાં પાણી', 'વેવિશાળ', 'તુલસીક્યારો' જેવી સૌરાષ્ટ્રના પ્રદેશની ખાસિયતો, ગ્રામજીવન, સમાજજીવનને આલેખતી બધી મળીને પંદર જેટલી નવલકથાઓ આપી છે.

**લોકકથાઓ** : 'સૌરાષ્ટ્રની રસધાર ૧થી ૫', 'સોરઠી બહારવટિયા ભાગ ૧-૩'; **લોકગીતો** : 'રઢિયાળી રાત ૧થી ૪', 'ચૂંદડી', 'ઋતુગીતો' જેવાં લોકગીતોના સંગ્રહો, 'માણસાઈના દીવા' (**નવલિકા**), 'કુરબાનીની કથાઓ' (**ચરિત્ર**), 'લિ. હું આવું છું' (**પત્રસાહિત્ય**), 'પરિભ્રમણ' (**નિબંધ**), 'ધરતીનું ધાવણ', 'લોકસાહિત્યનું સમાચોલન' (**વિવેચન**) તથા 'યુગવંદના', 'એકતારો', 'રવીન્દ્રવીણા' જેવા **કાવ્યસંગ્રહો** તેમની પાસેથી મળે છે.

### ૪.૮.૧૫ ગુણવંતરાય આચાર્ય (ઈ.સ. ૧૯૦૦થી ઈ.સ. ૧૯૬૫)

ગુજરાતી નવલકથાસ્વરૂપમાં દરિયાઈ સાહસકથાઓના લેખક તરીકે જાણીતા. 'દરિયાલાલ', 'સક્કરબાર', 'હરારી', 'હાજીકાસમ તારી વીજળી' જેવી નવલકથાઓ તેમણે આપી છે. તેમની નવલકથાઓમાં કચ્છની દરિયાખેડુ પ્રજાનું સાહસ અને ખમીર રજૂ થયાં છે.

### ૪.૮.૧૬ ચંદ્રવદન ચીમનલાલ મહેતા (ચં. ચી. મહેતા) (ઈ.સ. ૧૯૦૧થી ઈ.સ. ૧૯૯૧)

ચંદ્રવદન મહેતાનો જન્મ ઈ.સ. ૧૯૦૧માં સુરતમાં થયો હતો. પિતાની રેલવેમાં નોકરીના કારણે બદલીઓ થવાથી વિવિધ શહેરમાં શિક્ષણ થયું. પ્રાથમિક શિક્ષણ વડોદરામાં, માધ્યમિક શિક્ષણ સુરતમાં અને ઉચ્ચ શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં થયું. કૉલેજકાળમાં નરસિંહરાવ દિવેટિયા, બળવંતરાય ઠાકોર, કવિ ન્હાનાલાલ તેમજ કેશવ હર્ષદ ધ્રુવના સંપર્કમાં તેઓ આવ્યા. વડોદરામાં નાટ્યવિદ્યાના મુલાકાતી અધ્યાપક રહેલા ચં. ચી.એ સમગ્ર જીવન નાટ્યપ્રવૃત્તિમાં ગાળ્યું. ૧૯૯૧માં તેમનું અવસાન થયું.

**● ચં. ચી. મહેતાનું સાહિત્યસર્જન**

**કવિતા** : 'ઇલાકાવ્યો', 'ચડો રે શિખર રાજા રામના', **નવલકથા** : 'વાતચકરાવો', 'અખો, વરહવહુ અને બીજાં **નાટકો**', 'આગગાડી', 'નાગાબાવા', 'પ્રેમનું મોતી અને બીજાં નાટકો', 'પાંજરાપોળ', 'સોનાવાટકડી', 'હો-હોલિકા', 'કપૂરનો દીવો', 'શકુન્તલા અથવા કન્યાવિદાય', 'ધરાગુર્જરી', 'સંતાકૂકડી' જેવાં નાટકો ઉપરાંત 'બાંધ ગઠરિયાં' શ્રેણીમાં આત્મકથા તેમનાં પુસ્તકો તેમની નાટકસ્વરૂપમાં સમૃદ્ધિ દર્શાવે છે.

### ૪.૮.૧૭ ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ' (ઈ.સ. ૧૯૦૩થી ઈ.સ. ૧૯૯૦)

સ્નેહરશ્મિનો જન્મ વલસાડ જિલ્લાના ચિખલીમાં થયો હતો. ૧૯૨૦માં મૅટ્રિકમાં અભ્યાસ કરતા

હતા ત્યારથી ગાંધીજીથી પ્રભાવિત થઈ અસહકાર ચળવળમાં જોડાયા. ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો. અમદાવાદની પ્રખ્યાત શિક્ષણસંસ્થા સી. એન. વિદ્યાવિહારમાં પચાસ વર્ષ જેટલો લાંબો સમય સેવાઓ આપી. મહાત્મા ગાંધી, રામકૃષ્ણ પરમહંસ તથા રવીન્દ્રનાથ ટાગોરનો પ્રભાવ સ્નેહરશ્મિના જીવન તથા સાહિત્યમાં સઘન રીતે જોઈ શકાય છે. ૧૯૯૦માં તેમનું અવસાન થયું.

**● સ્નેહરશ્મિનું સાહિત્યસર્જન**

**કાવ્યસંગ્રહ** : 'અર્ઘ્ય', 'પનઘટ', 'સોનેરી ચાંદ', 'રૂપેરી સૂરજ'
**વાર્તાસંગ્રહ** : 'તૂટેલા તાર', 'ગાતા આસોપાલવ', 'હીરાનાં લટકણિયાં'
**નવલકથા** : અંતરપટ
**આત્મકથા** : 'મારી દુનિયા', 'સાફલ્યટાણું', 'ઊઘડે નવી ક્ષિતિજો', 'વળી ફરી નવાં શૃંગ.'

### ૪.૮.૧૮ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર – સુન્દરમ્ (ઈ.સ. ૧૯૦૮થી ઈ.સ. ૧૯૯૧)

૧૯૦૮માં ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મિયાંમાતર ગામે જન્મ. ભરૂચની રાષ્ટ્રીય શાળામાં પ્રસિદ્ધ વિવેચક વિશ્વનાથ ભટ્ટ જેવા કાવ્યશિક્ષક મળ્યા. ઉચ્ચશિક્ષણ અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠ, વિદ્યાપીઠમાંથી પ્રગટ થતા 'સાબરમતી' દ્વૈમાસિક પત્રના તેઓ તંત્રી થયા. ૧૯૪૫માં પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમમાં તેમણે સ્થાયી નિવાસનો નિર્ણય કર્યો. સાડાચાર દાયકા જેટલો સમય આશ્રમમાં પૂર્ણયોગના સાધક તરીકે રહ્યા. ૧૯૯૧માં તેમનું નિધન થયું.

**●સુન્દરમ્‌નું સાહિત્યસર્જન**

**કવિતા** : 'કોયાભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો', 'કાવ્યમંગલા', 'રંગરંગ વાદળિયાં', 'વસુધા', 'યાત્રા', 'વરદા', 'મુદિતા', 'ઉત્કંઠા.'

**ટૂંકી વાર્તા** : 'હીરાકણી અને બીજી વાતો', 'ખોલકી અને નાગરિકા', 'પિયાસી', 'ઉન્નયન'

**વિવેચન** : 'અર્વાચીન કવિતા', 'અવલોકના'

**એકાંકી** : 'વાસંતી'

**પ્રવાસ** : 'દક્ષિણાયન'

**ચરિત્ર** : 'શ્રી અરવિંદ મહાયોગ'

આ ઉપરાંત નાટકોના તથા શ્રી અરવિંદનાં પુસ્તકોના અનુવાદો પણ તેમણે કર્યા છે. 'દક્ષિણા' તથા 'બાળદક્ષિણા' સામયિકના તંત્રી તરીકે સાહિત્યિક પત્રકારત્વમાં પણ તેમણે નોંધપાત્ર પ્રદાન

કર્યું છે. સુન્દરમ્‌ના અવસાન બાદ તેમનાં સુપુત્રી સુધા સુન્દરમે કવિના નવ જેટલા કાવ્યગ્રંથો બહાર પાડ્યા છે. ગાંધીયુગના અગ્રણી કવિ તરીકે સુન્દરમ્‌નું નામ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં આદરપૂર્વક અંકિત છે.

### ૪.૮.૧૯ જયંતિ દલાલ (ઈ.સ. ૧૯૦૯થી ઈ.સ. ૧૯૭૦)

જયંતિ દલાલનો જન્મ ૧૯૦૯માં અમદાવાદ મુકામે થયો હતો. તેમના પિતાને નાટકનો શોખ હોવાથી બાળપણથી જ રંગભૂમિ તરફનું આકર્ષણ. ૧૯૨૬માં દીવાન બલ્લુભાઈ હાઈસ્કૂલમાંથી મૅટ્રિકની પરીક્ષા પાસ કરી, ૧૯૩૦માં ગાંધીજીની રાષ્ટ્રીય ચળવળથી પ્રભાવિત થયા. કારાવાસ પણ વેઠ્યો. મહાગુજરાતની ચળવળમાં ઇન્દુલાલ યાજ્ઞિક સાથે જોડાયા. પત્રકાર તરીકે ૧૯૩૯માં 'રેખા' માસિક શરૂ કર્યું. 'ગતિ' પ્રકાશન નામની સંસ્થા હેઠળ પુસ્તકો પ્રગટ કર્યાં. ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજકારણમાં સમાન રુચિથી સિદ્ધાંતનિષ્ઠ અભ્યાસી તથા સક્રિય કર્મશીલ રહ્યા. ૧૯૭૦માં તેમનું અવસાન થયું. જયંતિ દલાલે પચીસ જેટલાં મૌલિક પુસ્તકો તેમ જ ત્રીસ જેટલાં અનુદિત પુસ્તકો આપ્યાં છે.

- **જયંતિ દલાલનું સાહિત્યસર્જન**

**ટૂંકી વાર્તા** : 'જૂજવાં', 'મૂકમ્ કરોતિ', 'આ ઘેર પેલે ઘેર', 'ઇષત્'

**એકાંકી** : 'જવનિકા', 'પ્રવેશ બીજો', 'પ્રવેશ ત્રીજો'

**નવલકથા** : 'ધીમુ અને વિભા', 'પાદરનાં તીરથ'

**રેખાચિત્રસંગ્રહ** : 'પગદીવાની પછીતેથી', 'શહેરની શેરી'

**અનુવાદક** : તરીકે ટોલ્સ્ટૉયની મહાનવલ 'વૉર એન્ડ પીસ'નો 'યુદ્ધ અને શાંતિ'નો અનુવાદ ખાસ ઉલ્લેખનીય છે.

જયંતિ દલાલે ગાંધીયુગમાં સર્જન કર્યું. પણ તેમના સાહિત્યમાં આધુનિક સમયના પ્રયોગશીલ અભિગમો પ્રગટ થયા હતા.

### ૪.૮.૨૦ ઉમાશંકર જોશી (ઈ.સ. ૧૯૧૧થી ઈ.સ. ૧૯૮૮)

ઈડર તાલુકાના બામણા ગામે ઉમાશંકર જોશીનો જન્મ ૧૯૧૧માં. જ્ઞાનપીઠ પુરસ્કૃત પ્રથમ

ગુજરાતી સર્જક. પ્રાથમિક કેળવણી વતનમાં લીધા પછી આગળ અભ્યાસ માટે ઈડરની શાળામાં અને ઈડરથી અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવી મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ અને મુંબઈ યુનિવર્સિટીમાં ત્રીજા નંબરે પાસ થયા. ઇન્ટર સુધીનો અભ્યાસ અમદાવાદ ગુજરાત કૉલેજમાં કર્યો. ૧૯૩૦માં ગાંધીજીના નેતૃત્વ હેઠળ ચાલતી રાષ્ટ્રીય લડતમાં જોડાયા. વીસાપુર જેલયાત્રા વેઠી. વિદ્યાપીઠનો સંપર્ક થયો. ૧૯૩૧માં ૧૯ વર્ષની વયે 'વિશ્વશાંતિ' ખંડકાવ્યનું સર્જન થયું. ૧૯૩૪થી ૧૯૩૮ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણ્યા. અર્થશાસ્ત્ર તથા ઇતિહાસમાં બી.એ. થયા. ૧૯૩૮માં ગુજરાતી-સંસ્કૃતના વિષય સાથે એમ.એ. થયા. ૧૯૩૯થી અમદાવાદમાં નિવાસ.

મુંબઈમાં અભ્યાસકાળ દરમિયાન મુંબઈની સિડનહામ કૉલેજમાં થોડો સમય અધ્યાપન કર્યું. ૧૯૩૯થી ૧૯૪૬ ગુજરાત વિદ્યાસભામાં અધ્યાપન – સંશોધન કર્યા બાદ ગુજરાત યુનિવર્સિટી ભાષા-સાહિત્યભવનમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે ૧૯૫૪થી સેવાઓ આપી.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ, દિલ્હી સાહિત્ય અકાદેમીના અધ્યક્ષ, વિશ્વભારતી, શાંતિનિકેતનના કુલપતિ, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તથા છ વર્ષ સુધી રાજ્યસભાના સભ્ય જેવાં ઊંચાં પદોને તેમણે શોભાવ્યાં. ૧૯૬૮માં જ્ઞાનપીઠ પુરસ્કાર ઉપરાંત અનેકવિધ સાહિત્યિક પુરસ્કારોથી તેમની તેજસ્વી કારકિર્દીનું સન્માન થયું છે. ૧૯૮૮માં કેન્સરના કારણે તેમનું નિધન થયું.

**● ઉમાશંકર જોશીનું સાહિત્યસર્જન**

**કાવ્યસંગ્રહો** : 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસન્તવર્ષા', 'મહાપ્રસ્થાન', 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર', 'સપ્તપદી', (આ બધી કવિતા ૧૯૮૧માં 'સમગ્ર કવિતા' નામે ગ્રંથમાં પ્રગટ થઈ છે.)

**એકાંકી સંગ્રહ** : 'સાપના ભારા', 'શહીદ'

**વાર્તાસંગ્રહ** : 'શ્રાવણી મેળો', 'વિસામો'

**ચરિત્ર** : 'હૃદયમાં પડેલી છબીઓ ૧-૨', 'ગાંધીકથા'

**નિબંધસંગ્રહ** : 'ગોષ્ઠિ' અને 'ઉઘાડી બારી', 'કેળવણીનો કીમિયો'

૧૯૪૭માં 'સંસ્કૃતિ' સામયિક શરૂ કર્યું. 'ઈશાન ભારત અને આંદામાનમાં ટહુક્યા મોર' નામે પ્રવાસપુસ્તક પણ તેમની પાસેથી મળે છે.

'અખો : એક અધ્યયન', 'પ્રતિશબ્દ', 'શ્રી અને સૌરભ' આદિ નવ જેટલા **વિવેચનગ્રંથો** પણ તેમની પાસેથી મળે છે. ૧૯૩૮માં પ્રકાશિત 'નિશીથ' કાવ્યસંગ્રહ માટે તેમને ૧૯૬૮માં 'જ્ઞાનપીઠ' પુરસ્કાર મળ્યો હતો. 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન' જેવા પદ્યનાટકો કવિ ઉમાશંકરની સફળ નાટ્યકવિ તરીકેની પ્રતિભા ઉપસાવી આપે છે.

### ૪.૮.૨૧ વિશેષ વાચન

૧. ગાંધીયુગના પ્રારંભકાલીન મહત્ત્વના વાર્તાકાર તરીકે ધૂમકેતુ અને દ્વિરેફની વાર્તાકલા વિશે વાંચો.

૨. ઐતિહાસિક નવલકથાકાર કનૈયાલાલ મુનશી વિશે અભ્યાસ કરો.

૩. ગાંધીયુગના બે અગ્રણી કવિ સુન્દરમ્ અને ઉમાશંકર જોશી વિશે અભ્યાસ કરો.

૪. સામાજિક નવલકથાકાર ર. વ. દેસાઈ વિશે અધ્યયન કરો.

૫. 'ગાંધીયુગમાં એકાંકી' વિશે નોંધ કરો.

* ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રગટ થયેલ ઇતિહાસના વિવિધ ખંડ પૈકી ગાંધીયુગના ઇતિહાસ ખંડ મેળવીને વાંચો.

### *તમારી પ્રગતિ ચકાસો - ૮

૧. કાકાસાહેબ કાલેલકરના નિબંધસંગ્રહોનાં નામ આપો.

૨. ભારતીય વિદ્યાભવનની સ્થાપના કોણે કરી ?

૩. ગાંધીજીના જીવન-કાર્યની સવિગત નોંધ તૈયાર કરો.

૪. ચં. ચી. મહેતા તથા જયંતિ દલાલનાં નાટકો – એકાંકીસંગ્રહોનાં નામ આપો.

૫. સુન્દરમ્‌ના પ્રવાસગ્રંથનું નામ આપો.

૬. રામનારાયણ વિશ્વનાથ પાઠકના ત્રણ તખલ્લુસ જણાવો.

૭. ઉમાશંકર જોશીનાં ચરિત્રસાહિત્યનું પુસ્તક કયું છે ?

૮. ઉમાશંકર જોશીએ ઓગણીસ વર્ષની વયે કયું ખંડકાવ્ય લખ્યું ?

૯. ગાંધીયુગમાં દરિયાઈ નવલકથાઓના લેખક કોણ છે ?

૧૦. ઉમાશંકર જોશીના નિબંધસંગ્રહોનાં નામ આપો.

૧૧. 'નિશીથ' કાવ્યસંગ્રહ માટે ઉમાશંકર જોશીને કયો પુરસ્કાર મળ્યો હતો ?

૧૨. ગાંધીજીએ કયા કવિને રાષ્ટ્રીય શાયર કહ્યા હતા ?

૧૩. લોકસાહિત્ય સંપાદનમાં ગાંધીયુગમાં કોણે સૌથી ઉમદા કામ કર્યું ?

## ૪ : ૯. ગાંધીયુગના અન્ય નોંધપાત્ર સર્જકો – વિવેચકો

### ૪.૯.૦ ઉદ્દેશો

અગાઉના એકમ આઠમાં ગાંધીયુગના અગ્રણી સર્જકો વિશે આપે જાણ્યું. અનેકવિધ સર્જકો દ્વારા ગાંધીયુગનું સાહિત્ય સમૃદ્ધ છે. આ સમૃદ્ધિને એક એકમમાં સમાવી શકાય નહિ. સુન્દરમ્, ઉમાશંકર જોશી, ઝવેરચંદ મેઘાણી જેવા કવિઓના સમકાલીન રહી ચૂકેલા અને વ્યાપક આવકાર પામેલા હરિશ્ચંદ્ર ભટ્ટ, શ્રીધરાણી જેવા કવિઓ પણ ગાંધીયુગની કવિતા સમૃદ્ધિમાં ઉલ્લેખનીય ઉમેરણ કરે છે.

ગાંધીયુગમાં સર્જનની સમાંતરે વિવેચનપ્રવૃત્તિમાં પણ વેગ આવે છે. ઉમાશંકર જોશી, સુન્દરમ્ જેવા સર્જકોએ પણ વિવેચન કર્યું છે. અન્ય નોંધપાત્ર વિવેચકો વિશે આપ અહીં અભ્યાસ કરી શકશો.

### ૪.૯.૧ પ્રસ્તાવના

ગાંધીયુગમાં વીસમી સદીના પ્રારંભકાળે અને સુન્દરમ્ – ઉમાશંકર જોશી જેવા સર્જકોના સમકાલીન તરીકે જેમનાં નામ-કાળનો ઉલ્લેખ થઈ શકે એવા સર્જક – વિવેચકો આ એકમમાં છે. અહીં જે સર્જકોનો સમાવેશ છે તેમની સ્વીકૃતિ વ્યાપક છે. સર્જનની ઉત્કૃષ્ટતા વિશે બેમત નથી. સાહિત્યિક ગુણવત્તા વિવિધ રીતે પુરસ્કૃત થતી રહી છે. ઐતિહાસિક દૃષ્ટિએ તેમનું પ્રદાન મૂલ્યવાન છે. આ એકમમાં સમાવેશ પામેલા સર્જકોના કાવ્યસંગ્રહોની સંખ્યા ઓછી હોવા છતાં કાવ્યગુણના કારણે ગાંધીયુગના પ્રથમ પંક્તિના સર્જકો વિશે અભ્યાસ કરવાની સાથે; એ સમયના અનુસંધાનમાં આ કવિઓ વિશે જાણવા – સમજવાથી ગાંધીયુગના સાહિત્યનું સમગ્રલક્ષી આકલન થશે.

### ૪.૯.૨ હરિશ્ચંદ્ર ભટ્ટ (ઈ.સ. ૧૯૦૬થી ઈ.સ. ૧૯૫૦)

સુરત જિલ્લાના ઓલપાડ ગામમાં ૬-૧૨-૧૯૦૬ના રોજ તેમનો જન્મ થયો. ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી ઉપરાંત જર્મની ભાષાનો પણ તેમણે અભ્યાસ કરેલો. હરિશ્ચંદ્રનું કાવ્યલેખન ઈ. ૧૯૨૭થી શરૂ થયેલું. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'સફરનું સખ્ય' ૧૯૪૦માં પ્રગટ થયેલો. બીજો કાવ્યસંગ્રહ 'કેસૂડો અને સોનેરુ' તથા 'કોજાગ્નિ ?' ૧૯૪૧માં પ્રગટ થયો. ૧૯૫૯માં

પ્રગટ થયેલ 'સ્વપ્નપ્રયાણ' જે ઉમાશંકર જોશીએ સંપાદન કરેલ, આ સંગ્રહમાં હરિશ્ચંદ્ર ભટ્ટની બધી કવિતા સમાવિષ્ટ છે.

### ૪.૯.૩ મનસુખલાલ ઝવેરી (૩-૧૦-૧૯૦૭થી ૨૭-૦૮-૧૯૮૧)

મનસુખલાલ ઝવેરીનો જન્મ જામનગરમાં થયો હતો. ૧૯૩૭માં ગુજરાતી વિષય સાથે એમ.એ. થયા પછી ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે વિવિધ કૉલેજોમાં અધ્યાપક તરીકે સેવાઓ આપી. ગુજરાતી સાહિત્ય પરિષદ ઉપરાંત વિવિધ સાહિત્યિક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા. ગુજરાતી સાહિત્યમાં કવિ, વિવેચક, સંપાદક અને અનુવાદક તરીકે જાણીતા છે.

'ફૂલદોલ' (૧૯૭૩), 'આરાધના' (૧૯૩૯), 'અભિસાર', (૧૯૪૭), 'અનુભૂતિ' (૧૯૫૬) અને 'ડૂમો ઓગળ્યો' (૧૯૭૫) તેમના કાવ્યસંગ્રહો છે. 'કાવ્યસુષમા' (૧૯૫૯) એ અનંતરાય રાવળ દ્વારા થયેલું મનસુખલાલ ઝવેરીની કવિતાનું સંપાદન છે.

'અમેરિકા મારી દૃષ્ટિએ' તેમનો પ્રવાસગ્રંથ છે. 'થોડા વિવેચનલેખો', 'પર્યેષણા', 'કાવ્ય-વિમર્શ', 'અભિગમ', 'ગોવર્ધનરામ', 'ન્હાનાલાલ', 'કનૈયાલાલ મુનશી', 'બળવંતરાય ઠાકોર', 'ગાંધીયુગનું સાહિત્ય' તેમના વિવેચનગ્રંથો છે. 'દશમસ્કંધ', 'મારી શ્રેષ્ઠ વાર્તા', 'નવી કવિતા', 'ગુજરાતી ટૂંકી વાર્તા', 'આપણાં ઊર્મિકાવ્યો' તેમનાં નોંધપાત્ર સંપાદનો છે.

### ૪.૯.૪ કૃષ્ણલાલ શ્રીધરાણી (૧૬-૯-૧૯૧૧થી ૨૩-૭-૧૯૬૦)

ભાવનગર જિલ્લાના ઉમરાળા નામે કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ થયો હતો. દક્ષિણામૂર્તિ – ભાવનગર, ગૂજરાત વિદ્યાપીઠ, વિશ્વભારતી – શાંતિનિકેતનમાં તેમણે અભ્યાસ કર્યો હતો. ૧૯૩૦ની દાંડીકૂચના તેઓ યુવા સૈનિક હતા. ૧૯૩૪માં અમેરિકામાં સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રમાં એમ.એ. તથા પત્રકારત્વમાં 'માસ્ટર ઑફ સાયન્સ'ની પદવી મેળવી પત્રકાર તરીકે કામ કર્યું.

શ્રીધરાણી : 'કોડિયાં' (૧૯૩૯), 'પુનરપિ' (૧૯૬૧) જેવા કાવ્યસંગ્રહો 'વડલો' (૧૯૩૧), 'પીળા પલાશ' (૧૯૩૩), 'પિયો ગોરી' (૧૯૪૬), 'મોરનાં ઈંડા' (૧૯૩૪), 'પદ્મિની' (૧૯૩૪) જેવા એમના નાટ્યસંગ્રહો છે. 'ધ મહાત્મા એન્ડ ધ વર્લ્ડ', 'સાયકલ શેમ કશ્મીર', 'વોર વિધાઉટ વાયોલન્સ', 'માય ઇન્ડિયા, માય અમેરિકા' જેવાં તેમનાં અંગ્રેજી પુસ્તકો પણ ઉલ્લેખનીય છે.

### ૪.૯.૫ કરસનદાસ માણેક (૨૮-૧૧-૧૯૦૧થી ૧૮-૧-૧૯૭૮)

જામનગર જિલ્લાના હડિયાણા ગામના વતની. તેમનો જન્મ કરાંચીમાં થયેલો. અસહકારની ચળવળ વખતે કરાંચીથી ઇન્ટરનો અભ્યાસ છોડી ૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. પરીક્ષા આપી નહીં અને વળી પાછા કરાંચીની ડી. જે. કૉલેજમાં ૧૯૨૭માં સંસ્કૃત-અંગ્રેજી વિષયો સાથે બી.એ. ૧૯૩૦-૧૯૩૨માં જેલવાસ. ૧૯૩૯થી મુંબઈ વસવાટ દરમિયાન ૧૯૩૯થી 'જન્મભૂમિ'ના તંત્રી વિભાગમાં. ૧૯૪૮થી જન્મભૂમિ ટ્રસ્ટના 'નૂતન ગુજરાત'ના તંત્રી. ૧૯૫૧થી 'સારથિ' સાપ્તાહિક અને પછી 'નચિકેતા' માસિકનો પ્રારંભ કર્યો. વડોદરામાં ૧૯૭૮માં નિધન થયું.

કરસનદાસે 'ખાખનાં પોયણાં' (૧૯૩૪), 'આલબેલ' (૧૯૩૫), 'મહોબતને માંડવે' (૧૯૪૨), 'વૈશંપાયનની વાણી ભા. ૧-૨' (૧૯૪૩, ૪૫)માં આખ્યાનશૈલીની રચનાઓ ગ્રંથસ્થ થઈ. ગાંધીજી ઉપર લખાયેલી પદ્યકૃતિ 'કલ્યાણયાત્રી' (૧૯૪૫) પણ ઉલ્લેખનીય છે. 'માલિની', 'રામ ઝરૂખે બૈઠકે' અને 'તરણા ઓથે' તેમના વાર્તાસંગ્રહો છે.

'પ્રકાશનાં પગલાં' (૧૯૪૫), 'દિવ્ય વાર્તાઓ' (૧૯૫૫) 'અમર અજવાળાં' (૧૯૫૯), 'રઘુકુળરીતિ' (૧૯૬૩) જેવી બોધકથાઓ અને 'સિંધુની પ્રેમકથાઓ' (૧૯૫૩) અને 'સિંધુનું સ્વપ્ન' અને 'પ્રીતનો દોર' એવી બે લઘુનવલો પણ તેમની પાસેથી મળે છે.

## ૪ : ૯.૬ ગાંધીયુગના વિવેચકો

### ● રસિકલાલ છો. પરીખ (૨૦-૮-૧૮૯૭થી ૧-૧૧-૧૯૮૨)

રસિકલાલ છો. પરીખનો જન્મ સાદરા ગામમાં થયો હતો. ૧૯૧૮માં પૂનાથી સંસ્કૃત-અંગ્રેજી સાથે બી.એ. મુનિ જિનવિજયજી પાસે ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. ૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠમાં પુરાતત્ત્વ મંદિરમાં આચાર્ય થયા. 'પુરાતત્ત્વ', 'પ્રસ્થાન' અને 'યુગધર્મ'ના તંત્રી-સંપાદક તરીકે કામ કર્યું. ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ થયા. ૧૯૪૨માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૬૦માં સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ય થયો. ૧૯૬૪માં વિલેપાર્લે – મુંબઈ ગુજરાતી સાહિત્ય પરિષદમાં પ્રમુખ. ૧૯૮૨માં અમદાવાદ મુકામે નિધન થયું.

'આનંદમીમાંસા' (૧૯૬૩), 'સંસ્કૃત નાટક સાહિત્ય' (૧૯૮૦), 'પુરોવચન અને વિવેચન' (૧૯૬૫), 'સરસ્વતીચંદ્રનો મહિમા – એની પાત્રસૃષ્ટિમાં (૧૯૭૬), 'તત્ત્વજિજ્ઞાસા' (૧૯૪૯), 'ઇતિહાસ – સ્વરૂપ અને પદ્ધતિ' (૧૯૬૯) જેવાં પુસ્તકો ઉલ્લેખનીય છે.

'શર્વિલિક' (૧૯૫૭) અને 'મેનાગુર્જરી' (૧૯૭૭) એમનાં ઉલ્લેખનીય નાટ્યસર્જનો છે.

**●વિજયરાય કલ્યાણરાય વૈદ્ય (૭-૪-૧૮૯૭થી ૧૭-૪-૧૯૭૪)**

વિવેચક વિજયરાય વૈદ્યનો જન્મ ભાવનગરમાં. ૧૯૨૦માં મુંબઈની વિલ્સન કૉલેજમાંથી અંગ્રેજી-સંસ્કૃત સાથે બી.એ. 'હિંદુસ્તાન' સાપ્તાહિકના તંત્રી., 'ગુજરાત'ના કાર્યકારી તંત્રી તથા વ્યવસ્થાપક, ૧૯૩૭થી ૧૯૫૨ સુધી એમ.ટી.બી. કૉલેજ, સુરતમાં ગુજરાતીના અધ્યાપક. નર્મદ સુવર્ણ ચંદ્રક તથા રણજિતરાય સુવર્ણચંદ્રક જેવા પુરસ્કારોથી વિભૂષિત. સાહિત્ય પત્રકારત્વમાં તેમણે 'ચેતન' (૧૯૨૦-૨૩)નું સંપાદન કર્યું. 'કૌમુદી' (૧૦૨૪થી ૧૯૩૫) અને 'માનસી' (૧૯૩૫-૬૦) દ્વારા નોંધપાત્ર પ્રદાન કર્યું.

'સાહિત્યદર્શન' (૧૯૩૫), 'જૂઈ અને કેતકી' (૧૯૩૯), 'ગત શતકનું સાહિત્ય' (૧૯૫૯), 'નીલમ અને પોખરાજ' (૧૯૬૨), 'માણેક અને અકીક' (૧૯૬૭), 'મોતી અને પરવાળાં' (૧૯૮૩), 'હીરા અને પન્ના' (૧૯૮૪) એમના નોંધપાત્ર વિવેચન સંગ્રહો છે. 'લીલાં-સૂકાં પાન'માં નર્મદયુગ વિશેના સંશોધનાત્મક લેખો છે.

**●વિશ્વનાથ મગનલાલ ભટ્ટ (૨૦-૩-૧૮૯૮થી ૨૭-૧૧-૧૯૬૮)**

ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં તેમનો જન્મ. સંસ્કૃત તથા અંગ્રેજી વિષયમાં બી.એ. થયા. ૧૯૨૮-૨૯માં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડણીકોશની કામગીરી તથા ગોંડલની ભગવદ્ ગોમંડળની કામગીરીમાં સેવાઓ આપી. ૧૯૪૪-૪૫માં એસ.એલ.યુ. કૉલેજ, અમદાવાદ તથા ૧૯૪૭-૪૮માં એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૩૫માં તેમને રણજિતરાય સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો.

વિશ્વનાથ ભટ્ટનું મુખ્ય પ્રદાન વિવેચનક્ષેત્રે છે. તેમની પાસેથી 'સાહિત્યસમીક્ષા' (૧૯૩૭), 'વિવેચનમુકુર' (૧૯૩૯), 'નિકષરેખા' (૧૯૪૫), 'પૂજા અને પરીક્ષા' (૧૯૬૨) એમ ચાર વિવેચનગ્રંથો મળ્યા છે. 'વિવેચન શાસ્ત્ર કે કળા ?' તેમનો જાણીતો લેખ છે. 'વીર નર્મદ' (૧૯૩૩) નામે નર્મદનું ચરિત્ર પણ તેમણે આપ્યું છે.

**● વિષ્ણપ્રસાદ ત્રિવેદી (૪-૭-૧૮૯૯થી ૧૦-૧૧-૧૯૯૧)**

તેમનો જન્મ વતન ઉમરેઠમાં થયો. ૧૯૧૬માં નડિયાદની સરકારી હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થઈ

અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. આનંદશંકર ધ્રુવ જેવા અધ્યાપકથી પ્રેરિત થયા. ૧૯૨૦માં સંસ્કૃત અને અંગ્રેજી વિષયો સાથે બી.એ. થયા. ૧૯૨૧માં સુરતની એમ. ટી.બી. કૉલેજમાં અંગ્રેજી અને સંસ્કૃતના અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૨૩માં સંસ્કૃત-ગુજરાતી વિષયોમાં એમ.એ. થયા. ૧૯૪૪માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૬૨માં સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર તથા ૧૯૭૧માં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ડી.લિટ.ની માનદ્ પદવી તેમણે મેળવી હતી.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો પ્રથમ વિવેચનસંગ્રહ 'વિવેચના' (૧૯૩૯) બાદ 'પરિશીલન' (૧૯૪૯), 'ઉપાયન' અને સાહિત્ય સંસ્પર્શ' (૧૯૭૯), 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય', 'ગોવર્ધનરામ : ચિંતક ને સર્જક' (૧૯૬૩) જેવાં પુસ્તકો તેમની પાસેથી મળ્યાં છે.

**● ડોલરરાય રંગીલદાસ માંકડ (૨૩-૧-૧૯૦૨થી ૨૯-૮-૧૯૭૦)**

કચ્છ જિલ્લાના વાગડમાં તેમનો જન્મ. ૧૯૨૪માં કરાંચીની કૉલેજમાંથી સંસ્કૃત-ગુજરાતી વિષયો સાથે બી.એ. ૧૯૨૭માં એમ.એ. ૧૯૨૭થી ૧૯૪૭ કરાંચીની ડી.જે. સિંધ કૉલેજમાં સંસ્કૃત અને ગુજરાતીના અધ્યાપક. ૧૯૪૭થી ૧૯૫૩ વલ્લભ વિદ્યાનગરની કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવાઓ આપ્યા બાદ અલિયાબાડામાં કૉલેજના આચાર્ય. ૧૯૬૬થી ૭૦ સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ. ૧૯૪૬માં રણજિતરાય સુવર્ણચંદ્રક, ૧૯૬૪માં સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પુરસ્કૃત.

તેમની પાસેથી 'સંસ્કૃત નાટ્યસાહિત્યના વિકાસની રૂપરેખા' (૧૯૪૩), 'કાવ્યવિવેચન' (૧૯૪૯), 'નૈવેદ્ય' (૧૯૬૨), 'ગુજરાતી કાવ્યપ્રકારો' (૧૯૬૪) જેવાં વિવેચન પુસ્તકો મળે છે.

**● નગીનદાસ નારણદાસ પારેખ (૩૦-૮-૧૯૦૩થી ૧૯-૧-૧૯૯૩)**

વલસાડમાં જન્મ. માધ્યમિક સુધીનું શિક્ષણ વલસાડમાં લીધું. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગુજરાત મહાવિદ્યાલયમાં અભ્યાસ. ૧૯૨૫-૨૬માં બંગાળીના વિશેષ અભ્યાસ માટે વિશ્વભારતી, શાંતિનિકેતનમાં રવીન્દ્રસાહિત્યનો અભ્યાસ કર્યો. નગીનદાસ ૧૯૨૬માં ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક થયા. ગાંધીપ્રેરિત રચનાત્મક પ્રવૃત્તિઓ કરી. ૧૯૫૫થી ૬૯ સુધી અમદાવાદની હ. કા. આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક. ૧૯૯૦નો કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો અનુવાદ માટેનો

પુરસ્કાર તથા કલકત્તાની ટાગોર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે એમને 'રવીન્દ્ર તત્ત્વાચાર્ય'ની ઉપાધિ આપી. નગીનદાસ પારેખ પાસેથી 'અભિનવનો રસવિચાર અને બીજા લેખો' (૧૯૬૯), 'વક્રોક્તિ અથવા કુંતકનો કાવ્યવિચાર', 'રમણીયતા : જગન્નાથનો કાવ્યવિચાર', 'વીક્ષા અને નિરીક્ષા', 'સ્વાધ્યાય અને સમીક્ષા' જેવા ગુજરાતી વિવેચન ગ્રંથો મળે છે. આ ઉપરાંત તેમની પાસેથી બંગાળી સાહિત્યના અનુવાદનાં ઘણાં પુસ્તકો મળ્યાં છે. બંગાળી, અંગ્રેજી ગ્રંથોના અનુવાદો તથા કાવ્યતત્ત્વ વિચારના અગત્યના સંસ્કૃતગ્રંથોના અનુવાદો દ્વારા તેમણે ગુજરાતી ભાષા-સાહિત્યની માતબર સેવા કરી છે. તેમના મૌલિક અને અનુવાદનાં બધા મળીને એકસો પચાસ જેટલાં પુસ્તકો તેમની વિદ્યાનિષ્ઠાની પ્રતીતિ કરાવે છે.

**● અનંતરાય રાવળ (૧-૧-૧૯૧૨થી ૧૮-૧૧-૧૯૮૮)**

સૌરાષ્ટ્રનું વલ્લભીપુર તેમનું વતન. મોસાળ અમરેલીમાં પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ મેળવ્યા બાદ ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી ઉચ્ચશિક્ષણ મેળવ્યું. અમદાવાદની ગુજરાત કૉલેજ, જામનગરની ડી. કે. વી. કૉલેજ, ગુજરાત યુનિ. ભાષાસાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક તથા અધ્યક્ષપદેથી નિવૃત્ત થયા. ૧૯૫૫માં રણજિતરામ સુવર્ણચંદ્રક ઉપરાંત અનેકવિધ સાહિત્યિક સન્માન તેમને પ્રાપ્ત થયાં હતાં.

અનંતરાય રાવળ પાસેથી 'સાહિત્યવિહાર' (૧૯૪૬), 'ગંધાક્ષત' (૧૯૪૯), 'સાહિત્યવિવેક' (૧૯૫૮), 'સાહિત્યનિકષ' (૧૯૫૮), 'સમીક્ષા' (૧૯૬૨), 'ગ્રંથસ્થ વાઙ્મય' (૧૯૬૭), 'તારતમ્ય' (૧૯૭૧), 'ઉન્મીલન' (૧૯૭૪) જેવાં વિવેચન પુસ્તકો મળ્યાં છે. આ ઉપરાંત તેમણે 'ગુજરાતી સાહિત્ય : મધ્યકાલીન' (૧૯૫૪) પુસ્તકમાં હેમચંદ્રાચાર્યથી દયારામ સુધીના મધ્યકાલીન સર્જકો વિશે ઐતિહાસિક અભિગમથી લખ્યું છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ આપવાના સન્નિષ્ઠ પ્રયાસ તરીકે તેમના આ પુસ્તકની નોંધ લેવાય છે.

***તમારી પ્રગતિ ચકાસો-૯**

નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

૧. 'કોડિયાં' અને 'પુનરપિ' – કોના કાવ્યસંગ્રહો છે ?

૨. ગાંધીજી વિશે લખાયેલ રચના 'કલ્યાણયાત્રી'ના સર્જક કોણ છે ?

૩. રસિકલાલ છો. પરીખની નાટ્યકૃતિઓનાં નામ આપો.

૪. 'સરસ્વતીચંદ્ર' નવલકથાનાં પાત્રો વિશે કયા વિવેચકનું પુસ્તક છે ?

૫. વિશ્વનાથ મ. ભટ્ટના વિવેચનગ્રંથોનાં નામ લખો.

૬. નર્મદયુગના સાહિત્ય વિશે વિજયરાય ક. વૈદ્યે લખેલ પુસ્તકનું નામ આપો.

૭. 'વિવેચના' અને 'પરિશીલન'ના લેખક કોણ છે ?

૮. બંગાળી સાહિત્યના ગુજરાતી અનુવાદક તરીકે કોણે ઉલ્લેખનીય કામ કર્યું છે ?

૯. સંસ્કૃત કાવ્યતત્ત્વ વિચારના ગુજરાતી અનુવાદો કોણે આપ્યા ?

૧૦. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું લેખન કોણે કર્યું છે ?

* (ઉપરોક્ત પ્રશ્નોના જવાબો એકમ ૯ના દરેક સર્જક-વિવેચકો વિશેની નોંધોનો અભ્યાસ કરવાથી મળશે. વાંચો)

## ૪ : ૧૦. અનુગાંધીયુગ

### ૪.૧૦.૦ ઉદ્દેશો

અનુગાંધીયુગના સાહિત્યનો પરિચય આ એકમ દ્વારા થશે. ગાંધીજીના પ્રભાવના કારણે ગુજરાતી સાહિત્યના ૧૯૧૫થી શરૂ થયેલા સમયગાળાને 'ગાંધીયુગ' કહેવાય છે. ગાંધીજીનું અવસાન ૧૯૪૮માં થયું. ૧૯૧૫થી ૧૯૪૮ 'ગાંધીયુગ' ગણીએ તે વ્યાપક દૃષ્ટિકોણ છે. પણ ૧૯૪૦માં પ્રહ્લાદ પારેખનો કાવ્યસંગ્રહ 'બારીબહાર' પ્રગટ થયો અને ગાંધીયુગની સાહિત્યદૃષ્ટિ કરતાં જુદી કવિતા પ્રગટ થઈ. તેથી ૧૯૪૦થી કાવ્યગુણને ધ્યાને લઈને 'અનુગાંધીયુગ' શરૂ થયો. એમ કહી શકાય આ યુગની કવિતા અને સર્જકોનો પરિચય પ્રસ્તુત એકમ દ્વારા આપને મળશે.

### ૪.૧૦.૧ પ્રસ્તાવના

૧૯૪૦માં 'બારીબહાર' કાવ્યસંગ્રહ પ્રગટ થયો અને સૌંદર્યલક્ષી કવિતાનાં લક્ષણોની અભ્યાસુઓએ નોંધ લીધી. 'અનુગાંધીયુગ' તરીકે ઓળખાતો આ સમયગાળો ૧૯૪૦થી ૧૯૫૭ સુધીનો કહો કે સગવડતા માટે ૧૯૬૦ સુધીનો કહી શકાય. બે દાયકાનો આ સમય તેના આગવા ગુણલક્ષણોથી જુદો પડે છે.

ગાંધીયુગમાં અનુવાદ પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો. પરિણામે બંગાળી સાહિત્ય અને પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કથી સમૃદ્ધ બનેલા આપણા સર્જકો પર બંગાળી કવિતા અને પશ્ચિમની કવિતાની અસર પડી. ૧૯૪૦થી ૧૯૬૦ના સમયગાળામાં પ્રગટ થયેલા સાહિત્યને ધ્યાને લઈ આપણે અનુગાંધીયુગના સર્જક તરીકે ઓળખાતા મહત્ત્વના સર્જકોની નોંધ લઈશું.

ખાસ ધ્યાન રાખીએ કે સુધારક યુગ – પંડિતયુગ – ગાંધીયુગ – અનુગાંધીયુગ કે આધુનિક યુગ એ યુગવિભાગો અભ્યાસની અનુકૂળતા ખાતર પડેલા યુગવિભાગો છે. ગાંધીયુગના કવિ

તરીકે પ્રશિષ્ટ એવા સુન્દરમ્ – ઉમાશંકર જોશી જેવા કવિઓ છેક આધુનિક યુગ સુધી સક્રિય રહ્યા છે. તેથી વિવિધ લક્ષણો અને સાહિત્યપ્રવાહોને સમગ્રતાથી સમજવાનું વલણ પણ આપણે કેળવીએ.

### ૪.૧૦.૨ અનુગાંધીયુગનાં પ્રભાવક પરિબળો – લક્ષણો

ગાંધીયુગ પછીનો દોઢ-બે દાયકાનો આ સમય. ૧૯૧૩માં રવીન્દ્રનાથ ટાગોરને 'ગીતાંજલિ' માટે નોબેલથી પુરસ્કૃત કરવામાં આવ્યા. બંગાળી સાહિત્ય પ્રત્યે ગુજરાતીના સર્જકોનું આકર્ષણ વધ્યું. અનુવાદપ્રવૃત્તિ વિસ્તરી. રવીન્દ્રનાથના સૌંદર્યનિષ્ઠ વલણનો પ્રભાવ ગુજરાતી સર્જકો પર પડ્યો. શ્રી અરવિંદની અધ્યાત્મ સાધનાના પ્રભાવમાં આપણા યુવાન સાક્ષરો આવ્યા. આ પ્રભાવનું પ્રતિબિંબ સર્જકોની અભિવ્યક્તિમાં ઝિલાયું.

રવીન્દ્રનાથ – અરવિંદ અને ગાંધીજીની સમાંતર અસરના કારણે જીવન અને કલાના સુભગ સમન્વયનું સાહિત્ય રચાયું.

દેશ આઝાદ થયો. સ્વતંત્રતાનું સ્વપ્ન, શોષણમુક્ત સ્વસ્થ સમાજની આશા, સ્વપ્નભંગની પીડા, વિશ્વશાંતિની અપેક્ષા, ગાંધીહત્યાનું દર્દ, શ્રમિકો પ્રત્યે હમદર્દી, શોષિત : પીડિતની પીડાને વાચા આપવાનું વલણ આદિ સહજ રીતે સર્જકનો ધર્મ-કર્મ બને છે. અનુગાંધીયુગના સાહિત્યકારોની રચનાઓમાંથી પસાર થનારને આ વલણોની પ્રતીતિ મળે છે.

### ૪.૧૦.૩ અનુગાંધીયુગના પ્રમુખ કવિઓ

#### ૪ : ૧૦.૩.૧ રાજેન્દ્ર શાહ (૨૮-૦૧-૧૯૧૩થી )

રાજેન્દ્ર શાહનો જન્મ ૨૮-૦૧-૧૯૧૩ના રોજ પોતાના વતન કપડવંજમાં થયેલો. ૧૯૩૦ની અસહકારની ચળવળમાં ભાગ લીધો, મૅટ્રિકની પરીક્ષા ન આપી. ૧૯૩૭માં વડોદરાની કૉલેજમાંથી ફિલોસૉફી સાથે બી.એ. થયા. વિવિધ વ્યવસાય, નોકરી કરી ૧૯૭૦માં અમદાવાદ આવી વસવાટ કર્યો. ૧૯૯૩માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા. વર્ષ ૨૦૦૧માં 'જ્ઞાનપીઠ પુરસ્કાર'થી સન્માનિત આ કવિને રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ ચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર આદિ મોટા ભાગના મહત્ત્વના તમામ પુરસ્કારો મળી ચૂક્યા છે. રાજેન્દ્ર શાહનું સાહિત્યસર્જન : ૧૯૫૧માં પ્રથમ કાવ્યસંગ્રહ 'ધ્વનિ' પ્રગટ થયો. 'આંદોલન', 'શ્રુતિ', 'મોરપીંછ', 'શાંતકોલાહલ', 'ચિત્રણા', 'ક્ષણ જે ચિરંતન', 'વિષાદને સાદ', 'મધ્યમા',

'ઉદ્‌ગીતિ', 'ઈક્ષણા', 'પત્રલેખા', 'પ્રસંગસપ્તક', 'પંચપર્વા', 'કિંજલ્કિની', 'વિભાવન', 'દ્વા સુપર્ણા', 'ચંદનભીની અનામિકા', 'નીલાંજના', 'આરણ્યક', 'સ્મૃતિસંવેદના', 'વિરહમાધુરી', 'વ્રજવૈકુંઠે', 'હા... હું સાક્ષી છું' 'પ્રેમનો પર્યાય', 'આ ગગન' એમ કુલ પચીસ કાવ્યસંગ્રહ પ્રગટ થયા છે. 'આંબે આવ્યા મોર', 'રૂમઝૂમ' અને 'અમોને મળી પવનની પાંખ' જેવાં બાળકાવ્યો પણ તેમણે આપ્યાં છે. જયદેવની સંસ્કૃતરચના 'ગીત ગોવિંદ'નો સમશ્લોકી અનુવાદ ઉપરાંત 'વિદ્યાપતિ', 'જીવનાનંદ દાસ', 'દિવ્ય આનંદ', 'બુદ્ધદેવ' જેવા અનુવાદો તેમની પાસેથી સાંપડે છે.

**૪.૧૦.૩.૨ પ્રહ્‌લાદ પારેખ (૧૨-૧૦-૧૯૧૨થી ૨-૧-૧૯૬૨)**

વતન ભાવનગર. દક્ષિણામૂર્તિમાં નાનાભાઈ ભટ્ટ અને હરભાઈ ત્રિવેદી જેવા કેળવણીકારોના તેઓ વિદ્યાર્થી. ૧૯૩૦માં આઝાદીની ચળવળમાં સક્રિય થયા. અભ્યાસ છોડ્યો. જેલમાં ગયા. જેલમાંથી બહાર આવ્યા પછી ફરી ભણવાનું શરૂ કર્યું. ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. ૧૯૩૩માં 'શાંતિનિકેતન' ગયા ને ચાર વર્ષ અભ્યાસ કર્યો. પ્રારંભે ભાવનગરની ઘરશાળામાં શિક્ષક થયા, બાદ ૧૯૪૫થી છેવટ સુધી મુંબઈની મૉડર્ન હાઈસ્કૂલમાં શિક્ષક રહ્યા.

**પ્રહલાદ પારેખનું સાહિત્યસર્જન :**

૧૯૪૦માં 'બારીબહાર' કાવ્યસંગ્રહ પ્રગટ થાય છે. આ સંગ્રહની પ્રસ્તાવના ઉમાશંકર જોશીએ લખી છે. જે ખૂબ જાણીતી બની. ૧૯૪૮માં 'સરવાણી' નામે એક ગીતસંગ્રહ તેમની પાસેથી મળે છે. સરવાણીની 'વર્ષામંગલ'ની ૨૩ ગીતોની ગીતમાલા ઉલ્લેખનીય છે. 'ગુલાબ અને શિવલી' (૧૯૩૮)માં પ્રગટ થયેલી ગદ્યકથા છે, જેમાં ભાઈ-બહેનના શૈશવનું મનોવૈજ્ઞાનિક નિરૂપણ છે. સ્ટીફન ઝ્વાઈગની કૃતિનો અનુવાદ 'અજાણીનું અંતર' નામે પ્રગટ થયો છે. 'શિસ્તની સમસ્યા' એમની પરિચય પુસ્તિકા છે જેમાં શિક્ષણના ક્ષેત્રમાં શિસ્તની વાત તેમણે કરી છે.

**૪.૧૦.૩.૩ હરિશ્ચંદ્ર ભટ્ટ (૬-૧૨-૧૯૦૬થી ૧૮-૦૫-૫૦)**

સુરત જિલ્લાના ઓરપાડમાં જન્મ. મૅટ્રિક સુધીનો અભ્યાસ મુંબઈ. તેમણે સંસ્કૃત, પૉલિશ, જર્મની તથા અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરેલો. પોલેન્ડની રાજદૂત કચેરીમાં થોડો સમય સેવા આપી. એમણે નાલંદા પબ્લિકેશન્સ નામની સંસ્થા પણ શરૂ કરી હતી.

'સફરનું સખ્ય' (૧૯૪૦ – મુરલી ઠાકુર સાથે) તથા 'કેસૂડો અને સોનેરુ તથા કોજાગ્નિ' (૧૯૪૧) બાદ 'સ્વપ્નપ્રયાણ' (૧૯૫૯, સંપાદન – ઉમાશંકર જોશી) તેમના કાવ્યસંગ્રહો

છે. ઉમાશંકર જોશીએ સંપાદિત કરેલો કાવ્યસંગ્રહ 'સ્વપ્નપ્રયાણ'; હરિશ્ચંદ્ર ભટ્ટનો મરણોત્તર કાવ્યસંગ્રહ છે. જેમાં ૨૪૪ કાવ્યો છે.

**૪.૧૦.૩.૪ નિરંજન ભગત (૧૮-૫-૧૯૨૬થી ૧-૨-૨૦૧૮)**

અમદાવાદમાં જન્મ. ૧૯૪૨ની આઝાદીની ચળવળના કારણે અભ્યાસ છોડ્યો. ૧૯૪૪માં મૅટ્રિક. મુંબઈની એલ્ફિન્સ્ટન તથા અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ. અમદાવાદમાં જી. એલ. એસ. તથા સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અધ્યાપન. અંગ્રેજી વિષયના અધ્યાપક. રણજિતરામ સુવર્ણચંદ્રક, નરસિંહ મહેતા પુરસ્કાર, ઉપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પણ તેઓ સર્વાનુમતે નિયુક્ત થયા હતા.

**નિરંજન ભગતનું સાહિત્યસર્જન :**

'છંદોલય' (૧૯૪૯), 'કિન્નરી' (૧૯૫૦), 'અલ્પવિરામ' (૧૯૫૪), '૩૩ કાવ્યો' (૧૯૫૮) એમના મહત્ત્વના સંગ્રહો છે 'યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા' – 'ન્હાનાલાલની ઊર્મિકવિતા', 'કવિતા કાનથી વાંચો', 'મીરાંબાઈ', 'કવિ ન્હાનાલાલ', 'ડબલ્યુ બી. યિટ્સ', 'એલિયટ' (પરિચય પુસ્તિકા); તથા 'સ્વાધ્યાયલોક'ના એકથી આઠ ભાગમાં તેમનું વિવેચન છે. રવીન્દ્રનાથનાં 'ચિત્રાંગદા' નાટકનો એમણે મુક્ત વનવેલીમાં પદ્યાનુવાદ ઉપરાંત રવીન્દ્રનાથના ૯ કાવ્યોના ગદ્યાનુવાદ પણ કર્યા છે.

**૪.૧૦.૩.૫ હસમુખ પાઠક (૧૯૩૦થી ૨૦૦૬)**

પાલીતાણામાં જન્મ. ગુજરાત કૉલેજમાંથી સાયન્સમાં સ્નાતક. દિલ્હી યુનિવર્સિટીમાંથી લાઇબ્રેરી સાયન્સમાં અનુસ્નાતક. અમદાવાદમાં અટીરા તેમજ મા. જે. પુસ્તકાલયમાં પણ તેમણે ગ્રંથપાલ તરીકે સેવાઓ આપી છે.

હસમુખ પાઠકનો પ્રથમ કાવ્યસંગ્રહ 'નમેલી સાંજ' ૧૯૫૮માં તથા 'સાયુજ્ય' ૧૯૭૨માં બહાર પડે છે. એમણે 'વસ્તુનું મૂળ અને બીજાં કાવ્યો' તથા 'સારસીનો સ્નેહ' જેવાં અનુવાદનાં પુસ્તકો પણ આપ્યાં છે.

**૪.૧૦.૩.૬ નલિન ચંદ્રકાન્ત રાવળ (૧૭-૩-૩૩થી )**

વતન વઢવાણ. જન્મ અમદાવાદમાં. અંગ્રેજી-ગુજરાતી વિષયો સાથે સ્નાતક – અનુસ્નાતકની પદવી મેળવી. અમદાવાદ, બી. ડી. આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે જોડાયા અને

નિવૃત્તિપર્યંત ત્યાં જ રહ્યા.

૧૯૬૨માં પ્રથમ કાવ્યસંગ્રહ 'ઉદ્‌ગાર' પ્રગટ થયો. ૧૯૭૨માં 'અવકાશ' કાવ્યસંગ્રહ. 'સ્વપ્નલોક' (૧૯૭૭), નલિન રાવળનો વાર્તાસંગ્રહ છે. ઉપરાંત 'પાશ્ચાત્ય કવિતા', 'અનુભાવ' એમનાં વિવેચનનાં પુસ્તકો છે. 'સિંધી સાહિત્યના ઇતિહાસની રૂપરેખા' એમનો અનુવાદગ્રંથ છે.

**૪.૧૦.૩.૭. નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ્' (૨૮-૯-૧૯૨૦થી ૬-૧૧-૨૦૧૧)**

જન્મ સાવલી મુકામે થયો. ૧૯૪૨માં બી.એ. ૧૯૪૫માં એમ.એ. પ્રારંભે નવસારીની કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા બાદ ૧૯૫૭થી વલસાડની કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા અને ૧૯૮૦માં ત્યાંથી જ આચાર્ય પદે નિવૃત્ત થયા. નર્મદચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાત અકાદમીના ગૌરવ પુરસ્કાર, નરસિંહ મહેતા પુરસ્કાર ઉપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદ જેવી સિદ્ધિઓ તેમને મળી હતી.

ઉશનસ્‌ની કવિતા સર્જનની યાત્રા સમૃદ્ધ છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રસૂન' (૧૯૫૫)માં પ્રગટ થયો. 'નેપથ્યે', 'મનોમુદ્રા', 'આર્દ્રા', 'તૃણનો ગ્રહ', 'સ્પંદ અને છંદ', 'અશ્વત્થ', 'કિંકિણી', 'ભારતદર્શન', 'રૂપના લય', 'વ્યાકુલ વૈષ્ણવ', 'પૃથ્વીને પશ્ચિમ ચહેરે', 'શિશુલોક', 'આરોહ-અવરોહ', 'પૃથ્વીગતિનો છંદોલય', 'મારાં નક્ષત્રો' જેવા કાવ્યસંગ્રહો દ્વારા તેમણે ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરી છે. 'સદ્‌માતાનો ખાંચો' તેમની સ્મૃતિકથા છે. 'વગડો' તેમની લઘુનવલ છે. 'રૂપ અને અરૂપ' 'બે અધ્યયનો', 'ઉપસર્ગ', 'મૂલ્યાંકનો' આદિ વિવેચનગ્રંથો પણ તેમનું પ્રદાન છે.

**૪.૧૦.૩.૮ જયંત પાઠક (૨૦-૧૦-૧૯૨૦થી ૧-૯-૨૦૦૩)**

પંચમહાલ જિલ્લાના ગોઠ ગામમાં જન્મ. સુરતની એમ.ટી.બી. કૉલેજમાંથી બી.એ., વડોદરાથી એમ.એ. થઈ શિક્ષક તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો. ૧૯૫૩થી નિવૃત્તિ સુધી માતૃસંસ્થા એમ. ટી.બી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. સમગ્ર જીવનની સર્જકતાને કુમારચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક આદિ સન્માનોથી પુરસ્કૃત કરવામાં આવી.

'મર્મર' (૧૯૫૪), 'સંકેત' (૧૯૬૦), 'વિસ્મય' (૧૯૬૩), 'સર્ગ' (૧૯૬૯), 'અંતરીક્ષ' (૧૯૭૪), 'અનુનય' (૧૯૭૮), 'મૃગયા' (૧૯૮૩), 'શૂળી ઉપર સેજ' (૧૯૮૮), 'બે અક્ષર આનંદના' (૧૯૯૨), એમના કાવ્યસંગ્રહો છે.

વતનનાં સંસ્મરણોને આલેખતી ગદ્યકૃતિઓ 'વનાંચલ' (૧૯૬૭), 'તરુરાગ' (૧૯૬૨) ઉલ્લેખનીય છે. 'આધુનિક કવિતા પ્રવાહ' (૧૯૬૫), 'આલોક', 'ભાવયિત્રી', 'વસંતધર્મીનું વિદ્યામધુ', 'કિમપિદ્રવ્યમ્' તેમના વિવેચનનાં પુસ્તકો છે 'ધીરે વહે છે દોન', 'ચેખોવની શ્રેષ્ઠ નવલિકાઓ' જેવા અનુવાદો પણ તેમની પાસેથી મળે છે.

**૪.૧૦.૩.૯ પ્રિયકાન્ત પ્રેમચંદ મણિયાર (૨૪-૧-૧૯૨૭થી ૨૫-૬-૧૯૭૬)**

અમરેલી વતન. વિરમગામમાં જન્મ. અભ્યાસ નવ ધોરણ સુધીનો. કુમારચંદ્રક, ઉમા – સ્નેહરશ્મિ પારિતોષિક તેમને પ્રાપ્ત થયાં હતાં. બુધસભામાં કવિ તરીકે ઘડતર થયું. ૧૯૫૩માં પ્રિયકાન્તનો પ્રથમ સંગ્રહ 'પ્રતીક' પ્રકાશિત થાય છે. 'અશબ્દ રાત્રિ', 'સ્પર્શ', 'હાડકું', 'નદીકાંઠે હાથ', 'સમીપ', 'પ્રબલ ગતિ', 'વ્યોમલિપિ' અને 'લીલેરો ઢાળ' તેમના કાવ્યસંગ્રહો છે. પ્રિયકાન્ત મણિયારના દેહાવસાન બાદ વર્ષ ૨૦૦૦માં તેમની સમગ્ર કવિતા 'આ નભ ઝૂક્યું' શીર્ષકથી ગ્રંથસ્થ થઈ છે. પ્રિયકાન્ત મણિયારે ગીત, ગઝલ, મુક્તક, સૉનેટ, અછાંદસ, ગદ્યકાવ્ય જેવા ઘણા કાવ્યસ્વરૂપ પર હાથ અજમાવ્યો છે.

**૪.૧૦.૪ અનુગાંધીયુગના નોંધપાત્ર કવિઓની સંક્ષિપ્ત જાણકારી**

**૧. હરીન્દ્ર દવે (૧૯૩૦થી ૧૯૯૫)**

વ્યવસાયે પત્રકાર એવા આ કવિનો જન્મ તેમના મોસાળ (કચ્છ) ખંભરા ગામે થયો. ગુજરાતી-અંગ્રેજી સાથે બી.એ., એમ.એ. સુધીનો અભ્યાસ કરવા છતાં તેમણે અધ્યાપક થવાના બદલે પત્રકાર થવાનું પસંદ કર્યું. 'આસવ', 'મૌન', 'સમય', 'અર્પણ', 'સૂર્યોપનિષદ' ઉપરાંત તેમની સમગ્ર કવિતા 'ચાલ વરસાદની મોસમ છે' – નામથી પ્રગટ થાય છે. 'અગનપંખી', 'અનાગત', 'સુખ નામનો પ્રદેશ', 'ગાંધીની કાવડ', 'સંગ અસંગ', 'મુખવટો', 'વસિયત', 'માધવ ક્યાંય નથી' એમની ઉલ્લેખનીય નવલકથાઓ છે. 'ધ વેસ્ટલૅન્ડ'નો 'મરુભૂમિ' નામે અનુવાદ પણ જાણીતો છે.

**૨. સુરેશ દલાલ (૧૯૩૨થી ૨૦૧૨)**

ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે આજીવન જેમણે કામ કર્યું તેવા સુરેશ દલાલની મુખ્ય ઓળખ કવિ તરીકેની છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'એકાન્ત' ૧૯૬૭માં પ્રગટ થયો. તેમણે 'તારીખનું ઘર', 'અસ્તિત્વ', 'હસ્તાક્ષર', 'સિમ્ફની', 'રોમાંચ', 'સાતત્ય', 'પિરામિડ', 'રિયાઝ',

'વિસંગતિ', 'ઘરઝુરાપો', 'એક અનામી નદી', 'ઘટના', 'રાધા શોધે મોરપિચ્છ', 'કોઈ રસ્તાની ધારેધારે', 'પવનના અશ્વ', 'યાદ આવે છે', 'એવું એક ઘર હોય' – જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે. સુરેશ દલાલે 'ઇટ્ટાકિટ્ટા', 'ધીંગામસ્તી', 'ટિંગાટોળી' જેવા બાળકાવ્યસંગ્રહો પણ આપ્યા છે. 'કવિતા' દ્વિ માસિકનું સંપાદન તથા 'મારી બારીએથી', 'સમી સાંજના શમિયાણામાં', 'ભૂરા આકાશની આશા' જેવા નિબંધસંગ્રહો પણ તેમની પાસેથી મળે છે. 'હયાતી', 'કવિનો શબ્દ' આદિ સંપાદનો તથા અનુવાદ ક્ષેત્રે 'ચાંદની લૂ', 'મરાઠી કવિતા' જેવાં પુસ્તકો પણ તેમની પાસેથી મળે છે.

### ૩. પિનાકિન ઠાકોર (૧૯૧૬થી ૧૯૯૫)

તેમનું વતન અમદાવાદ. તેમણે ૧૯૩૮માં બીએસ.સી.ની પરીક્ષા પસાર કરી. ૧૯૪૨ની લડતમાં તેમણે ભાગ લીધો. બચુભાઈ રાવત તથા કવિમિત્ર રાજેન્દ્ર શાહનો સાથ મળ્યો અને તેઓ કવિ તરીકે નોંધપાત્ર પ્રદાન આપે છે.

પિનાકિન ઠાકોર પાસેથી 'આલાપ', 'રાગિણી', 'ઝાંખી અને પડછાયા', 'ફોરાં અને ફૂલ', 'ભીના શબ્દો', 'આશિષ મંગલ' એમના કાવ્યસંગ્રહો છે.

### ૪. બાલમુકુન્દ મણિશંકર દવે (૧૯૧૬થી ૧૯૯૩)

વડોદરા જિલ્લાના મસ્તુપુરા ગામમાં તેમનો જન્મ. 'નવજીવન'માં નોકરી કરી. પત્રકારત્વમાં પણ થોડો સમય જોડાયા. 'પરિક્રમા' તેમનો જાણીતો કાવ્યસંગ્રહ છે. બાળકાવ્યોના ત્રણ સંગ્રહો 'સોનચંપો', 'અલ્લકદલ્લક', 'ઝરમરિયાં' પણ તેમણે આપ્યાં છે.

### ૫. વેણીભાઈ પુરોહિત (૧૯૧૬થી ૧૯૮૦)

સૌરાષ્ટ્રના જામખંભાળિયા ગામે જન્મ. વેણીભાઈ પાસેથી 'સિંજારવ', 'દીપ્તિ', 'ગુલેઝારે શાયરી', 'આચમન' જેવા કાવ્યસંગ્રહો મળે છે. 'વાંસનું વન', 'અત્તરના દીવા', 'સેતુ' અને 'વાર્તાવૈભવ' તેમના વાર્તાસંગ્રહો છે. 'કાવ્યપ્રયાગ' કવિતાના આસ્વાદનું પુસ્તક છે.

### ૬. પ્રજારામ રાવળ (૧૯૧૭થી ૧૯૯૧)

પ્રજારામ રાવળનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં થયો. 'પદ્મા' (૧૯૫૬), 'નાન્દી' (૧૯૬૩), 'નૈવેદ્ય' (૧૯૮૦), તેમના કાવ્યસંગ્રહો છે. અરવિંદનાં કાવ્યો 'પરબ્રહ્મ'માં અનૂદિત

છે. 'રઘુવંશ' એમનો કાલિદાસનો મહાકાવ્યનો સમશ્લોકી અનુવાદ છે.

**૭. મકરંદ દવે (૧૯૨૨થી ૨૦૦૫)**

મકરંદ દવેનો જન્મ ગોંડલમાં થયો. રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કર્યો. '૧૯૪૨ની લડતમાં જોડાવાના કારણે અભ્યાસ અધૂરો રહ્યો. ઝવેરચંદ મેઘાણી, સ્વામી આનંદ, નાથાલાલ જોશીના સંસર્ગમાં આવ્યા. 'નંદિગ્રામ' નામની પ્રયોગશીલ જીવનશૈલીવાળી સંસ્થા સ્થાપી. રણજિતરામ સુવર્ણચંદ્રક, ગૌરવ પુરસ્કાર, નરસિંહ મહેતા એવૉર્ડથી તેમની પ્રતિભાનું સન્માન થયું છે.

'ગોરજ' (૧૯૫૭), 'સંજ્ઞા' (૧૯૬૪), 'સંગતિ' (૧૯૬૮), 'સૂરજમુખી' (૧૯૬૧), 'હવાબારી' (૧૯૬૩), 'અમેરિકાનો ચિરંતન ચહેરો' (૧૯૯૯) એમના કાવ્યસંગ્રહો છે. 'માટીનો મહેકતો સાદ' (૧૯૮૧) તેમની નવલકથા છે.

'પીડ પરાઈ' ૧૯૭૩, 'યોગી હરનાથના સાન્નિધ્યમાં' (૧૯૬૬) 'યોગપંથ', 'અંતર્વેદી', 'સહજને કિનારે', 'ભગવતી સાધના' વગેરે તેમનાં ચિંતનાત્મક લખાણોનાં પુસ્તકો છે. સ્વામી આનંદ સાથેનો પત્રવ્યવહાર 'સ્વામી અને સાંઈ', 'સત કેરી વાણી', 'ઉદાસ અને ઉલ્લાસ' તેમનાં સંપાદનો છે.

### ૪.૧૦.૫ ગાંધીયુગના ગદ્યસર્જકો

#### ૪.૧૦.૫.૧ પન્નાલાલ નાનાલાલ પટેલ (૧૯૧૨થી ૧૯૮૯)

પન્નાલાલ પટેલનો જન્મ ગુજરાત – રાજસ્થાનની સરહદે આવેલા માંડલી ગામમાં થયો હતો. નાનપણમાં ઈડરની સરપ્રતાપ હાઈસ્કૂલમાં ઉમાશંકર જોશી તેમની સાથે ભણતા હતા. ૧૯૩૬માં અમદાવાદ ખાતે બાળપણના આ મિત્ર સાહિત્યકાર તરીકે મળ્યા અને સર્જન માટે તેમની પાસેથી પ્રેરણા મળી. ગદ્યક્ષેત્રે તેમણે નવલકથા-વાર્તા સ્વરૂપમાં સમૃદ્ધ સાહિત્યસર્જન કર્યું. ૧૯૮૫ના વર્ષના જ્ઞાનપીઠ પુરસ્કારથી તેઓ સન્માનિત થયા. અમદાવાદ ખાતે ૬-૪-૧૯૮૯ના રોજ બ્રેઈન હેમરેજથી તેમનું અવસાન થયું.

**પન્નાલાલ પટેલનું સાહિત્યસર્જન**

**નવલકથા :** ૧૯૪૦માં તેમની પ્રથમ લઘુનવલ 'વળામણાં' પ્રગટ થઈ. 'મળેલા જીવ' (૧૯૪૧),

'માનવીની ભવાઈ' (૧૯૪૭), 'ભાંગ્યાનાં ભેરુ' (૧૯૫૭), 'ઘમ્મર વલોણું' ભા. ૧-૨ (૧૯૬૮), 'ફકીરો', 'કંકુ', 'ના છૂટકે', 'મનખાવતાર', 'કરોળિયાનું જાળું', 'મીણ માટીનાં માનવી', 'અમે બે બહેનો', 'પાછલે બારણે', 'નથી પરણ્યાં નથી કુંવારાં', 'રૉ મટિરિયલ' આદિ નવલકથાઓ દ્વારા તેમણે ગુજરાતી નવલકથાસાહિત્યને સમૃદ્ધ કર્યું છે. જીવનના અંતિમ દાયકામાં તેમણે મહાભારત, રામાયણ અને પુરાણોની કથા પર આધારિત નવલકથાઓ 'પાર્થને કહો ચડાવે બાણ', 'ભીષ્મની બાણશૈયા', 'રામે સીતાને માર્યા જો' પણ આપી છે.

**નવલિકા** : પન્નાલાલે નવલકથાની જેમ વાર્તાક્ષેત્રે પણ માતબર સર્જન કર્યું છે. 'સુખદુઃખનાં સાથી' (૧૯૪૦)માં પ્રગટ થયેલો વાર્તાસંગ્રહ છે. 'જિંદગીના ખેલ', 'જીવો દાંડ', 'લખચોરાસી', 'પાનેતરના રંગ', 'અજબ માનવી', 'સાચાં શમણાં', 'વાત્રકને કાંઠે', 'મનના મોરલા', 'ત્યાગી અનુરાગી' – એમ બધા વાર્તાસંગ્રહોની ૪૭૬ જેટલી વાર્તાઓ તેમણે આપી છે. પન્નાલાલ પટેલની વાર્તાઓનાં વિવિધ સંપાદનો પણ થયાં છે.

**પ્રકીર્ણ** : 'જમાઈરાજ', 'ઢોલિયા સાગ સીસમના' અને 'ભણે નરસૈયો' ત્રિઅંકી નાટકો ઉપરાંત 'કંકણ' અને 'અલ્લડ છોકરી' તેમની જ નવલકથાનાં નાટ્યરૂપાંતરો છે. 'વાર્તા કિલ્લોલ', 'બાલકિલ્લોલ', 'ઋષિકુળની કથાઓ', 'મહાભારત કિશોરકથા', 'રામાયણ કિશોરકથા' આદિ તેમનાં બાળ-કિશોર સાહિત્યનાં પુસ્તકો છે.

**૪.૧૦.૫.૨ ઈશ્વર પેટલીકર (૧૯૧૬થી ૧૯૮૩)**

ખેડા જિલ્લાના પેટલી ગામમાં જન્મ. વિવિધ સામયિકો તથા અખબારોમાં કટારલેખન કર્યું. ૧૯૬૧માં રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો. હૃદયરોગના હુમલાથી ૨૨-૧૧-૧૯૮૩ના રોજ અવસાન.

**નવલકથા** : ૧૯૪૪માં પ્રગટ થયેલી 'જનમટીપ' તેમની પ્રથમ નવલકથા. ત્યારબાદ 'લખ્યા લેખ', 'ધરતીનો અવતાર', 'કંકુ ને કન્યા', 'તરણાં ઓથે ડુંગર' એમ બધી મળી છવ્વીસ નવલકથાઓ તેમની પાસેથી મળે છે. તેમની પ્રથમ નવલકથા 'જનમટીપ'નાં પાત્રો ભીમો અને ચંદા પણ ખૂબ જાણીતાં થયાં. તેમણે ગ્રામજીવનની સાથે નગરજીવનની નવલકથાઓ પણ આપી છે. 'જનમટીપ' અને 'ભવસાગર' જાણીતી બની છે.

**નવલિકા** : ૧૯૪૬માં પ્રગટ થયેલ પ્રથમ વાર્તાસંગ્રહ 'તાણાવાણા', 'પટલાઈના પેચ', 'કાશીનું કરવત', 'ચિનગારી', 'લોહીની સગાઈ', 'મીનપિયાસી', 'કઠપૂતળી', 'ગ્રામમાતા', 'મંગલમંદિર'

જેવા ૧૧ વાર્તાસંગ્રહો તેમની પાસેથી મળે છે.

**પ્રકીર્ણ** : 'ગ્રામચિત્રો' (૧૯૪૪), 'ધૂપસળી' (૧૯૫૩)માં રેખાચિત્રો આપ્યાં છે. 'વિદ્યાનગરના વિશ્વકર્મા' (૧૯૬૯) ભાઈકાકાનું ચરિત્ર છે. 'જીવનદીપ', 'લોકસાગરને તીરે તીરે', 'મહાસાગરનાં નીરક્ષીર', 'સંસારનાં વમળ', 'જીવનસંગમ', 'અમૃતમાર્ગ' જેવા નિબંધસંગ્રહો તેમની પાસેથી મળે છે.

**૪.૧૦.૫.૩ જયંતિ દલાલ (૧૯૦૯થી ૧૯૭૦)**

જયંતિ દલાલનો જન્મ અમદાવાદમાં થયો હતો. ગુજરાત કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ. ૧૯૩૦ના વર્ષમાં બી.એ.ના છેલ્લા વર્ષમાં હતા ત્યારે અભ્યાસ અધૂરો છોડી આઝાદીની લડતમાં ઝુકાવ્યું અને જેલમાં પણ ગયા. ૧૯૫૬માં મહાગુજરાતની લડતમાં ઇન્દુલાલ યાજ્ઞિક સાથે રહ્યા. ૧૯૫૭માં વિધાનસભાના સભ્ય થયા. ૧૯૩૪માં 'બિખરે મોતી' નામની હિંદી ફિલ્મનું દિગ્દર્શન કર્યું. ૧૯૫૯માં રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદચંદ્રક તેમને મળ્યા હતા. ૨૪-૮-૧૯૭૦માં તેમનું અવસાન.

**નાટક** : 'જવનિકા', 'પ્રવેશ બીજો', 'પ્રવેશ ત્રીજો', 'પ્રવેશ ચોથો' એમનાં એકાંકી સંગ્રહો છે. 'સોયનું નાકું', 'સ્ત્રીની દુશ્મન સ્ત્રી' આદિ ઉલ્લેખનીય એકાંકીઓ છે. 'અવતરણ' – ત્રિઅંકી નાટક ઉપરાંત 'રંગતોરણ', 'રંગદ્વાર', 'રંગપગલી' અને 'રંગપોથી' નામનાં બાળનાટકો પણ તેમને લખ્યાં છે.

**નવલિકા** : 'ઉત્તરા' (૧૯૪૪), 'જૂજવાં' (૧૯૫૦), 'કથરોટમાં ગંગા' (૧૯૫૦), 'મૂકમ્ કરોતિ (૧૯૫૩), 'આ ઘેર પેલે ઘેર' (૧૯૫૬), 'અડખે પડખે' (૧૯૬૪) અને 'યુધિષ્ઠિર ?' તેમના વાર્તાસંગ્રહો છે. બધી મળીને ૧૩૫ વાર્તાઓ આ સંગ્રહોમાં સમાવિષ્ટ છે.

નવલકથા : જયંતિ દલાલે 'ધીમુ અને વિભા' (૧૯૪૩) તથા 'પાદરનાં તીરથ' (૧૯૪૬) એમ બે નવલકથાઓ આપી છે.

**પ્રકીર્ણ** : 'શહેરની શેરી' ૧૯૪૮માં રેખાચિત્રો તથા 'મનમાં આવ્યું' અને 'તરણાની ઓથ મને ભારી' જેવાં પુસ્તકોમાં સમકાલીન વાસ્તવ અને રાજકીય, સામાજિક વિષયવસ્તુને નિરૂપતા લેખો સમાવેશ પામ્યા છે. 'કાયા લાકડાની, માયા લૂગડાની' (૧૯૬૩)માં નાટ્યવિવેચન તેમણે આપ્યું છે. અનુવાદક તરીકે જ્યોર્જ ઓરવેલની 'ધ એનિમલ ફાર્મ'નો 'પશુરાજ્ય' નામે તથા

ટોલ્સ્ટૉયની વૉર ઍન્ડ પીસ'નો 'યુદ્ધ અને શાંતિ' ભાગ ૧-૪ અનુવાદ તેમણે કર્યો છે. બધાં મળીને બેંતાલીસ પુસ્તકોના તેમણે અનુવાદ કર્યા છે.

**૪.૧૦.૫.૪ મનુભાઈ રાજારામ પંચોળી 'દર્શક'(૧૯૧૪થી ૨૦૦૨)**

સુરેન્દ્રનગર જિલ્લાના પંચાશિયા ગામમાં જન્મ. વાંકાનેરમાં માધ્યમિક શિક્ષણ લીધું અને રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા તેથી અભ્યાસ છોડ્યો. દક્ષિણામૂર્તિ – ભાવનગર ગ્રામદક્ષિણામૂર્તિ – આંબલા, લોકભારતી – સણોસરામાં અધ્યાપક તરીકે સેવાઓ આપી. ગુજરાત રાજ્યના શિક્ષણપ્રધાન તરીકે પણ સેવાઓ આપી. રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૭૫), મૂર્તિદેવી પુરસ્કાર, સરસ્વતી સન્માન આદિ પુરસ્કારોથી તેઓ સન્માનિત થયા.

**નવલકથા** : પ્રથમ નવલકથા 'બંદીઘર' (૧૯૩૫)માં જેલજીવનની વાત આલેખી છે. 'બંધન અને મુક્તિ' (૧૯૩૯), 'દીપનિર્વાણ' (૧૯૪૪), 'સૉક્રેટીસ' (૧૯૭૪), 'કુરુક્ષેત્ર' (૧૯૯૧), 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ ૧થી ૩, જેવી નવલકથાઓ દ્વારા દર્શક આપણા અગ્રણી નવલકથાકાર તરીકે ઇતિહાસમાં સ્થાન પામ્યાં છે.

**નાટક** : ૧૯૩૪માં પ્રગટ થયેલી 'જલિયાંવાલા' દર્શકની પ્રથમ નાટ્યકૃતિ છે. 'અઢારસો સત્તાવન' (૧૯૩૫), 'પરિત્રાણ' (૧૯૬૭), 'અંતિમ અધ્યાય' (૧૯૮૩) તેમનાં નાટકો છે.

પ્રકીર્ણ : વિવેચન ક્ષેત્રે 'વાગીશ્વરીનાં કર્ણફૂલો' (૧૯૬૩) અને 'મંદારમાલા' (૧૯૮૫) એમના આસ્વાદલક્ષી વિવેચનગ્રંથો છે. 'મંગળકથાઓ', 'માનવકુળકથાઓ', 'આપણો વારસો અને વૈભવ' તથા 'ઇતિહાસ અને કેળવણી', 'ત્રિવેણી તીર્થ', 'નાનાભાઈ', 'ટોલ્સ્ટૉય' એમનાં ચરિત્રાત્મક પુસ્તકો છે. 'સદ્‌ભિઃસંગ' એમની સંસ્થાકથા નિમિત્તે લખાયેલું આત્મકથન છે. સંસ્કૃતિદર્શન, ઐતિહાસિક અભિગમ દર્શકના સમગ્ર લેખનમાં જોવા મળે છે.

**૪.૧૦.૫.૫ જયંત ખત્રી (૧૯૦૯થી ૧૯૬૮)**

કચ્છ-મુન્દ્રા મુકામે જન્મ. પ્રાથમિક શિક્ષણ મોસાળ ભુજ, માધ્યમિક શિક્ષણ મુંબઈની ન્યૂ ભરડા હાઈસ્કૂલ, ૧૯૩૫માં મુંબઈની નૅશનલ મેડિકલ કૉલેજમાંથી એલ.સી.પી.એસ. થઈ કચ્છમાં ડૉક્ટર તરીકે પ્રેક્ટીસ ચાલુ કરી. 'ખરા બપોર' વાર્તાસંગ્રહ માટે ઉમા સ્નેહરશ્મિ પારિતોષિક કેન્સરના કારણે માંડવીમાં અવસાન, ફોરાં (૧૯૪૪) 'વહેતાં ઝરણાં' (૧૯૫૨), 'ખરા બપોર' (૧૯૬૮) એમનાં વાર્તાસંગ્રહો. આધુનિક વાર્તા આપણે ત્યાં શરૂ થઈ તે પહેલાં પ્રયોગશીલ અભિગમથી તેમણે વાર્તાઓ આપી. સામાજિક વાસ્તવને વિશેષ કલાત્મક રીતે તેમણે પ્રસ્તુત કર્યો. તેમણે

'પ્રજાતંત્ર' અખબારમાં ધારાવાહિક રૂપે શરૂ કરેલી 'ચમાર ચાલ' નામની નવલકથાનાં ચૌદ પ્રકરણ લખ્યા પછી પોતાને જ સંતોષ ન થવાથી અધૂરી છોડી દીધી. ટૂંકી વાર્તા ક્ષેત્રે તેમનું પ્રદાન મહત્ત્વનું રહ્યું. જયંત ખત્રીની 'ધાડ' વાર્તા પરથી 'ધાડ' ફિલ્મ પણ બની છે. તેમના જીવન-કવનને ધ્યાનમાં રાખી નાટ્યકાર સતીશ વ્યાસે 'ધૂળનો સૂરજ' નામે નાટક પણ લખ્યું છે.

**૪.૧૦.૫.૬ ચુનીલાલ મડિયા (૧૯૨૨થી ૧૯૬૮)**

રાજકોટ જિલ્લાના ધોરાજી ગામે જન્મ. મુંબઈ સિડનહામ કૉલેજમાંથી બી.કોમ. સાહિત્યિક સામયિક 'રુચિ'નું પ્રકાશન. ૧૯૫૭નો રણજિતરામ સુવર્ણચંદ્રક તથા નર્મદચંદ્રક તેમને મળ્યા હતા.

**નવલિકા** : ચુનીલાલ મડિયાએ ૧૯૪૫માં 'ઘૂઘવતાં પૂર' વાર્તાસંગ્રહ આપ્યો. 'ગામડું બોલે છે', 'પદ્મજા', 'રૂપ-અરૂપ', 'તેજ અને તિમિર', 'શરણાઈના સૂર', 'અંતઃસ્રોતા', 'ક્ષણાર્ધ', 'ક્ષત-વિક્ષત', 'જેકબ સર્કલ', 'સાતરસ્તા' જેવા તેમના અગિયાર વાર્તાસંગ્રહ છે.

**નવલકથા** : 'પાવક જ્વાળા', 'વ્યાજનો વારસ', 'ઇંધણ ઓછાં પડ્યાં', 'વેળા વેળાની છાંયડી', 'લીલુડી ધરતી ભાગ ૧-૨', 'પ્રીતવછોયાં', 'શેવાળનાં શતદલ', 'કુસુમ અને આશકા', 'સધરા જેસંગનો સાળો', 'ગ્રહાષ્ટક વત્તા એક', 'સધરાના સાળાનો સાળો', 'આલા ધાધરનું ઝીંઝાવદર' જેવી તેર નવલકથાઓ તેમણે આપી છે. સામાજિક – વાસ્તવની ઘટનાપ્રધાન નવલકથાઓ તેમણે વિશેષ આપી છે.

**નાટક** : 'રંગદા' (૧૯૫૧), 'વિષવિમોચન' (૧૯૫૫), 'રક્તતિલક' (૧૯૫૬), મડિયાના એકાંકી સંગ્રહો છે.

'હું ને મારી વહુ', 'શૂન્યશેષ', 'રામલો રોબિનહૂડ' મડિયાનાં **નાટકો** છે.

**અન્ય સાહિત્ય** : 'ગાંધીજીના ગુરુઓ', 'વિદ્યાપ્રેમી ફાર્બસ' ચરિત્ર ઉપરાંત 'જય ગિરનાર' **પ્રવાસનિબંધ**. 'ચોપાટીને બાંકડેથી' હાસ્યનિબંધ તથા 'વાર્તાવિમર્શ', 'ગ્રંથગરિમા', 'કથાલોક' 'ગુજરાતીસાહિત્યમાં ડોકિયું' તેમનાં વિવેચન પુસ્તકો છે.

**૪.૧૦.૫.૭ પુષ્કર ચંદરવાકર (૧૯૨૧થી ૧૯૯૫)**

અમદાવાદ જિલ્લાના ચંદરવા ગામે જન્મ. અમદાવાદમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. અમદાવાદ તથા સૌરાષ્ટ્રની વિવિધ કૉલેજોમાં અધ્યાપનકાર્ય કર્યું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ચારણી સાહિત્ય વિભાગમાં રીડર થયા. ઝવેરચંદ મેઘાણી પછી લોકસાહિત્ય ક્ષેત્રે ચંદરવાકરનું ઉલ્લેખનીય પ્રદાન છે. 'રાંકનાં રતન' (૧૯૪૬), 'પ્રિયદર્શિની', 'માનવીનો માળો', 'ગીર અમારી છે' જેવી

નવલકથાઓ તથા 'બાંધણી', 'આંતરદીપ', 'શુકનવંતી' એમના વાર્તાસંગ્રહો છે.

પુષ્કર ચંદરવાકરે 'પિયરનો પડોશી', 'યજ્ઞ', 'મહીના ઓવારે', 'સહકારમાં' જેવા એકાંકીસંગ્રહો પણ આપ્યા છે. 'ધરતી ફોરે ફોરે', 'રસામૃત', 'લોકામૃત' વગેરે એમના વિવેચનસંગ્રહો છે.

**૪.૧૦.૫.૮ શિવકુમાર જોશી (૧૯૧૬થી ૧૯૮૮)**

જન્મ અમદાવાદ. ગુજરાત કૉલેજમાંથી સંસ્કૃત સાથે બી.એ.ની પરીક્ષા પસાર કરી. ૧૯૫૮થી કલકત્તામાં કાપડનો વ્યવસાય. નાટક, નવલકથા, વાર્તા અને અનુવાદ ક્ષેત્રની કામગીરી બદલ તેમને નર્મદ સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા છે.

**એકાંકી** : 'પાંખ વિનાનાં પારેવાં અને બીજાં નાટકો' (૧૯૫૨), 'અનંત સાધના' (૧૯૫૫), 'સોનાની હાંસડી, રૂપાની ગાંસડી' (૧૯૫૯), 'નીલાંચલ' (૧૯૬૨), 'નીરદ છાયા' (૧૯૬૬), 'ગંગા વહે છે આપની' (૧૯૮૦) વગેરે એકાંકી સંગ્રહો આપણને તેમની પાસેથી મળે છે.

**નાટક** : 'સુમંગલા' (૧૯૫૫), 'અંધારાં ઉલેચો', 'દુર્વાંકુર', 'ઘટા ધરી ધીરી આઈ', 'એકને ટકોરે', 'સુવર્ણ રેખા', 'શતરંજ', 'કૃતિવાસ', 'હવે તો હરિ આવો ને' જેવાં દીર્ઘ નાટકો શિવકુમાર પાસેથી મળે છે.

**નવલકથા** : ચાલીસ વર્ષની વયે 'કંચુકીબંધ' (૧૯૫૬) પ્રગટ થયેલી. ત્યારબાદ તેમણે પચીસ જેટલી નવલકથાઓ આપી છે. 'આભ રુવે એની નવલખ ધારે' (૧૯૬૪), 'કલહંસી' (૧૯૮૩) આદિ ઉલ્લેખનીય નવલકથાઓ છે.

**નવલિકા** : 'રજનીગંધા' (૧૯૫૫), 'ત્રિશૂળ' (૧૯૫૭), 'રહસ્યનગરી' (૧૯૫૦), 'રાત અંધારી', 'અભિસાર', 'નવપદ', 'છલાછલ', 'શાંતિ પારાવાર', 'સકલ તીરથ' આદિ તેમના વાર્તાસંગ્રહો છે.

આ ઉપરાંત પ્રવાસકથાઓ, અનુવાદો તથા 'નવકોઠાનું યુદ્ધ' નામે અવલોકનોનો સંગ્રહ પણ તેમણે આપેલ છે. નાટ્યકાર તથા નવલકથાકાર તરીકે તેમનું પ્રદાન પુરસ્કૃત થયું છે.

**૪.૧૦.૫.૯ ગુલાબદાસ બ્રોકર (૧૯૦૯થી ૨૦૦૬)**

પોરબંદરમાં જન્મ. ૧૯૩૦માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી અંગ્રેજી-ગુજરાતી વિષયો સાથે બી.એ. ૧૯૬૮માં કુમારચંદ્રક તેમને એનાયત થયો હતો. ૧૯૭૪-૭૫ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા હતા. ૨૦૦૬માં ૯૭ વર્ષની વયે પૂના મુકામે અવસાન.

**નવલિકા** : ૧૯૩૮માં 'લતા શું બોલે ?' સંગ્રહ પ્રગટ થયો. 'વસુંધરા અને બીજી વાતો', 'ઊભી વાટે', 'સૂર્યા', 'માણસનાં મન', 'ભીતરનાં જીવન', 'પ્રેમ પદારથ' આદિ એમના વાર્તાસંગ્રહો છે.

**નાટક – એકાંકી** : ગુલાબદાસ બ્રોકરે ધનસુખલાલ મહેતા સાથે 'ધૂમ્રસેર' નામનું દીર્ઘ નાટક લખ્યું છે. 'મનનાં ભૂત' તેમનું બીજું નાટક છે. ઉપરાંત 'મહાનિબંધ', 'મા' અને 'જ્વલંત અગ્નિ' જેવાં એમનાં એકાંકીઓ નોંધપાત્ર છે.

### ૪.૧૦.૬ અનુગાંધીયુગના વિવેચકો

**(૧) ભોગીલાલ સાંડેસરા (૧૯૧૭થી ૧૯૯૬)** :

પાટણ તાલુકાના સંડેર ગામમાં જન્મ. ૧૯૩૧માં નવમા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે મુનિ જિનવિજયજી સાથે તેમનો સંપર્ક થયો અને પ્રાચ્યવિદ્યા ઉકેલવા, શીખવાનો યોગ થયો. ૧૯૪૧માં ગુજરાતી, સંસ્કૃત સાથે બી.એ. થયા. ૧૯૪૩માં ગુજરાત વિદ્યાસભામાંથી એમ.એ. થયા. તેમણે પ્રાચ્યવિદ્યા, ભારતીય વિદ્યા, ભારતીયસંસ્કૃતિ, પ્રાકૃત ભાષાઓ પર નોંધપાત્ર કામ કર્યું છે.

'પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના', 'પ્રદક્ષિણા', 'સંશોધનની કેડી', 'ઇતિહાસ અને સાહિત્ય', 'અન્વેષણા', 'અનુસ્મૃતિ', 'મુનિ જિનવિજયજી : જીવન અને કાર્ય', 'વાઘેલાઓનું ગુજરાત', 'ઇતિહાસની કેડી', 'જગન્નાથપુરી અને ઓરિસ્સાના પુરાતન અવશેષો' એમના ઇતિહાસ-સંસ્કૃતિ વિષયક ગ્રંથો છે.

**(૨) રમણલાલ જોશી (૧૯૨૬થી ૨૦૦૬ )** :

વિજાપુર તાલુકાના હીરપુરા ગામમાં જન્મ. વતન વડનગર. વડોદરા તથા મુંબઈથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. ઉમાશંકર જોશીના માર્ગદર્શનમાં 'ગોવર્ધનરામ : એક અધ્યયન' વિષય પર પીએચ.ડીની પદવી માટે મહાનિબંધ લખ્યો. ગુજરાત યુનિવર્સિટી ભાષાભવનના અધ્યાપક તથા અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા.

'અભીપ્સા', 'પરિમાણ', 'શબ્દસેતુ', 'ભારતીય નવલકથા', 'સમાન્તર', 'વિનિયોગ', 'ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહી', 'વિવેચનની પ્રક્રિયા', 'નિષ્પત્તિ', 'પરિવેશ', 'વિવેચનની આબોહવા', 'ગ્રંથનો પંથ' આદિ એમના વિવેચન સંગ્રહો છે.

'શબ્દાલોકના યાત્રીઓ', 'અક્ષરના આરાધકો' તથા 'સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત અને કવિજીવન' જેવા ચરિત્ર સાહિત્યનાં પુસ્તકો પણ તેમણે આપ્યાં છે. 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'નું સંપાદનકાર્ય પણ તેમનું ઉલ્લેખનીય પ્રદાન છે. ૧૯૯૦થી તેમણે 'ઉદ્દેશ' નામનું સાહિત્યિક સામયિક પ્રગટ કર્યું જે તેમના અવસાન બાદ થોડાં વર્ષ સુધી તેમના પુત્ર પ્રબોધ ર. જોશીએ સફળતાપૂર્વક ચલાવ્યું. પ્રબોધ જોશીના અવસાન બાદ 'ઉદ્દેશ' પણ બંધ થયું.

### (૩) ચિમનલાલ ત્રિવેદી (૧૯૨૯થી ૨૦૧૫)

મહેસાણા જિલ્લાના મુજપુર ગામે જન્મ. ૧૯૫૨માં પ્રથમ વર્ગમાં એમ.એ. 'નાકર : એક અધ્યયન' વિષય પર મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી મેળવી. અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી ગુજરાતી વિભાગના અધ્યક્ષપદેથી તેઓ નિવૃત્ત થયા.

૧૯૫૩માં 'પિંગલદર્શન' તેમનું પ્રથમ પુસ્તક પ્રગટ થાય છે. ચંદ્રશંકર ભટ્ટ સાથેનું 'ઊર્મિકાવ્ય' (૧૯૬૬) ઉપરાંત 'ભાવલોક' (૧૯૭૬), 'ભાવમુદ્રા' (૧૯૮૩) અને 'ભાવબિંબ' (૧૯૯૦) એમના વિવેચનગ્રંથો છે. 'ગુજરાતીમાં છંદોરચના' દીર્ઘતમ અભ્યાસલેખ છે. 'કાલેલકર ગ્રંથાવલિ', 'ગ્રંથ અને ગ્રંથકાર', 'અભિમન્યુ આખ્યાન', 'સન્નિધિ', 'કાવ્યસંચય' આદિ સંપાદનો તથા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથ ૧થી ૪માં સહાયક સંપાદક તરીકે તેમણે મહત્ત્વની સેવાઓ આપી છે.

રાષ્ટ્રીય કક્ષાએ "ભાષા સમ્માન" (વર્ષ ૨૦૦૦)થી પુરસ્કૃત આ વિવેચકને રણજિતરામ સુવર્ણચંદ્રક (૨૦૦૯) પણ એનાયત કરવામાં આવેલ.

થોડાં ઉલ્લેખનીય નામો : રમણલાલ ચી. શાહ, જૈન ધર્મ તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી. મુંબઈ તેમની કર્મભૂમિ. અમૃતલાલ યાજ્ઞિક, ચંદ્રશંકર ભટ્ટ, ચંદ્રકાન્ત મહેતા, ચી. ના. પટેલ, દલસુખભાઈ માલવણિયા, બેચરદાસ દોશી, ભોગીલાલ ગાંધી, મોહનભાઈ શં. પટેલ, રણજિત પટેલ, 'અનામી' રમેશ મ. શુક્લ, વિનોદ અધ્વર્યુ, ધીરુભાઈ ઠાકર, મધુસૂદન પારેખ, હસિત બૂચ, હિંમતલાલ અંજારિયા આદિએ પણ ઉલ્લેખનીય કામ કર્યું છે.

***તમારી પ્રગતિ ચકાસો - ૧૦**

પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

૧. 'ધ્વનિ' કાવ્યસંગ્રહના કવિ કોણ છે ?

૨. અનુગાંધીયુગના કયા કવિને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો છે ?

૩. 'બારીબહાર' કાવ્યસંગ્રહના કવિનું નામ આપો.

૪. હરિશ્ચંદ્ર ભટ્ટના કાવ્યસંગ્રહ 'સ્વપ્નપ્રયાણ'નું સંપાદન કોણે કર્યું છે ?

૫. જયંત પાઠકની સ્મૃતિકથાનું નામ આપો.

૬. 'આ નભ ઝૂક્યું' – કયા કવિની સમગ્ર કવિતાનો સંગ્રહ છે ?

પ્રશ્ન ૨ 'અ' – 'બ' યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| ૧. સ્વાધ્યાયલોક ૧થી ૮ ભાગ | પ્રિયકાંત મણિયાર |
| ૨. પ્રતીક (કાવ્યસંગ્રહ) | નલિન રાવળ |
| ૩. નમેલી સાંજ | નિરંજન ભગત |
| ૪. ઉદ્‌ગાર | મકરંદ દવે |
| ૫. ગોરજ | હસમુખ પાઠક |

પ્રશ્ન : ૩ માગ્યા પ્રમાણે જવાબ લખો.

૧. પન્નાલાલ પટેલની ખૂબ જાણીતી ત્રણ નવલકથાઓનાં નામ આપો.

૨. 'સુખદુઃખનાં સાથી' વાર્તાસંગ્રહના સર્જકનું નામ આપો.

૩. 'જનમટીપ' અને 'ભવસાગર' આ બંને કૃતિઓનાં સાહિત્યસ્વરૂપ તથા લેખકનું નામ જણાવો.

૪. જયંતિ દલાલના અનુવાદકાર્ય વિશે ટૂંકમાં માહિતી આપો.

૫. 'ધીમુ અને વિભા'ના લેખક કોણ છે ?

૬. 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ના સર્જક વિશે ટૂંકમાં માહિતી આપો.

૭. દર્શકનાં ત્રણ પુસ્તકો, 'ત્રિવેણી તીર્થ', 'નાનાભાઈ' અને 'ટૉલ્સ્ટૉય' કયા પ્રકારમાં મૂકીશું?

૮. 'ધૂળનો સૂરજ' નાટક કયા સર્જકના જીવન પર આધારિત છે ? આ નાટકના લેખકનું નામ જણાવો.

૯. 'રંગદા', 'વિષવિમોચન' અને 'રક્તતિલક' – આ પુસ્તકોનું સાહિત્ય સ્વરૂપ જણાવી તેના સર્જકનું નામ આપો.

૧૦. ઝવેરચંદ મેઘાણી પછી લોકસાહિત્ય ક્ષેત્રે કોનું પ્રદાન ઉલ્લેખનીય ગણાય ?

૧૧. મુનિ જિનવિજયજીનાં જીવન અને કાર્ય વિશે કોણે પુસ્તક લખ્યું છે ?

૧૨. લતા શું બોલે ? કોનો વાર્તાસંગ્રહ છે ?

૧૩. મધ્યકાળના કવિ નાકર વિશે કોનો અભ્યાસ જાણીતો છે ?

૧૪. 'ખરા બપોર' વાર્તાસંગ્રહના લેખક કોણ છે ?

૧૫. પંડિતયુગના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી વિશે કોણે મહાનિબંધ લખ્યો છે ?

## ૪.૧૦.૭ આટલું અવશ્ય કરો

૧. અનુગાંધીયુગના કાવ્યસંગ્રહો તથા કવિઓની સૂચિ બનાવો.

૨. 'બારીબહાર' કાવ્યસંગ્રહની ઉમાશંકર જોશીએ લખેલી પ્રસ્તાવના વાંચો.

૩. અનુગાંધીયુગના સર્જકોએ લખેલી નવલકથાઓની સૂચિ બનાવો.

# ૪ : ૧૧. આધુનિક યુગનું ગુજરાતી સાહિત્ય

## ૪.૧૧.૦ ઉદ્દેશો

આધુનિકયુગનું ગુજરાતી સાહિત્ય વિવિધ પ્રકારની સૂક્ષ્મતા અને સંકુલતા ધરાવે છે. આ એકમમાં આધુનિકતાની વિભાવના સમજી શકાશે. ગાંધીયુગ – અનુગાંધીયુગ પછીના બે-અઢી દાયકાનું સાહિત્ય એટલે આધુનિક સાહિત્ય. આ એકમના અભ્યાસ દ્વારા આધુનિક ગુજરાતી સાહિત્યની લાક્ષણિકતાઓ તથા સર્જકો વિશે આપ પરિચિત થશો.

## ૪.૧૧.૧ પ્રસ્તાવના

આધુનિકયુગ એટલે ઈ.સ. ૧૯૬૦ પછીનો સમયગાળો. કવિતા અને વાર્તા જેવાં સ્વરૂપમાં વિષયવસ્તુ અને રચનારીતિની આધુનિકતાનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. 'વિશ્વશાંતિ' જેવા વિષય પર પરંપરાગત ખંડકાવ્ય રચનાર ઉમાશંકર જોશી જેવા સંસ્કૃતિવાહક કવિ ૧૯૫૫માં 'છિન્નભિન્ન છું' કવિતા આપે છે. સુરેશ જોષી ૧૯૫૭માં 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહ દ્વારા નવી 'નવલિકા' કહો કે પ્રયોગશીલ ગુજરાતી ટૂંકી વાર્તાનો ઉઘાડ પ્રસરાવે છે. આમ, સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં વિષયવસ્તુ અને રચનારીતિની દૃષ્ટિએ આધુનિકતાની આબોહવા જામે છે. દળદાર નવલકથા 'લઘુનવલ' બને છે. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવિષયક આ એકમમમાં ઐતિહાસિક અભિગમનું સવિગત આલેખન પામીશું.

## ૪.૧૧.૨ આધુનિકતાની વિભાવના

'આધુનિક' શબ્દનો અર્થ આપણને કોઈ પૂછે તો આપણે તરત કહીશું કે 'આધુનિક' એટલે આજનું. આપણે 'અર્વાચીન' અને 'આધુનિક' બંને સંજ્ઞા વિભાવના સમજવી જોઈએ. સાહિત્યિક રીતે આ સંજ્ઞાઓનો અર્થ કરીએ ત્યારે તેનો અર્થ સામાન્ય વ્યવહારમાં જે કરીએ છીએ, તેનાથી જુદો છે.

ઈ.સ. ૧૮૫૦થી ૧૯૬૦ સુધીના ગુજરાતી સાહિત્યના વિવિધ યુગવિભાગોને આપણે 'અર્વાચીન ગુજરાતી સાહિત્ય'ના જુદાજુદા પેટાવિભાગ તરીકે જોવાના છે, પણ ૧૯૬૦થી ૧૯૮૫ સુધીનું સાહિત્ય તે આધુનિકયુગનું ગુજરાતી સાહિત્ય. આ ભેદને સમજવા માટે આપણે 'આધુનિકતા'ની

વિભાવના સમજીએ.



'આધુનિક' શબ્દ સંસ્કૃત 'અધુના' પરથી ઊતરી આવ્યો છે. 'આધુનિક' એટલે 'આજનું', 'હમણાંનું' એવો અર્થ અહીં પૂરતો નથી. પર્યાપ્ત – નથી. 'આધુનિકતા' એ સમય દર્શાવતી સંજ્ઞા નથી. 'આધુનિકતા' એ જીવનરીતિ છે. સાહિત્યના સંદર્ભમાં રચનારીતિમાં નવીનતા છે. વિષયવસ્તુની પણ આધુનિકતા છે. પરંપરાગત જે કાંઈ છે તેનાથી જુદું પડતું અને અભિગમમાં પરિવર્તન કે પ્રયોગ તેમાં અનિવાર્ય હોય છે.

આજે જે કાંઈ લખાય તે બધું આજનું ના હોઈ શકે. એટલે કે આધુનિક ના હોઈ શકે. માત્ર નવીન કે આજનું હોવાથી આધુનિક નથી થઈ જતું. આધુનિકતા એક સંવેદન છે. ચોક્કસ સમયગાળાનું બધું સાહિત્ય આધુનિક સાહિત્ય છે તેમ ના કહેવાય. ૧૯૬૦થી ૧૯૮૫ સુધીના ગાળામાં આધુનિકરીતિ મુજબ લખનારા સર્જકોની સમાંતરે પરંપરાગત પદ્ધતિએ લખનારા સર્જકો પણ હતા.

સુરેશ જોષી આધુનિક ગુજરાતી સાહિત્યના અગ્રણી સર્જક છે. પન્નાલાલ પટેલ, મનુભાઈ પંચોળી 'દર્શક' તેમના સમકાલીન કથાસર્જક છે. પણ સુરેશ જોષીની સાહિત્ય વિભાવના અને પન્નાલાલ તથા દર્શકની સાહિત્ય વિભાવના જુદી છે. આમ, સમકાલીનો આધુનિક ન પણ હોય એમ બને છે. આટલી વાત પરથી આધુનિકતા બાબત નીચેનાં લક્ષણો તારવી શકાય :

### ૪.૧૧.૩. આધુનિક ગુજરાતી સાહિત્યનાં લક્ષણો– ઘડતરબળો

### આધુનિક ગુજરાતી સાહિત્યનાં ઘડતરબળો

આધુનિક યુગના ગુજરાતી સાહિત્યને બદલાતી જીવનરીતિએ અને વૈશ્વિક પરિવર્તનોએ ઘણી અસર કરી છે.

વીસમી સદીના પૂર્વાર્ધમાં ૧૯૧૪માં અને ૧૯૩૯માં એમ બે વિશ્વયુદ્ધો થયાં હતાં. આ વિશ્વયુદ્ધોમાં મનુષ્યની વિરૂપતાનો હાહાકાર વિશ્વની જનતાએ જોયો. અણુબૉમ્બની બર્બરતાએ આઘાત જન્માવ્યો. ૧૯૪૫માં જાપાન પર ફેંકાયેલા બૉમ્બમાં થયેલી હજારો મનુષ્યની ખુવારીએ માણસજાતને તેની અંદર રહેલી બર્બરતાનો પરિચય કરાવ્યો.

ભારતના સંદર્ભમાં જોઈએ તો ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ વિશ્વશાંતિના મહામૂલા પ્રતિનિધિ મહાત્મા ગાંધીની હત્યા થઈ. આ ઘટનાનો ઘેરો આઘાત વિશ્વના ચિંતકો અને સર્જકોએ અનુભવ્યો. આધુનિક શોધખોળોએ, ઔદ્યોગિક ક્રાંતિને વેગ આપ્યો. માણસની વિજ્ઞાનના આધારે જીવવાની દોટ વધી. મનુષ્ય જાણે વિરાટયંત્રના ભાગની જેમ કૃતક રીતે આયોજનબદ્ધ જીવવા લાગ્યો. જીવન સંવેદનની ભાત બદલાઈ ગઈ.

વિશ્વયુદ્ધો જેવી ઘટનાએ ઈશ્વરના અસ્તિત્વ વિશે ચિંતકોને ફેરવિચાર કરવા મજબૂર કર્યા. આધુનિક મનુષ્ય પોતાના અસ્તિત્વની સાર્થકતા માટેની આદર્શ સ્થિતિની શોધમાં નિષ્ફળ ગયો. તેની આ નિષ્ફળતાએ તેને સ્વપ્રસ્થાપન કે પોતાની ઓળખ સ્થાપિત કરવાના પ્રયાસોની નિરર્થકતાનો ભેટો કરાવ્યો. પરિણામે પશ્ચિમમાં લખાયેલ 'એબ્સર્ડ' સાહિત્યકૃતિઓ કે અસ્તિત્વવાદી લક્ષણો ધરાવતી રચનાઓ ગુજરાતી સર્જકો પર પ્રભાવ પાડે છે. વિશ્વસાહિત્યની પ્રશિષ્ટ આધુનિક રચનાઓના પરિચયમાં ગુજરાતી સર્જક આવે છે.

પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, સ્વપ્નવાસ્તવ, એબ્સર્ડ, અસ્તિત્વવાદ આદિ પાશ્ચાત્ય સાહિત્યનાં કલા આંદોલનોની અસર ગુજરાતી સાહિત્યના ઘડતરમાં મહત્ત્વનું પરિબળ બને છે.

**આધુનિક ગુજરાતી સાહિત્યનાં લક્ષણો**

૧. ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં ઈ.સ. ૧૯૬૦થી ૧૯૮૫ સુધીનું સાહિત્ય આધુનિક ગુજરાતી સાહિત્ય છે.

૨. 'આધુનિકતા' માત્ર સમયવાચક સંજ્ઞા નથી. આધુનિકતા એ સંવેદન છે.

૩. સાહિત્યમાં આધુનિકતા વિષયવસ્તુની, રચનારીતિની જીવન અભિગમમાં પરિવર્તન વગેરેની હોઈ શકે.

૪. પાશ્ચાત્ય ચિંતનનાં નિરીશ્વરવાદી વલણોનો આપણા સર્જકો પર પ્રભાવ પડ્યો અને 'એબ્સર્ડ' તથા 'અસ્તિત્વવાદી' વલણો ગુજરાતી સાહિત્યમાં કવિતા, નાટક, લઘુનવલ જેવાં સ્વરૂપમાં દેખાય છે.

૫. 'અછાંદસ' કવિતા વિશેષ લખાય છે. સુરેશ જોષી, લાભશંકર ઠાકર, સિતાંશુ યશશ્ચંદ્ર, ચિનુ મોદી, રાવજી પટેલ જેવા કવિતાના લયની માવજત કરીને અછાંદસમાં લય સિદ્ધ કરે છે.

૬. સુરેશ જોષીએ 'નવલકથાનો નાભિશ્વાસ' લેખ લખ્યો. નવલકથાસ્વરૂપ પ્રત્યેની તેમની અપેક્ષા અને વિભાવનાના ઉદાહરણ તરીકે મૂકી શકાય તેવી 'છિન્નપત્ર' અને 'મરણોત્તર' એવી બે લઘુનવલ આપી.

૭. સુરેશ જોષીનો 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહ ઈ.સ. ૧૯૫૭માં પ્રગટ થયો. તેમણે 'કિંચિત' શીર્ષક હેઠળ પ્રસ્તાવના લખી. આ પ્રસ્તાવના-લેખમાં તેમણે ટૂંકી વાર્તા વિશેની પોતાની અપેક્ષા વ્યક્ત કરી. સુરેશ જોષીના સમકાલીન વાર્તાકારો પર આ પ્રસ્તાવના અને સુરેશ જોષીની

વાર્તાકળાની ઊંડી અસર થઈ. ગુજરાતી ટૂંકી વાર્તાનું વહેણ બદલાયું. સુરેશ જોષી, મધુ રાય, કિશોર જાદવ, રાધેશ્યામ શર્મા, ઘનશ્યામ દેસાઈ, પ્રબોધ પરીખ, રાવજી પટેલ, સુમન શાહ, ચિનુ મોદી, ચંદ્રકાન્ત બક્ષી આદિની વાર્તાઓમાં વિષયવસ્તુ અને રચનારીતિ (ટૅકૂનિક)ની દૃષ્ટિએ પ્રયોગશીલતા જોવા મળી.

૮. નાટક – એકાંકી જેવા સાહિત્યસ્વરૂપમાં પણ વિષયવસ્તુ – સંવાદની ભાષા અને તખ્તા લાયકીની દૃષ્ટિએ ઘણા પ્રયોગો થયા. સિતાંશુ યશશ્ચંદ્ર, લાભશંકર ઠાકર, હસમુખ બારાડી, ચિનુ મોદી, સતીશ વ્યાસ, આદિલ મન્સૂરી જેવા નાટ્યકારો પાસેથી પ્રયોગશીલ રચનાઓ મળે.

૯. ગુજરાતી વિવેચનમાં રૂપરચનાવાદી અભિગમનો મહિમા વધે છે. કૃતિનિષ્ઠ વિવેચન થાય છે. કૃતિ અંતર્ગત સામાજિક વાસ્તવ આદિની તપાસ કરતાં કલામૂલ્યની શોધનો અભિગમ વિકસે છે.

### ૪.૧૧.૪ આધુનિક ગુજરાતી સાહિત્યકારોનો સંક્ષિપ્ત પરિચય

### (૧) સુરેશ જોષી (૧૯૨૧થી ૧૯૮૬)

ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાના અગ્રણી તરીકે સુરેશ જોષીનું નામ આદરપૂર્વક લેવાય છે. દક્ષિણ ગુજરાતના બારડોલી તાલુકાના વાલોડ ગામે ૩૦-૫-૨૧ના રોજ તેમનો જન્મ. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ઉચ્ચ અભ્યાસ કર્યો. કરાંચીની ડી. જે. સિંધ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા બાદ દેશનું વિભાજન થવાથી વલ્લભવિદ્યાનગરમાં ૧૯૪૭થી જોડાયા. ૧૯૫૧થી ૧૯૮૧ સુધી નિવૃત્તિપર્યંત વડોદરાની મ. સ. યુનિ.માં સેવાઓ આપી. ૧૯૮૬માં ૬ઠ્ઠી સપ્ટેમ્બરે નડિયાદની હૉસ્પિટલમાં કિડનીની બીમારીના કારણે તેમનું અવસાન થયું.

**સુરેશ જોષીની સર્જનયાત્રા.**

**કવિતા** : 'ઉપજાતિ' (૧૯૫૬), 'પ્રત્યંચા' (૧૯૬૧), 'ઈતરા' (૧૯૭૩) તથા 'તથાપિ' (૧૯૮૦) તેમના કાવ્યસંગ્રહો છે.

**નવલકથા** : 'છિન્નપત્ર' (૧૯૬૫), 'મરણોત્તર' (૧૯૭૬) ઉપરાંત 'વિદુલા' અને 'કથાચક્ર' એમ બધી મળીને ચાર લઘુનવલ 'કથાચતુષ્ક્ય' રૂપે એક ગ્રંથમાં પ્રાપ્ત થાય છે.

**નવલિકા** : 'ગૃહપ્રવેશ' (૧૯૫૭), 'બીજી થોડીક' (૧૯૫૮), 'અપિચ', 'ન તત્ર સૂર્યો ભાતિ', 'એકદા નૈમિષારણ્યે' જેવા વાર્તાસંગ્રહો દ્વારા પ્રયોગશીલ વાર્તાકાર તરીકે તેઓ નવી કેડી કંડારે છે.

**લલિત નિબંધ** : સુરેશ જોષીનો પ્રથમ નિબંધસંગ્રહ 'જનાન્તિકે' (૧૯૬૫)માં પ્રગટ થાય છે. 'ઈદમ્ સર્વમ્,' 'અહોબત્ કિમ્ આશ્ચર્યમ્', 'ઇતિ મે મતિ' જેવાં પુસ્તકોમાં સુરેશ જોષીના આસ્વાદ્ય

ગદ્યનો અનુભવ થાય છે. તેમના હજાર જેટલા નિબંધો પૈકી શિરીષ પંચાલે 'ભાવયામિ' નામે નિબંધ સંગ્રહ પ્રગટ કર્યો છે.

**વિવેચન** : 'કિંચિત્' (૧૯૬૦), 'ગુજરાતી કવિતાનો આસ્વાદ', 'કાવ્યચર્ચા', 'કથોપકથન', 'શ્રુણ્વન્તુ', 'અરણ્યરુદન', 'ચિનાયામિ મનસા', 'અષ્ટમોઅધ્યાય' તેમના વિવેચનગ્રંથો છે.

**સંપાદન** : પત્રકારત્વ અને અનુવાદ ક્ષેત્રે પણ તેમણે ઉલ્લેખનીય કામ કર્યું છે. તેમણે 'મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા' નામે સંશોધન ગ્રંથ આપ્યો છે. 'અમેરિકાના સાહિત્યનો ઇતિહાસ' નામે અનુવાદ ઉપરાંત 'વાણી', 'મનીષા', 'ક્ષિતિજ', 'ઊહાપોહ' તથા એતદ્' જેવા સામયિકો પણ ચલાવ્યાં છે.

દોસ્તોયેવસ્કી, રવીન્દ્રનાથ આદિ અંગ્રેજી – બંગાળી સર્જકોના અનુવાદ પણ તેમણે આપ્યા છે. આમ, પોતાની વિવેચન વિભાવના વ્યક્ત કર્યા પછી સુરેશ જોષીએ તે મુજબ કામગીરી કરી આધુનિકયુગને સર્જનાત્મક દિશા ચીંધી છે.

**(૨) લાભશંકર ઠાકર (૧૯૩૫થી ૨૦૧૬) :**

સુરેન્દ્રનગર જિલ્લાનું પાટડી ગામ તેમનું વતન ૧૪-૧-૧૯૩૫ના રોજ સેડલામાં તેમનો જન્મ. ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.એ., એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો. પ્રારંભે અમદાવાદ મુકામે વ્યાખ્યાતા તરીકે નોકરી કર્યા બાદ સાતેક વર્ષ બાદ આયુર્વેદમાં ચિકિત્સાનું કામ શરૂ કર્યું. 'કાય ચિકિત્સા' તેમનું ક્લિનિક હતું. આધુનિક કવિતા, નાટક, નવલકથા, નિબંધ, ચરિત્ર લેખન કાવ્યાસ્વાદ આદિ વિવિધ સ્વરૂપમાં સર્જન-વિવેચનની તેમને રુચિ હતી. કુમારચંદ્રક, નર્મદચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક તથા સાહિત્ય અકાદમી દિલ્હીના પુરસ્કારથી તેઓ પુરસ્કૃત હતા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૬માં તેમનું અમદાવાદ મુકામે નિધન થયું.

**લાભશંકર ઠાકરનું સાહિત્યસર્જન**

**કવિતા** : ૧૯૬૫માં લા. ઠા.નો પ્રથમ કાવ્યસંગ્રહ 'વહી જતી પાછળ રમ્ય ઘોષા' પ્રગટ થયો. 'માણસની વાત' (૧૯૬૮), 'મારે નામને દરવાજે' (૧૯૭૨), 'બૂમ કાગળમાં કોરા' (૧૯૭૪), 'પ્રવાહણ' (૧૯૮૬), 'લઘરો' (૧૯૮૭), 'કાલગ્રંથિ', 'ટોળાં અવાજ ઘોંઘાટ', 'કલ્પાયન', 'કિચૂડ કિચૂડ', 'હથિયાર વગરનો ઘા' (૨૦૦૦), 'સમય સમય' (૧૯૯૯) જેવા ઘણા કાવ્યસંગ્રહો

દ્વારા તેમણે વીસમી સદીના ઉત્તરાર્ધની કવિતાને સમૃદ્ધ કરી છે.

**નાટક** : 'એક ઉંદર અને જદુનાથ' (૧૯૬૬), એકાંકીસંગ્રહ 'મેઈક બિલીવ' (૧૯૬૭), 'મરી જવાની મઝા' (૧૯૭૩), 'પીળું ગુલાબ અને હું' (૧૯૮૫), 'કાહે કોયલ શોર મચાયે રે', 'મનસુખલાલ મજીઠિયા' (૧૯૯૩), 'બાથટબમાં માછલી' આદિ પ્રયોગશીલ નાટ્ય એકાંકીઓ દ્વારા લાભશંકર ઠાકરે ગુજરાતી રંગભૂમિને સક્રિય રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

**નવલકથા** : ૧૯૬૮માં 'અકસ્માત'થી નવલકથા લેખન શરૂ કર્યું. 'કોણ ?', 'હાસ્યાયન', 'ચંપક ચાલીસા', 'અનાપસનાપ', 'પીવરી', 'લીલા સાગર', 'બકો છે, કલ્પો' જેવી નવલકથાઓ તેમની પાસેથી મળે છે.

**ચરિત્રલેખન** : 'મારી બા' (૧૯૮૯) અને 'બાપા વિશે' (૧૯૯૩) જેવાં બે ચરિત્રો લા. ઠા. પાસેથી મળ્યાં છે.

**નિબંધ** : 'એક મિનિટ', 'ક્ષણ-તત્ક્ષણ', 'સૂરજ ઊગ્યો કેવડિયાની ફણસે', 'નિસબત', 'કાનજળ થંભ થયેલું', 'ઢોળી ગયાં જે તડકો', 'કાગળની પૂંછડી', 'ઝાકળનો ઝ' જેવા નિબંધસંગ્રહો તેમની પાસેથી મળે છે. લા. ઠા. નિયમિત અખબારોમાં કૉલમ લખતા હતા, તેના પરિણામ સ્વરૂપ આ નિબંધ સંગ્રહો પ્રગટ થયા છે.

લાભશંકર ઠાકરે બાળવાર્તાઓ તથા આયુર્વેદવિષયક પુસ્તકો પણ આપ્યાં છે. અગ્રણી આધુનિક કવિ – નાટ્યકાર તરીકે તેઓ આધુનિક ગુજરાતી સર્જક તરીકે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

### (૩) ચંદ્રકાન્ત બક્ષી (૧૯૩૨થી ૨૦૦૬)

ચંદ્રકાન્ત બક્ષીનો જન્મ પાલનપુરમાં. ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં મેળવ્યું. થોડાં વર્ષ કલકત્તામાં રહ્યા. ઈ.સ. ૧૯૭૦થી ૧૯૮૦ દરમિયાન મુંબઈની મીઠીબાઈ કૉલેજમાં ઇતિહાસ અને રાજનીતિશાસ્ત્રના અધ્યાપક તરીકે સેવાઓ આપ્યા બાદ સર્જન-લેખનને જ પૂર્ણકાલીન કામગીરી તરીકે અપનાવ્યું. અખબારો તથા સામયિકોમાં કટારલેખન અને ધારાવાહી નવલકથાઓ દ્વારા સતત સક્રિય રહ્યા. છેલ્લાં વર્ષોમાં અમદાવાદ સ્થાયી થયા. વર્ષ ૨૦૦૬માં અમદાવાદ મુકામે તેમનું અવસાન થયું.

**નવલકથા** : ૧૯૫૭માં 'પડઘા ડૂબી ગયા' તેમની પ્રથમ નવલકથા પ્રગટ થઈ. 'રોમા', 'એકલતાના કિનારા', 'આકાર', 'પૅરેલિસિસ', 'જાતકકથા', 'લીલી નસોમાં પાનખર', 'પ્રિય નીકી', 'મારું નામ

તારું નામ' જેવી ઘણી નવલકથાઓ તેમણે આપી છે. આધુનિક મનુષ્યનો પાત્ર તરીકે પ્રવેશ ગુજરાતી નવલકથામાં સૌપ્રથમ ચંદ્રકાન્ત બક્ષીની નવલકથાઓમાં થાય છે તે ખાસ ઉલ્લેખનીય છે. આધુનિક સમયના સામાજિક વાસ્તવની અનેકવિધ ભૂમિકા બક્ષીની નવલકથાઓમાં જોવા મળે છે.

**નવલિકા** : 'પ્યાર', 'એક સાંજની મુલાકાત', 'મીરાં', 'મશાલ', 'ક્રમશઃ', 'પશ્ચિમ' એમના વાર્તાસંગ્રહો છે. આધુનિક વાર્તામાં ઘટનાતત્ત્વ જાળવી રાખીને તેમણે આધુનિકતા સિદ્ધ કરી છે.

**આત્મકથા** : બક્ષીનામા ભાગ ૧, ૨, ૩ દ્વારા તેમની આત્મકથા પણ આપણા આત્મકથાસાહિત્યમાં રચનારીતિની દૃષ્ટિએ જુદું સ્થાન ધરાવે છે. બક્ષીની શૈલીના કારણે આત્મકથાનું વાચન નવલકથાના વાચન જેટલું રસપ્રદ બને છે. ઇતિહાસના પ્રાધ્યાપક અને સર્જકની સંવેદનશીલતાના સમન્વયનો લાભ તેમની આત્મકથાને મળ્યો છે.

**નિબંધ** : આભંગ (૧૯૭૨), તવારીખ (૧૯૭૭), પિકનિક (૧૯૮૧), વાતાયન (૧૯૮૪), સ્પીડબ્રેકર (૧૯૮૫) જેવા નિબંધસંગ્રહો તેમની પાસેથી મળે છે. ગુજરાતી અખબારોમાં નિયમિત કટારલેખનની નિપજ એવા આ નિબંધો બક્ષીની લોકપ્રિયતાના સૂચક છે.

**(૪) રઘુવીર ચૌધરી (૧૯૩૮)**

રઘુવીર ચૌધરીનો જન્મ ૫મી ડિસેમ્બર ૧૯૩૮ના રોજ માણસા પાસે આવેલા બાપુપુરા ગામમાં થયો હતો. મુખ્ય વિષય હિંદી સાથે ૧૯૬૦માં તેઓ એમ.એ. થયા. પ્રારંભે બી.ડી. આર્ટ્સ કૉલેજ, ગૂજરાત વિદ્યાપીઠ, હ. કા. આર્ટ્સ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. ૧૯૭૭થી ગુજરાત યુનિવર્સિટી ભાષાસાહિત્ય ભવનમાં અધ્યાપક તરીકે જોડાયા અને પ્રોફેસર – અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા. જ્ઞાનપીઠ પુરસ્કૃત આ સર્જકને રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ ચંદ્રક, કુમાર ચંદ્રક, દર્શક ઍવૉર્ડ આદિ અનેક સન્માનો મળી ચૂક્યાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચૂકેલા રઘુવીરભાઈ ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટી હોવાની સાથે અનેકવિધ સાહિત્ય સંસ્થાઓમાં ટ્રસ્ટી, માર્ગદર્શક, પરામર્શક તરીકે સેવાઓ આપે છે.

**નવલકથા** : 'પૂર્વરાગ (૧૯૬૦) એમની પ્રથમ નવલકથા છે. 'પરસ્પર', 'પ્રેમઅંશ'માં આ નવલકથા આગળ વિસ્તરી છે. 'અમૃતા' (૧૯૬૫) દ્વારા આ સર્જકને ઘણી કીર્તિ મળી છે. ગુજરાતી કથાસાહિત્યમાં 'અમૃતા'નું નોંધપાત્ર સ્થાન છે. 'ઉપરવાસ', 'સહવાસ' અને 'અંતરવાસ' તેમની

યશોદાયી કથાત્રયી છે. 'આવરણ', 'તેડાગર', 'એકલવ્ય', 'લાગણી', 'પંચપુરાણ', 'સોમતીર્થ', 'ઇચ્છાવર' આદિ નવલકથાઓ દ્વારા તેમની સર્જનયાત્રા અવિરત ચાલુ રહી હોવાનું સહજ રીતે પ્રતીત થાય છે. 'બે કાંઠા વચ્ચે' તથા 'કાચા સૂતરને તાંતણે' પણ તેમની નોંધપાત્ર નવલકથાઓ છે.

**નવલિકા** : 'આકસ્મિક સ્પર્શ', 'ગેરસમજ', 'બહાર કોઈ છે', 'નંદીઘર', 'મંદિરની પછીતે', 'દૂરથી નજીક' આદિ તેમના વાર્તાસંગ્રહો છે.

**નાટક** : 'અશોકવન', 'ઝૂલતા મિનારા' (૧૯૭૦), 'સિકંદર સાની' (૧૯૭૯), 'નજીક' (૧૯૮૫); નાટકો ઉપરાંત 'ડિમલાઈટ', 'ત્રીજો પુરુષ' જેવા **એકાંકીસંગ્રહો** રઘુવીર ચૌધરી પાસેથી મળે છે. તેમના દીર્ઘનાટકોની તુલનાએ એકાંકીઓ વિશેષ તખ્તાલાયકી ધરાવે છે.

**નિબંધ** : 'પુનર્વિચાર', 'પ્રેમ અને કામ', 'વાતમાં વાત', 'મુદ્દાની વાત', 'ભૃગુલાંછન' તેમના ઉલ્લેખનીય નિબંધસંગ્રહો છે.

'સહરાની ભવ્યતા' અને 'તિલક કરે રઘુવીર'; વ્યક્તિચિત્રો, સારસ્વતોના રેખાચિત્રોના પુસ્તકો છે. આ પુસ્તકો આપણા ચરિત્ર સાહિત્યમાં અદકેરું સ્થાન ધરાવે છે.

'બારીમાંથી બ્રિટન' અને 'અમેરિકા વિશે' તેમનાં પ્રવાસ વિષયક પુસ્તકો છે.

**કવિતા** : 'તમસા' (૧૯૬૭) તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ. 'વહેતા વૃક્ષ પવનમાં' (૧૯૮૪), 'ફૂટપાથ અને શેઢો' 'અને પરદેશ', 'પાદરનાં પંખી' વગેરે તેમનાં કાવ્યસંગ્રહો છે.

**વિવેચન – સંપાદન** : 'અદ્યતન કવિતા' (૧૯૭૬), 'વાર્તા વિશેષ' (૧૯૭૬), 'ગુજરાતી નવલકથા', 'દર્શકના દેશમાં' આદિ તેમના વિવેચન ગ્રંથો છે.

'નરસિંહ મહેતા – આસ્વાદ અને સ્વાધ્યાય', / જયંતિ દલાલના પ્રતિનિધિ એકાંકી, / 'ભોળાભાઈ પટેલ : સર્જક અને વિવેચક', / 'પન્નાલાલ પટેલ : સર્જન વિશેષ', / 'સંસ્કૃતિ સંદર્ભ' આદિ સંપાદનો દ્વારા તેમણે સતત સાહિત્યિક સક્રિયતા દાખવી છે.

ઉમાશંકર જોશી પછીની પેઢીમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે અવિરત સક્રિયતા દ્વારા તેમણે સર્જન-વિવેચનની સાથે જવાબદારીપૂર્ણ નેતૃત્વ નિભાવ્યું છે.

**(૫.) ભગવતીકુમાર શર્મા (૧૯૩૪)**

૩૧-૫-૧૯૩૪ના રોજ સુરત મુકામે જન્મ. ગુજરાતી – અંગ્રેજી સાથે બી.એ. થયેલા આ સર્જકની સર્જનપ્રતિભાના કારણે સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. દ્વારા ડિ.લિટની પદવી મળે છે. ૨૦૦૯માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેઓ બિનહરીફ વરણી પામ્યા. કુમારચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી સન્માન તથા અનેકવિધ પુરસ્કારો મળ્યા છે. ૧૯૫૫થી 'ગુજરાતમિત્ર' દૈનિકમાં જોડાયેલા આ સર્જક આજીવન પત્રકારત્વ ક્ષેત્રે ગુજરાતમિત્રના માધ્યમથી સેવાઓ આપે છે. ૨૦૦૯માં તેમને આદ્યકવિ નરસિંહ મહેતા પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

**નવલકથા** : ૧૯૫૭માં તેમની પ્રથમ નવલકથા 'આરતી અને અંગારા' પ્રગટ થઈ. 'સમયદ્વીપ' (૧૯૭૪), ઊર્ધ્વમૂલ' (૧૯૮૧) અને અસૂર્યલોક (૧૯૮૭) તેમની યશોદાયી નવલકથાઓ છે. ૨૦૦૬માં તેમની 'નિર્વિકલ્પ' (૨૦૦૬) નવલકથા પ્રગટ થાય છે.

**નવલિકા** : 'દીપ સે દીપ જલે', 'હૃદયદાન', 'રાતરાણી', 'છિન્નભિન્ન', 'વ્યર્થ કક્કો છળ બારાખડી', 'કંઈ યાદ નથી' તેમના વાર્તાસંગ્રહો છે.

**નિબંધ** : 'શબ્દાતીત', 'બિસતન્તુ', 'હૃદય સરસા', 'ડાંડિયા ગુલ', 'જડબાતોડ' જેવા નિબંધસંગ્રહો તેમની પાસેથી મળે છે. 'અમેરિકા આવજે' તેમનું પ્રવાસ વિષયક પુસ્તક છે.

**કવિતા** : 'સંભવ' (૧૯૭૪), તેમનો પ્રથમ સંગ્રહ. 'છંદો છે પાંદડાં જેનાં' નખદર્પણ, અઢી અક્ષરનું સરનામું' જેવા કાવ્યસંગ્રહો અને 'ઉજાગરો' તેમનો ગઝલસંગ્રહ છે.

સાહિત્યસર્જનની સમાંતરે પત્રકારત્વમાં પ્રદાન આપીને ભગવતીકુમાર શર્માએ ગુજરાતી સાહિત્યની ઉલ્લેખનીય કહી શકાય તેવી સેવાઓ બજાવી છે.

**(૬) રાધેશ્યામ શર્મા (૧૯૩૬) :**

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે જન્મ. પિતા સીતારામ શર્મા ધાર્મિક કથા-પ્રવચનો કરતા હતા. રાધેશ્યામ શર્માએ પણ એકાદ દાયકો કથા-પ્રવચન પ્રવૃત્તિ કરી. વાર્તા, નવલકથા, વિવેચન, સંપાદન ક્ષેત્રની સક્રિયતાના સન્માન તરીકે તેમને ધનજી કાનજી સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક આદિથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

**કવિતા** : ૧૯૬૩માં પ્રથમ કાવ્યસંગ્રહ 'આંસુ અને ચાંદરણું' પ્રગટ થયો. 'નિષ્કારણ', 'સંપ્રેષણ' અને 'આકાશની ઉડ્ડયન લિપિ' આ કવિના અન્ય કાવ્યસંગ્રહો છે.

**નવલકથા** : 'ફેરો' (૧૯૬૮) તથા 'સ્વપ્નતીર્થ' (૧૯૭૯) જેવી બે લઘુનવલો આપી આ સર્જકે પ્રયોગશીલ લઘુનવલ સ્વરૂપમાં નોંધપાત્ર સ્થાન અંકિત કર્યું છે.

**ટૂંકી વાર્તા** : 'બિચારાં' (૧૯૬૯), 'પવનપાવડી', 'વાર્તાવરણ' (૧૯૮૭), 'ઘટના લોક' આદિ તેમની પ્રયોગશીલ નવલિકાઓ છે.

**વિવેચન – સંપાદન** : 'વાચના', 'સાંપ્રત', 'કવિતાની કલા', 'આલોકના', 'શબ્દ સમક્ષ', 'વિવેચનનો વિધિ', 'ઉલ્લેખ', 'અક્ષર', 'નવલકથા-નિર્દેશ', 'વાર્તાવિચાર', 'સાહિત્યસંકેત' તથા 'ગુજરાતી નવલકથા' જેવા વિવેચનગ્રંથો તેમની પાસેથી મળે છે. તેમના દ્વારા સતત કાવ્યાસ્વાદની પ્રવૃત્તિ થતી રહે છે.

'સમકાલીન ગુજરાતી વાર્તા', 'દલાલની પ્રતિનિધિ વાર્તાઓ', 'નવી વાર્તા' તથા 'સાક્ષરનો સાક્ષાત્કાર'ના વીસ ઉપરાંત ગ્રંથો તેમની અધિકારી ભાવક તરીકેની સક્રિયતાનો સમ્યક હિસાબ છે.

### (૭) સિતાંશુ યશશ્ચંદ્ર (૧૯૪૧)

વતન પેટલાદ. જન્મ ભુજમાં થયો હતો. વડોદરા-મુંબઈ ખાતે શિક્ષણ મેળવ્યું. મીઠીબાઈ કૉલેજ – મુંબઈ મુકામે ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે નિયુક્તિ થઈ. 'ભારતીય સાહિત્ય જ્ઞાનકોશ'ના મુખ્ય સંપાદક તરીકે યશસ્વી સેવાઓ આપી. ૧૯૮૩થી વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટમાં કુલપતિ તરીકે નિયુક્તિ. 'જટાયુ' કાવ્યસંગ્રહ માટે દિલ્હીના સાહિત્ય અકાદમી ઍવૉર્ડથી પુરસ્કૃત આ કવિનું મધ્યપ્રદેશ સરકાર તરફથી ૧૯૯૮માં 'કબીર સન્માન' પણ થયું છે. ગુજરાત સાહિત્ય સભા તરફથી ૧૯૮૭નો 'રણજિતરામ સુવર્ણચંદ્રક' ૨૦૦૬માં પદ્મશ્રી સન્માનિત આ કવિએ નરસિંહ મહેતા ઍવૉર્ડનો અસ્વીકાર કર્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ૨૦૧૭માં તેઓ ચૂંટાયા હતા.

**કવિતા** : ૧૯૭૪માં 'ઓડિસ્યુસનું હલેસું' તથા ૧૯૮૬માં 'જટાયુ' નામના બે કાવ્યસંગ્રહો આ કવિ પાસેથી મળે છે. સંસ્કૃતિ (૧૯૭૦)માં પ્રકાશિત 'મોંએ-જો-દડો' સર્‌રિયલ કવિતા છે.

**નાટક** : નાટ્યલેખન અને નાટ્ય રૂપાંતરણ ક્ષેત્રે તેઓ સક્રિય રહ્યા છે. 'વૈશાખી કોયલ' અને 'તોખાર' રૂપાંતરો છે. 'આ માણસ મદ્રાસી લાગે છે', 'કહો મકનજી ક્યાં ચાલ્યા ?', 'લેડી લાલકુંવર', 'ખગ્રાસ', 'ગ્રહણ', 'અશ્વત્થામા' તેમનાં ઉલ્લેખનીય નાટકો છે. પ્રયોગશીલ નાટ્યકાર તરીકે તેઓ ઉલ્લેખનીય છે.

**(૮) ચંદ્રકાન્ત શેઠ (૧૯૩૮)**

વતન ઠાસરા. જન્મ પંચમહાલ જિલ્લાના કાલોલ ગામમાં. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શરૂઆત. કપડવંજ કૉલેજ, બી.વી.ડી. કૉલેજ તથા ગૂજરાત વિદ્યાપીઠમાં તેમણે ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે સેવાઓ આપી. ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાય મંદિરમાં નિયામક તરીકે પણ તેમણે કામ કર્યું. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં તેમની સેવાઓ ઉલ્લેખનીય છે.

તેમને 'કુમારચંદ્રક', 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'સારસ્વત ગૌરવ પુરસ્કાર' તથા 'સાહિત્ય અકાદમી દિલ્હીનું પારિતોષિક' પણ મળેલું છે.

**કવિતા** : ૧૯૭૨માં 'પવન રૂપેરી' તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. 'ઊઘડતી દીવાલો' (૧૯૭૦), 'પડઘાની પેલે પાર', 'ગગન ખોલતી બારી', 'એક ટહુકો પંડમાં', 'જળ, વાદળ અને વીજ', 'સાક્ષર ગીતો' જેવા સંગ્રહો ઉપરાંત 'ચાંદલિયાની ગાડી', 'હું તો ચાલુ મારી જેમ !' બાળકાવ્યોના સંગ્રહો પણ તેમની પાસેથી મળે છે.

**નિબંધ** : 'નંદ સામવેદી', 'ચહેરા ભીતર ચહેરા', 'હેત અને હળવાશ' તથા 'વહાલ અને વિનોદ', 'વાણીનું સત, વાણીની શક્તિ', 'ગુણ અને ગરિમા' જેવા નિબંધસંગ્રહો તેમની પાસેથી મળે છે.

**અન્ય સાહિત્ય** : ચંદ્રકાન્ત શેઠે 'ધૂળમાંની પગલીઓ' (૧૯૮૪)માં આપ્યું. આ પુસ્તક તેમના શૈશવનાં સંસ્મરણો છે. 'ધરતીના ચાંદ, ધરતીના સૂરજ', 'અમેરિકા ભાસ-આભાસ' આદિ પુસ્તકો પણ ઉલ્લેખનીય છે.

ચંદ્રકાન્ત શેઠે 'કાવ્ય પ્રત્યક્ષ' વિવેચન ઉપરાંત વિવિધ સંપાદનો પણ કર્યાં છે. ગૂર્જર પ્રકાશન સંસ્થાએ તેમની પાસેથી કાવ્યસ્વરૂપના વિવિધ સંચયોનું સંપાદન કરાવ્યું છે. પ્રિયકાન્ત મણિયાર અને સુન્દરમ્‌ની કવિતાનાં સંપાદનો પણ તેમણે કર્યાં છે.

### (૯) મધુ રાય (૧૯૪૨)

જન્મ જામખંભાળિયામાં થયો હતો. પ્રારંભિક – માધ્યમિક શિક્ષણ દ્વારકામાં લીધું. કલકત્તાની રેસિડન્ટ કૉલેજમાંથી જનરલ વિષયો સાથે બી.એ. થયા. અમદાવાદમાં જાહેરખબરની એજન્સીમાં નોકરીએ જોડાયા. ૧૯૭૪માં અમેરિકા ગયા. નર્મદચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રકથી આ સર્જકનું સન્માન થયું છે.

**મધુ રાયનું સાહિત્યસર્જન :**

**ટૂંકી વાર્તા** : 'બાંશી નામની એક છોકરી' (૧૯૬૪) તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'રૂપકથા' (૧૯૭૨), કાલસર્પ (૧૯૭૩) જેવા તેમના વાર્તાસંગ્રહો દ્વારા આધુનિક, પ્રયોગશીલ વાર્તાકાર તરીકેની ઓળખ પ્રસ્થાપિત થાય છે.

**નવલકથા** : 'ચહેરા' (૧૯૬૬) તેમની પ્રથમ નવલકથા. 'કામિની' (૧૯૭૦), 'સભા' (૧૯૭૨), 'સાપબાજી' (૧૯૭૩), 'કિમ્બલ રેવન્સવૂડ', 'કલ્પતરુ' આદિ નવલકથાઓ આધુનિક નવલકથાના ઇતિહાસમાં ઉલ્લેખનીય સ્થાન પામે છે.

**નાટક** : 'કોઈ એક ફૂલનું નામ બોલો તો', 'કુમારની અગાશી', 'આપણે ક્લબમાં મળ્યાં હતાં' ત્રણ નાટકો ઉપરાંત 'અશ્વાત્થામા' એકાંકી સંગ્રહ, 'સંતુ રંગીલી', 'ખેલંદો' જેવાં નાટ્યરૂપાંતરો મળે છે.

### (૧૦) ચિનુ મોદી (૧૯૩૯થી ૨૦૧૭)

'ઈર્શાદ' ઉપનામથી જાણીતા કવિ ચિનુ મોદીનું વતન કડી. ઉત્તર ગુજરાતના વિજાપુરમાં જન્મ. ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ., ગૂજરાત વિદ્યાપીઠમાંથી પીએચ.ડી., કપડવંજ, તલોદ તથા અમદાવાદની સ્વામીનારાયણ આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી. ૧૯૯૪માં ગુજરાત યુનિવર્સિટી ભાષાભવનમાં રીડર તરીકે જોડાયા. ૨૦૦૧માં નિવૃત્ત.

**કવિતા** : ૧૯૬૪માં ૨૪ પૃષ્ઠનો કાવ્યસંગ્રહ 'વાતાયન' ૧૯૭૯માં 'ઊર્ણનાભ', 'શાપિત વતનમાં' (૧૯૭૬), 'દેશવટો', 'ક્ષણોના મહેલમાં', 'દર્પણની ગલીમાં', 'ઈર્શાદગઢ', 'અફવા', 'ઈનાયત', 'શ્વેત સમુદ્રો', 'આઘાપાછા શ્વાસ', 'કાલાખ્યાન' તેમના કાવ્યસંગ્રહો છે. 'બાહુક' ખંડકાવ્ય છે. આધુનિક ગઝલકાર તરીકે ચિનુ મોદી પ્રથમ પંક્તિમાં સ્થાન ધરાવે છે.

**નાટક** : 'ડાયલનાં પંખી' (૧૯૬૭), 'હુકમ માલિક', 'કોલબેલ', 'રાજા મિડાસ', 'જાલકા', 'નવલશા હીરજી', 'અશ્વમેધ', 'ઔરંગઝેબ', 'નૈષધરાય', 'શુકદાન', 'મેમરીલેન', 'મત્સ્યવેધ', 'બુદ્ધિધન' નામક નાટકો દ્વારા રંગભૂમિને સમૃદ્ધ કરવામાં તેમનો નોંધપાત્ર ફાળો છે.

**નવલકથા** : 'શૈલા મજમુદાર' (૧૯૬૭), 'ભાવચક્ર', 'ભાવ-અભાવ', 'લીલા નાગ', 'હેંગ ઓવર', 'કાળો અંગ્રેજ', 'માણસ હોવાની મને ચીડ', 'લીસોટો', 'દહેશત' આદિ નવલકથાઓ દ્વારા તેમણે આધુનિક નવલકથા – લઘુનવલમાં ઉલ્લેખનીય સક્રિયતા દાખવી છે.

**નવલિકા** : 'ડાબી મૂઠી જમણી મૂઠી' તથા 'છલાંગ' એમની પ્રયોગશીલ વાર્તાઓના સંગ્રહો છે.

**પ્રકીર્ણ** : 'મારા સમકાલીન કવિઓ' (૧૯૭૩), 'બે દાયકા – ચાર કવિઓ', 'ખંડકાવ્ય : સ્વરૂપ અને વિકાસ' એમનાં સાહિત્યવિવેચનનાં પુસ્તકો છે.

### ૪.૧૧.૫ આધુનિક નોંધપાત્ર સર્જકો

#### (૧) ગુલામ મોહમ્મદ શેખ (૧૯૩૭થી ૧૯૮૧)

સમર્થ ચિત્રકાર, કવિ. ૧૯૭૪માં તેમનો કાવ્યસંગ્રહ 'અથવા' પ્રગટ થયો. ચિત્રકલા અને કવિતાની કળાનો સમન્વય તેમની રચનાઓને વિશિષ્ટ બનાવે છે.

#### (૨) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ (૧૯૩૫થી ૧૯૮૧)

ગુજરાતીના તેજસ્વી અધ્યાપક અનિરુદ્ધભાઈનું અવસાન લ્યુકેમિયા (બ્લડકેન્સર)થી થયું. થોડાં વર્ષોની પણ, નોંધપાત્ર સક્રિયતાથી તેઓ ઇતિહાસમાં આદરથી સ્થાન પામે છે. 'નામરૂપ' (૧૯૮૧) તેમણે લખેલાં રેખાચિત્રોનો સ્મરણીય સંગ્રહ છે. 'કિમપિ' મૌલિક તેમજ અનુદિત કાવ્યોનો સંગ્રહ છે. 'અજાણ્યું સ્ટેશન' વાર્તાસંગ્રહ છે. 'અન્વીક્ષા', 'સંનિકર્ષ', 'એરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર' આદિ તેમના વિવેચનગ્રંથો છે. તેમણે 'કાન્ત', 'મેઘાણી', 'રમણભાઈ નીલકંઠ' આદિ સર્જકો વિશે સંપાદનો પણ કર્યાં છે.

#### (૩) મનહર મોદી (૧૯૩૭થી ૨૦૦૩)

અમદાવાદની ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજમાંથી ગુજરાતી વિષયના વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી નિવૃત્ત થયેલા મનહર મોદી પ્રયોગશીલ ગઝલકાર હતા. 'આકૃતિ' (૧૯૬૩), 'ૐ તત્ સત્' (૧૯૬૭) તથા '૧૧ દરિયા' તેમના ગઝલસંગ્રહો છે. 'મનહર અને મોદી' તેમનો

ઉલ્લેખનીય ગઝલસંગ્રહ છે. આધુનિક સર્જકો દ્વારા ચાલતી 'રે મઠ'ની પ્રવૃત્તિમાં પણ તેઓ અન્ય સર્જકમિત્રો સાથે સક્રિય હતા. તેઓ ધનજી કાનજી સુવર્ણચંદ્રકથી પુરસ્કૃત થયા હતા.

**(૪) રાજેન્દ્ર શુક્લ**

વતન વઢવાણ. જૂનાગઢ તથા અમદાવાદમાંથી ઉચ્ચ શિક્ષિત થયેલા રાજેન્દ્ર શુક્લે થોડો સમય અધ્યાપન કાર્ય કર્યું. શિક્ષણ વ્યવસ્થાની પદ્ધતિ તેમને નિરર્થક લાગી તેથી તેમણે તથા તેમનાં શ્રીમતી નયનાબહેને સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. આજીવન કાવ્યસર્જન તેમની મુખ્ય પ્રવૃત્તિ બની રહે છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કોમલ રિષભ છે.' '૧૯૭૨'માં 'સ્વવાચકની શોધ' ૧૯૮૧માં 'અંતરગાંધાર' કાવ્યસંગ્રહ પ્રગટ થાય છે. ૨૦૦૫માં 'ગઝલ સંહિતા'ના પાંચ ભાગ પ્રગટ થયા છે. રાજેન્દ્ર શુક્લની સર્જક પ્રતિભાનું સન્માન 'રણજિતરામ સુવર્ણચંદ્રક', સાહિત્ય અકાદમી, દિલ્હી પુરસ્કાર તથા આદિકવિ નરસિંહ મહેતા ઍવૉર્ડ આદિથી થયું છે. ગુજરાતી ગઝલ સ્વરૂપના પ્રથમ હરોળના સર્જક તરીકે ગણાય છે.

**(૫) આદિલ મન્સૂરી (૧૯૩૬થી ૨૦૦૮)**

ગઝલ, કવિતા, નાટક જેવા સ્વરૂપમાં તેમનું યોગદાન મહત્ત્વનું છે. મૂળ નામ મહમ્મદ ગુલામનબી મન્સૂરી. અગ્રણી પ્રયોગશીલ ગઝલકાર. 'વળાંક' (૧૯૬૩), 'પગરવ' (૧૯૬૬), 'સતત' (૧૯૭૦), 'ન્યૂયૉર્ક નામે ગામ', 'મળે ન મળે', 'ગઝલના આયનાઘરમાં' જેવા સંગ્રહો આપ્યા છે.
'હાથ પગ બંધાયેલા છે' અને 'જે નથી તે' તેમના એકાંકી સંગ્રહો છે. એકાંકીમાં એબ્સર્ડના કારણે તેમના એકાંકીઓ ભજવણી લાયક બનવાની સાથે પ્રયોગશીલ રહ્યા છે.

**(૬) મનોજ ખંડેરિયા (૧૯૪૭થી ૨૦૦૩)**

વતન જૂનાગઢ. પ્રયોગશી ગુજરાતી ગઝલકારોની પ્રથમ હરોળમાં લેવાતું નામ. 'અચાનક' (૧૯૭૦), 'અટકળ', 'હસ્તપ્રત' તેમના ઉલ્લેખનીય ગઝલસંગ્રહો છે.

**(૭) રમેશ પારેખ (૧૯૪૦થી ૨૦૦૬)**

ગીતકવિ તરીકે સુપ્રતિષ્ઠિત. અમરેલીમાં જન્મ. ૧૯૭૦માં 'કયાં' તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ. 'ત્ત્વ', 'સનનન', 'ખમ્મા આલા બાપુને', 'મીરાં સામે પાર', 'વિતાન સુદ બીજ', તેમના કાવ્યસંગ્રહો છે. રમેશ પારેખની સમગ્ર કવિતા 'છ અક્ષરનું નામ'થી ખૂબ લોકપ્રિય થાય છે. નર્મદ

સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, નરસિંહ મહેતા પુરસ્કાર આદિ સન્માનોથી પુરસ્કૃત આ સર્જક આપણા પ્રથમ પંક્તિના ગીતકવિ છે. તેમના સંગ્રહો 'લે, તિમિરા ! સૂર્ય', 'છાતીમાં બારસાખ', 'સ્વગતપર્વ' પણ ઉલ્લેખનીય છે.

રમેશ પારેખે 'હાઉક', 'દરિયો ઝુલ્લમ્ ઝુલ્લા', 'જંતરમંતર છૂ' જેવું બાળસાહિત્ય પણ આપ્યું છે. 'સગપણ એક ઉખાણું' નામક ત્રિઅંકી નાટક પણ એમના નામે જમા બોલે છે. 'સૂરજને પડછાયો હોય' તથા 'તરખાટ' જેવાં ત્રિઅંકી નાટકોની પણ સુચારુ નોંધ લેવામાં આવી છે.

### (૮) અનિલ જોશી (૧૯૪૦)

જન્મસ્થળ ગોંડલ. પ્રથમ કાવ્યસંગ્રહ 'કદાચ' (૧૯૭૦) પ્રથમ પંક્તિના ગીતકવિ. 'સ્ટેચ્યૂ' (૧૯૮૮) તથા 'પવનની વ્યાસપીઠ' એમના નિબંધસંગ્રહો. ગુજરાતી સાહિત્યમાં રમેશ – અનિલની કવિબેલડી તરીકે તેઓ સહજ રીતે સ્વીકૃત બને છે.

### (૯) રાવજી પટેલ (૧૯૩૯થી ૧૯૬૮)

માત્ર ઓગણત્રીસ વર્ષની વયે અવસાન પામેલા આ કવિનું નામ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં આદરપૂર્વક ઉલલેખ પામે છે. જન્મ ખેડા જિલ્લાના વલ્લવપુરા ગામમાં. પ્રાથમિક શિક્ષણ ડાકોરમાં. ઉચ્ચ શિક્ષણ માટે અમદાવાદ. આર્થિક અભાવોના કારણે અભ્યાસ અધૂરો છોડી નોકરીઓ કરી. ક્ષય રોગ લાગુ પડ્યો. એ દિવસોમાં ક્ષય અસાધ્ય ગણાતો. અમરગઢના ક્ષય ચિકિત્સાલયમાં સારવાર કરાવી. ૨૯ વર્ષની વયે મૃત્યુ.

**રાવજીનું સાહિત્ય :** રાવજીના મૃત્યુ બાદ ૧૯૭૦માં તેમનો કાવ્યસંગ્રહ 'અંગત' પ્રગટ થયો. આ સંગ્રહમાં ૧૧૮ કાવ્યો છે. 'કંકુના સૂરજ' ખૂબ જાણીતું બનેલું ઉત્તમ ગીત છે. એકમાત્ર કાવ્યસંગ્રહથી રાવજીને તેની સર્જકતાના કારણે અપાર કીર્તિ મળી છે.

**નવલકથા :** 'અશ્રુઘર' (૧૯૬૬)માં પ્રગટ થયેલી લઘુનવલ ઉપરાંત 'ઝંઝા' (૧૯૬૭) તેની બીજી નવલકથા છે. 'અશ્રુઘર'માં ક્ષયના અંગત અનુભવમાંથી પ્રતીક – કલ્પનના વિનિયોગથી કલાત્મક લઘુનવલ આવિષ્કાર પામી છે. 'ઝંઝા'માં ડાયરીનો વિનિયોગ અને તેના નાયકનો જીવન અભિગમ આસ્વાદ્ય અભિવ્યક્તિ પામે છે.

**નવલિકા :** ૧૯૭૭માં 'વૃત્તિ અને વાર્તા'નું મરણોત્તર પ્રકાશન થયું. આ મરણોત્તર પ્રકાશન છે

'વૃત્તિ' અધૂરી નવલકથા છે. અન્ય અગિયાર વાર્તાઓ રાવજીની સર્ગશક્તિ અને ભાવવિશ્વનો પરિચય કરાવે છે.

### (૧૦) મણિલાલ દેસાઈ (૧૯૩૯થી ૧૯૬૬)

કવિ રાવજીની સાથે લેવાતું નામ. ૨૭ વર્ષની વયે અકાળે અવસાન. વલસાડ જિલ્લાના ગોરગામમાં જન્મ. મુંબઈની ઝુનઝુનવાલા કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક હતા. 'રાનેરી' (૧૯૬૮) તેમનો મરણોત્તર કાવ્યસંગ્હ. આ સંગ્રહનું સંપાદન જયંત પારેખે કર્યું છે. 'ગાંધીજીના શિષ્યો' મણિલાલની પ્રથમ રચના. 'બોલ વાલમના' એમનું લોકપ્રિય ગીત છે.

### (૧૧) વીનેશ અંતાણી (૧૯૪૬)

કચ્છના સર્જકોમાં જયંતખત્રી પછી તરત લેવાતું ઉલ્લેખનીય નામ. ગુજરાતીના અધ્યાપક તરીકે કારકિર્દી પ્રારંભ કર્યા પછી આકાશવાણીમાં જોડાયા. 'ઈન્ડિયા ટુડે'ની ગુજરાતી આવૃત્તિમાં સંપાદક તરીકે પણ કામ કર્યું.

**નવલકથાઓ** : 'નગરવાસી' (૧૯૭૪), 'એકાંતદ્વીપ' (૧૯૭૫), 'પલાશવન' (૧૯૭૯), 'પ્રિયજન' (૧૯૨૦), 'ફાંસ' (૧૯૮૭), 'કાફલો' (૧૯૮૮), 'ધૂન્ધભરી ખીણ' (૧૯૯૬), 'આસોપાલવ', 'ચોથા માળે પીપળો', 'અનુરવ', 'સૂરજની પાર દરિયો', 'પાતાળગઢ', 'બીજે ક્યાંક' આદિ ચોવીસ જેટલી નવલકથાઓ તેમણે આપી છે. 'પ્રિયજન' ખૂબ લોકપ્રિય નીવડી છે. 'ધૂન્ધભરી ખીણ' માટે અકાદમી અવૉર્ડ મળ્યો છે.

**નવલિકા** : 'હોલારવ' (૧૯૮૩), 'રણઝણવું' (૧૯૮૯) 'તને ખબર નથી, નિરુ' તેમના વાર્તાસંગ્રહો છે.

**નિબંધ** : 'પોતપોતાનો વરસાદ', 'ત્યાં મારું ઘર હતું', 'આત્માની નદીના કાંઠે', 'મરજીવા' તેમના નિબંધસંગ્રહો છે. મોટા ભાગના નિબંધો અખબારી લેખનની નિપજ છે.

### (૧૨) ધીરેન્દ્ર મહેતા (૧૯૪૪)

ભુજ વતન. નાનપણમાં પોલિયો થવાથી બંને પગે અશક્ત. ઉચ્ચ શિક્ષણ અમદાવાદથી મેળવ્યું. ગુજરાતીના અધ્યાપક તરીકે ભુજની સરકારી કૉલેજમાં સેવાઓ આપી. હાલ નિવૃત્ત.

**નવલકથા** : ૧૯૭૧માં પ્રથમ નવલકથા 'વલય', 'ચિહ્ન', 'અદશ્ય', 'દિશાંતર', 'આપણે લોકો',

'કાવેરી', 'દર્પણલોક' તથા 'છાવણી' એમની નવલકથાઓ છે. 'છાવણી' દિલ્હી, અકાદમી દ્વારા પુરસ્કૃત થઈ છે.

**ટૂંકીવાર્તા** : 'સમ્મુખ',' એટલું બધું સુખ' જેવા વાર્તાસંગ્રહો પણ તેમણે આપ્યા છે.

**કવિતા** : પવનના વેશમાં (૧૯૯૫) તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે.

### (૧૩) જયંત ગાડીત (૧૯૩૮થી ૨૦૦૯)

પેટલાદ અને મહુધાની કૉલેજોમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવાઓ આપ્યા બાદ સરદાર પટેલ યુનિવર્સિટીમાં તથા ગુજરાતી સાહિત્ય પરિષદમાં ક. લા. સ્વાધ્યાય મંદિરમાં સેવાઓ આપી. નવલકથા તથા વિવેચન ક્ષેત્રે તેમનું ઉલ્લેખનીય કામ છે.

**નવલકથા** : ૧૯૬૯માં 'આવૃત', 'ચાસપક્ષી અને કર્ણ', 'ક્યાં છે ઘર ?', 'પ્રશાંમુ', 'શિખંડી', 'એક અસ્વપ્ન સુખી જીવન', 'બદલાતી ક્ષિતિજ.' આદિ નવલકથાઓ ઉપરાંત ગાંધીજીના જીવનકાર્યને વિષયવસ્તુ તરીકે ખપમાં લઈ 'સત્ય' નામની નવલકથા ચાર ભાગમાં આલેખી છે.

### (૧૪) કિશોર જાદવ (૧૯૩૯થી ૨૦૧૮)

અમદાવાદ જિલ્લાના આંબલિયાળા ગામે જન્મ. ઉચ્ચ શિક્ષણ વડોદરા મુકામે. કેલિફોર્નિયાની યુનિવર્સિટીએ તેમને ડિ.લિટ.ની પદવી આપી. નાગાલેન્ડમાં વસવાટ. નાગાલેન્ડ સરકારમાં સચિવકક્ષાએ વહીવટી અધિકારી તરીકે ફરજ બજાવી. નાગાલેન્ડ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરીકે પણ સેવાઓ આપી નિવૃત્ત થયા. ૨૦૧૮માં તેમનું અવસાન થયું.

**નવલિકા** : 'પ્રાગૈતિહાસિક અને શોકસભા' (૧૯૬૯), 'સૂર્યારોહણ' (૧૯૭૨), 'છદ્મવેશ' (૧૯૮૨) તેમના વાર્તાસંગ્રહો છે. પ્રથમ વાર્તાસંગ્રહ 'પ્રાગૈતિહાસિક અને શોકસભા' – ૧૯૯૫માં 'યુગસભા' નામે ફરી પ્રગટ થયો છે. સ્વપ્નવાસ્તવ, નીતિ નિરપેક્ષ, સમાજ નિરપેક્ષ, ઓળખ નિરપેક્ષ, પાત્રસૃષ્ટિ, પ્રતીક-કલ્પન આદિના વિનિયોગથી આ વાર્તાઓ પ્રયોગશીલ બનવાની સાથે સાધારણ ભાવકને માટે દુર્બોધ છે.

**નવલકથા** : 'નિશાચક્ર' ૧૯૭૯, 'રિક્તરાગ' (૧૯૮૯) તથા ૧૯૯૩માં 'આતશ' એમ ત્રણ નવલકથા આપે છે. ત્રણેય નવલકથાઓ પ્રયોગશીલ લઘુનવલો છે.

**વિવેચન** : કિશોર જાદવ પાસેથી 'નવી ટૂંકીવાર્તાની કળામીમાંસા' નામનું પુસ્તક પણ મળે છે.

તેમની વાર્તાઓ જેમને દુર્બોધ લાગે છે તેમને માટે કિશોર જાદવની વાર્તાવિભાવના સમજવા આ પુસ્તક ઉપયોગી છે.

**(૧૫) વિભૂત શાહ**

જન્મ ખેડામાં થયો હતો. લાઇબ્રેરી સાયન્સનો ડિપ્લોમા કરી ગ્રંથપાલ તરીકે સેવાઓ આપી. વાર્તા અને નવલકથા સ્વરૂપમાં તેમનું ઉલ્લેખનીય પ્રદાન છે. 'ટેકરીઓ પર વસંત બેઠી છે' (૧૯૬૮) બંદિશ (૧૯૭૭), ફ્લાવર વાઝ (૧૯૮૮) અને 'કુંજાર' તેમના વાર્તાસંગ્રહો છે.

**નવલકથા** : 'અસંગતિ', 'સપ્તપર્ણ', 'અમાવાસ્યા', 'સંભવામિ', 'અંગાર આશ્લેષ', 'ના સૂર, ના સરગમ', તેમની ઉલ્લેખનીય નવલકથાઓ છે.

**એકાંકી-નાટક** : 'લાલ, પીળો ને વાદળી' (૧૯૭૦), પ્રથમ એકાંકી સંગ્રહ, 'શાંતિનાં પક્ષી' (૧૯૭૪), 'માનુનીનાં શ્યામ-ગુલાબ' જેવા એકાંકી સંગ્રહો તેમની પાસેથી મળ્યા છે. 'ચંદ્રનો ડાઘ' (૧૯૭૮) નાટક તથા 'વ્હાલા પપ્પા' હાસ્યનાટક પણ તેમણે લખ્યાં છે.

**૪ : ૧૧.૬ આધુનિક યુગમાં સ્ત્રીસર્જકોનું પ્રદાન**

**(૧) ધીરુબહેન પટેલ (૧૯૨૬)**

જન્મ વડોદરા. મુંબઈમાં શિક્ષણ મેળવ્યું. અંગ્રેજીનાં અધ્યાપક. ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખ રહી ચૂક્યાં છે. રણજિતરામ સુવર્ણચંદ્રક, દર્શક ઍવૉર્ડ, સાહિત્ય ગૌરવ પુરસ્કાર આદિ પુરસ્કારોથી સન્માનિત. સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા તેમની નવલકથા 'આગન્તુક'ને પુરસ્કાર મળ્યો છે.

**નવલકથા** : 'વાંસનો અંકુર' (૧૯૬૮), 'એક ભલો માણસ', 'આંધળી ગલી', 'કાદંબરીની મા', 'આગન્તુક', 'વડવાનલ', 'શીમળાનાં ફૂલ', 'ગગનનાં લગન', 'પેઇંગ ગેસ્ટ', 'અતીતરાગ' આદિ તેમની નવલકથાઓ છે.

**નવલિકા** : અધૂરો કોલ, એક લહર, વિશ્રંભકથા, ટાઢ, જાવલ વગેરે તેમના વાર્તાસંગ્રહો છે.

**નાટક** : પહેલું ઇનામ, વિનાશને પંથે, મનનો માનેલો, આકાશ મંચ, તેમનાં નાટકો છે.

નમણી નાગરવેલ (૧૯૬૧), માયાપુરુષ (૧૯૯૫) એકાંકી સંગ્રહો છે.

નવલકથા-લઘુનવલ ક્ષેત્રે ધીરુબહેન પટેલનું પ્રદાન વ્યાપક રીતે પુરસ્કૃત થયું છે.

**(૨) સરોજ પાઠક : (૧૯૨૯થી ૧૯૮૯)**

મૂળ કચ્છમાં જન્મ. ગુજરાતી વિષય સાથે બી.એ અને એમ.એ થયાં. બારડોલીમાં અધ્યાપક થયાં. વાર્તા, નવલકથા, નિબંધ ક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન છે.

**નવલિકા** : ૧૯૫૯માં પ્રથમ વાર્તાસંગ્રહ 'પ્રેમ ઘટા ઝુક આઈ' પ્રગટ થયો. ૧૯૬૧ 'પ્રીત બંધાણી', 'મારો અસબાબ, મારો રાગ' (૧૯૬૬), 'વિરાટ ટપકું' (૧૯૬૬), 'તથાસ્તુ' (૧૯૭૨) તેમના વાર્તાસંગ્રહો છે.

**નવલકથા** : 'નાઇટમેર' (૧૯૬૯), 'નિ:શેષ' (૧૯૭૯), 'પ્રિય પૂનમ' (૧૯૮૦) 'ટાઇમબૉમ્બ' (૧૯૮૭) 'લિખિતંગ' (૧૯૮૮) તેમની નવલકથાઓ છે.

**(૩) વર્ષા અડાલજા (૧૯૪૦)**

વતન જામનગર. જન્મ મુંબઈ. સુપ્રસિદ્ધ નવલકથાકાર ગુણવંતરાય આચાર્યનાં દીકરી. મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. અને એમ.એ. થયાં. ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખ રહી ચૂક્યાં છે. 'અણસાર' નવલકથાને સાહિત્ય અકાદમી, દિલ્હીનો ઍવૉર્ડ મળ્યો છે. રણજિતરાય સુવર્ણચંદ્રક, મુનશી ઍવૉર્ડ પણ તેમને મળ્યા છે.

**નવલકથા** : 'શ્રાવણ તારાં સરવડાં' (૧૯૬૮), 'તિમિરના પડછાયા', 'એક પળની પરખ', 'પાંચ ને એક પાંચ', 'અવાજનો આકાર', 'છેવટનું છેવટ', 'પાછાં ફરતાં', 'પગલાં', 'ગાંઠ છૂટ્યાની વેળા', 'બંદીવાન', 'મૃત્યુદંડ', 'માટીનું ઘર', 'શગ રે સંકોરું', 'પગલું માંડું હું અવકાશમાં' સુવાચ્ય નવલકથાઓ છે. 'મારે પણ એક ઘર હોય', 'ખરી પડેલો ટહુકો', 'અણસાર' જાણીતી નવલકથાઓ છે.

**નવલિકા** : 'સાંજને ઉંબર', 'એંધાણી', 'બિલિપત્રનું ચોથું પાન', 'અનુરાધા', 'ગાંઠે બાંધ્યું આકાશ', 'કોઈ વાર થાય કે...' તેમના વાર્તાસંગ્રહો છે.

**નાટક** : મંદોદરી (૧૯૯૮), 'આ છે કારાગાર', 'તિરાડ', 'શહીદ', 'વાસંતી કોયલ' તેમનાં નાટકો છે. 'તિમિરના પડછાયા' ત્રિઅંકી નાટક રૂપે રજૂ થયું હતું.

**નિબંધ** : 'પૃથ્વી તીર્થ' (૧૯૯૪), 'આખું આકાશ એક પિંજરમાં' (૨૦૦૭), નામક નિબંધસંગ્રહો

પણ ઉલ્લેખનીય છે. 'ઘૂઘવે છે જળ', 'શિવોહમ્' અને 'શરણાગત' નામક પ્રવાસપુસ્તકો પણ વર્ષાબહેન પાસેથી મળે છે.

**(૪) કુન્દનિકા કાપડિયા (૧૯૨૭)**

કુન્દનિકા કાપડિયાનો જન્મ લીંબડી મુકામે થયો હતો. ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી ઇતિહાસ અને રાજકારણ વિષયો સાથે બી.એ. કર્યું. નવલકથા – નવલિકા સ્વરૂપમાં તેમનું ઉલ્લેખનીય પ્રદાન છે.

**નવલકથા** : 'પરોઢ થતાં પહેલાં' (૧૯૬૨), 'અગનપિપાસા', 'સાત પગલાં આકાશમાં' તેમની નવલકથાઓ છે. 'સાત પગલાં આકાશમાં'ને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

**નવલિકા** : '૧૯૫૪માં 'પ્રેમનાં આંસુ' (૧૯૫૪) તેમનો પ્રથમ સંગ્રહ. 'વધુ ને વધુ સુંદર' (૧૯૬૮), 'કાગળની હોડી' (૧૯૭૮), 'જવા દઈશું તમને' (૧૯૮૩) જેવા સંગ્રહો તેમની પાસેથી મળ્યા છે.

**પ્રકીર્ણ** : 'દ્વાર અને દીવાલ' (૧૯૮૭), 'ચંદ્ર તારા વૃક્ષ વાદળ' નિબંધસંગ્રહો, 'આનંદ અને આક્રોશ' ચરિત્ર વિષયક પુસ્તક છે 'ઊઘડતાં દ્વાર અનંતનાં', 'હિમાલયના સિદ્ધ યોગી' તેમનાં અનુવાદનાં પુસ્તકો છે.

**(૫) ઇલા આરબ મહેતા (૧૯૩૮)**

મુખ્યત્વે નવલકથાકાર, વાર્તાકાર ઇલાબહેનનો જન્મ મુંબઈમાં થયો હતો. વતન જામનગર. પ્રારંભે રુઇયા કૉલેજ અને ૧૯૭૦થી સેન્ટ ઝેવિયર્સ કૉલેજ મુંબઈમાં અધ્યાપનકાર્ય કર્યું.

**નવલકથા** : 'ત્રિકોણની ત્રણ રેખાઓ' (૧૯૬૬), 'થીજેલો આકાર', 'રાધા', 'આવતી કાલનો સૂરજ', 'બત્રીસ પૂતળીની વેદના', 'અને મૃત્યુ', 'પાંચ પગલાં પૃથ્વી પર', 'એક હતા દીવાન બહાદુર', 'ઝીલી મેં કૂંપળ હથેળીમાં' તેમની નવલકથાઓ છે.

**નવલિકા** : 'એક સિગરેટ', 'એક ધૂપસળી', 'વિયેના–વૂડ્ઝ', 'ભાગ્યરેખા', 'બળવો બળવી બળવું', 'યોમીકપુર' તેમના વાર્તાસંગ્રહો છે.

**(૬) હિમાંશી શેલત (૧૯૪૭)**

જન્મ સુરત. અંગ્રેજી વિષયમાં સ્નાતક – અનુસ્નાતક. સુરતની એમ.ટી.બી. કૉલેજમાં અંગ્રેજી

વિષયના વ્યાખ્યાતા તરીકે ૧૯૬૮થી નિવૃત્તિ સુધી સેવાઓ આપી.

નવલિકા : ૧૯૮૭માં 'અન્તરાલ' સંગ્રહ પ્રગટ થયો. 'એ લોકો', 'અંધારી ગલીમાં સફેદ ટપકાં', 'પંચવાયકા', 'સાંજનો સમય', 'ખાંડણિયામાં માથું' જેવા સંગ્રહો દ્વારા તેમણે ગુજરાતી વાર્તાસાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

'એકડાની ચકલીઓ' ૨૦૦૪; તેમનો નિબંધસંગ્રહ અને 'આઠમો રંગ' નવલકથા છે. 'સ્વામી અને સાંઈ' સંપાદન પણ ઉલ્લેખનીય છે. તેમનાં પુસ્તકો અવારનવાર પુરસ્કૃત થયાં છે.

**૪:૧૧.૭ નોંધપાત્ર નિબંધકારો**

**(૧) ભોળાભાઈ પટેલ (૧૯૩૪થી ૨૦૧૨)**

વતન સોજા, જિ. ગાંધીનગર. ૧૯૫૭માં બનારસ હિંદુ યુનિ.માંથી બી.એ. ઈ.સ. ૧૯૬૦માં એમ.એ. અમદાવાદ મુકામે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજમાં વ્યાખ્યાતા થયા. ૧૯૬૯થી ભાષા સાહિત્યભવન, અમદાવાદ મુકામે હિંદી વિભાગમાં જોડાયા. પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તેઓ રહી ચૂક્યા છે.

**નિબંધ** : પૂર્વોત્તર (૧૯૭૧), 'વિદિશા' (૧૯૮૦), 'બોલે ઝીણા મોર', 'શાલભંજિકા', 'રાધે તારા ડુંગરિયા પર', 'દેવોની ઘાટી', 'દેવાત્મા હિમાલય' અને 'યુરોપ અનુભવ' આ નિબંધોમાં પ્રવાસનિબંધ, પ્રકૃતિદર્શન તથા અખબાર માટે લખાયેલા નિબંધોમાં પણ અપાર વિષયવૈવિધ્ય જોવા મળે છે.

**વિવેચન** : ભોળાભાઈ પટેલે 'અધુના', 'ભારતીય ટૂંકી વાર્તા', 'પૂર્વાપર', 'કાલપુરુષ', 'આધુનિકતા અને ગુજરાતી કવિતા', 'સાહિત્યિક પરંપરાનો વિસ્તાર', 'આવ ગિરા ગુજરાતી' નામે વિવેચન પુસ્તકો પણ આપ્યાં છે.

બંગાળી કવિતાના અનુવાદો, ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'નું સંપાદન તથા વિવિધ સંપાદનો દ્વારા તેમની વિદ્વત્તાનો લાભ ભાવકોને મળતો રહ્યો છે.

**(૨) ગુણવંત શાહ (૧૯૩૭)**

જન્મ રાંદેર, સુરત. શિક્ષણ વિદ્યાશાખામાં મ. સ. યુનિવર્સિટી – વડોદરામાં રીડર. અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાં મુલાકાતી પ્રાધ્યાપક. ૧૯૭૪થી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણ

વિભાગમાં અધ્યક્ષ. પચાસમા વર્ષે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લેખન-સર્જનમાં વ્યસ્ત. સ્વામી સચ્ચિદાનંદ સન્માન, રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્યરત્ન ઍવૉર્ડ – ગુજરાત સાહિત્ય અકાદમી, દર્શક ઍવૉર્ડ, પદ્મશ્રી આદિ અનેકવિધ પુરસ્કારોથી તેઓ સન્માનિત થયા છે.

**નિબંધ** : ગુણવંત શાહ નિબંધકાર તરીકે સવિશેષ જાણીતા છે. 'કાર્ડિયોગ્રામ', 'વિચારોના વૃન્દાવનમાં', 'રણ તો લીલાંછમ', 'વગડાને તરસ ટહુકાની', 'બત્રીસ કોઠે દીવા', 'પરોઢિયે કલરવ', 'નીરખને ગગનમાં', 'ઝાકળ ભીનાં પારિજાત' 'એકાન્તના આકાશમાં', 'કોલમ્બસના હિંદુસ્તાનમાં' આદિ તેમના અઢાર જેટલા નિબંધસંગ્રહો છે. દરેક નિબંધસંગ્રહની એકાધિક આવૃત્તિઓ થઈ છે. પ્રભાવક વક્તા અને લોકપ્રિય સર્જક તરીકે તેમની વ્યાપક સ્વીકૃતિ દર્શાવે છે.

ગુણવંત શાહે ભારતીય સંસ્કૃતિના સીમાચિહ્નરૂપ ગ્રંથો – મહાપુરુષો વિશે અભ્યાસપૂર્વક લખ્યું છે. 'કૃષ્ણનું જીવનસંગીત', માનવતાનું મહાકાવ્ય 'મહામાનવ મહાવીર', 'કરુણામૂર્તિ બુદ્ધ', 'સરદાર એટલે સરદાર', 'શક્યતાના શિલ્પીશ્રી અરવિંદ', 'ગાંધીનાં ચશ્માં', 'ગાંધીની ઘડિયાળ', 'ગાંધીની લાકડી', 'ગાંધીની ચંપલ' આદિ ગ્રંથો તેમની સર્વાશ્લેષી અભ્યાસુ દૃષ્ટિનો પરિચય કરાવે છે. 'અસ્તિત્વનો ઉત્સવ' અને 'પતંગિયાની અવકાશયાત્રા' જેવા ચિંતનગ્રંથોમાં ભારતીય દર્શનનું નવનીત તેમણે પીરસ્યું છે.

'મૉટેલ', 'રજકણ સૂરજ થવાને શમણે' તથા 'પવનનું ઘર' જેવી નવલકથાઓ પણ તેમણે આપી છે.

**આત્મકથા** : 'બિલ્લો ટિલ્લો ટચ' અને 'જાત ભણીની જાત્રા' તેમની આત્મકથા છે. બે ભાગમાં વિસ્તરેલી આત્મકથા તેમની વિશિષ્ટ શૈલીના કારણે વાચનક્ષમ બનવાની સાથે તેમના જમાનાનું જીવનંત ચિત્ર આપે છે.

### (૩) દિગીશ મહેતા (૧૯૩૪થી ૨૦૦૧)

દિગીશ મહેતાનો જન્મ પાટણ ખાતે થયો હતો. રાજકોટમાં બી.એ., અમદાવાદ, ગુજરાત કૉલેજમાં એમ.એ.નો ઉચ્ચ અભ્યાસ કરી એચ. કે. આર્ટ્સ કૉલેજમાં વ્યાખ્યાતા. ૧૯૬૭માં ઇંગ્લૅન્ડની લીડ્સ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઇંગ્લિશમાં અભ્યાસ કરી ૧૯૭૦માં ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં અંગ્રેજીના રીડર તરીકે જોડાયા. ૩૧ ઑક્ટો. ૧૯૯૪ના રોજ અંગ્રેજીના પ્રોફેસર તરીકે નિવૃત્ત.



THE PEOPLE'S UNIVERSITY

**નિબંધ** : 'દૂરના એ સૂર' ૧૯૭૦માં પ્રગટ થાય છે. શેરી, (૧૯૯૫)

**લઘુનવલ** : 'આપણો ઘડીક સંગ' (૧૯૬૨) એ હળવી શૈલીમાં લખાયેલી પ્રયોગાત્મક લઘુનવલ છે. 'શત્રુઘ્નની પહેલી સફર' ૧૯૯૯ જેવી પ્રયોગશીલ નવલકથા પણ તેમણે આપી છે.

**વિવેચન** : પાશ્ચાત્ય નવલકથા (૧૯૭૫) પરિધિ (૧૯૭૬), કેટલીક સાહિત્યિક સંજ્ઞાઓ (૨૦૦૬) જેવાં પુસ્તકો દ્વારા તેમણે અભ્યાસપૂર્વક સક્રિયતા દાખવી છે. અંગ્રેજી તથા ગુજરાતી સાહિત્યના અભ્યાસુ હોવાનો લાભ તેમનાં આ પુસ્તકોને મળ્યો છે.

**(૪) વાડીલાલ ડગલી (૧૯૨૬થી ૧૯૮૫)**

નિબંધકાર, પત્રકાર વાડીલાલ ડગલીનો જન્મ ધંધુકા તાલુકાના રોજિદ ગામે થયો હતો. અમદાવાદની સી. એન. હાઈસ્કૂલના વિદ્યાર્થી અમેરિકાની કેલિફોર્નિયા યુનિવર્સિટીમાંથી એમ.એ. થયા. ભારતમાં પી.ટી.આઈ, સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા, આદિમાં સેવાઓ આપી. 'કોમર્સ' સાપ્તાહિકના તંત્રી થયા. 'પરિચય ટ્રસ્ટ'ના સ્થાપક થયા. મુંબઈમાં ૧૯૮૫માં તેમનું અવસાન થયું.

**નિબંધ** : 'શિયાળાની સવારનો તડકો' (૧૯૭૫), 'રંકનું આયોજન', 'કવિતા ભણી', 'થોડા નોખા જીવ' આદિ નિબંધસંગ્રહો દ્વારા તેમણે ઉલ્લેખનીય પ્રદાન કર્યું છે.

**અન્ય સાહિત્ય** : 'સહજ' એ તેમનો કાવ્યસંગ્રહ છે.

દેશના જાણીતા અર્થશાસ્ત્રી એવા વાડીલાલ ડગલીના નિબંધોની અનુગામી નિબંધકારો પર ઠીકઠીક અસર પડી છે.

**(૫) પ્રવીણ દરજી (૧૯૪૪)**

પંચમહાલ જિલ્લાના મહેલોલમાં જન્મ. એમ.એ., પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો. નિવૃત્તિ પર્યંત પંચમહાલ જિલ્લાના લુણાવાડામાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યું. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડમાં અધ્યક્ષ તરીકે સેવાઓ આપી. તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર પણ એનાયત થયો છે.

**નિબંધ** : 'અડખેપડખે' (૧૯૮૨), 'લીલાંપર્ણ' (૧૯૮૪), 'ઘાસનાં ફૂલ', 'પંચમ', 'ગાતાં ઝરણાં', 'મધ્યબિંદુના કંપ', 'દદામિ તે ચક્ષુ', 'પરિપ્રશ્ન', 'મોતીનો ચારો', 'આયખાના આંક', 'સંનિકટ', 'દર્ભાંકુર', 'વેણુરવ' આદિ તેમના નિબંધસંગ્રહો છે.



તેમનો મહાનિબંધ 'નિબંધ : સ્વરૂપ અને વિકાસ' પ્રકાશિત થયો છે. 'હિમાલયને ખોળે', 'નવા

દેશ, નવા વેશ' જેવાં પ્રવાસ પુસ્તકો પણ તેમણે આપ્યાં છે.



**(૫) બકુલ ત્રિપાઠી (૧૯૨૮થી ૨૦૦૬)**

જન્મ નડિયાદ. એમ.કોમ, એલએલ.બી. સુધીનો અભ્યાસ કરી નિવૃત્તિ પર્યંત અમદાવાદની એચ. એલ. કૉલેજ ઑફ કોમર્સ વાણિજ્યના અધ્યાપક. કુમારચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક પુરસ્કૃત આ સર્જક ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ થયા. પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન તેમનું નિધન થયું.

**હાસ્યનિબંધ** : 'સચરાચરમાં' (૧૯૫૫) 'સોમવારની સવારે', 'વૈકુંઠ નથી જાવું', 'દ્રોણાચાર્યનું સિંહાસન', 'ગોવિંદે માંડી ગોઠડી' આદિ નિબંધસંગ્રહો તેમણે આપ્યા છે. અખબાર માટે લખાયેલા હજારો નિબંધો પૈકી દરેકને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાનું વલણ તેમણે રાખ્યું નથી. પસંદગીના થોડા નિબંધો પ્રગટ કરવાથી ગુણવત્તા જળવાઈ રહી છે.

**(૬) વિનોદ ભટ્ટ (૧૯૩૮થી ૨૦૧૮)**

દહેગામ તાલુકાના નાંદોલમાં જન્મ. ગુજરાતના અગ્રણી દૈનિકો તથા 'કુમાર' આદિમાં લેખન કર્યું. કુમાર ચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક દ્વારા સન્માનિત આ લેખક ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ રહી ચૂક્યા છે. ગુજરાત સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કાર તથા રમણભાઈ નીલકંઠ પુરસ્કારથી પણ તેઓ સન્માનિત છે.

'પહેલું સુખ તે મૂંગી નાર' (૧૯૬૨), 'આજની લાત' (૧૯૬૧), 'વિનોદ ભટ્ટના પ્રેમપત્રો' (૧૯૭૨), 'ઈદમ્ તૃતીયમ્' (૧૯૬૩), 'ઈદમ્ ચતુર્થમ્' (૧૯૭૪), 'વિનોદની નજરે' (૧૯૭૯), 'અને હવે ઇતિહાસ' (૧૯૮૧), 'મગનું નામ મરી', 'મંગળ-અમંગળ', 'ગ્રંથની ગરબડ' તેમનાં હાસ્યલેખનાં પુસ્તકો છે.

'કોમેડી કિંગ ચાર્લી ચેપ્લિન' (૧૯૮૯) 'નર્મદ : એક કેરેક્ટ' (૧૯૮૯), 'હાસ્યમૂર્તિ જ્યોતિન્દ્ર દવે' (૧૯૮૮), 'ગ્રેટ શો મેન જ્યોર્જ બર્નાર્ડ શો' (૧૯૯૦) તેમનાં વિનોદલક્ષી વ્યક્તિચિત્રો છે 'મન્ટો : એક બદનામ લેખક' પણ તેમનું જાણીતું પુસ્તક છે.

### ૪.૧૧.૮ આધુનિક વિવેચકો :

**(૧) હરિવલ્લભ ભાયાણી :**

સંશોધક, ભાષાશાસ્ત્રી, વિવેચક, અનુવાદક હરિવલ્લભ ભાયાણીનો જન્મ ભાવનગર પાસેના મહુવામાં થયો હતો. ભારતીય વિદ્યાભવન – મુંબઈથી એમ.એ. થયા. ગુજરાત યુનિવર્સિટી, એલ.ડી. ઇન્ડોલોજી, ઇન્ટરનેશનલ સ્કૂલ ઓવ દ્રવિડિયન લિંગ્વિસ્ટિક્સ, ત્રિવેન્દ્રમમાં પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. રણજિતરામ સુવર્ણચંદ્રક તથા સાહિત્ય અકાદમી નવી દિલ્હીના પુરસ્કારથી સન્માનિત વિવેચક.

'શોધ અને સ્વાધ્યાય' (૧૯૬૧), 'કાવ્યમાં શબ્દ' (૧૯૬૮), 'અનુસંધાન' (૧૯૭૨), 'કાવ્યનું સંવેદન' (૧૯૭૬), 'રચના અને સંરચના', 'કાવ્યવ્યાપાર', 'કૃષ્ણકાવ્ય', 'કાવ્યકૌતુક' એમનાં સાહિત્ય વિવેચનનાં પુસ્તકો છે.

'વાગ્વ્યાપાર', 'શબ્દકથા', 'અનુશીલનો', 'થોડોક વ્યાકરણ વિચાર', 'શબ્દ પરિશિલન', 'વ્યુત્પત્તિ વિચાર', 'ગુજરાતી ભાષાના ઇતિહાસની કેટલીક સમસ્યાઓ' વગેરે એમના ભાષા વિચારણાનાં પુસ્તકો છે. ભાયાણી સાહેબે 'મદન મોહના', 'ત્રણ પ્રાચીન ગુર્જર કાવ્યો', 'સંદેશ રાસક', 'અપભ્રંશ વ્યાકરણ', 'પ્રાચીન ગુર્જર કાવ્ય' આદિ સંપાદનો પણ કર્યાં છે.

**(૨) પ્રમોદકુમાર પટેલ (૧૯૩૩થી ૧૯૯૬)**

દક્ષિણ ગુજરાતના ખારા–અબ્રામા ગામે જન્મ. મુંબઈ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો. સરદાર પટેલ યુનિ. વિદ્યાનગરમાંથી ગુજરાતી વિભાગાધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા..

'રસસિદ્ધાંત – એક પરિચય' (૧૯૮૦) પન્નાલાલ પટેલ (૧૯૮૪) તથા 'ગુજરાતીમાં વિવેચન તત્ત્વવિચાર', 'વિભાવના', 'સંકેતવિસ્તાર', 'શબ્દલોક', 'કથાવિવેચન પ્રતિ', 'અનુભાવન' 'પ્રતીતિ' આદિ ગ્રંથોમાં તેમણે વિવેચનવિચાર આપ્યો છે.

**(૩) ચંદ્રકાન્ત ટોપીવાળા (૧૯૩૬)**

વડોદરામાં જન્મ. મુંબઈમાં અભ્યાસ કરી ગુજરાત યુનિ.માં પીએચ.ડી. થયા. પોરબંદરમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા બાદ દાહોદની નવજીવન આર્ટ્સ કૉલેજમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને આચાર્ય. ૧૯૮૪થી ક. લા. સ્વાધ્યાય મંદિરના નિયામક. રણજિતરામ

સુવર્ણચંદ્રક અનંતરાય રાવળ વિવેચન પુરસ્કાર આદિથી તેઓ સન્માનિત છે. તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચૂક્યા છે.

'અપરિચિત अ, અપરિચિત ब' (૧૯૭૫) ઉપરાંત 'પ્રતિભાષાનું કવચ', 'વિવેચનનો વિભાજિત પટ', 'ગ્રંથ ઘટના' અનુઆધુનિકતા વાદ, આધુનિક સાહિત્ય સંજ્ઞા કોશ, ટૂંકી વાર્તાકોશ આદિ તેમનાં ઉલ્લેખનીય પુસ્તકો છે.

**કવિતા** : 'મહેરામણ', 'કાન્ત તારી રાણી', 'પક્ષીતીર્થ', 'બ્લેક ફોરેસ્ટ' આદિ કાવ્યસંગ્રહો પણ તેમની પાસેથી મળે છે.

'મારો આતમરામ' નામે આત્મકથાનાત્મક લખાણોનો સંચય પણ તેમની પાસેથી મળે છે.

**(૪) સુમન શાહ (૧૯૩૯)**

સુમન શાહનો જન્મ ડભોઈમાં થયો હતો. ગુજરાતી-સંસ્કૃત સાથે એમ.એ. કરી તેમણે ગૂજરાત વિદ્યાપીઠમાંથી પીએચ.ડી. કર્યું. પ્રારંભે ઉપલેટા, કપડવંજ કૉલેજમાં વ્યાખ્યાતા. બોડેલી કૉલેજમાં આચાર્ય રહી ગુજરાત યુનિવર્સિટીમાં રીડર, પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા.

'સુરેશ જોષીથી સુરેશ જોષી' તેમનો મહાનિબંધ, 'ચંદ્રકાન્ત બક્ષીથી ફેરો' (૧૯૭૬), 'નવ્ય વિવેચન – પછી', 'સાહિત્ય સંશોધન વિશે', 'સાર્ત્રનો સાહિત્યવિચાર', 'કથાપદ', 'આધુનિક ગુજરાતી કવિતા અને સર્જક ચેતના', 'કાવ્યપદ', 'કથાસિદ્ધાંત', 'કવિ-વિવેચક એલિયટ' 'સંરચના અને સંરચન', 'સાહિત્યમાં આધુનિકતા', આદિ વિવેચન ગ્રંથોમાં તેમની વિવેચના સમાયેલી છે.

**નવલિકા** : 'અવરશુકેલુબ', 'ફટફટિયું', 'જેન્તી હંસા સિમ્ફની' તેમના વાર્તાસંગ્રહો છે.

**નિબંધ** : વેઇટ-એ-બિટ, બાયલાઇન, વસ્તુસંસાર, તેમના નિબંધસંગ્રહો છે.

'સલામ અમેરિકા ઉર્ફે મારી વિદ્યાયાત્રા' (પ્રવાસ), 'ખડકી', 'બાજબાજી' (નવલકથા) 'વાંસલડી', ઉજાણી (સંપાદનો), ગોદોની રાહમાં (અનુવાદ) તેમનાં અનુવાદ પુસ્તકો છે.

**(૫) ધીરુ પરીખ (૧૯૩૩)**

વતન વિરમગામ. એમ.એ. ગુજરાત કૉલેજમાં કરી તેઓ સી.યુ. શાહ કૉલેજમાં જોડાયા. વઢવાણની મહિલા કૉલેજમાં આચાર્ય તરીકે બે વર્ષ સેવાઓ આપ્યા બાદ ફરી પાછા સી. યુ. શાહ કૉલેજમાં જોડાયા. ૧૯૭૭થી નિવૃત્તિ પર્યંત ગુજરાત યુનિવર્સિટી – ભાષાભવનમાં

પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી.

**વિવેચન** : રાજેન્દ્ર શાહ (૧૯૭૭), રાસયુગમાં પ્રકૃતિ નિરૂપણ (૧૯૭૮), નરસિંહ મહેતા (૧૯૮૧), ક્ષરાક્ષર (૧૯૮૨), સમકાલીન કવિઓ (૧૯૮૩), તુલનાત્મક સાહિત્ય (૧૯૮૪), પરાવર્તિત (૮૫), ઉભયાન્વય (૧૯૮૬), પ્રયોગશીલ સર્જક ન્હાનાલાલ (૧૯૮૭), તેમના વિવેચન ગ્રંથો છે.

**નવલિકા** : 'કંટકની ખુશ્બો' (૧૯૬૪), 'પરાજિત વિજય', તેમનો બીજો વાર્તાસંગ્રહ છે.

**કવિતા** : 'ઉઘાડ' કાવ્યસંગ્રહ ૧૯૭૯માં પ્રગટ થયો છે. 'અંગ પચીસી', 'આગિયા', 'શિખરે બેઠા સ્થિતપ્રજ્ઞ', 'અત્રત્ય તત્રત્ય' (૭૮) 'અંગપચીસી' (૮૨) તેમના કાવ્યસંગ્રહો છે. અનુવાદ-સંપાદન ક્ષેત્રે પણ તેમની ઉલ્લેખનીય કામગીરીમાં 'રાજેન્દ્ર શાહનાં કાવ્યો', 'આપણાં ઋતુકાવ્યો' આદિ છે. 'ડિવાઇન કોમેડી'નો તેમણે અનુવાદ કર્યો છે. 'આગિયા' હાઈકુ સંગ્રહ છે.

### (૬) જયંત કોઠારી (૧૯૩૦થી ૨૦૦૧)

રાજકોટમાં જન્મ. રાજકોટ તથા અમદાવાદમાં ઉચ્ચ શિક્ષણ મેળવી પ્રારંભે પ્રકાશ આર્ટ્સ કૉલેજ તથા નિવૃત્તિ પર્યન્ત ગુજરાત લૉ સોસાયટીમાં અધ્યાપક. 'વાંક દેખાં વિવેચનો'ને સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર જાહેર થયો હતો જે તેમણે સ્વીકાર્યો ન હતો.

**વિવેચન** : 'ભારતીય કાવ્યસિદ્ધાંત', (૧૯૬૦), 'પ્લેટા-એરિસ્ટોટલની કાવ્ય વિચારણા', 'ઉપક્રમ', 'કાન્તનું ગદ્ય', 'વિવેચનનું વિવેચન', 'ગુજરાતી સાહિત્ય વિવેચન : વળાંકો અને સીમાચિહ્નો', 'અનુષંગ', 'સાહિત્યકાર અને સમાજાભિમુખતા', 'કલ્પનનું સ્વરૂપ', 'વ્યાસંગ', 'નરસિંહ મહેતાનાં **પદો**' : નવા પરિપ્રેક્ષ્યમાં', 'અખાના છપ્પા : કેટલોક અર્થવિસ્તાર' તેમનાં નોંધપાત્ર પુસ્તકો છે. 'સાહિત્યિક તથ્યોની માવજત' પણ ઉલ્લેખનીય છે. સંશોધક, સંપાદક, વિવેચક તરીકે તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

### (૭) શિરીષ પંચાલ

વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે સેવાઓ આપી નિવૃત્ત થયેલા શિરીષ પંચાલ પાસેથી 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાત', 'શોધ' : 'નવી દિશાઓની', 'ભરત નાટ્યશાસ્ત્ર : અભિનય', 'આધુનિક ગુજરાતી નાટક : પ્રત અને પ્રયોગ' જેવાં પુસ્તકો મળે

છે. 'રૂપરચનાથી વિઘટન' આધુનિકતાની વિભાવનાને નવેસરથી તપાસતો તેમનો વિવેચન ગ્રંથ છે. 'વાત આપણા વિવેચનની' માટે તેમને સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર પણ મળ્યો છે. આધુનિક યુગના મહત્ત્વના સર્જકો-વિવેચકોની માહિતી મેળવી. મોટા ભાગના સર્જકો-વિવેચકોને આવરી લેવાનો પ્રયાસ થયો છે.

જિજ્ઞાસુ વિદ્યાર્થીઓએ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રગટ થયેલા ગુજરાતી સાહિત્યના ઇતિહાસના ૧થી ૭ ખંડો જોવા જોઈએ. અત્રે આપેલ વિગતોને અભ્યાસક્રમની પૃષ્ઠસંખ્યા મર્યાદા ધ્યાનમાં લઈ મૂળ આયોજન મુજબ ગાગરમાં સાગર સમાવવાનો પ્રયાસ છે.

### *તમારી પ્રગતિ ચકાસો - ૧૧

* નીચેના પ્રશ્નોના યોગ્ય જવાબ આપો.

૧. આધુનિકતા એટલે શું ? સમજાવો.
૨. આધુનિકયુગનાં પ્રેરકબળો જણાવો.
૩. સુરેશ જોષીના સર્જનકાર્ય વિશે નોંધ લખો.
૪. આધુનિક કવિઓ વિશે ટૂંકી નોંધ લખો.
૫. આધુનિક નવલકથાકારો વિશે પરિચયાત્મક લખો.
૬. લાભશંકર ઠાકર – આદિલ મન્સૂરીનાં નાટકો તથા એકાંકીઓ વિશે લખો.
૭. આપણા પ્રયોગશીલ ગઝલકારોની માહિતી આપો.
૮. નિબંધ સ્વરૂપમાં ભોળાભાઈ પટેલ તથા દિગીશ મહેતાનું પ્રદાન.
૯. આધુનિક યુગમાં સ્ત્રી-લેખકોનું પ્રદાન.
૧૦. આધુનિક વિવેચકોનો પરિચય (કોઈ પણ ત્રણ)

### ખાલી જગ્યા પૂરો

૧. 'મરણોત્તર' અને 'છિન્નપત્ર' ............ સ્વરૂપની કૃતિઓ છે. (કવિતા, નાટક, લઘુનવલ)
૨. 'અશ્રુઘર' .......... કવિનો મરણોત્તર કાવ્યસંગ્રહ છે. (રાવજી પટેલ, કલાપી, મણિલાલ દેસાઈ)
૩. વાત આપણા વિવેચનની ...........નું પુસ્તક છે. (સુમન શાહ, ચંદ્રકાન્ત શેઠ, શિરીષ પંચાલ)
૪. 'વાંક દેખાં વિવેચનો'ના લેખક .......... છે. (હરિવલ્લભ ભાયાણી, પ્રમોદકુમાર પટેલ, જયંત કોઠારી)
૫. રઘુવીર ચૌધરીની નવલકથા ......... છે. (આકાર, ફેરો, અમૃતા)
૬. ચંદ્રકાન્ત બક્ષીની નવલકથા ......... છે. (પેરેલિસિસ, સત્ય, સ્વપ્નતીર્થ)
૭. 'યુગસભા' વાર્તાકાર .............નો વાર્તાસંગ્રહ છે. (રાધેશ્યામ શર્મા, મફત ઓઝા, કિશોર

જાદવ)

૮. બત્રીસ પૂતળીની વેદના ..............ની નવલકથા છે. (ઇલા આરબ મહેતા, વર્ષા અડાલજા, ધીરુબહેન પટેલ)

૯. 'રાજેન્દ્ર શાહનાં કાવ્યો'ના સંપાદક ...... છે. (જયંત કોઠારી, ધીરુ પરીખ, ધીરુભાઈ ઠાકર)

૧૦. 'અંતરાલ'નાં લેખિકા ....... છે. (વર્ષા અડાલજા, હિમાંશી શેલત, કુન્દનિકા કાપડિયા)

* તમારી પ્રગતિ ચકાસોના જવાબો માટે 'આધુનિક ગુજરાતી સાહિત્ય'ના ૧૧.૨થી ૧૧.૮ સુધીના દરેક એકમ ધ્યાનથી વાંચો.

ignou
THE PEOPLE'S
UNIVERSITY

ignou
THE PEOPLE'S
UNIVERSITY